Wheel Chair (Gujarati Edition)

Dhruv Patel

VISIT…

LANZAROTE Caliente.com



વ્હીલ ચેર

એકલી સ્ત્રી અને માનસિક અપંગ
સમાજની દગાબાજીની કથા

ધ્રુવ પટેલ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

વ્હીલ ચેર

એકલી સ્ત્રી અને માનસિક અપંગ સમાજની દગાબાજીની કથા

ધ્રુવ પટેલ

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
7, 'અર્થબાગ' 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

Wheel Chair

Fiction

Written by Dhruv Patel

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**

Mumbai □ Ahmedabad

2018

ePub Version 3.0.1

eISBN : 978-93-8888-243-9

અર્પણ

મા-બાપનાં ચરણોમાં

પ્રસ્તાવના

જો એક યુવાન છોકરાને પૂછવામાં આવે કે, ''શું તું તારા મા-બાપ વગર આ દુનિયામાં તારું અસ્તિત્વ કલ્પી શકે છે?'' તો કદાચ તેનો જવાબ 'હા' હોઈ શકે. પણ આજ પ્રશ્ન જો કોઈ એક છોકરીને પૂછવામાં આવે તો તેનો જવાબ 'હા' હોવાની સંભાવના ખૂબ જ નહીંવત્ છે. બસ, આજ એક નાનકડા પણ ગાઢ વિચાર સાથે શરૂ થયેલી સફરે આજે બીજી વાર મને તમારી સામે રજૂ થવાનો મોકો આપ્યો છે. મારી પ્રથમ નવલકથા, ગર્લફ્રેન્ડના સારા સારા રેન્ક કેટલીક નામાંકિત વેબસાઇટ પર જોઈને હું વિચારતો હતો કે શું આ અવસર ફરીથી આવશે. એટલામાં જ કોઈ સ્ત્રીના જીવનકાળ પર લખવાનો આવેલો એ વિચાર આજે હકીકતમાં પરિવર્તિત થઈ ગયો છે. તેના માટે હું મારા એ દરેક મિત્રોનો આભાર માનું છું જેમણે મારો વિચાર સાંભળીને મને તેને નવલકથા સ્વરૂપે લખવા માટે પ્રોત્સાહિત કર્યો. હું મારા એડિટર સરનો પણ આભાર માનું છું જે મારી નવલકથાઓના પાત્રો કદાચ મારા કરતાં વધુ સારી રીતે સમજે છે. હા, હું એ બધા વાચકમિત્રોનો પણ આભાર માનું છું જેમણે મારી પ્રથમ નવલકથાને એ ઊંચાઈ સુધી પહોંચાડી કે હું બીજી નવલકથા લખી શકું.

જ્યાં સુધી એક સ્ત્રીના જીવન પર લખવાનો સવાલ છે, એમાં કોઈ નવાઈની વાત નથી કે એક પુરુષ સ્ત્રીની જીવનયાત્રાને લખવામાં કાચો જ પડે. હું પણ ઘણી બધી વાર અટક્યો હતો. આજે મને એ કહેતાં જરા પણ સંકોચ નહીં થાય કે નવલકથા લખવાની લાંબી પ્રક્રિયામાં મેં ઘણી સ્ત્રીઓના જીવનમાં ઝાંખીને જોયું અને મને વધુ ને વધુ સારું લખવા માટે પ્રેરિત કરે એવી હકીકતો મળી. આજે હું એ બધા જીવંત કિરદારોનો પણ ઋણી છું જેમની પરવાનગી વગર હું તેમના જીવનમાંથી એવી એવી વસ્તુઓ શોધી લાવ્યો જેણે મને એક નાનકડા વિચારને તેની ચરમસીમા સુધી લઈ જવા પ્રેર્યો. આજની યુવાન છોકરીઓ તથા સ્ત્રીઓના જીવનનું બારીકાઈથી અવલોકન કર્યા બાદ હું જે જે હકીકતોથી વાકેફ થયો એ બધી જ હકીકતોને મેં અહીંયાં નેના ના જીવન પર કલ્પીને લખી છે. ખૂબ જ મસ્તીખોર સ્વભાવ ધરાવતી નેના કેવી રીતે ગંભીર બનીને પોતાના સૌથી મોટા દુશ્મનની વ્હીલ ચેરને ધકેલે છે અને તેની જીવનપર્યંત સેવા કરવાની તૈયારી દર્શાવે છે. કેવી રીતે સાવ જ ઓછાબોલો અને શરમાળ સ્વભાવ ધરાવતો પલાક્ષ પોતાની લઘુતાગ્રંથિઓ પર જીત મેળવીને નેનાનો પ્રેમ કબૂલે છે. કેવી રીતે ડૉક્ટર શુભ એક મરીઝનો ઇલાજ કરવાનો ડોળ કરીને તેને વધુ ને વધુ બીમાર કરે છે. કેવી રીતે એક સામાન્ય નોકર નેનાનો વિશ્વાસ જીતીને દસ માળ ઊંચી હૉસ્પિટલનો માલિક બને છે, ઍક્સિડન્ટમાં બે બે ફૅમિલીને ઉજાડવાનું કલંક નેના તેના ડૅડના માથેથી કેવી રીતે મિટાવે છે, આખરે કેવી રીતે એક વીસ વર્ષની છોકરી લગ્ન કર્યા પહેલા જ સ્ત્રી બની જાય છે. આ બધા જ 'કેવી રીતે'ના પ્રશ્નના જવાબ મેળવીને, જો તમે એક પુરુષ હશો તો તમે તમારી મર્દાનગીની વ્યાખ્યા બે-ત્રણ વાર ફરીથી વિચારવા મજબૂર થશો અને જો તમે એક સ્ત્રી હશો તો.... તમને ખુદમાં જ એક બીજી નેના જડશે!

– ધ્રુવ પટેલ

આમુખ

હાલનો દિવસ...

શહેરના શાંત ગાર્ડનના ઘટાદાર વૃક્ષની નીચે મળેલી ડાયરીના કવર પર કોઈ છોકરીનું નામ વાંચીને ડાયરી ત્યાં જ મૂકીને ભાગી જવાનું મન થાય. (ખરેખરમાં તે ડાયરી પર કોઈનું નામ નહોતું લખેલું. આ તો મેં ડાયરીની સજાવટ જોઈને એ તુક્કો લગાવ્યો હતો કે ડાયરી કોઈ છોકરીની જ હોવી જોઈએ.) વજનમાં આટલી ભારે ડાયરી કે જેમાં કોઈનો ભૂતકાળ લખેલો છે, તે ડાયરી ખોલવી કે નહીં, એ જ અસમંજસમાં મારાથી ક્યારે ડાયરીનું એક પાનું ફેરવાઈ ગયું તેનું મને ધ્યાન જ ન રહ્યું. પહેલું પાનું ડાયરીના કવર કરતાં સાવ વિપરીત, કોરું હતું. તેથી મને ડાયરી વિશે જાણવાની વધુ લાલચ જાગી અને મેં વધુ એક પાનું ફેરવી દીધું. બીજું પાનું પણ સાવ કોરું નીકળ્યું. પણ તેના તળિયે નાના અક્ષરમાં કંઈક લખેલું હતું. મેં ઝીણી આંખ કરીને તે વાંચવાનો પ્રયત્ન કર્યો તો 'નેના' લખેલું વંચાયું. બે અક્ષરનું તે નામ મારી લાલચને સંતોષવા પૂરતું નહોતું. તેથી મેં નેનાની પ્રાઇવેસીની પરવા કર્યા વગર ફાવે તેમ ડાયરીનાં પાનાં ફેરવવાનું શરૂ કરી દીધું. જ્યારે મેં પાનાં ફેરવવાનું અટકાવ્યું, ત્યારે જે પાનું મારી આંખ સામે આવ્યું એમાં સૌથી ટોચ પર ૨૦૦૭ સાલની કોઈ તારીખ લખેલી હતી અને તેની નીચે ઘણાબધાં વાક્યોમાં તે તારીખે થયેલો અનુભવ લખેલો હતો. કોઈનો ખાનગી અનુભવ વાંચવાની પરવાનગી મને મારી સમજણશક્તિએ ન આપી, પણ અજાણતાં જ મારી નજર તે લાઇનોના સૌથી અંતમાં અંગ્રેજીમાં લખેલી એક લાઇન પર ચોંટી ગઈ. તે લાઇનમાં નેનાએ લખ્યું હતું, 'હૉલ્ડિંગ માય ટિયર્સ!' અંગ્રેજીની એ લાઇન વાંચીને હું તરત સમજી ગયો કે ડાયરીમાં કોઈ સામાન્ય છોકરીનો ઇતિહાસ નથી. નક્કી, જીવનના કોઈ ખરાબ અનુભવે નેનાને 'ટિયર્સ' 'હૉલ્ડ' કરવા માટે મજબૂર કરી હશે. વધુ સમય વેડફ્યા વગર એવું વિચારીને મેં ઘર બાજુ પગ માંડ્યા કે, હું આવતીકાલે આજ સમયે ગાર્ડનમાં આવીને ડાયરી તેની માલકીનને સોંપી દઈશ.

ફૂટપાથ પર ચાલતાં ચાલતાં હું નેના વિષે જ વિચારી રહ્યો હતો. ભલે તે મારા માટે અજાણ હતી, પણ તેનું એક વાક્ય મારા દિમાગમાં ઘણાં પ્રશ્નો પેદા કરવા કાફી હતું. નેના કોણ હતી? તેની ડાયરી ગાર્ડનમાં કેવી રીતે આવી? આખરે તેણે શું કામ તેની આંખોમાં આંસુ સાચવી રાખ્યા છે?! અને મુખ્ય પ્રશ્ન તો, શું આંસુને સાચવી રાખવા આટલું સહેલું કામ છે?! આવા બીજા ઘણાં પ્રશ્નોનો મારો મારા દિમાગ પર થઈ રહ્યો હતો. પણ ત્યાં સુધી મને મારા કોઈ પ્રશ્નોના જવાબ નહોતાં મળવાના જ્યાં સુધી નેના ખુદ મારી સામે આવીને જવાબ ન આપે.

ચાર રસ્તા પર પહોંચતાં મારી નજર બસ સ્ટૅન્ડ ઉપરનાં હોર્ડિંગ્સ પર પડી. તેમાં શહેરના જાણીતા રેડિયો સ્ટેશનનું નામ હતું અને કોઈક શોની જાણકારી હતી. તે હોર્ડિંગ્સની નીચે પહોંચી, મેં ડોક ઊંચી કરીને શો વિષે વાંચવાનું શરૂ કર્યું.

Holding my tears – a live show

By

NENA

20th September, 9 p.m Onwards

'આ તો ડાયરી વાળી જ નેના...', જેટલો ખુશ હું એ હોર્ડિંગ્સ જોઈને થયો હતો એટલો ખુશ તો બ્લુ સ્કાય FMનો માલિક પણ નહીં થયો હોય! ખુશીનું કારણ પણ દેખીતું હતું. હવે મને મારા એ બધા જ પ્રશ્નોના જવાબ મળવાના હતા, જેણે મારા દિમાગને બેટલ ગ્રાઉન્ડ બનાવી દીધું હતું. પહેલાં ડાયરી મળવી અને પછી આ હોર્ડિંગ્સ, જરૂર મારી સાથે કોઈ ઘટના ઘટી રહી હતી. પણ હું જ્યાં સુધી નેનાનો શો સાંભળી ન લઉં ત્યાં સુધી એ ના કહી શકું કે મારી સાથે ઘટી રહેલી ઘટના મારા ટિયર્સને હૉલ્ડ કરશે કે નહીં?!

રાતના નવના ટકોરે મારા કાન રેડિયો આગળ ગોઠવાઈ ગયા. ઘણી લાંબી ડિઝિટલ જાહેરાતોનો દરિયો પાર કરીને નેનાનો અવાજ રેડિયોના સ્પીકરમાંથી બહાર આવ્યો. તેનો અવાજ સાંભળીને હું નેના વિષે ખાતરીથી એક વાત કહી શકું, તે જરૂર તેના અવાજ જેવી સુંદર હોવી જોઈએ. પણ બીજી બાજુ, તેનો મધુર અવાજ નર્વસ જણાઈ રહ્યો હતો. ભૂતકાળને યાદ કરીને કોણ દુઃખી ન થાય?! નેના ત્રુટક અવાજે ગૂડ ઇવનિંગ બોલી. વધુમાં તેણે એ વાત પણ કબુલી કે તે ખુદની ઇચ્છાથી આજનો શો નથી કરી રહી. તેને તેના કોઈ મિત્રએ આજનો શો કરવાનું કહ્યું હતું. નેના પોતાની મુખ્ય વાત શરૂ કરે તે પહેલાં હું મારા સ્ટડી ટેબલ પર બેઠો અને મેં ટેબલ પર નેનાની ડાયરી ખોલી. હવે નેનાનો જંગ તેની લખેલી ડાયરી સાથે હતો. તેણે તો વિચાર્યું પણ નહીં હોય કે કોઈ તેને સાંભળી નહીં, વાંચી પણ રહ્યું છે!

• 1 •

આજે હું રોજ કરતાં વહેલી ઊઠી ગઈ, લગભગ બે કલાક વહેલી! પથારીમાં પલાંઠી વાળીને મેં ભગવાનને યાદ કર્યા અને પછી જ બેડ નીચે પગ મૂક્યા. આજે વહેલા ઊઠવાનું કારણ બહુ સરસ હતું, આજે કૉલેજનો પહેલો દિવસ હતો. આજથી મારું જીવન બદલાવવાનું હતું અને હું એ જોવા બહુ ઉત્સાહિત હતી કે હવે આગળ મારા જીવનમાં કયો નવો વળાંક આવવાનો છે. કૉલેજમાં ભણવા સિવાયના પણ મેં બીજા બહુ પ્લાન બનાવી રાખ્યા હતા. એમાંથી મુખ્ય પ્લાન કોઈ બૉયફ્રેન્ડ બનાવવાનો હતો. આખી સ્કૂલ લાઇફ મેં એકલતામાં પસાર કરી હતી, પણ કૉલેજ લાઇફમાં કોઈને પાર્ટનર બનાવીને સ્કૂલ લાઇફમાં કરેલી ભૂલોને મારે સુધારવાની હતી.

સૂર્યના કોમળ કિરણોને રોકી નાખનારા પરદાઓ મેં હટાવ્યા અને બારી ખોલી. મારી નવી જિંદગીનાં કિરણો મારા ચહેરા પર પડી રહ્યાં હતાં. કિરણોએ મને એટલું શીખવ્યું કે કૉલેજજીવનનું સુખ પણ કિરણો જેવું જ છે, ફક્ત મહેસૂસ કરી શકાય, હાથમાં પકડી ન શકાય!

કૉલેજના પહેલા દિવસે તૈયાર થવામાં મને રોજ કરતાં વધુ વાર લાગી. આજના ખાસ દિવસ માટેના કપડાં સિલેક્ટ કરવામાં મેં પંદર-વીસ મિનિટ બગાડી અને અરીસા સામે ઊભા રહીને વધુ વીસ મિનિટ બગાડી. આજ પહેલાં મેં ક્યારેય મારા બાહ્ય દેખાવ તરફ આટલું ધ્યાન નહોતું આપ્યું, પણ આજે તો બૉયફ્રેન્ડનો સવાલ હતો! કૉલેજ માટે શૉપિંગ કરેલાં કપડાંમાંથી મેં સૌથી મોંઘું વેસ્ટર્ન ટોપ અને સૌથી મોંઘું જીન્સ પહેર્યું. હું એ નહોતી જાણતી કે આવા મૉડર્ન કપડાં પહેરવાથી મારો કોઈ બૉયફ્રેન્ડ બની જશે કે નહીં, પણ હું એટલું જરૂર જાણતી હતી કે મને બોલ્ડ કપડાંમાં જોઈને મેડિકલ કૉલેજના ભવિષ્યના ડૉક્ટરો થોડાક સમય માટે દર્દી જરૂર બની જશે! હું ઇન્ટરનેટ પરથી પસંદ કરેલી હેરસ્ટાઈલ બનાવીને અને ડૅડના ફ્રેન્ડ પાસેથી વિદેશથી મંગાવેલું બૅગ લઈને બ્રેકફાસ્ટ માટે ડ્રૉઇંગરૂમમાં પહોંચી.

ડાઇનિંગ ટેબલ પર મૉમ-ડૅડ અને સ્નોવી મારી રાહ જોઈ રહ્યાં હતાં. હું સૌથી પહેલાં સ્નોવીને મળી અને એને બંને હાથોથી ઊંચકી દીધી. શી વોઝ માય ડોગી! મારા મૉમ-ડૅડનો ફોટો મારા પર્સમાં મળે ન મળે પણ સ્નોવીનો ફોટો મારા પર્સમાં, મારા મોબાઇલમાં, મારા રૂમમાં, મારી બૅગમાં બધે જ દેખાઈ આવે. તે હંમેશાં મારી સાથે જ રહેતી. રેશમ જેવા મુલાયમ વાળથી સ્નોવી ઢંકાયેલી હતી, તેની મોતી જેવી ઝીણી આંખો હતી અને બંને હથેળીમાં આરામથી સમાઈ જાય તેટલું નાનું તેનું કદ હતું.

“મૉમને સ્નોવી જેવી હગ ક્યારે આપીશ?” ડૅડ હસીને બોલ્યા. મૉમને અકળાવવાં તે જાણી જોઈને બોલ્યા હતા.

હું ડૅડની મજાક સમજી ગઈ, તેથી મેં પણ તેમને સાથ આપ્યો, “ફક્ત ત્યારે જ જ્યારે મૉમના માથે પણ સ્નોવી જેવા રેશમી વાળ હોય!”

“રેશમી અને સફેદ પણ!” બોલીને ડૅડે મને તાલી આપી.

હું જોઈ શકતી હતી કે મૉમ, ડૅડની મીઠી મજાકથી અકળાઈ રહ્યાં છે. તેમણે આંખ કાઢીને મને ચુપ થવાનું કહ્યું પણ મેં સામે જીભ કાઢી!

“તારી સ્નોવી તારા માટે બ્રેકફાસ્ટ નથી બનાવી આપતી!” મૉમે મને બટરથી ચોપડેલી બ્રેડ આપી. મેં તરત જ તે સ્નોવીને ખવડાવી દીધી.

“મૉમ, બીજી એક! પ્લીઝ!”

મૉમે બીજી એક બ્રેડ તૈયાર કરી અને મને જાતે પોતાના હાથે ખવડાવી. તેમને શંકા હતી કે આ બ્રેડ પણ હું સ્નોવીને ખવડાવી દઈશ!

“નેના, ઉતાવળ કરજે!” ડૅડ ઘડિયાળ તરફ જોઈને બોલ્યા. તેમનો બ્રેકફાસ્ટ તો એક ચાના કપમાં જ પૂરો થઈ ગયો હતો.

ડૅડની ટકોર સાંભળીને મેં એક જ ઘૂંટમાં આખો દૂધનો ગ્લાસ ખતમ કરી દીધો અને કપમાં વધેલા ટીપા સ્નોવી પર છાંટ્યા. મૉમ વધુ ચિડાય એટલે!

"રેડી, ડૅડ!" હું દૂધથી ખરડાયેલાં હોઠ સાફ કરતી કરતી ઊભી થઈ. બીજી ખુરશી પર પડેલું મારું બૅગ લીધું અને સ્નોવીને પણ ઉઠાવી.

"તું સ્નોવીને પણ સાથે લઈ જઈશ?" મૉમે તરત પૂછ્યું.

"સ્નોવી મારા વગર આખો દિવસ ના રહી શકે. અને એમ પણ, ડૅડે પ્રિન્સિપાલ પાસેથી પરમિશન તો માંગેલી છે જ ને!" બોલીને મેં મૉમને ગુડબાય કિસ આપી અને ડૅડ સાથે ઝડપથી બહાર નીકળી ગઈ. ડૅડની કંપનીનો રસ્તો અને મારી કૉલેજનો રસ્તો એક જ હતો, એટલે મારે કૉલેજ આવવા જવામાં બહુ શાંતિ રહેવાની હતી.

ડૅડે કાર પહેલા ગિયરમાં લીધી અને કહ્યું ,"કૉલેજમાં ફ્રેન્ડ બનાવજે!"

"તમે ચિંતા ન કરો. ફ્રેન્ડ નહીં, બૉયફ્રેન્ડ બનાવીશ!" હું ખભા ઊંચા કરીને બોલી.

"બેસ્ટ ઑફ લક!"

કદાચ મારા ડૅડ દુનિયામાં એવા એકલા ડૅડ હશે જેમને એ વાતથી વાંધો નહોતો કે તેમની ઓગણીસ વર્ષની છોકરી બૉયફ્રેન્ડ બનાવવાની વાત કરે છે!

"તમારે કોઈ ગર્લફ્રેન્ડ હતી?" મેં પૂછી જ લીધું.

"મેડિકલ કૉલેજ કરતાં એન્જિનિયરિંગ કૉલેજમાં બૉયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ શબ્દ વધુ પ્રચલિત છે!" ડૅડે આડકતરી રીતે કહી જ દીધું કે તેમને પણ ગર્લફ્રેન્ડ હતી!

"મૉમની વાત કરો છો?"

"તારી મૉમ તો પછીની ગર્લફ્રેન્ડ છે!" ડૅડ હસીને બોલ્યા. તેમની મજાક સાંભળીને હું પણ હસી પડી.

હવે ગર્લફ્રેન્ડ-બૉયફ્રેન્ડની મૅચ્યોર વાતો મેં બાજુમાં મૂકી અને સ્નોવીને રમાડવાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સ્નોવીના રેશમી વાળ પર હાથ ફેરવીને મને એવું લાગતું કે મારી હથેળીનું લોહી નાચી રહ્યું છે!

અચાનક મેં ડૅડને એ પૂછ્યું જે મારે તેમને એક મહિનાથી પૂછવું હતું, "તમે મને મેડિકલમાં જવાનું કેમ કહ્યું? જ્યારે તમે ખુદ એન્જિનિયર છો."

જવાબમાં ડૅડે કહ્યું, "કેમ કે હું ઇચ્છું છું કે મારી દીકરી જીવ સાથે પ્રયોગો કરે, મશીનો સાથે નહીં!"

"જીવ સાથે પ્રયોગો ના થાય, ત્યાં તો એક જ ચાન્સ હોય!"

"તો હું એ જ ઇચ્છું છું કે મારી દીકરી એક ચાન્સનો જ ઉપયોગ કરીને સફળ થવાનું શીખી લે!"

ડૅડની ભારે ભરખમ વાત મારા પલ્લે ન પડી એટલે હું ચૂપ થઈ ગઈ.

થોડીક વાર ચૂપ રહ્યા બાદ ડૅડ બોલ્યા, "કૉલેજમાં કોઈ પ્રૉબ્લેમ થાય તો ચિંતા ન કરતી, મારા બૉસનો દીકરો આજ કૉલેજમાં સેકન્ડ ઇયરમાં છે."

"કેવો પ્રૉબ્લેમ?"

"રેગિંગ!"

"એવું કંઈ ના થાય!" હું ત્વરિત બોલી ગઈ. હું અત્યારે કૉલેજના પહેલા દિવસનો અનુભવ કરવા એટલી બધી ઉત્સાહિત હતી કે મેં ડૅડની સલાહ ન સ્વીકારી. મેં એક વાર ડૅડની સલાહ પર વિચાર્યું પણ નહીં.

"આટલા વિશ્વાસથી તું કેવી રીતે કહી શકે કે રેગિંગ જેવું કંઈ ન થાય?" ડૅડે વાત પકડી રાખી.

"કેમ કે ભવિષ્યના ડૉક્ટરો પર મને વિશ્વાસ છે."

"ફક્ત એટલા માટે કે તું પણ ડૉક્ટર બનવા જઈ રહી છે." બોલીને ડૅડે કારની સ્પીડ વધારી.

* * *

હું કારમાંથી નીચે ઊતરી એટલે ડૅડે સ્નોવીનો બેલ્ટ મને પકડાવી દીધો અને કહ્યું, "પહેલાં સ્નોવીને સાચવજે. પછી બૉયફ્રેન્ડ શોધજે!"

ડૅડે જો ન કહ્યું હોત તો પણ હું સ્નોવી પર ધ્યાન રાખવાની જ હતી, પણ ડૅડના કહ્યા બાદ હું વધુ સતેજ થઈ ગઈ.

ડૅડે આપેલો બેલ્ટ સ્નોવીના ગળે બાંધીને હું કૉલેજના મોટા ગેટ તરફ ચાલવા લાગી. સ્નોવી મારી જમણી બાજુ દોડી રહી હતી. તે સાથે હોવાથી મારો આત્મવિશ્વાસ હદ કરતાં વધી ગયો હતો. તેની સુંદરતાના કારણે હું પણ વધુ સુંદર લાગી રહી હતી. જેની ખાતરી મને કૉલેજના ગેટમાંથી પસાર થતાં જ મળી ગઈ. મેં ત્રાંસી આંખ કરીને એ જોવાનો પ્રયત્ન કર્યો કે કોઈ છોકરો મારી સામે જોઈ તો નથી રહ્યો ને, ત્યારે મને એક નહીં પણ પાંચ-છ છોકરાઓ મળ્યા જે ફક્ત મારી સામે જ જોઈ રહ્યા હતા. એ જોઈને હું ફુલાઈ ગઈ અને વધુ આત્મવિશ્વાસથી ચાલવા લાગી. વધુ સુંદર દેખાવવા અને વધુ લોકોને આકર્ષિત કરવા મેં સ્નોવીને હાથમાં ઉઠાવી દીધી. મારો વટ જોઈને ગેટ પરના ચોકીદારે ઊભા થઈને મને રીતસરની સલામ ભરી. તેને એમ હશે કે હું કોઈ મોટા ઘરની 'મેડમ' છું! જો હું અત્યારે સ્નોવીને લીધા વગર ખાલી હાથે કૉલેજમાં પ્રવેશતી હોત તો મને કોઈએ નોટિસ ન કરી હોત, પણ સાથે સ્નોવી હોવાથી લોકોનું ધ્યાન મારી તરફ પડી જ જતું હતું.

ગેટ પાર કરીને હું કૉલેજની અંદર પહોંચી. કૉલેજનું વાતાવરણ મેં પહેલી વાર જોયું હતું, તેથી કૉલેજના ગાર્ડનની પાળી પાસે ઊભા રહીને મેં આખા કૅમ્પસમાં નજર નાખી. કૅમ્પસમાં આછા લાલાશ પડતાં રંગથી રંગેલી પાંચ બિલ્ડિંગ હતી. બે બિલ્ડિંગ વચ્ચે અને દરેક બિલ્ડિંગની સામે ગાર્ડન હતાં. ગાર્ડનમાં કોઈક એકલું અટુલુ બેઠું હતું, તો કોઈક પાંચ-છ મિત્રોના ગ્રુપ સાથે બેઠું હતું, તો વળી કોઈ પોતાના બૉયફ્રૅન્ડ-ગર્લફ્રૅન્ડ સાથે બેઠું હતું. એકલો બેઠેલો સ્ટુડન્ટ પોતાનું ભણવાનું કામ કરી રહ્યો હતો, ગ્રુપમાં બેઠેલા સ્ટુડન્ટ્સ જોરજોરથી હસી રહ્યા હતા અને ગપ્પાં મારી રહ્યા હતા, જ્યારે બાકીના લોકો એકબીજાના શ્વાસમાં શ્વાસ નાખીને વાતો કરી રહ્યા હતા.

થોડીક વાર સુધી હું કૉલેજના દરેક લોકોની હરકતને બારીકાઈથી જોઈને આગળ વધી. મેં દૂરથી જ જોઈ લીધું કે ઝાડ નીચે ઊભેલા પાંચ- છ છોકરાઓ મને જ જોઈ રહ્યા છે. પણ તેમની બોડીલેન્ગવેજ જોઈને હું સમજી ગઈ કે વાત બહુ ગંભીર છે. મેં નજર ઝુકાવીને ચૂપચાપ તેમની સામેથી નીકળી જવાનું નક્કી કર્યું. સ્નોવીને મેં પાછી જમીન પર મૂકી દીધી અને તેનો બેલ્ટ મજબૂતાઈથી પકડી લીધો. હજુ હમણાં સુધી લાવાની જેમ ઊછળતો મારો આત્મવિશ્વાસ, અત્યારે ખાબોચિયાના પાણીની જેમ શાંત થઈ ગયો હતો. હું નીચું માથું કરીને ઝડપથી ચાલવા લાગી. હું જેમ જેમ તે છોકરાઓની નજીક પહોંચી રહી હતી તેમ તેમ તેઓ મને જોઈને વધુ જોરથી ચિચિયારીઓ પાડી રહ્યા હતાં. એક સમયે મેં ત્રાંસી આંખ કરીને એ બાજુ જોવાની હિંમત કરી જ નાખી. હું એ લોકોના ચહેરા યાદ રાખવા માંગતી હતી, જેથી ભવિષ્યમાં હું તેમનાથી ચેતી શકું. ત્યાં એક મોંઘા બાઇક પર એક છોકરો બેઠો હતો અને તેની આજુબાજુ વીંટળાઈને બીજા પાંચ-છ છોકરાઓ ઊભા હતા. બાઇક પર બેઠેલો છોકરો મને તે ગ્રુપનો લીડર લાગતો હતો. તેની ડ્રેસિંગ સેન્સ, તેની હેરસ્ટાઈલ, બાઇક પર બેસવાની રીત, બધું જોઈને મેં અનુમાન લગાવી લીધું કે આ 'અમીર બાપની ગરીબ ઔલાદ' છે!

હવે હું બરાબર તેમની સામે હતી. મેં મારી ચાલવાની ઝડપ ઓર વધારી જેથી તે લોકો કંઈ બોલે એ પહેલાં જ હું તેમની સામેથી નીકળી શકું, પણ એવું ન થઈ શક્યું. બાઇક પર બેઠેલા છોકરાએ બૂમ પાડી, "ઓ! મેડમ!"

હું તરત ચાલતી અટકી ગઈ. મને ખબર હતી કે તે મને જ બોલાવી રહ્યો છે તો પણ મેં પાછળ ફરીથી નિર્દોષભાવે પૂછ્યું, "કોણ? હું?"

"હા, તમે જ. અહીંયાં આવો!" તે બોલ્યો.

હું કોઈ હિસાબે તેમની નજીક જવા નહોતી માંગતી એટલે મેં બહાનું કાઢ્યું, "હું અહીંયાં જ ઊભી રહું છું. મારું ડોગી તમને હેરાન કરશે!"

મારું બહાનું સાંભળીને તે છોકરો બાઇક પરથી કૂદ્યો અને હાથ ખંખેરતાં બોલ્યો, "તો હું જ ત્યાં

આવી જવું. એમ પણ મને ડોગી બહુ ગમે છે અને તું માનીશ નહીં, ક્યારેક ક્યારેક તો તે ડોગીની માલકિન પણ ગમે!"

તેનો તોફાની અવાજ સાંભળીને હું તેની મનોસ્થિતિ સમજી ગઈ. આજે એણે બસ મને હેરાન કરવાનું મન બનાવી દીધું હતું અને તેને ભણેલા લોકોની ભાષામાં રેગિંગ કહેવાય!

તે બે લાંબા પગલાં ભરીને મારી એકદમ સામે આવીને ઊભો રહી ગયો અને તરત સ્નોવીને હાથમાં ઊંચકી લીધી. સ્નોવીને હું બીજાના હાથમાં ક્યારેય નહોતી જોઈ શકતી એટલે મારાથી ચીસ પડી ગઈ. મેં તરત તે છોકરાના હાથમાંથી સ્નોવીને છીનવી લીધી.

"ઓહ! તો આ ડોગી તારો જીવ છે!" તે પોતાના ગ્રુપ તરફ જોઈને રાક્ષસી રીતે હસીને બોલ્યો. જવાબમાં તેનું ગ્રુપ પણ જોર જોરથી હસવા લાગ્યું, એક છોકરાને છોડીને! મારી નજર તે શાંત ઊભેલા છોકરા પર ચોટી ગઈ. ગ્રુપની કિનારી પર અદબ વાળીને તે ઊભો હતો. તેના ચહેરા પરથી મને લાગતું હતું કે તે ગભરાયેલો છે. તેનો શાંત અને ગભરાયેલો ચહેરો જોઈને કોઈ ન કહી શકે કે તે આવા ગ્રુપનો મેમ્બર છે. તેનો ચહેરો, વાળ, કપડાં બધું જ આકર્ષિત હતું. એક-બે પળ માટે મને થઈ ગયું કે હું તેનું નામ પૂછી લઉં. પણ મારા દિલ કરતાં પહેલાં મારું દિમાગ હરકતમાં આવી ગયું. તેણે મને સલાહ આપી. *નેના, અહીંયા તારું રેગિંગ થાય છે અને તું પેલા છોકરાના વિચારો કરે છે.* હું તરત સ્વસ્થ થઈને પરિસ્થિતિ પર અંકુશ મેળવવાના ઉપાયો વિષે વિચારવા લાગી. મેં આમ તેમ જોયું, જેથી કોઈ પ્રોફેસર મને દેખાઈ જાય અને હું તેમની પાસેથી મદદ માંગી શકું. પણ મારી આજુબાજુના એ એરિયામાં મને કોઈ નજરે નહોતું પડી રહ્યું. કદાચ હું ભૂલથી એવા એરિયામાં પહોંચી ગઈ હતી, જ્યાં પ્રોફેસરો પણ આવતાં ડરતા હશે!

"તમે એક માસૂમ ડોગીનું પણ રેગિંગ કરી લો એવા છો!" હું હસતી હસતી બોલી. પણ અંદરખાને હું તેને ધિક્કારી રહી હતી.

"તો મેડમને ખબર પડી ગઈ કે તેમનું રેગિંગ થઈ રહ્યું છે!" ફરીથી તે હસીને બોલ્યો, અને આ વખતે પણ તેની પાછળ પાછળ તેના ગ્રુપ મેમ્બર હસ્યા. હું ત્યારે ખાતરી સાથે કહી શકતી હતી કે આ ગ્રુપના બધા જ લોકો તંદુરસ્ત હશે, કારણ વગર આટલું બધું હસ્યા કરતાં હતાં!

મારે મારી કૉલેજનો પહેલો દિવસ અલગ રીતે ઊજવીને યાદગાર બનાવવો હતો, આ રીતે નહીં. તેથી મેં વાતને પતાવવાનું નક્કી કર્યું, "તમે શું ઇચ્છો છો? હું શું કરું?" પછી તરત મેં ઉમેર્યું, "પાંચ ઊઠકબેઠક કરું?"

મારી આ વાતમાં પણ તે હસવા લાગ્યો, હવે જો એક વાર પણ વધુ તે હસ્યો હોત તો મને હસતાં ચહેરા પર જીવનભર માટે નફરત થઈ જાત.

તે કંપવાળા અવાજ સાથે પક્ષીની જેમ બોલ્યો, "ઊઠકબેઠક કરવી એ તો કંઈ રેગિંગ કહેવાતું હશે!"

"તો હું શું કરું?" હું અકળાઈ ગઈ.

"આપણા આ પલાક્ષને ફોટોગ્રાફ્સ લેવાના બહુ શોખ છે. એ તારા ફોટા પાડશે, તું બસ સારા સારા પોઝ આપ!" તે ગ્રુપનો લીડર, તેના ગ્રુપમાં સૌથી શાંત ઊભેલા છોકરા સામે ઇશારો કરીને બોલ્યો.

એ હસમુખા ગ્રુપના સૌથી ગંભીર અને હેન્ડસમ છોકરાનું નામ પલાક્ષ હતું. મેં તેની સામે ચિંતાથી જોયું. તેના ચહેરા પર મારા કરતાં વધુ ચિંતા જણાઈ રહી હતી. વધુમાં તે ગભરાઈ પણ રહ્યો હતો. પલાક્ષ પોતાના ગ્રુપના લીડરને ના પાડવા જાય એ પહેલા તો બીજા એક ગ્રુપ મેમ્બરે નાનો ડીજીટલ કૅમેરો તેના હાથમાં મૂકી દીધો અને કોઈ કૅપ્ટન પોતાના પ્લેયરોને ફિલ્ડ પર ગોઠવતો હોય તેમ જોરજોરથી તાળીઓ પાડીને બોલવા લાગ્યો, "ચાલો, જલદી... જલદી... શેડો ક્રિએટ કરો અને એન્ગલ બનાવો! પલાક્ષ મિસ ફ્રેશરની ફોટોગ્રાફ્સી કરવા જઈ રહ્યો છે."

તરત સીધી હરોળમાં ઊભેલા ગ્રુપ મેમ્બર્સ વેરવિખેર થઈ ગયા અને બધા મારી આજુબાજુ એવી રીતે ગોઠવાઈ ગયા કે જેથી સવાર સવારના સૂરજનાં કિરણો ફોટાને કાળો ન બનાવી દે. પછી પલાક્ષ

ધીમા પગે મારી સામે આવ્યો.

કોઈ અજાણ્યો છોકરો એના કૅમેરામાં મારા ફોટાઓ પાડે એ મને જરાય પસંદ નહોતું, પણ હું એ વિચારીને કંઈ બોલી નહોતી રહી કે રેગિંગ કૉલેજના પહેલા દિવસે જ થાય, કાલથી કોઈ મને હેરાન નહીં કરે.

“સરખો પોઝ આપ!” તે ગ્રુપ લીડરે એવી રીતે ટકોર કરી કે જાણે તે ફિલ્મનો ડિરેક્ટર હોય અને હું ઑડિશન આપી રહી હોઉં!

મારા ડૅડે પણ ક્યારેય મને આવી રીતે ટકોર નહોતી કરી, તેથી મને તેના પર બહુ ગુસ્સો આવ્યો. પણ મારે એક-બે સારા પોઝ આપીને વાત પતાવવી હતી એટલે હું ચૂપ રહી. મેં પહેલા સ્નોવીને જમીન પર મૂકી અને પછી મારા બંને હાથ કમર પર ગોઠવ્યા. પલાક્ષે ઝડપથી આંગળીથી કૅમેરાનું શટર દબાવી દીધું. હું જોઈ શકતી હતી, કે પલાક્ષની આંગળી ધ્રૂજી રહી છે. પલાક્ષે મારો એક ફોટો લીધો અને પાછા પગ વાળ્યા, પણ ત્યારે જ ગ્રુપમાંથી કોઈ બોલ્યું, “હજુ એક.”

પલાક્ષ અટકી ગયો અને ફરીથી મારી સામે આવીને ગોઠવાઈ ગયો. તરત મેં મારા બે હાથ ફોલ્ડ કર્યા અને બીજો પોઝ આપ્યો. આ વખતે તેણે વધુ ઝડપથી મને કૅમેરામાં કેદ કરી દીધી. હું સમજી ગઈ કે મારી જેમ પલાક્ષ પણ અહીંથી છૂટવા માંગે છે. તેણે કૅમેરો ખિસ્સામાં મૂક્યો અને ઝડપથી ત્યાંથી નીકળી ગયો. તેની પાછળ પાછળ હું પણ સ્નોવીને હાથમાં લઈને ચાલવા લાગી. મને એ બીક હતી કે એ લોકો મને રોકે નહીં, એટલે મેં પાછળ સુધ્ધાં ન જોયું. હું આ રેગિંગ વાળા અનુભવને ભૂલવા માંગતી હતી, તેથી હું સીધી વોશરૂમમાં ગઈ અને અરીસા સામે વોશબેશિંગ પર હાથ રાખીને ઊભી રહી. મારી સામેના અરીસામાં મારા કપાળ પર પરસેવાના બુંદ મને દેખાઈ રહ્યા હતા. હું ઘરેથી જે હેરસ્ટાઈલ સાથે નીકળી હતી, એ હેરસ્ટાઈલ પણ હવે એવી નહોતી રહી. મેં સૌથી પહેલાં પાણીની થોડીક છાલકો ચહેરા પર મારી અને પછી માથાના વાળ પણ સરખા કર્યા. ફરીથી મેં અરીસામાં મારો ચહેરો જોયો. ફ્રેશ ચહેરો જોઈને હું સ્નોવી સામે જોઈને બોલી, ‘‘પ્રિન્સિપાલની વેલકમ સ્પીચ સાંભળવા તૈયાર!”



• 2 •

'જેટલી મોટી કૉલેજ એટલું જ મોટું ઑડિટોરિયમ' આ કહેવત મેં ઑડિટોરિયમ જોઈને બનાવી. થિયેટર હૉલ જેવા એ ઑડિટોરિયમમાં એક સાથે આખી કૉલેજના વિદ્યાર્થીઓ બેસી શકે એના કરતાં પણ વધુ ખુરશીઓ હતી. સ્ટેજ પર પણ આખા ભારત દેશના મુખ્ય પ્રધાનો બેસી શકે એટલી ખુરશીઓ ગોઠવેલી હતી, પણ અમારું નસીબ સારું હતું કે સ્ટેજ પર કોઈ મુખ્યપ્રધાન નહીં, કૉલેજના પ્રિન્સિપાલ સર બેઠા હતાં! કૉલેજના પ્રિન્સિપાલની બાજુમાં કેટલાક અનુભવી પ્રોફેસર, કૉલેજના ડીન, અલગ અલગ ડિપાર્ટમેન્ટ અને કમિટીઓના હેડ બેઠા હતાં.

હું ત્રીજી હરોળમાં બેસવા લાયક જગ્યા શોધી રહી હતી. વેલકમ સ્પીચ ફક્ત ફર્સ્ટ ઇયરના વિદ્યાર્થીઓ માટે જ હોય એટલે મોટા ભાગનું ઑડિટોરિયમ ખાલી હતું. આરામદાયક સીટમાં હું આરામથી બેઠી અને સ્નોવીને પણ મારી ડાબી બાજુની સીટ પર બેસાડી. ક્યારેક ક્યારેક મને એવું થઈ જતું કે મારો હસબન્ડ સ્નોવી જેવો જ હોવો જોઈએ, હું જેમ કહું એમ જ કરે!

મારી નજર મારી જમણી બાજુની સીટ પર પડી. ત્યાં એક છોકરી બેઠી હતી અને મારી સામે જ જોઈ રહી હતી. એની સાથે મારી નજર મળી એટલે તેને બોલવાનો મોકો મળી ગયો, "તું જ હતી ને એ?"

મને નવાઈ લાગી એટલે મેં તરત પૂછ્યું, "વોટ ડુ યુ મીન બાય, તું જ હતી ને એ?"

"મતલબ કે જેનું રેગિંગ થયું એ તું જ હતી ને?"

તે છોકરીની વાત સાંભળીને મને એવી ઇચ્છા થઈ ગઈ, કે જે છોકરાએ મારું રેગિંગ કર્યું હતું. એ છોકરાને હું પૈસા આપીને આ છોકરીનું રેગિંગ કરાવું. મનમાં એ વિચારીને મને વધુ ગુસ્સો આવી ગયો કે એક ફ્રેશર થઈને બીજા ફ્રેશરને મદદ કરવાને બદલે આ છોકરી મારી મજાક ઉડાવે છે. થોડાક સમય સુધી હું તેની સામે લાલ આંખો કરીને જોતી રહી. તે પણ હવે સમજી ગઈ કે તે ન બોલવાનું બોલી ગઈ છે, એટલે તેણે મોં ફેરવી લીધું. એ છોકરીનું મારા હાથે રેગિંગ થઈ જાય એ પહેલાં મેં જ ઑડિટોરિયમ છોડીને બહાર જવાનું નક્કી કર્યું. સ્નોવીને હાથમાં ઊંચકીને હું લાલ અક્ષરથી લખેલા 'ઍક્ઝિટ'ના બોર્ડ તરફ ચાલવા લાગી.

કેવાં સપનાં જોતાં જોતાં મેં કૉલેજમાં પગ મૂક્યો હતો, પણ સવારથી મારી સાથે કંઈ જ સારું નહોતું થઈ રહ્યું. એક-બે પળ માટે તો મને ઘરે જતાં રહેવાના વિચારો પણ આવ્યા. પણ પછી મેં એવું વિચારીને ઘરે જવાનો વિચાર માંડી વાળ્યો કે, સાંજે ડૅડ લેવા આવવાના છે જ ને!

ગાર્ડનમાં બેસવા માટે મેં એવો ખૂણો પસંદ કર્યો જ્યાંથી હું બહુ ઓછા લોકોને દેખાઈ શકું. આવો ખૂણો પસંદ કરવાનું કારણ એ જ હતું કે હવે જો કોઈ મને હેરાન કરત તો હું એનું મર્ડર જ કરી નાખત. હું બહુ ગુસ્સામાં હતી. કૉલેજનો પહેલો દિવસ જ આવો ગયો છે તો આગળ તો શું શું થશે, એવું વિચારીને મારું મગજ ચકરાવવા લાગ્યું હતું. તેથી મેં મગજને શાંત કરવા સ્નોવીને હાથમાં લીધી અને હું એના કપાળ પર હાથ ફેરવવા લાગી. ત્યારે મને એવું લાગી રહ્યું હતું કે જાણે હું કોઈ પીંછાના ઢગલામાં આળોટી રહી હોઉં! મારી પાસે સમયની કોઈ કમી નહોતી. હવે સાંજ સુધી આમ જ બેસી રહેવાનું હતું. આજનો દિવસ ફક્ત વેલકમ સ્પીચને જ નામે હતો.

પાંચદસ મિનિટ સુધી સળંગ સ્નોવી પર હાથ ફેરવવાને લીધે તે મારા ખોળામાં જ સૂઈ ગઈ. હવે હું એકલી હતી. જ્યાં સુધી સ્નોવી જાગે નહીં ત્યાં સુધી હું અહીંયાથી હલી પણ નહોતી શકવાની. ત્યાં જ અચાનક મારી નજર સામેના ઝાડ નીચે બેઠેલા છોકરા તરફ પડી. એ પલાક્ષ હતો. મેં તેની સાથે ટાઇમપાસ કરવાના હેતુથી તેને બૂમ પાડી. તે પણ એકલો જ બેઠો હતો, એટલે તે તરત ઊભો થઈને મારી સામે આવીને ઊભો રહ્યો. મેં મારા બંને હાથ પીઠની પાછળ જમીન પર મૂકીને ટેકો લીધો, "બેસ... પણ શાંતિથી. સ્નોવી સૂઈ રહી છે."

મને ખાતરી હતી કે તેને મારી વાત સાંભળીને જરૂર નવાઈ લાગી હશે. તે એવું જ વિચારતો હશે કે આ તો ખાલી એક ડોગી છે એટલે મેં તરત ચોખવટ કરી, "ધીસ ઇઝ નોટ જસ્ટ અ ડોગી, ધીસ ઇઝ અ બેબી!"

"નાઇસ!" બોલીને પલાક્ષ મારી સામે બેસી ગયો, કોઈ અવાજ કર્યા વગર!

"એનિમલ લવર લાગે છે?" પલાક્ષે મારા સ્વભાવ વિષે પહેલી આગાહી કરી, એ પણ ખોટી!

"એનિમલ લવર નહીં, ફક્ત સ્નોવી લવર!"

મેં છોડેલો તીર જેવો જવાબ, પલાક્ષના દિમાગના એ ભાગમાં વાગ્યો જે ભાગ ત્યારે જીભ પાસે પ્રશ્ન પુછાવડાવે છે. જ્યારે કોઈ શરમાળ છોકરો કોઈ સુંદર છોકરીની સામે બેઠો હોય! તે બોલતો બંધ થઈ ગયો, ખાસ તો પ્રશ્ન પૂછતો!

હું જોઈ શકતી હતી કે પલાક્ષ મારી સામે રીલેક્ષ થઈને નહોતો બેસી રહ્યો. તેણે અડધી જ પલાઠી વાળી હતી અને પોતાના શૂઝ પણ કાઢીને બાજુમાં નહોતાં મૂક્યા. હું તરત પલાક્ષના સ્વભાવની પહેલી ખાસિયત સમજી ગઈ, તે શરમાળ હતો. હું એ પણ જાણતી હતી કે શરમાળ છોકરાઓ રેન્કર હોય છે!

"તું સ્કૂલ લાઇફમાં રેન્કર હોઈશ ને?" મેં પલાક્ષ સાથે ભળવાનો નાનો પ્રયત્ન કર્યો.

પલાક્ષે ફક્ત માથું હલાવ્યું. તેનો આવો રિસ્પોન્સ જોઈને મારે તેને કહેવાની ઇચ્છા થઈ કે તું ફર્સ્ટ ઇયરની સૌથી સુંદર છોકરી સામે ચૂપચાપ બેસી રહ્યો છે! પણ હું ચૂપ રહી. પહેલા જ દિવસથી હું મારા વખાણ જાતે ના કરી શકું!

સામસામે પ્રશ્ન પૂછીએ તો જ વાતચીત શક્ય બને અને પલાક્ષ તો ચૂપ હતો, તેથી મારે જ પૂછવું પડ્યું, "તું પ્રિન્સિપાલની વેલકમ સ્પીચ સાંભળવા નહોતો ગયો?"

"ના!"

"કેમ?"

"એ માણસની સામે સીટ પર હું બેઠો બેઠો શું કામ તાળીઓ પાડું, જે માણસ એ નથી જાણતો કે પલાક્ષ નામનો કોઈ વિદ્યાર્થી એની કૉલેજમાં છે કે નહીં!"

પલાક્ષની વાતમાંથી જિંદગીની ફિલૉસૉફી પ્રત્યેનો એનો પૉઝિટિવ એટિટ્યૂડ કૂદી કૂદીને બહાર આવી રહ્યો હતો. હું તરત સમજી ગઈ કે પલાક્ષ જિંદગી જીવવાની બાબતમાં એક આર્ટિસ્ટ છે. તેની સાથેની બે મિનિટની વાતચીત પછી હું માની ગઈ કે લગભગ અજાણી વ્યક્તિનું એક વાક્ય પણ આપણને પ્રભાવિત કરી શકે છે.

અચાનક પલાક્ષ આખી પલાઠી વાળીને ટટ્ટાર ગોઠવાયો અને બોલ્યો, "સવારે જે કંઈ પણ થયું એમાં મારો કોઈ વાંક નથી. મારું પણ તારી જેમ જ રેગિંગ થઈ રહ્યું હતું."

પોતાનો બચાવ કરતી વખતે પલાક્ષની આંખોમાં નિર્દોષતા જોઈને હું હસી પડી, "તને ત્યારે ચૂપચાપ ઊભો રહેલો જોઈને જ હું સમજી ગઈ હતી. પણ એ કૅમેરો કોનો હતો?"

"મારો!" ખિસ્સામાંથી કૅમેરો કાઢતાં તેણે ઉમેર્યું, "ફોટોગ્રાફીનો થોડોક શોખ ખરો!"

"સવારે તેં પાડેલા મારા ફોટા આમાં છે?" મેં તેના હાથમાંથી કૅમેરો ઝૂંટવી લીધો. મારે એ ફોટા ડિલીટ કરવા હતાં.

"એ લોકો પછીથી આવીને મેમરી કાર્ડ કાઢી ગયા."

"પણ એ લોકો છે કોણ?" મેં ઝીણી આંખ કરીને પૂછ્યું. તેમની ઓળખાણ જાણવી મારા માટે ખૂબ જરૂરી હતી. ભવિષ્યમાં જો આવું ફરીથી થાય તો હું એન્ટી-રેગિંગ કમિટી પાસે ગયાં વગરની રહેવાની નહોતી.

"ગ્રુપ લીડર જ મુખ્ય છે. બાકીના બધા તો..."

હાથ ઊંચો કરીને મેં પલાક્ષને બોલતો અટકાવ્યો, "મારે ફક્ત ગ્રુપ લીડર વિષે જ જાણવું છે, એના ચમચાઓ વિષે નહીં!"

"એનું નામ હિસાબ છે. અમીર બાપનો છોકરો છે. સેકન્ડ ઇયરમાં છે. હું આટલું જ જાણી શક્યો છું!" પલાક્ષે માહિતી આપી. પણ તેની આટલી માહિતી પૂરતી નહોતી.

"કાલ સુધીમાં એના વિષે જાણી લાવજે." મેં એવી જ રીતે હુકમ કર્યો જેવી રીતે કોઈ એક છોકરી કોઈ છોકરાને કરે! છોકરાનો જવાબ તો હકારમાં જ હોય!

"ચોક્કસ!" પલાક્ષ તો ખુશ થઈ ગયો!

સાંજ સુધી પલાક્ષ મારી સાથે જ બેસી રહ્યો અને મારા બધા પ્રશ્નના જવાબ આપતો રહ્યો. વચમાં ઊભો થઈને તે મારા માટે કૅન્ટીનમાંથી નાસ્તો અને પાણી પણ લેતો આવ્યો. તેણે એક-બે વાર સ્નોવીને પણ ગાર્ડનમાં ફેરવી. કોઈક કોઈક વાર મારી સામે શરમાયો તો કોઈક વાર મને મિત્ર માનીને મારી સાથે ખુલ્લા મને વાત કરતો. પલાક્ષ એક સપ્તરંગી માણસ હતો. સાથે સાથે પ્રભાવી પણ!

સાંજના પાંચ વાગે હું પલાક્ષ સાથે કૉલેજના ગેટની બહાર નીકળી. પલાક્ષે મારી પાછળ એનો આખો દિવસ બગાડ્યો હતો, તેથી હવે તો મારે તેને કહેવું જ પડ્યું, "તું જા હવે."

"હું જાઉં જ છું. પણ પહેલાં તારું નામ મને જણાવીશ?" પલાક્ષ હસીને બોલ્યો.

સાંભળીને મેં મારા કપાળ પર ટપલી મારી, "સૉરી... સૉરી... નામ જાણ્યા વગર કોઈની સાથે આટલું બધું બેસી રહેવાય?!"

"તારી બેબીનું નામ તો મને ખબર હતી ને!"

"નેના, યાદ રહેશે નામ?" મેં મારી ઓળખાણની સાથે પ્રશ્ન પણ મૂકી દીધો.

"ક્યારેય નહીં ભુલાય!" બોલીને પલાક્ષ મારી વિરુદ્ધ દિશામાં ચાલવા લાગ્યો.

જ્યાં સુધી પલાક્ષ રોડ ક્રૉસ કરીને પેલી બાજુ ન પહોંચે ત્યાં સુધી હું એને જોતી રહી. તે અદૃશ્ય થઈ જતાં હું ફૂટપાથ પરના બાંકડા પર બેઠી અને ડૅડના આવવાની રાહ જોવા લાગી. મેં મારો ચહેરો તો દુપટ્ટાથી ઢાંકેલો જ રાખ્યો હતો સાથે સાથે સ્નોવીના શરીરને પણ મુલાયમ કપડાંથી ઢાંકી દીધું. જેથી તેના પર પણ વાતાવરણની ધૂળની કોઈ અસર ન થાય. હવે મારી પાસે ડૅડની કારની રાહ જોયા સિવાય બીજું કોઈ કામ નહોતું. તેથી હું રોડ પરનાં લોકોને બસ એમ જ જોતી રહી, કૉલેજના ગેટમાંથી હાથમાં હાથ નાખીને નીકળતાં છોકરા-છોકરીઓને આશાવાદી નજરે જોતી રહી અને રોડ પર આમ તેમ રખડતાં કૂતરાઓને પણ જોતી રહી. હું આટલી શાંત પહેલાં ક્યારેય નહોતી બેઠી. કદાચ પલાક્ષની ફિલૉસૉફીની વાતોએ મને પણ થોડાક સમય માટે ફિલૉસૉફર બનાવી દીધી હતી! અચાનક વાદળોના ગરજવાના અવાજોએ મને ફિલૉસૉફરમાંથી પાછી નેના બનાવી દીધી. બીજી જ ક્ષણે વરસાદ તૂટી પડ્યો. ઑગસ્ટ મહિનો ચાલતો હતો તેથી આવું વાતવરણ જોઈને મને નવાઈ ન લાગી. પણ મને ચિંતા થઈ ગઈ, કેમ કે વરસાદથી બચવાનો કોઈ ઉપાય મારી પાસે નહોતો. કામચલાઉ ઉપાય તરીકે મેં મારું બૅગ ઊંચું કર્યું અને એના નીચે મારું માથું છુપાવી દીધું. વરસાદ વધી રહ્યો હતો અને ડૅડની કાર પણ ક્યાંય દેખાઈ રહી નહોતી, તેથી હું વધારે ચિંતામાં પડી ગઈ. ત્યાં જ મને મહેસૂસ થયું કે બાંકડાની પાછળથી કોઈએ આવીને એની છત્રીથી મને ઢાંકી દીધી છે. મેં ફરીને પાછળ જોયું. હિસાબ હાથમાં છત્રી અને ચહેરા પર એ જ સવારવાળી કારણ વગરની સ્માઇલ લઈને ઊભો હતો. એને જોઈને મારાથી બોલાઈ ગયું, "તું?"

"કેમ? ફ્રેશરની મદદ કરવી એ દરેક સિનિયરની જવાબદારી છે." બોલીને તે બાંકડાની સામી બાજુ, એટલે કે મારી તદ્દન સામે આવીને ઊભો રહ્યો.

"ઓહ! તો સવારે આ વાક્ય ક્યાં ગયું હતું?" મેં આંખો પહોળી કરીને પૂછ્યું.

"જો, મારા કેટલાક નિયમો છે. સવારે જ રેગિંગ કરાય, બપોરે જ લેક્ચર ભરાય અને સાંજે જ કોઈને મદદ કરાય!" તે એવી રીતે બોલ્યો જાણે કોઈ સૈન્યનો વડો તેના દિવસનું ટાઇમટેબલ બોલતો હોય.

મને હિસાબની વાતોમાં કોઈ રસ ન હતો, એને જોઈને તો હવે મને ચીડ આવતી હતી. મેં મુખ્ય વાત

કરી, "પેલું મેમરી કાર્ડ પાછું આપી દે."

"કેમ? તારે એ જોવું છે કે તારા ફોટાઓ કેવા આવ્યા?!" તે પાછો હસ્યો.

હિસાબની સાવ ઢંગ વગરની મજાક સાંભળીને હું અકળાઈ ગઈ. અકળામણ ત્યારે જ થાય જ્યારે આપણે આપણી જિંદગીને આસાન બનાવવાનો પ્રયત્ન કરીએ અને સામેવાળો માણસ કંઈ સમજે જ નહીં!

"મારે એ ફોટાઓ ડિલીટ કરવા છે."

"કેમ?"

"જો તારામાં જરા પણ બુદ્ધિ હોત તો તેં આ પ્રશ્ન ન પૂછ્યો હોત." બોલીને એક ઝટકાથી હું બાંકડા પરથી ઊભી થઈ ગઈ અને તેને ધક્કો મારીને મારાથી દૂર ધકેલ્યો. આખરે મારી ધીરજનો બંધ તૂટી ગયો હતો. કૉલેજનો મારો પહેલો આખો દિવસ હિસાબના લીધે જ બગડ્યો હતો.

જુનિયરના હાથે ધક્કો ખાઈને હિસાબનું સ્વમાન જરૂર ઘવાયું હશે. પણ તે કંઈ કરે એ પહેલાં જ મને ડૅડની કારના હોર્નનો અવાજ સંભળાયો. ફૂટપાથને અડીને ડૅડે કાર ઊભી રાખી હતી અને વિન્ડો ગ્લાસ નીચે કર્યો. ડૅડને જોઈને મારા જીવમાં જીવ આવ્યો. હું તરત દોડીને કારમાં ઘૂસી ગઈ. મારા કારમાં બેસી ગયાં બાદ પણ ડૅડે કાર સ્ટાર્ટ ન કરી એટલે મેં પૂછ્યું, "કોની રાહ જુઓ છો?"

"એક મિનિટ!" બોલીને ડૅડ કારમાંથી નીચે ઊતર્યા અને સીધા હિસાબ તરફ ગયા. ડૅડે જ્યારે હિસાબ સાથે હાથ મિલાવ્યો, ત્યારે મારાથી બોલાઈ ગયું, 'હૉલી શીટ!' ડૅડ હિસાબ સાથે વાતે વળગ્યા. હવે તો મને ખાતરી થઈ ગઈ કે ડૅડ અને હિસાબ પહેલેથી એકબીજાને ઓળખે છે, એ પણ બહુ સારી રીતે! મને ખબર નહોતી પડતી કે આજના દિવસમાં મારી સાથે શું થઈ રહ્યું છે, પહેલાં રેગિંગ, પછી પલાક્ષ સાથેની દોસ્તી અને હવે આ! હવે મને એ વાતનો ભય સતાવી રહ્યો હતો કે આજના દિવસના ઘટનાક્રમના લીધે શું મારી આખી જિંદગી તો નહીં બદલાઈ જાય ને!?

ડૅડ આવીને કારમાં બેઠા અને કાર સ્ટાર્ટ કરી. ડૅડ જ્યારે કારને દૂર લઈ ગયા ત્યારે મને લાગ્યું કે હવે મારે ડૅડ પાસેથી હિસાબનો 'હિસાબ' લેવો જ પડશે, "તમે એને ઓળખો છો?"

"કોને?" ડૅડ કાર ચલાવવામાં વ્યસ્ત હતા.

જવાબમાં મારે કહેવાની ઇચ્છા થઈ ગઈ કે જેણે મારું રેગિંગ કર્યું એને!

"જેની સાથે તમે હાથ મિલાવ્યો એ." હું આરામથી બોલી.

"અરે એ!" ડૅડના ચહેરા પર ચમક આવી ગઈ, "હું જે કન્સ્ટ્રક્શન કંપનીમાં મૅનેજર છું, એના માલિકનો દીકરો છે."

ડૅડની વાત સાંભળીને મને એવું થયું કે હું કારના ગરમ એન્જિન પર જોર જોરથી માથું પછાડું! આજે તો સરપ્રાઇઝ પર સરપ્રાઇઝ મળતાં હતાં અને સરપ્રાઇઝ મને પસંદ નહોતાં.

"સ્વભાવથી બહુ સારો હશે ને?" મેં દિમાગ શાંત રાખીને જાણી જોઈને પૂછ્યું.

"બહુ હેલ્પફુલ છે. હું તો કહું છું કે તું એને તારો ફ્રેન્ડ બનાવી દે."

"ચોક્કસ!" બોલીને હું ચૂપ થઈ ગઈ.

મારે ડૅડને આજના દિવસના અનુભવ વિશે બધું જ કહેવું હતું, પણ હિસાબની અસલી ઓળખાણ બાદ જો હું ડૅડને હિસાબ વિશે બધું કહી દેત તો એની સીધી જ અસર ડૅડની પ્રૉફેશનલ લાઇફ પર પડત. એટલે મેં કંઈ ન કહેવાનું જ બહેતર માન્યું.

ઘરે પહોંચીને હું સીધી જ મારી રૂમમાં જતી રહી. ડૅડે એક-બે વાર મૂડ ખરાબ હોવાનું કારણ પૂછ્યું હતું, પણ મેં દરેક વખતે થાકનું બહાનું કાઢીને ડૅડને એ વાતની ખાતરી આપી દીધી કે તેમની દીકરી કૉલેજમાં શારીરિક રીતે હેરાન થઈ છે, માનસિક રીતે નહીં. (જે વાત સાવ ખોટી હતી!)

અંધારું થયું ત્યાં સુધી હું બારી પાસે બેઠા બેઠા વરસતા વરસાદને જોતી રહી અને સ્નોવીને રમાડતી રહી. પછી રોજની જેમ જ મેં મારી પર્સનલ ડાયરી ખોલી. મારી પર્સનલ ડાયરીમાં મેં મારી જિંદગીના

છેલ્લાં બે વર્ષ લખેલાં હતાં. હું મારો આખો દિવસ સ્નોવીને સંબોધીને લખતી હતી. બારી પાસે બેઠા બેઠા જ મેં ડાયરીમાં લખવાનું શરૂ કર્યું,

૨૦ ઓગસ્ટ, ૨૦૦૭

આજે જે કંઈ પણ થયું, એ બધું જ તને ખબર છે, સ્નોવી! ક્યારેક ક્યારેક મને એવું થઈ જાય છે કે તું બોલી શકતી હોત તો કેટલું સારું થાત. મને કોઈ ફ્રેન્ડની જરૂર જ ના પડત! આજના દિવસમાં હું યાદગાર બે કેરેક્ટરને મળી. એમાંથી હું પહેલા વિશે તો નહીં લખી શકું. એના વિશે વિચારીને, એની સામે જોઈને મને ચીડ ચડે છે. પણ બીજું કેરેક્ટર રસપ્રદ હતું. પલાક્ષ મજાનો માણસ છે. પણ સ્નોવી, તું કંઈ ખોટું ન વિચારતી – હું કંઈ પલાક્ષના પ્રેમમાં નથી પડવાની. એ ભલે સારો માણસ હોય, પણ હું આવા સાવ બોરિંગ માણસ સાથે ન રહી શકું. સાથે સાથે એ ડરપોક પણ છે. એક છોકરીનું તેની સામે જ રેગિંગ થઈ રહ્યું હતું અને તે ચૂપ ઊભો હતો. જો આજે તેણે મને સાથ આપીને પોતાની જરા પણ હિમ્મત દર્શાવી હોત તો નક્કી મને મારો બૉયફ્રેન્ડ મળી ગયો હોત!



• 3 •

આજે કૉલેજમાં પ્રવેશ લેતી વખતે મારો આત્મવિશ્વાસ ગઈ કાલ જેટલો નહોતો. તેનું કારણ કાલના આખા દિવસનો અનુભવ હતો. હજુ સુધી રેગિંગની વાત મારા દિમાગમાંથી નહોતી નીકળી. આખી રાત હિસાબનો રાક્ષસી ચહેરો મારી આંખો સામે આવતો રહ્યો અને તેનું રાક્ષસી હાસ્ય પણ મને સંભળાતું રહ્યું. આજે મેં ગઈકાલની સરખામણીમાં એટલાં સારાં કપડાં પણ નહોતાં પહેર્યાં – સાદું આછા પીળા રંગનું ટોપ અને નેવી બ્યુ રંગનું જીન્સ પહેર્યું હતું. હેરસ્ટાઈલ પણ એકદમ સાદી રાખી હતી. એ આશા સાથે હું કૉલેજમાં આવી હતી, કે આજના દિવસમાં મારા કોઈ સારા ફ્રેન્ડ બને અને ક્લાસમાં ભણવાનું શરૂ થઈ જાય. જેથી મારું મગજ રેગિંગવાળા અનુભવને ભુલાવી શકે.

ધીમે ધીમે ચાલતાં હું કૉલેજની અંદર પહોંચી, દૂર સુધી જોઈ રહી હતી, જો હિસાબ અને તેનું ગ્રુપ મને દેખાઈ જાત તો હું રસ્તો બદલી નાખત. પણ છેક ઍડમિશન બિલ્ડિંગ સુધી મને હિસાબનું ગ્રુપ ન દેખાતા મેં રાહતનો શ્વાસ લીધો. ઝડપથી પગ ઉપાડીને હું એડમીન ડિપાર્ટમેન્ટમાં પહોંચી. ત્યાં ઘણાં વિદ્યાર્થીઓ નોટિસ બોર્ડને ઘેરીને ઊભા હતા. તે બધા જ ફ્રેશર હતા અને નોટિસ બોર્ડ પર પોતાના ક્લાસ રૂમને શોધી રહ્યા હતા. મારે પણ મારો કયો ક્લાસ છે એ જાણવું હતું. પણ ત્યાં ભીડ એટલી બધી હતી કે હું નોટિસ બોર્ડને જોઈ પણ નહોતી જોઈ શકતી. વધુમાં મારા હાથમાં સ્નોવી હોવાને લીધે હું ભીડને ચીરીને આગળ પણ નહોતી વધી શકતી. તેથી જ્યાં સુધી નોટિસ બોર્ડની સામેથી ભીડ ન વિખરાય ત્યાં સુધી મારે ધીરજ રાખવી જ રહી. હું થોડેક દૂર પડેલા સોફા પર બેઠી.

મારી નજર નોટિસ બોર્ડની ચારેતરફ ઊભી રહેલી ભીડ પર હતી. જો થોડીક જગ્યા ખાલી થાત તો હું એ જગ્યામાં ઘૂસી જાત. પણ સમયની સાથે ભીડ ઘટવાને બદલે વધી રહી હતી. હવે હૉસ્ટેલના વિદ્યાર્થીઓ પણ આવી રહ્યા હતા. મને ચિંતા થવા લાગી, જો આમ ને આમ જ રહ્યું તો હું સમયસર મારા ક્લાસરૂમમાં નહીં પહોંચી શકું અને આજનો દિવસ પણ બગડશે. ત્યાં જ મારી નજર પલાક્ષ પર પડી. તે ભીડમાં ક્યાંય ગાયબ થઈ જાય તે પહેલાં મેં તેને બૂમ પાડી.

"હં?" મારી સામે આવીને તે ઊભો રહ્યો.

"મારો ક્લાસરૂમ કયો છે, એ જોઈ લઈશ? પ્લીઝ?" મેં પલાક્ષને વિનંતી કરી.

તે હકારમાં ડોક હલાવતો હલાવતો બોર્ડ તરફ ફર્યો. પણ તે એક પગલું ભરે એ પહેલાં મેં તેને મસ્તીમાં પૂછ્યું, "મારું નામ તો યાદ છે ને?"

પલાક્ષની પીઠ મારી તરફ હતી, તો પણ હું જાણી ગઈ કે તે મારા સવાલથી હસી રહ્યો છે. તે મારી તરફ ફર્યા વગર બોલ્યો, "નેના! આ નામ તો ક્યારેય નહીં ભૂલાય." અને તે ભીડમાં ખોવાઈ ગયો. પાંચ મિનિટ બાદ તે કૂદતો કૂદતો મારી સામે આવ્યો. હું એના ચહેરા પરની ખુશી જોઈને કહી શકતી હતી કે મેં આપેલું ટાસ્ક તેણે પૂરું કર્યું છે.

"આપણે બંને ક્લાસમેટ!" પલાક્ષ બોલતાં બોલતાં ઊછળી રહ્યો હતો.

"પણ આટલો બધો ખુશ કેમ થાય છે?" મને નવાઈ લાગી. શું હું જે ક્લાસમાં છું એ બધા જ છોકરાઓ પલાક્ષની જેમ જ ઊછળી રહ્યા હશે!?

તરત પલાક્ષ ગંભીર થઈ ગયો. મારા પ્રશ્નએ તેને ભાન કરાવ્યું કે સુંદર છોકરી આપણી ક્લાસમેટ બને તો ખુશ થવાય, પણ તે છોકરી સામે નહીં!

તેણે તરત વાત બદલી નાખી, "તો જઈએ ક્લાસમાં?"

"હા, ચાલ!" બોલીને હું સોફા પરથી ઊભી થઈ અને અમે અમારા ક્લાસ તરફ ચાલવા લાગ્યા. બંનેમાંથી કોઈનેય નહોતી ખબર કે અમારો ક્લાસ કયા બ્લોકમાં છે, તેથી ત્યાં કામ કરતાં પ્યૂનને અમે ક્લાસ વિશે પૂછ્યું. તેણે દૂરની બિલ્ડિંગ તરફ ઇશારો કર્યો. સૌથી છેલ્લી બિલ્ડિંગમાં અમારો ક્લાસ હતો.

"અરે હા!" પલાક્ષને અચાનક કંઈક યાદ આવ્યું.
"શું થયું?"
"એક ગૂડ ન્યૂઝ છે."
"ગૂડ ન્યૂઝ?"
"હિસાબે મને આજે સવારે મેમરી કાર્ડ પાછું આપી દીધું અને મેં તારા ફોટા ડિલીટ કરી નાખ્યા."
"થૅન્ક ગૉડ!" હું આંખ મીચીને બોલી. હવે મારામાં ખોવાયેલો આત્મવિશ્વાસ પાછો આવી ગયો. મને ફરીથી આશા જાગી કે આજનો દિવસ કંઈક સારો રહેશે.

અમે પ્યૂને બતાવેલી બિલ્ડિંગની અંદર પ્રવેશ્યા. મને આશા નહોતી કે આટલા બધા ફ્રેશર અહીંયા હશે. એ બધા દીવાલની સામે ટોળામાં ઊભા ઊભા કંઈક જોઈ રહ્યા હતા અને બૂમો પાડી રહ્યા હતાં. માણસની સહજ પ્રકૃતિ અનુસાર પલાક્ષ પણ એ જોવા ટોળામાં ઘૂસ્યો કે દીવાલ પર એવું તો શું છે કે આટલા બધા લોકો ક્લાસમાં જવાને બદલે અહીંયા ઊભા છે. તે તરત ટોળામાંથી બહાર આવ્યો.

"શું હતું ત્યાં?" મેં સહજ ભાવે પૂછ્યું.

"કંઈ ખાસ નહીં. ચલ, અહીંયાથી!" બોલીને પલાક્ષ ચાલવા લાગ્યો, પણ મને વધુ શંકા ગઈ, "દીવાલ પર તને ડરાવી શકે એવું કંઈ વસ્તુ છે?"

"કંઈ નથી." બોલીને તેણે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને કપાળ લુછ્યું.

હવે મને પણ એ જાણવાની ઇચ્છા થઈ કે એ દીવાલ પર શું છે. હું સ્નોવીને પલાક્ષના હાથમાં પકડાવીને તે ટોળા તરફ ચાલી અને બંને હાથથી ટોળાને ચીરતી ચીરતી છેક દીવાલ સુધી પહોંચી ગઈ. દીવાલ પર લાગેલા પોસ્ટરો જોઈને મારી પણ પલાક્ષ જેવી જ હાલત થઈ ગઈ. જો અત્યારે મારા હાથમાં સ્નોવી હોત તો જરૂર તે મારા હાથમાંથી છટકી જાત. પોસ્ટરોમાં મારા એ જ ફોટોગ્રાફ્સ હતાં જે ગઈકાલે રેગિંગના બહાને હિસાબે પલાક્ષ પાસેથી પડાવ્યા હતા. મને વધુ વિચલિત કરી નાખે એવું વાક્ય દરેક પોસ્ટર પર લખેલું હતું – મિસ ફ્રેશર! હું ઇચ્છત તો એક જ ઝાટકે તે બધા પોસ્ટરો ફાડી શકતી હતી, પણ સબૂત તરીકે તેને દીવાલ પર એમ જ રાખી મૂકવા જરૂરી હતાં. હું ટોળામાંથી બહાર આવી અને ઍડમિશન બિલ્ડિંગ તરફ ચાલવા લાગી. હું એન્ટી રેગિંગ ડિપાર્ટમેન્ટમાં હિસાબ સામે ફરિયાદ કરવા જઈ રહી હતી. હું જાણતી હતી કે આ કારસ્તાન હિસાબ & કંપનીનું જ છે. હવે મને એ પણ સમજાઈ ગયું કે હિસાબે મેમરી કાર્ડ પલાક્ષને પાછું કેમ આપી દીધું. કેમ કે એનું કામ તો થઈ ગયું હતું!

પલાક્ષ પાછળથી દોડતો આવ્યો અને મારા ખભા પર હાથ મૂકીને મને અટકાવી દીધી.

"તું ક્યાં જાય છે?" પલાક્ષના અવાજમાં ચિંતા દેખાઈ આવતી હતી.

"ફરિયાદ કરવા. એન્ટી રેગિંગ ડિપાર્ટમેન્ટમાં!"

"પાગલ થઈ ગઈ છે કે શું? તું હિસાબના નામની ફરિયાદ નોંધાવીશ?" પલાક્ષ ઝડપથી બોલી ગયો. મુસીબતના સમયે તેનું આખું શરીર વધુ ઝડપથી પ્રતિક્રિયા આપી રહ્યું હતું.

"હા, હું એનાથી ડરીને બધું સહન નથી કરવાની." બોલીને હું પલાક્ષને અવગણીને ચાલવા લાગી. હું છેક એડમીન બિલ્ડિંગ સુધી પહોંચી ત્યાં સુધી પલાક્ષ મને રોકતો રહ્યો, પણ મેં એની એક વાત ન માની. એડમીન બિલ્ડિંગમાં એન્ટી રેગિંગ ડિપાર્ટમેન્ટના હેડ, મિસ્ટર મનોહર વ્યાસની કૅબિન પાસે આવીને મેં મારા પગ થંભાવ્યા.

"તો તું મારી વાત નહીં જ માને?" પલાક્ષ ગુસ્સે થઈને બોલ્યો. તેને કદાચ એવું હશે કે હું એના ગુસ્સાથી ડરીને હિસાબ વિરુદ્ધ ફરિયાદ નહીં કરું!

"ના!"

કૅબિનનો દરવાજો ખોલીને અંદર પ્રવેશવાની પરમિશન માંગતા મેં પૂછ્યું, "મે આઇ કમ ઇન, સર?"

મિસ્ટર મનોહરે કમ્પ્યૂટરમાંથી તેમનો ચહેરો બહાર કાઢતાં કહ્યું, "યસ, યુ કમ ઇન, મિસ!"

પરમિશન મળતાં જ અંદર જવાને બદલે હું પલાક્ષ તરફ ફરી અને તેને ધીમેથી કહ્યું, “સ્નોવીને સાચવજે.”

પલાક્ષનો જવાબ સાંભળ્યા વગર હું પાછી સીધી ફરી અને કૅબિનમાં પ્રવેશી.

“ફર્સ્ટ ઇયર?” મિસ્ટર મનોહરે હાથ થી મને ખુરશીમાં બેસવાનો ઇસારો કરતાં પૂછ્યું.

“યસ, સર!”

“રેગિંગ થયું?” પેન ને હાથમાં ગોળ ફેરવતાં ફેરવતાં મિસ્ટર મનોહર બોલ્યા. મને એ જોઈને નવાઈ લાગી કે એન્ટી રેગિંગ કમિટીના હેડ પણ કેટલી સહજતાથી મને પૂછે છે કે રેગિંગ થયું?

“યસ, સર!” મેં ટૂંકમાં જવાબ આપ્યો.

“કોણે કર્યું રેગિંગ?”

“હિસાબ, સેકન્ડ ઇયર!”

“તો મને પણ જણાય કે એણે કેવી રીતે તારું રેગિંગ કર્યું. મને પણ જાણવા મળે કે આજકાલ રેગિંગની કંઈ સ્ટાઇલ માર્કેટમાં આવી છે.” મિસ્ટર મનોહર હસવા લાગ્યા.

“કોઈ લેડી કર્મચારી નથી?” મેં અચકાતાં અચકાતાં પૂછ્યું.

“ચિંતા ના કર. મારી ઉંમર પચાસ વર્ષની છે અને હું વર્ષોથી એન્ટી રેગિંગ ડિપાર્ટમેન્ટમાં જ છું.”

તેમની ઉંમર જાણીને મને હિંમત થઈ અને હું બે દિવસનો આખો ઘટનાક્રમ વિસ્તારથી કહેવા લાગી. મિસ્ટર મનોહર ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા, સાથે તેઓ જરૂરી લાગે એવા મુદ્દા લખી પણ રહ્યા હતા.

આખી વાત મિસ્ટર મનોહરને સમજાવ્યા પછી મેં મારા ખોળામાં પડેલી બૅગમાંથી બૉટલ કાઢી અને પાણી પીધું.

“તારો કેસ તો બહુ સરળ છે. એ છોકરો જો તારા પક્ષમાં બોલે, જેણે તારા ફોટોગ્રાફ્સ ક્લિક કર્યા હતાં, તો હું આસાનીથી હિસાબને સસ્પેન્ડ કરાવી શકું.”

મિસ્ટર મનોહરની વાત જેવી પૂરી થઈ કે તરત હું ઊભી થઈ અને કૅબિનની બહાર દોડી. મારે પલાક્ષને મિસ્ટર મનોહર સામે ઊભો કરી દેવો હતો.

“તું મારી પડખે ઊભો રહીશ?” પલાક્ષને મેં પૂછ્યું.

“કંઈ બાબતમાં?”

“રેગિંગની બાબતમાં.”

રેગિંગની વાત સાંભળીને પલાક્ષ પાછો ગભરાઈ ગયો. ક્યારેક ક્યારેક પલાક્ષને જોઈને મને પુરુષ જાત પર શંકા થતી. કોઈ વ્યક્તિ આટલી ડરપોક કેવી રીતે હોઈ શકે?!

“હું તારી પડખે તો ઊભો રહી શકું છું, પણ હિસાબની વિરુદ્ધ નહીં.” બોલીને તેણે મોં ફેરવી દીધું.

“પણ કેમ?” મેં પલાક્ષના બંને ખભા પકડીને તેને સીધો કર્યો.

“નેના, તું વાતને સમજ. તમે વ્યક્તિની સામે જીતી શકો છો, સત્તા સામે નહીં. હિસાબ ગમે તે કરીને કેસ રફેદફે કરી નાખશે. આપણે અહીંયા શાંતિથી ભણવા આવ્યા છીએ. લોકો સાથે ઝઘડવા નહીં!”

હું સમજી ગઈ. એ ડરપોક માણસ ક્યારેય મારી મદદ નહીં કરે.

“તું ભણ... હું હિસાબ સામે ઝઘડું!” બોલીને હું પાછી કૅબિનમાં આવી. આ વખતે મેં પ્રવેશતાં પહેલાં પરમિશન માંગવી જરૂરી ન સમજી.

“સર, એક પ્રૉબ્લેમ છે.” હું ઓગળેલા અવાજે બોલી.

“કેવો પ્રૉબ્લેમ?”

“જેણે મારા ફોટોગ્રાફ્સ લીધા હતાં, એ હિસાબની વિરુદ્ધમાં બોલવા તૈયાર નથી.” બોલતાં બોલતાં મને પલાક્ષ પર ગુસ્સો આવી રહ્યો હતો.

“તો તો કંઈ ન થઈ શકે. તું એને રાજી કર, પછી મારી પાસે આવજે.” બોલીને મિસ્ટર મનોહર

ફરીથી તેમના કમ્પ્યૂટરની સ્ક્રિનમાં ઘુસી ગયાં.

મારી પાસે આગળ બોલવાના કોઈ શબ્દો ન બચ્યા, હું તેમને એટલું પણ ના કહી શકી કે તમે એ પોસ્ટરો હટાવી દો. હારેલા મને અને ઊતરી ગયેલા ચહેરે હું કૅબિનની બહાર નીકળી. પલાક્ષ હજુ સ્નોવીને હાથમાં પકડીને ઊભો હતો. મેં કંઈ બોલ્યા વગર તેના હાથમાંથી સ્નોવીને લઈ લીધી અને હું મારા ક્લાસ તરફ ઉપડી. પલાક્ષ પણ મારી પાછળ પાછળ આવ્યો. તે 'સૉરી... સૉરી...' કહી રહ્યો હતો, પણ હું તેને અવગણીને ચાલતી રહી.

ક્લાસમાં પહોંચીને હું મારી ટેવ અનુસાર પહેલી બેન્ચ પર બેસી ગઈ. બે વિદ્યાર્થીઓ બેસી શકે એટલી નાની બેન્ચ પર મેં બાજુમાં મારી બૅગ મૂકી દીધી, જેથી પલાક્ષ મારી બાજુમાં ન બેસી શકે. તે મારી પાછળની બેન્ચ પર બેઠો. ક્લાસમાં પ્રોફેસર આવ્યા એટલે પહેલું કામ મેં તેમને પ્રિન્સિપાલ સરે લખી આપેલો એ પરમિશન લેટર બતાવવાનું કર્યું, જેમાં સ્નોવીને સાથે રાખવાની પરવાનગી આપી હતી. મેં પ્રોફેસરને ખાતરી પણ આપી કે સ્નોવી તેમને ડિસ્ટર્બ નહીં કરે.

ક્લાસ વિદ્યાર્થીઓથી ભરાઈ ગયાં બાદ પ્રોફેસરે આજનું લેક્ચર શરૂ કર્યું. હું મારું પૂરું ધ્યાન લેક્ચરમાં આપવા માંગતી હતી પણ પાછળથી પલાક્ષ વારે વારે મને બોલાવીને સૉરી સૉરી કહ્યા કરતો હતો. તેનું પાગલપન જોઈને મને કેટલીક વાર ગુસ્સો આવી ગયો તો કેટલીક વાર હું હસી પણ પડી. અડધો કલાક પત્યો ત્યાં સુધી તેણે સૉરી શબ્દની જ માળા જપી. છેવટે કંટાળીને મારે તેને કહેવું જ પડ્યું, "જા, આ વખતે તને માફ કર્યો!"

"થૅન્ક્યુ!" પલાક્ષ શ્વાસમાં બોલ્યો, જેથી પ્રોફેસર સરને સંભળાય નહીં.

બાકીના લેક્ચર દરમિયાન પલાક્ષ ચૂપ રહ્યો. તેથી હું પ્રોફેસરની વાતો પર ધ્યાન આપી શકી. હું હંમેશાં વિચાર્યા કરતી હતી કે એક મેડિકલ કૉલેજ કેવી હોય. આજે મેં જ્યારે પહેલા લેક્ચરમાં હાજરી આપી ત્યારે મને ખબર પડી કે મેડિકલ કૉલેજમાં ડૅડના કહેવા અનુસાર એક જ ચાન્સ મળે છે. મેડિકલ કૉલેજોમાં ભણવાનું બાદમાં, પહેલા એક ચાન્સમાં કેવી રીતે સફળ થવું એ શીખવાડવામાં આવે છે.

લેક્ચર પૂરું થયું એટલે હું પ્રોફેસરની સાથે સાથે જ બહાર નીકળી ગઈ. મારે પલાક્ષ સાથે વાત કરવાની કોઈ ઇચ્છા નહોતી. હજુ અમારા સંબંધને કોઈ નામ નહોતું મળ્યું. અમે મિત્રતાનો હાથ પણ લંબાવ્યો નહોતો. એમ પણ આવા ડરપોક છોકરાને હું મિત્ર બનાવી મારી બહાદુરીને શરમમાં શું કામ મૂકી દઉં?! હું આવી બધી વાતો વિચારતી વિચારતી કૅન્ટીન બાજુ જઈ રહી હતી, ત્યારે પલાક્ષે પાછળથી મારા નામની બૂમ પાડી. તેની પહેલી બૂમ સાંભળીને હું ના ઊભી રહી, પણ બીજી બૂમ સાંભળીને ના છૂટકે મારે ઊભા રહેવું પડ્યું. તે મને રોકવા માટે જાણીજોઈને કોઈ બાળક રડી રહ્યું હોય એવા અવાજે બોલ્યો હતો.

"શું છે?" મેં આંખ કાઢીને કહ્યું.

મારો આવો અવતાર જોઈને તે ડરી ગયો અને મારાથી એક-બે ડગલાં દૂર જતાં બોલ્યો, "રીલેક્ષ! હું તો તને ફક્ત સાથ આપવા માંગું છું."

"મારે કોઈના સાથની જરૂર નથી! ઓકે?" હું આંગળી કરીને બોલી.

"એક ફ્રૅન્ડની પણ નથી જરૂર?" મારા કડક વલણની પણ પલાક્ષ પર કંઈ અસર ન થઈ. ઊલટાનું તે પ્રેમથી બોલ્યો.

"ના, તારા જેવા ફ્રૅન્ડની તો ખાસ નહીં!" બોલીને હું કૅન્ટીન તરફ ચાલી નીકળી. હું જાણતી હતી કે ભલે અત્યારે મેં પલાક્ષનું અપમાન કર્યું છે, પણ આ ડરપોક માણસ મારી પાછળ પાછળ જ આવશે.

હું કૅન્ટીનના સૌથી છેલ્લા ટેબલ પાસે ખુરશીમાં બેઠી. તરત પલાક્ષ પણ મારી સામે બેસી ગયો. હું એનાથી નજર ચોરી રહી હતી. કદાચ અત્યારે હું ઓવર સ્માર્ટ બની રહી હતી. આટલું બધું માન ખાવાની મારે કોઈ જરૂર નહોતી.

"એક દિવસમાં તો તું બદલાઈ ગઈ!" પલાક્ષે ફરિયાદ કરી.

હું જવાબમાં ચૂપ રહી.

"હું દોસ્તી માટે હાથ ફેલાવું છું અને તું મને અવગણે છે?" પલાક્ષ ખુરશીમાં એવી રીતે બેસવાનો પ્રયત્ન કરતો હતો કે જેથી મારી નજર સીધી જ એના પર હોય. પણ તે સફળ નહોતો થઈ રહ્યો.

મેં એને જવાબ આપ્યા વગર બૅગમાંથી ટિફિન બૉક્સ કાઢ્યું અને એમાં મૉમે શું મૂક્યું છે એ જોયા વગર ખાવા લાગી. આજે તો સ્વાદ પરથી પણ ટિફિનની આઇટમની ઓળખ નહોતી થઈ રહી.

"નેના, તું એક વાર આજુબાજુ તો જો. બધા એમના મિત્રો સાથે બેઠા છે, અને તું તો...!" બોલીને પલાક્ષ મારા લંચબૉક્સમાં હાથ નાખવા ગયો, પણ મેં તેના હાથ પર ટપલી મારીને તેને અટકાવી દીધો. તેણે તરત પોતાનો હાથ પાછો ખેંચી લીધો.

"નેના, બહુ થયું હવે!"

પલાક્ષની અકળામણ જોઈને હું મનમાં હસી રહી હતી. તેની ઠેકડી ઉડાડવાની મને મજા આવી રહી હતી. તે મને એવી રીતે મનાવી રહ્યો હતો કે જાણે હું એની ગર્લફ્રેન્ડ હોઉં!

હું ચૂપચાપ નીચે જોઈને લંચબૉક્સમાંથી ખાતી રહી. છેવટે કંટાળીને પલાક્ષ બે હાથ વીંટાળીને ખુરશીમાં ટેકો લઈને આરામથી બેઠો. મેં અનુમાન લગાવ્યું કે તે હોઠ ત્રાંસા કરીને મને જોઈ રહ્યો હશે અને મનમાં મને અકડું છોકરીનું બિરુદ પણ આપી રહ્યો હશે. તેમ છતાં મેં તેની સામે ન જોયું. હું કોઈ પણ રીતે તેને હિસાબ વિરુદ્ધ ગવાહી આપવા માટે મનાવવા માંગતી હતી.

"પલાક્ષ, મેં તો બહુ કર્યું. પણ પ્રૉબ્લેમ એ છે કે તું કશું નથી કરતો!" હું પલાક્ષના દિલમાં મારા માટે દયા જન્માવવા જાણીજોઈને ઓગળેલા અવાજે બોલી. શરમાળ છોકરાઓ વધુ ઇમોશનલ હોય છે અને તેમનાથી બીજા કોઈનું દુઃખ જોયું નથી જતું, આવું મને ઇન્ટરનેટના માધ્યમથી જાણવા મળ્યું હતું. જ્યારે હું કૉલેજ શરૂ થવાના બે-ત્રણ દિવસ પહેલા ઇન્ટરનેટ પર 'હાઉ ટુ ઇમ્પ્રેસ અ બૉય' નામનો આર્ટિકલ વાંચી રહી હતી!

"હું કંઈ નહીં કરી શકું."

"કેમ?"

મારો પ્રશ્ન સાંભળીને એના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા. થોડાક સમય પહેલાં ઝબૂકતાં મારા ફ્રેન્ડ બનવાના અરમાનો હવે તેના ચહેરા પરથી ભૂંસાઈ ગયા. તેણે આંખો પર હાથ ફેરવીને નિસાસો નાખ્યો, "મારે તને આ વાત નહોતી કહેવી, પણ હવે કહેવી જ પડશે."

"ડર્યા વગર બોલી જા!" મેં ખુરશીમાં ખુદને સરખી રીતે ગોઠવી, "આખરે ફ્રેન્ડ સામે શું ડરવાનું!"

"મારા ડૅડ તારા અને હિસાબના ડૅડની જેમ અમીર નથી. અમીર માણસોના બંગલામાં મહેનત મજૂરી કરીને અમારા ખુદના નાનકડા ઘરમાં સવાર-સાંજ માટે માંડ માંડ અનાજ ભેગું કરે છે. તારા ડૅડ જેવા અમીર લોકો પાસેથી મારા ડૅડે લોન લઈને મારી મેડિકલની લાખો રૂપિયા ફી ભરે છે અને મારો ફોટોગ્રાફીનો શોખ પૂરો કરે છે." પલાક્ષ પાણી પીવા માટે અટક્યો, "મને ખબર છે કે તારી સાથે ખોટું થઈ રહ્યું છે, પણ હું તારો સાથ આપીને મિસ્ટર મનોહર કે હિસાબની નજરોમાં આવવા નથી માંગતો. મારે અહીંયાં શાંતિથી ભણવું છે અને સારા મિત્રો બનાવવા છે. મુખ્ય તો મારે મારા ડૅડને ડૉક્ટર બનીને દેખાડવું છે, એવો ડૉક્ટર જેની પાસે ખુદની મલ્ટીસ્પેશિયલિસ્ટ હૉસ્પિટલ હોય, કાર હોય, બ્યુટીફૂલ વાઇફ હોય!"

"આઇ એમ સો સૉરી!" મારી સામે ટેબલ પર મૂકેલા તેના હાથને મેં મારા હાથમાં લેતાં કહ્યું. કોઈ માણસ વિષે ઉતાવળે અનુમાન કરવાનો મને ભારે પસ્તાવો હતો. નક્કી, આજે ઘરે જઈને અરીસા સામે ઊભા રહીને હું ખુદને બહુ લાફા મારવાની હતી. પલાક્ષની મજબૂરી સમજ્યા વગર હું એને બહુ ખરાબ રીતે અવગણતી રહી અને મારી પાછળ પાછળ ફરવા માટે મજબૂર કરતી રહી. તે ખુદ માટે નહીં, પણ પોતાના ડૅડની પરિસ્થિતિ સુધારવા માટે મેડિકલમાં ભણવા આવ્યો હતો. હું તેને તેના ધ્યેય સુધી પહોંચવાના પૂર્વનિર્ધારિત રસ્તા પરથી નીચે ઉતારીને મારી પાછળ ન લગાડી શકું. કોઈના

સપનામાં વિઘ્ન બનીને હું દુનિયાનું સૌથી મોટું પાપ કરવા નહોતી માંગતી.

મારો સ્પર્શ થતાં જ હાથ લઈ લેવાના બદલે, પલાક્ષે તેનો બીજો હાથ મારા હાથ ઉપર મૂકી દીધો, જેથી મારો હાથ તેના બંને હાથ વચ્ચે ઇન્ટરલોક થઈ ગયો. અમે બંને આસપાસના વાતાવરણથી અજાણ થઈને એકબીજાની આંખોમાં જોઈ રહ્યા હતા. પહેલા આંખ ફફડાવીને આંખોનું તપ તોડવા બંનેમાંથી કોઈ તૈયાર નહોતું. અત્યારે પહેલી વાર એવું બની રહ્યું હતું કે મને સ્નોવીની પણ ચિંતા નહોતી. હું બસ એવા છોકરાની આંખોમાં જોઈ રહી હતી કે જેની નાનકડી કાળી કીકીમાં વિશાળ, રંગીન સપનાંઓ હતાં અને ઠંડી હથેળીઓમાં મહેનત કરવાની ગરમાહટ હતી.

અચાનક એક સાથે દસ-પંદર લોકોનો ઘોંઘાટિયો અવાજ અમારા કાન સાથે અથડાયો, તેથી અમે ઝડપથી પોતપોતાના હાથને હળવાશથી પાછા લઈ લીધા. મારા પહેલાં પલાક્ષે ઘોંઘાટનો સ્રોત શોધવાનો પ્રયત્ન કર્યો. તેણે ચારેબાજુ નજર ફેરવીને હિસાબને શોધી લીધો. હિસાબ સાથે રોજ કરતાં વધારે ચમચાઓ જોઈને પલાક્ષના ચહેરા પરની રેખાઓ બદલાઈ ગઈ. એને જોઈને મેં ખુદને કહ્યું – આ માણસ કોઈ રેસિંગ કારના ગિયરની જેમ પોતાના હાવભાવ બદલે છે. પછી મને તરત વાતની ગંભીરતાનું ભાન થયું એટલે મેં મારો મજાકિયો સ્વભાવ પડતો મૂક્યો અને સ્નોવીને હાથમાં લઈ લીધી. હિસાબ તેના દસ જેટલા સાથીદારો સાથે મારા ટેબલ તરફ વધી રહ્યો હતો અને મારા કમનસીબે મારી સાથે પલાક્ષ બેઠો હતો. તે તો કંઈ બોલવાનો નહોતો, તેથી મેં જ નજીકના ભવિષ્યમાં જે થવાનું હતું તેનો સામનો કરવાનું મન બનાવી દીધું. મેં મારી નજર હિસાબ તરફથી ચોરીને મારા લંચ પર ઠેરવી.

"તો 'બેસ્ટ ફ્રેશર જોડી' અહીંયાં બેઠી છે." હિસાબ રાક્ષસી હાસ્ય સાથે બોલ્યો.

મેં હજુ નજર ઊંચી કરીને તેની તરફ જોયું ત્યાં સુધીમાં તેના કોઈ ચમચાએ મારી નજીક હિસાબ માટે એક ખુરશી ગોઠવી દીધી. હું ખુદને હિસાબની આટલી નજીક બેઠેલી કલ્પીને ડરી ગઈ. ખુરશીને લાત મારીને મેં એની હરકતનો વિરોધ કર્યો. મારો ક્રોધિત ચહેરો જોઈને પલાક્ષે તરત મને સલાહ આપી, "નેના, શાંત!" આવા કટોકટીના સમયે પલાક્ષની શાંત રહેવાની સલાહે મને વધારે ગુસ્સો દેવડાવ્યો, પણ મેં મારો ગુસ્સો પલાક્ષ સામે ન કાઢ્યો. એ જેવો પણ હતો પણ એની હાજરીના લીધે જ હું અત્યારે કડકાઈથી હિસાબનો સામનો કરી રહી હતી.

"તારે શું જોઈએ છે?" મેં થોડાક ઊંચા અવાજે પૂછ્યું. ભલે મને ખબર હતી કે મારા ઊંચા અવાજની હિસાબ પર કોઈ જ અસર નહીં થાય!

"પ્રાઇવેસી!" હિસાબ આંખ મારીને બોલ્યો.

"વોટ?" મેં આંખ ઝીણી કરીને પૂછ્યું. હું તેનું અવળું મન વાંચી શકતી હતી. નક્કી આજે તે મારું મોટા પ્રમાણમાં રેગિંગ કરવાનો હતો.

"પલાક્ષને કહે કે અહીંયાથી બીજે જાય." હિસાબની ખુરશીની બાજુમાં ઊભો રહેલો કોઈ તેના જેવો જ લાગતો છોકરો બોલ્યો.

મેં પલાક્ષને ઇશારો કરીને કૅન્ટીનની બહાર જવાનું કહ્યું. સાથે તેને સ્નોવી પણ પકડાવી દીધી. હવે દસ લોકોના ટોળા સામે હું એકલી જ હતી. મુઠ્ઠી વાળીને અને ઊંડો શ્વાસ લઈને મેં થોડીક હિંમત ભેગી કરી અને હિસાબની સામે જોયું.

"તો, મિસ નેના, આજે ફોટા નથી ક્લિક કરવા." હિસાબ કૂદીને ટેબલ પર બેસી ગયો.

"તો?"

"આજે એક વીડિયો શૂટ કરવો છે." હિસાબ તેના ટોળામાં કૅમેરો પકડીને ઊભા રહેલા એક છોકરાને જોઈને જોરથી હસ્યો અને બોલ્યો.

વીડિયો શૂટનું નામ સાંભળીને હું તરત ખુરશી પરથી ઊભી થઈ ગઈ. હિસાબના ખભાની પેલે પાર જોયું તો કૅન્ટીનમાં હાજર બધાં છોકરા-છોકરીઓ તેમની ખુરશીઓ મારી તરફ ફેરવીને તમાશો જોઈ રહ્યાં હતાં. એક સેકન્ડ માટે મને ઇચ્છા થઈ ગઈ કે હું તેમની પાસેથી મદદ માંગું પણ બીજી જ ક્ષણે

તેમના ચહેરા પર રમૂજના ભાવ જોઈને મેં મારો નિર્ણય માંડી વાળ્યો.

"અહીંયાં! અહીંયાં!" હિસાબે મારી આંખ સામે ચપટી વગાડી, "ત્યાંથી કોઈ મદદે નહીં આવે."

"હા, બધા ડરપોક છે." મારા અવાજમાં મૂકપ્રેક્ષકો માટે ભરપૂર ધિક્કાર હતો.

"ચલ!" હિસાબ ટેબલ પરથી નીચે કૂદી ગયો, "તું ટેબલ પર આવી જા, જલદી!"

ખચકાટ સાથે હું મારો એક પગ ખુરશીમાં મૂકીને ટેબલ પર પહોંચી ગઈ. સાદા સેન્ડલના લીધે મને ટેબલ પર ઊભા રહેવામાં કંઈ ખાસ તકલીફ નહોતી પડી રહી. પણ મને આમ કૅન્ટીનની વચમાં ટેબલ પર ઊભા રહીને લોકોને જોવામાં ભયંકર શરમ આવી રહી હતી. મેં મારી ડોક નીચે કરી અને હું ચૂપચાપ લોકોની તાળીઓ અને હસવાનો અવાજ સાંભળતી રહી.

"કોઈ મને કહેશે કે મારે શું કરવાનું છે?" મેં અકળાઈને પૂછ્યું. હું જેમ બને એમ જલદી આ પરિસ્થિતિમાંથી છટકવા માંગતી હતી.

"ડાન્સ!" હિસાબને સાંભળીને બીજા લોકો વધુ જોરથી તાળીઓ અને બૂમો પાડવા લાગ્યા. તેમનો પ્રતિભાવ જોઈને મને આશ્ચર્ય થયું. મેં વિચાર્યું, આ લોકો મને પ્રોત્સાહન આપવા તાળીઓ પાડે છે કે હિસાબને?!

"પણ કોઈ સોંગ વગર ડાન્સ શક્ય નથી." રેગિંગથી બચવાનો મરણિયો પ્રયાસ કરતાં મેં નાજુક બહાનું શોધી કાઢ્યું.

"વાંધો નહીં. સોંગ પણ તારે જ ગાવાનું." બોલીને હિસાબ થોડીક ક્ષણ માટે અટક્યો અને પછી ટોળાને સંબોધીને બોલ્યો, "શું કહો છો દોસ્તો?"

ટોળાએ તરત હિસાબની વાત ઝીલી લીધી, "હા! હા! નેના જ ગીત ગાશે."

મારું રેગિંગ હિસાબ નહીં પણ આ ટોળું કરી રહ્યું છે!

આંખ આગળ લટકતી વાળની લટ મેં કાન પાછળ ધકેલી અને હિસાબના કહેવા પ્રમાણે મેં ગાવાનું શરૂ કર્યું. સાથે સાથે હું ધીમે ધીમે મારા હાથપગ પણ લય તાલ વગર હલાવવા લાગી. ટોળું પણ મારી સાથે ગાવા લાગ્યું અને ચિચિયારીથી કૅન્ટીન થરથરવા લાગ્યું. મેં હળવેથી વાળમાંથી રબરબેન્ડ ઉતારી દીધી અને વાળને હવાના હવાલે મૂકી દીધા. ભલે હું મારા સોંગ અને ડાન્સમાં મગ્ન થઈ ગઈ હતી, પણ મને ટેબલની કિનારીનું ભાન હોતું. બહુ સાવચેતીથી હું ટેબલ પર ડાન્સ કરી રહી હતી. પણ મને એ વાતનો ભય સતાવી રહ્યો હતો કે કોઈ ઉત્સાહી છોકરો આવીને આ ટેબલને હલાવી ના દે. બીજી જ ક્ષણે એવું થયું. એક છોકરો મારા ગાવાના ટોન પર અને મારી ડાન્સની અદા પર એટલો તો ફિદા થઈ ગયો કે તે મારી સાથે ટેબલ પર ડાન્સ કરવા ધસી આવ્યો. તેણે જેવો એનો એક પગ મૂકીને પોતાના કુલ વજનનું અડધું વજન ટેબલ પર મૂક્યું, ટેબલનું સેન્ટર ઑફ ગ્રેવિટી પોતાના મૂળ સ્થાનેથી ખસી ગયું અને ટેબલ તેના ડાબી બાજુના બે પાયા પરથી જમણી તરફ નમી ગયું. મેં ખુદને સંભાળવાનો બહુ પ્રયાસ કર્યો પણ હું ટેબલ પર વધુ ન ટકી શકી અને ધડામ અવાજ સાથે ફ્લૉર સાથે પટકાઈ. તરત ટોળું શાંત પડી ગયું અને મારી આંખ બંધ જોઈને મારી મદદ કરવાને બદલે બધા વેરવિખેર થઈ ગયા. મેં દર્દની મોટી આહ ભરતાં ભરતાં મારી કમર નીચે મારો હાથ પહોંચાડીને લગભગ તૂટી ગયેલી કમરને સહારો આપવાનો નાનકડો પ્રયાસ કર્યો. અડધી આંખ ખોલીને હું કોઈની મદદની રાહ જોઈ રહી હતી, પણ મને ટેબલ-ખુરશીના પાયા સિવાય કશું દેખાઈ નહોતું રહ્યું. ફરીથી મારી આંખો બંધ થઈ ગઈ.

"નેના?" દસેક મિનિટ પછી પલાક્ષની બૂમ સંભળાઈ. હું જવાબ આપું તે પહેલાં તો તે મારી નજીક આવીને ઊભો રહી ગયો અને મને જમીન પરથી તેના બંને હાથોના સહારે ઊચકી લીધી. મેં મારો હાથ તેના ડોકની આસપાસ વીંટાળીને મારી પકડ મજબૂત કરી. તેનો સ્પર્શ એટલો સરળ હતો કે મને કોઈ દર્દ નહોતું થઈ રહ્યું. મેં આંખ ખોલી ત્યારે પલાક્ષનો ચહેરો મારાથી ફક્ત એકાદ ફૂટ દૂર હતો. તેના ચહેરા પર અજબની ઉતાવળ હતી. તે મને ઊંચકીને પ્રોફેસરની કાર તરફ દોડ્યો. તેણે આંગળીના

ટેરવે સ્નોવીનો બેલ્ટ પણ બાંધી રાખ્યો હતો. સ્નોવી પણ પલાક્ષની ડાબી બાજુ દોડી રહી હતી. પલાક્ષની મારા પ્રત્યે ફિકર જોઈને હું દંગ રહી ગઈ. ભલે અત્યાર સુધી પલાક્ષને હું કોસતી રહી હતી પણ આજે કૉલેજના બે હજાર લોકોમાંથી ફક્ત એક-બે લોકો જ મારી મદદે આવ્યા. પ્રોફેસરની કારની નજીક પહોંચ્યા તો પ્રોફેસરે પહેલેથી કારનો પાછળનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. પલાક્ષે શાંતિથી મને પાછળની સીટ પર સૂવડાવી અને એ પણ સ્નોવી સાથે મારી બાજુની સાંકડી જગ્યામાં બેઠો. તરત એક બીજા પ્રોફેસર મારી બૅગ લઈને આવ્યા અને તેઓ આગળની સીટમાં ગોઠવાઈ ગયા. બીજી એક પણ સેકન્ડ બગાડ્યા વગર તેમણે કાર હૉસ્પિટલ બાજુ દોડાવી.

"પલાક્ષ, મારા મૉમ-ડૅડને કશું કહેતો નહીં." હું ઝડપથી શ્વાસ લેતાં લેતાં બોલી.

તેણે જવાબમાં ફક્ત માથું હલાવ્યું. હું જોઈ રહી હતી કે હાલ પલાક્ષને મારી સાથે વાત કરવા કરતાં મને ઝડપથી હૉસ્પિટલ પહોંચાડવાની ઉતાવળ હતી. થોડાક સમય ચૂપ રહ્યા બાદ મેં પલાક્ષને વિનંતી કરી, "બૅગમાંથી મારી ડાયરી કાઢી આપને."

પલાક્ષે પ્રોફેસર પાસેથી બૅગ લીધી અને મારી ડાયરી અને પેન કાઢીને મારા હાથમાં મૂકી. હું પલાક્ષના ખભાનો સહારો લઈને આરામદાયક સ્થિતિમાં ગોઠવાઈ, જેથી મને ડાયરી લખવામાં કોઈ તકલીફ ન પડે.

૨૧ ઑગસ્ટ, ૨૦૦૭

સ્નોવી, અત્યારે તું જેના ખોળામાં બેઠી છું તેને હવે હું સારી રીતે ઓળખી ગઈ. જો આજે મારી સાથે આ અકસ્માત ન થયો હોત તો હું પલાક્ષને એક ફૂલ સાથે સૉરી કાર્ડ આપવાની જ હતી. પણ આ હિસાબે બધી બાજી બગાડી લીધી. આમ જોવા જઈએ તો હિસાબે જે કર્યું એના લીધે તો મને ખબર પડી કે પલાક્ષ મારી કેટલી સંભાળ લઈ શકે છે. સ્નોવી, દરેક છોકરીના જીવનમાં એવો એક તો છોકરો હોવો જ જોઈએ જેની સાથે સંબંધ ભલે મિત્રનો હોય પણ તે તેની સંભાળ બૉયફ્રેન્ડની જેમ લે!

મારે પલાક્ષ વિષે આગળ ઘણું લખવું હતું, પણ પલાક્ષે મારા હાથમાંથી ડાયરી ઝૂંટવી લીધી અને મને ઠપકો આપ્યો, "તને આવી હાલતમાં પણ ડાયરી યાદ આવે છે?"

જવાબમાં મને કહેવાની ઇચ્છા થઈ કે મને ડાયરી નહીં પણ તું યાદ આવે છે, પણ કારમાં પ્રોફેસર હોવાથી મારે ચૂપ રહેવું પડ્યું!



• 4 •

અઠવાડિયા પછી મને હૉસ્પિટલમાંથી રજા મળી અને બીજું એક અઠવાડિયું ઘરે બેડ રેસ્ટમાં નીકળી ગયું. કૉલેજથી દૂર રહીને હું રીલેક્ષ મહેસૂસ કરી રહી હતી. સાચું કહું તો હવે મને કૉલેજ જવાની ઇચ્છા જ નહોતી થતી. પલાક્ષ મને ઘરે મળવા આવતો અને લેક્ચર નોટ્સ આપી જતો. ક્યારેક ક્યારેક હું તેને હિસાબ વિષે પૂછતી તો તે વાતનો મુદ્દો બદલી નાખતો. તેનું વર્તન મારા માટે પહેલેથી એક કોયડો જ રહ્યું હતું!

રાતના આઠ વાગે બેડ પર જ ડિનર કરીને હું મારી ડાયરીના જૂનાં પાનાં વાંચી રહી હતી, ત્યારે રૂમનો દરવાજો ખખડ્યો અને મૉમ અંદર દાખલ થયાં. તેમને જોઈને મેં તરત જ ડાયરી સંતાડી દીધી.

"મૉમ?" ચહેરા પર પાતળી સ્માઇલ રાખીને હું બોલી.

"પલાક્ષ આવ્યો છે." બોલીને મૉમ દરવાજા પાસેથી ખસી ગયાં અને પલાક્ષ માટે પ્રવેશવા રસ્તો કરી આપ્યો.

રોજની જેમ પલાક્ષ સાદા શર્ટમાં સજ્જ હતો. હાથમાં એક-બે ચોપડીઓ હતી અને શરમના કારણે ગાલ સંકોચાયેલા હતા. મેં મારી હમણાં હમણાં સાજી થયેલી કમર દીવાલના સહારે ગોઠવી અને શક્ય એટલું ટટ્ટાર બેઠી.

"નેના, પલાક્ષને કંઈ જોઈતું હોય તો મને કહેજે." કહીને મૉમ નીચે ઊતરી ગયાં.

મૉમના ગયાં પછી પલાક્ષને થોડોક આત્મવિશ્વાસ વધ્યો. તે મારા બેડની નજીક ખુરશી લઈને બેઠો અને બુક્સ મારા ખોળામાં મૂકી.

"પલાક્ષ, આજે ભણવાની વાતો નહીં, પ્લીઝ!" હું બેબી ટોનમાં બોલી. મારા અવાજનો આવો લય સાંભળીને પલાક્ષ એક-બે સેકન્ડ માટે તો ડઘાઈ ગયો. પછી તરત હસીને બોલ્યો, "સારું, આજે તું કહે એમ."

"એક બીમાર માણસને ગમે એવી કંઈક વાત કર." હું બોલી. હું એ રહસ્યથી અજાણ હતી કે હું પલાક્ષ પાસેથી આવી ડિમાંડ કેમ કરી રહી છું?!

"રણને વરસાદની વાતો બહુ ગમે!"

"શું?"

"કંઈ નહીં!" પલાક્ષે ચહેરો ફેરવી દીધો.

"હજુ કેમ શરમાય છે?" પલાક્ષની દાઢી પકડીને તેનો ચહેરો મેં મારી તરફ ફેરવ્યો, "હવે તો હું તારી ફ્રેન્ડ છું."

"ઓ! હલ્લો, હું કંઈ છોકરીઓથી શરમાતો નથી." પલાક્ષ થોડા ઊંચા અવાજે બોલ્યો અને વચમાં તે હસી પણ પડ્યો. તે બે સેકન્ડ માટે પણ પોતાનો ઊંચો અવાજ જાળવી ના શક્યો. તો પણ પલાક્ષના મોઢે પોતાના બચાવના શબ્દો સાંભળીને મને ખરેખર આનંદ થયો. એટલીસ્ટ, તેનો સ્વભાવ થોડોક તો ડિફેન્સિવ છે!

"તો કોઈ પણ વાત મને કહેતા પહેલાં તું સો વાર શું કામ વિચારે છે?" મેં પૂછ્યું. પલાક્ષના સ્વભાવ વિષે જાણીને મારે તેના કમ્ફર્ટ ઝોનમાં આવવું હતું. તે તો મારા જેવો ક્યારેય થઈ શકવાનો નહોતો!

"કેમ કે હું નથી ઇચ્છતો કે હું તને ન પૂછવાનું પૂછી લઉં અને પછી તને દુઃખ થાય." પલાક્ષે જવાબ આપ્યો. તેના એક વાક્યના જવાબમાં તેના સ્વભાવની બીજી એક મોટી ખાસિયત છુપાયેલી હતી. તે કોઈ પણ માણસ સાથે ન બોલવાનું બોલીને સંબંધ બગાડવા નહતો માંગતો.

"તું કેમ આવો છે?" મેં વખાણથી શણગારીને પ્રશ્ન પલાક્ષ માટે છોડ્યો. પણ તે એટલો ભોળો હતો કે મારા પ્રશ્નમાં છુપાયેલા તેના વખાણ તે સમજી ન શક્યો!

"મતલબ? હું કેવો છું?"

"મારો મતલબ કે આટલો સારો કેમ છે!"

"અરે! એવું કંઈ નથી!" તેણે ફરીથી ચહેરો ફેરવી દીધો. અત્યારે હું મારા જીવનમાં પહેલી વાર કોઈ શરમાઈ રહેલા છોકરાને જોઈ રહી હતી. એની સંકોચાયેલી આંખો તથા ત્રાંસા હોઠમાં તે ખરેખર ક્યુટ લાગી રહ્યો હતો! તે જ્યાં સુધી શરમાતો રહ્યો ત્યાં સુધી હું તેની સામે એકીટશે જોતી રહી.

"આપણે વોક માટે જઈએ?" પલાક્ષે અચાનક પૂછ્યું.

તેની માંગણી સાંભળીને મારા મોઢામાંથી 'વાઉ' શબ્દ સરકી ગયો. હું બે અઠવાડિયાંથી પથારીમાં હતી તેથી મને બહાર જવાની બહુ ઇચ્છા થઈ રહી હતી. મને શંકા એ વાતની હતી કે, "શું હું બેડ પરથી ઊઠી શકીશ?"

"ટ્રાય કરીએ." બોલીને પલાક્ષ ખુરશીમાંથી ઊભો થયો અને તેનું અડધું શરીર બેડ પર ટેકવીને મારી પીઠની આસપાસ તેણે તેનો હાથ લપેટી લીધો. મને સહારો મળ્યો એટલે મેં પણ થોડુંક બળ લગાડીને બેડ પર ખસવાનો પ્રયત્ન કર્યો.

"હવે પગ આરામથી જમીન પર મૂક." બેડની ધાર પાસે હું પહોંચી એટલે પલાક્ષ બોલ્યો. પણ અજાણ્યા કારણોસર હું થોડીક મસ્તીખોર બની ગઈ હતી. મેં જાણીજોઈને કહ્યું, "તું જ મૂકી દે ને." લગ્ન બાદ રોજ સવારે મારો હસબન્ડ મારા પગ બેડ પરથી ઊંચકીને જમીન પર મૂકે, એ મારું ખાનગી સપનું હતું!

"શું?"

"મારા પગ નીચે મૂકવામાં મને મદદ કર, એમ!" મેં મારી ભૂલ સુધારી લીધી. લગ્ન પછીનું સપનું લગ્ન બાદ સાચું કરવાનું, અત્યારે શું છે?!

"અચ્છા! એમ બોલ ને!" પલાક્ષ હસ્યો અને બેડ પરથી મારા બંને પગ પકડીને તેને સંભાળીને જમીન પર મૂક્યા. મને અત્યાર સુધી જરા પણ દર્દ નહોતું થયું. તેથી વોક માટે મારો આત્મવિશ્વાસ પણ વધી રહ્યો હતો.

"હવે?" મેં પૂછ્યું.

"બસ, સપોર્ટ કર!" બોલીને પલાક્ષે તેનો એક હાથ મારી આર્મપીટની બરાબર નીચે મૂક્યો અને બીજો હાથ કમર પર મૂકીને મને વર્ટિકલ દિશામાં ધક્કો માર્યો. હું એક જ ક્ષણમાં ઊભી થઈ ગઈ. તરત મેં મારા બંને હાથ પલાક્ષના ખભા પર મૂકીને બે અઠવાડિયાં પછી જમીનને અડીને ઊભા રહેલા મારા પગને ટેકો આપ્યો. અત્યારે અમે એકબીજાની એટલી નજીક ઊભાં હતાં કે બંનેના શ્વાસોશ્વાસનો ઝીણો અવાજ પણ અમે સાંભળી શકતા હતા. ધીમે ધીમે બંનેના શ્વાસ ધીમા અને ઠંડા પડી રહ્યા હતા. મારી કમર પર પલાક્ષની મજબૂત થતી પકડ હું મહેસૂસ કરી શકતી હતી. બીજા દિવસોથી વિપરીત, સરપ્રાઇઝિંગલી, પલાક્ષને શરમ નહોતી આવી રહી. ઊલટાનું તે તો અમારા હોઠ વચ્ચેના વાતાવરણને ચીરીને ભીનાશનું બ્રહ્માંડ બનાવવા ઉતાવળો થઈ રહ્યો હતો. મને સમય જતાં મર્યાદાનું ભાન થઈ ગયું અને મેં મારો ચહેરો ડાબી તરફ ફેરવી દીધો, જેથી તેના હોઠ મારા ગાલને અડ્યા. મને ત્યારે ભયંકર પસ્તાવો થઈ રહ્યો હતો – મારા મસ્તીખોર સ્વભાવથી પલાક્ષને મેં જ મારી આટલી નજીક લાવી દીધો અને પછી હું જ તેનાથી દૂર જતી રહી. પલાક્ષે પણ તેના બંને હાથ મારા શરીર પરથી લઈ લીધા અને ફક્ત મારો હાથ પકડ્યો. બસ, વાસ્તવમાં મને આટલા જ સહારાની જરૂર હતી!

"તો… જઈએ હવે?" પલાક્ષે અચકાતાં અચકાતાં પૂછ્યું. તેના અવાજમાં ક્ષોભની લાગણી હતી.

"હા, મને પકડી રાખજે!" બોલીને મેં ધીમે ધીમે ચાલવાનું શરૂ કર્યું. દરવાજા નજીક પહોચ્યાં એટલે પલાક્ષે દરવાજાની બાજુમાં પડેલા ટેબલની નીચેથી મારા નરમ સ્લીપર કાઢી આપ્યા. હું વિચારી રહી રહી હતી કે શું પલાક્ષ દરેક લોકોની આવી રીતે જ સંભાળ લે છે કે ફક્ત મારી જ!

બંગલાનો ગેટ પાર કરીને અમે રોડની ફૂટપાથ પર પહોંચી ગયાં. તાજા પડેલા વરસાદથી ભીંજાઈ ગયેલા રોડ, સ્ટ્રીટલાઇટની પીળી રોશની નીચે ચમકી રહ્યાં હતાં. પવનની સરસરાહટમાં અમારા બંનેના

વાળ હવામાં ઉડી રહ્યા હતા અને ખુલ્લા ચહેરા ભેજ વાળા ઠંડા પવનોની ઝાપટો સહન કરી રહ્યાં હતાં. હું મારા એક હાથને ગાલ પર ફેરવીને તે જ હાથથી પલાક્ષના ગાલને અડવા જતી. ત્યારે તે તેના હોઠ મારી બાજુ કરી દેતો, જેથી મારો ઠંડો હાથ તેના હોઠને સ્પર્શીને વધુ ઠંડો થઈ જતો. આમ અમે મસ્તી કરતાં કરતાં અને ફૂટપાથ સાથે ચોંટી ગયેલા પાંદડાને લાત મારતાં મારતાં ચાલી રહ્યાં હતાં.

"આપણે કેટલા દિવસ પહેલાં મળ્યાં?" પલાક્ષે અચાનક પ્રશ્ન પૂછીને આબોહવાની ગંભીરતા તોડી.

"વીસેક દિવસ પહેલાં." મેં જવાબ આપ્યો.

"આપણે અત્યારે એક બીજા માટે શું છીએ?"

"ફ્રેન્ડ છીએ."

"ના, ફ્રેન્ડથી થોડાંક વધુ છીએ." પલાક્ષ તરત બોલ્યો.

"હા! એવું જ કંઈક." હું છેલ્લા અડધા કલાકને યાદ કરીને બોલી.

"તો તને નથી લાગતું કે આ બધું બહુ ઝડપથી થઈ રહ્યું છે!" પલાક્ષ ચાલતો અટકી ગયો, "વીસ દિવસ આ બધા માટે બહુ ઓછા છે."

મને ખબર હતી કે પલાક્ષ અમારા સંબંધ વિષે વાત કરે છે. તો પણ મેં અજાણ બનવાનો ડોળ કર્યો, "શેના માટે?"

"સુંદર માણસો ભોળા હોતા નથી. તો આમ ભોળી ન બન હં...!"

તેનું વાક્ય સાંભળીને હું હસી પડી. પછી થોડીક જ વારમાં ગંભીર થઈ ગઈ. હું બહુ સારી રીતે જાણતી હતી કે પલાક્ષ જેવા ગંભીર અને શરમાળ છોકરા સાથે તેના જેવી જ ગંભીરતાથી વાત કરવી જરૂરી છે. તેના જેવા શરમાળ છોકરાને કોઈ છોકરીની રમૂજનું ભયંકર દુઃખ થાય છે!

"મેં કઈ ભૂલ કરી?" મેં તેની આંખોમાં જોઈને પૂછ્યું.

"ભૂલ નહીં, બસ થોડીક ઉતાવળ." બોલીને તે ફરીથી મારો હાથ પકડીને ચાલવા લાગ્યો.

મારી પાસે મારા બચાવમાં કોઈ શબ્દો નહોતા. અને જ્યારે પોતાના બચાવમાં કોઈ શબ્દ ન હોય ત્યારે સૉરી કહી દેવામાં જ ભલાઈ છે!

થોડીક વાર ફૂટપાથ પર ચાલીને અમે એક ચાર રસ્તા પર પહોંચ્યા. ચાર રસ્તાના એક ખૂણે ઝાડ નીચે ટી શોપ જોઈને પલાક્ષ ઊછળ્યો, "વૉન્ટ અ ટી?"

એક સેકન્ડ માટે તો મને એવું લાગ્યું જાણે કોઈ મને ઝેર પીવાનું પૂછી રહ્યું હોય. આજ દિન સુધી મેં ક્યારેય ચા પીધી નહોતી, પણ પલાક્ષને સારું લાગે એટલા માટે મેં હા પાડી દીધી. અમે ધીમે ધીમે ચાલીને ઝાડ નીચે ટી સ્ટોલ પર પહોંચ્યા. વરસાદી રાતમાં અમારા બંને સિવાય ટી સ્ટોલ પર બીજું કોઈ નહોતું. ટી સ્ટોલ માલિક જાણે પલાક્ષને ઓળખતો હોય તેમ તેણે પલાક્ષનું ઉષ્માભેર સ્વાગત કર્યું.

"અમારા જેવા ગરીબ માણસની રેડ વાઇન છે, ચા!" પલાક્ષ એક આંખથી મારી બાજુ અને બીજી આંખથી ટી સ્ટોલ માલિક સામે જોઈને બોલ્યો.

"હમમમ!" મારા મનમાં એ જ મૂંઝવણ હતી કે ચાનો પહેલી વાર સ્વાદ કેવો લાગશે?!

પલાક્ષે બે આંગળી ટી સ્ટોલ માલિકને બતાવી તેથી તે સમજી ગયો કે પલાક્ષ તેને બે કપ ચા બનાવવાનું કહે છે. તેમની સાંકેતિક ભાષા જોઈને હું મનમાં બબડીઃ આવી વાયરલેસ ટૅક્નૉલૉજી તો ફાઇવ સ્ટાર હોટલમાં પણ નથી હોતી!

ટી સ્ટોલ માલિક વાસણો ધોઈને તેમાં દૂધ રેડવા લાગ્યો અને અમે નજીકમાં તૂટેલી ખુરશી પર સાવચેતીથી બેઠા. ખુરશી પર ટટ્ટાર બેસીને મને ખાતરી થઈ ગઈ કે હવે મારી કમર સાજી થઈ ગઈ છે. મેં એક-બે વાર ડાબી-જમણી બાજુ શરીર વાળીને પલાક્ષને જણાવ્યું, "જો તેં મને બેડ પરથી ઊઠવા માટે સહારો ન આપ્યો હોત તો હું હજુ બેડમાં કમર પકડીને જ બેઠી હોત." જવાબમાં એ બોલ્યો, "હવે એ અનુભવ યાદ ન કર."

"સારું!" બોલીને મેં મોં ફેરવી દીધું અને ખુદ પર ગુસ્સે થવા લાગી – કેવો છોકરો છે આ! કંઈ

સમજતો જ નથી!

હાથમાં ગરમાગરમ ચાના કપનો સ્પર્શ ન થયો ત્યાં સુધી અમે ચૂપચાપ બેસી રહ્યાં. કદાચ એ પણ વિચારતો હશે – કેવી છોકરી છે આ! કંઈ સમજતી જ નથી ને!

ઝાડના પાંદડા પરથી તાજા પડેલા વરસાદના બુંદ સરકીને અમારા બંનેના ચાના કપમાં પડી રહ્યા હતા. મેં તરત ચાનો કપ હથેળીથી ઢાંકી દીધો.

“અરે... અરે! શું કરે છે?” પલાક્ષે તેની ખુરશી મારી નજીક ખસેડીને આશ્ચર્યથી પૂછ્યું.

“પાણીના ટીપા આ કપમાં પડે છે.” હું બોલી.

“પાણીના નહીં, વરસાદના!”

“તો? એ બંનેમાં ફરક શું છે?”

“વરસાદના ટીપા અને પાણીના ટીપામાં ફરક એટલો જ છે...” પલાક્ષે ઊંડો શ્વાસ લીધો અને તરત છોડ્યો, “જેટલો ફરક મિત્રતા અને પ્રેમ સંબંધમાં છે.”

“મતલબ?”

“વરસાદના ટીપા સિઝનલ હોય છે, પાણીના ટીપા બારે મહિના હોય છે.” ચાની ચૂસકી લઈને પલાક્ષ બોલ્યો.

“મતલબનો મતલબ સમજાવ હવે.” હું હસીને બોલી. એની સરખામણીમાં મને જરા પણ ખબર નહોતી પડી.

“પ્રેમ સંબંધ સિઝનલ હોય છે, મિત્રતા બારે મહિના હોય છે.” બોલીને પલાક્ષ મારી સામે ઝીણી આંખે જોવા લાગ્યો અને લગભગ બે સેકન્ડ પછી તેણે મને પૂછ્યું, “હવે? ખબર પડી કે નહીં?”

મેં જવાબ આપવામાં પૂરતો સમય લીધો, “હા, હવે સમજી ગઈ.”

“હમમમ! ઠીક!” પલાક્ષે ટૂંકમાં બોલીને મને બોલવાનો મોકો આપ્યો. મેં એ મોકો ઝડપી પણ લીધો, “પલાક્ષ, આ સરખામણી તેં આપણા સંબંધની સાપેક્ષે કરી હતી?”

“ના.” બોલીને પલાક્ષ ચાના કપ સાથે વ્યસ્ત થઈ ગયો.

ભલે તે વાત છુપાવી રહ્યો હતો, પણ હું જાણતી હતી કે પલાક્ષને ફક્ત મિત્રતા પસંદ છે. મારા કહેવાથી અને મારી મસ્તીથી એ ફક્ત મને દુઃખી ન કરવા મારી નજીક આવી ગયો હતો. એ જાણે છે કે મારે તેના સિવાય બીજું કોઈ મિત્ર નથી અને તેને પણ મારા સિવાય બીજું કોઈ મિત્ર નથી. તેથી એકબીજાની ખૂબ નજીક આવી જઈને દૂર જતું રહેવું એ પલાક્ષ માટે સહનશક્તિની બહારની વાત હતી. બસ, એ મને ખોવા નહોતો માંગતો. અને હું પણ....!

“નેના?” પલાક્ષે મને હાથ પર ટપલી મારી, એટલે હું મારા ઊંડા વિચારના દરિયામાંથી કિનારા પર આવી.

“ચા ઠંડી થઈ જશે.” પલાક્ષે કહ્યું.

“હા.” મેં ચાનો પહેલો ઘૂંટ લીધો અને ગણતરીના સમયમાં મારી જીભ પરથી ગરમાહટ સરકીને ગળામાં ઊતરી ગઈ. એ અનુભવ એવો હતો જાણે વર્ષોથી સૂના પડેલા રનવે પર પહેલી વાર કોઈ પ્લેન લૅન્ડ થયું હોય! બીજા એક ઘૂંટમાં જ મેં ચાનો આખો કપ ખાલી કરી નાખ્યો. ચાનો કપ મેં જ્યારે મોંએ માંડેલો હતો, ત્યારે મેં ત્રાંસી આંખ કરીને પલાક્ષ તરફ જોયું હતું. એ તો મને આમ ગરમ ચા એક જ ઘૂંટમાં પીતાં જોઈને ખુદ ચા પીવાનું ભૂલી ગયો હતો. મારો ચાનો કપ પતી ગયો પછીનો સમય મેં પલાક્ષને ચા પીતા જોઈને કાઢ્યો. ત્યારે મને ખબર પડી કે ફૂંકો મારી મારીને ચા પીવી એ તો એક કળા છે. હું બીજી વાર ચા આ રીતે પીશ!

પૈસા ચૂકવીને મારા ઘર તરફના રસ્તે અમે ચાલતા થયા. પલાક્ષ મારી ચા પીવાની રીત યાદ કરીને મંદ મંદ હસી રહ્યો હતો અને છેલ્લા એક કલાકમાં આવું બીજી વાર બન્યું હતું જ્યારે તે ક્યુટ દેખાઈ રહ્યો હતો! જો બ્યુટીફૂલની વ્યાખ્યા ક્યુટનેસ થતી હોય તો હેન્ડસમની વ્યાખ્યા પણ ક્યુટનેસ જ થવી

જોઈએ!

"તેં આજે પહેલી વાર ચા પીધી ને?" પલાક્ષે એવી રીતે પૂછ્યું જાણે એને મારો જવાબ પહેલેથી ખબર જ હોય.

"હા... અને મને એ પણ ખબર છે કે મારી જિંદગીના કેટલાક એવાં કામો જે મેં ક્યારેય નથી કર્યાં એ હું ભવિષ્યમાં તારા લીધે જ પહેલી વાર કરીશ." હું ચહેરાને આકાશ તરફ ઊંચો કરીને, ઠંડી હવાને ચહેરા પર વધુ મહેસૂસ કરતાં બોલી. જેમ જેમ રાત જામતી જતી હતી તેમ તેમ હવા વધુ ઠંડી થતી જતી હતી. આજની આ વીસ મિનિટની વૉક મેં માણેલી કેટલીક ગોલ્ડન મૉમેન્ટ હતી. તેના માટે મારે પલાક્ષનો આભાર માનવો હતો, પણ મને કોઈ મોકો નહોતો મળી રહ્યો. હવે હું પલાક્ષ બાબતે બહુ સતર્ક હતી. બીજી વાર ભયંકર સરખામણી સાંભળવાનું રિસ્ક હું ન લઈ શકું!

"જીવનના ઘણાં કામ હજુ મેં પણ નથી કર્યાં." પલાક્ષ બોલ્યો.

"કયાં કામ?" મેં તેની વાતમાં રસ દાખવ્યો.

"કોઈ છોકરીને મેં ક્યારેય સૉરી નથી કહ્યું."

એની વાત સાંભળીને મને અજૂગતું લાગ્યું એટલે મેં પૂછ્યું, "શું કહેવા માંગે છે તું?"

તેણે તરત મારા હાથને તેની બાજુ ખેંચી લીધો, જેથી મારા હાથની સાથે સાથે હું પણ ઝટકા સાથે પલાક્ષની બરોબર સામે આવી ગઈ. મેં હજુ માંડ એક ક્ષણ માટે એની આંખમાં જોયું હશે ત્યાં તો તેણે મને બીજા એક ઝટકા સાથે ખુદની તરફ ખેંચી લીધી. મારી પાસે તેના ખભા પર હાથ મૂકવા સિવાય બીજી કોઈ જગ્યા ન બચી. આપોઆપ મારી આંખો બંધ થઈ ગઈ અને શ્વાસ લેવાની ઝડપ પણ વધી ગઈ. હું વિચારી રહી હતી કે શું આ વખતે પણ આટલા નજીક આવ્યા પછી મારા રૂમના અનુભવની જેમ દૂર જતું રહેવાનું થશે? અને જાણે પલાક્ષે મારા મનની વાત જાણી લીધી હોય તેમ તેણે બંને હાથેથી મારા ચહેરાને પકડીને તેના ચહેરા તરફ ખેંચ્યો. પલાક્ષને મેં પૂરો સહયોગ આપ્યો અને મારા હોઠ તેના હોઠ પર મૂકી દીધા. બંધ આંખે પણ મારા હોઠે પરફેક્ટ સરનામું કેવી રીતે શોધી નાખ્યું એ આજ દિન સુધી મને નથી સમજાયું.

બંનેના હોઠ પરથી તણખા ઝરતાં હોય એવા અવાજ આવી રહ્યા હતા. પલાક્ષ મારા વાળમાં અને ડોક પર બહુ આક્રોશમાં હાથ ફેરવી રહ્યો હતો. મારા હાથ તેના ખભાને વીંટળાયેલા સ્થિર હતા. મેં મારો એક પગ ઢીંચણ સુધી વાળ્યો અને બંને પગના સ્લીપર હવામાં ઉછાળી દીધા. હવે હું એક ખુલ્લા પગે પલાક્ષને લપેટાઈને ઊભી હતી. જ્યારે પલાક્ષે મને ધક્કો મારીને દીવાલ સાથે ચોંટાડી દીધી ત્યારે મારી આંખ ખૂલી ગઈ અને મેં આહ ભરીને કહ્યું, "પલાક્ષ?! વેઇટ!" પણ તે ક્યાં મારી કોઈ વાત સાંભળવા તૈયાર હતો! મને દર્દ વધુ થયું એટલે પલાક્ષને મેં ધીમેથી ધક્કો મારીને મારાથી દૂર ખસેડ્યો, "પલાક્ષ...!"

તે એકાદ ઈંચ જેટલું મોઢું ખોલીને મારી સામે અચંબામાં ઊભો હતો. મારી જેમ તેને પણ નહોતું સમજાઈ રહ્યું કે છેલ્લી બે મિનિટમાં શું થઈ ગયું. તેણે શરમાતાં શરમાતાં પોતાના હોઠ સાફ કર્યા અને કહ્યું, "સૉરી... આઇ એમ સૉરી!"

ફક્ત 'વાંધો નહીં' શબ્દ બોલવાની પણ હિંમત મારામાં નહોતી બચી. હું થોડાક સમય માટે તેની સામે જોતી રહી, પછી તરત મારા સ્લીપર હાથમાં પકડીને તેના સહારા વગર જ મારા ઘર તરફ ઝડપથી ચાલવા લાગી. પલાક્ષ દોડીને મારા સમાંતરે આવી ગયો પણ તે ચૂપ રહ્યો. હજુ વીસ મિનિટ પહેલાં જ્યારે અમે એકબીજાના ફક્ત મિત્રો હતાં ત્યારે આ જ રસ્તા પર મસ્તી-મજાક કરતાં કરતાં ચાલતાં હતાં અને વીસ મિનિટ પછી જ્યારે અમે એકબીજા માટે મિત્રો કરતાં પણ વધુ છીએ ત્યારે આમ સૂનમૂન ચાલી રહ્યા છીએ. શું આ જ થતું હશે જ્યારે આપણે કોઈની એટલી નજીક આવી જઈએ જેટલું નજીક આવવા માટે આપણે હકદાર નથી?!

અમે મારા બંગલાની નજીક પહોચ્યાં ત્યાં સુધી કંઈ ન બોલ્યા, પણ હવે અમારે છૂટા પડવાનું હતું.

"કાલે મારો બર્થડે છે." પલાક્ષ મારી સામે જોયા વગર બોલ્યો.

"રાતે આઠ વાગે સ્કેન રેસ્ટોરન્ટમાં મળીશું." બોલીને હું ગેટ ખોલીને બંગલામાં દાખલ થઈ ગઈ. મેં પાછળ ફરીને ન જોયું કે પલાક્ષ હજુ ત્યાં ઊભો છે કે નહીં. કેમ કે મને ખાતરી હતી કે પલાક્ષ હજુ ત્યાં જ ઊભો છે!

કિચનમાંથી પાણી પીને જ્યારે હું મારા રૂમમાં ગઈ, ત્યારે બેડ પર મારી ડાયરી ખુલ્લી જોઈને મારી ચીસ નીકળી ગઈ. હું મૉમ પાસે ખુલ્લી ડાયરીનો હિસાબ લેવા દોડી, પણ હું રૂમની બહાર પહોંચું એ પહેલા ડૅડ મારા રૂમમાં આવી ગયા. એમને જોઈને હું અટકી ગઈ અને બેડ પર આવીને બેઠી.

"તો, નેના!" ડૅડ મારી નજીક બેડ પર બેઠા અને મારા માથામાં હાથ ફેરવ્યો, "કેવી રહી વૉક?"

"સારી." ડૅડ તરફ જોયા વગર મેં જવાબ આપ્યો.

"મને નથી ખબર પણ તારા મૉમ કહેતાં હતાં કે પલાક્ષ સારો છોકરો છે." ડૅડ આગળ બોલ્યા.

મેં ફક્ત હકારમાં માથું હલાવ્યું.

"બસ એટલું કહીશ કે એ લોકો ખરેખર નસીબદાર હોય છે જેમને તેના મિત્ર સાથે લગ્ન થાય છે." બોલીને ડૅડ ડાયરી બંધ કરીને, તેને મારા ખોળામાં મૂકીને જતાં રહ્યા.

એમના ગયા પછી હું મારા આંસુ પર કાબૂ ન રાખી શકી અને તાજાં આંસુમાં તૂટી ગઈ. ડાયરીના કવર પર મારા આંસુના ટીપા પડતાં હતાં. હું રોતી રહી અને ડાયરી પરથી ટીપા સાફ કરતી રહી. એ જીવનની સૌથી અઘરી ક્ષણ હોય છે જ્યારે તમે એ નક્કી નથી કરી શકતા કે ફક્ત એક ખરાબ અનુભવને લીધે તે વ્યક્તિને ખોઈ દેવી કે પછી તે ખરાબ અનુભવને સારો અનુભવ બનાવવા બીજી વાર પ્રયત્ન કરવો?

મેં ડાયરીનું પાનું ખોલ્યું અને ભીની આંખે લખવાનું શરૂ કર્યું.

૪ સપ્ટેમ્બર, ૨૦૦૭

સ્નોવી, આજે બસ તને એટલું જ કહીશ કે હું પલાક્ષને પ્રેમ કરવા લાગી છું! મને વરસાદના ટીપા જ ગમે છે, પાણીના નહીં!



• 5 •

ક્લાસરૂમમાં બેઠી બેઠી હું પલાક્ષની રાહ જોઈ રહી હતી. આજે હું તેને મળવા બહુ ઉતાવળી થઈ રહી હતી, કેમ કે આજે તેનો બર્થડે હતો! એની પાસે મોબાઇલ પણ નહોતો કે જેથી હું એને હેપ્પી બર્થડેનો મૅસેજ મોકલી શકું.

ક્લાસરૂમમાં પ્રોફેસર આવી ગયા એટલે પલાક્ષની આવવાની મારી વધેલી આશા પર પાણી ફરી વળ્યું. મેં પલાક્ષના વિચારોમાંથી મન બહાર કાઢ્યું અને બે અઠવાડિયાં પછી ભણવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

આખો દિવસ મેં સ્નોવી સાથે કાઢ્યો. ખરેખર, આજે મેં પલાક્ષને બહુ યાદ કર્યો. તેની ગેરહાજરીમાં હું ક્લાસમાં અને કૅન્ટીનમાં સ્નોવીને ખોળામાં લઈને સૂનમૂન બેસી રહી. આજે તો હિસાબ પણ મને હેરાન કરવા હાજર નહોતો. તેને પણ મેં એક-બે વાર યાદ કર્યો.

હું સાંજે ડૅડની રાહ જોયા વગર જાતે જ વહેલા ઘરે પહોંચી ગઈ. ઘરે જતાં જતાં રસ્તામાંથી પલાક્ષ માટે એક મોબાઇલ ખરીદી દીધો, તેની બર્થડે ગિફ્ટ.

“આજે કેમ તું વહેલા ઘરે આવી ગઈ?” મેં હજુ ઘરમાં પગ મૂક્યો ત્યાં જ મૉમે પૂછ્યું.

હું આરામથી સોફા પર બેઠી અને પાણી પીધું, “પલાક્ષનો બર્થડે છે.”

“તો તો તારે એની સાથે રહેવું જોઈએ. આમ ઘરે નહીં.” મૉમ બોલ્યા. મને નહોતું સમજાતું કે પલાક્ષનું નામ સાંભળીને મૉમ આટલાં ખુશ કેમ થઈ જાય છે?!

“એ કૉલેજ નહોતો આવ્યો?” મૉમે પૂછ્યું.

“ના!” હું ટૂંકમાં જવાબ આપીને મૉમ સામેથી છટકવા માંગતી હતી. મને એ વાત નહોતી પસંદ કે હજુ હું પલાક્ષ બાબતે સ્યૉર નહોતી અને મૉમ પલાક્ષને મારા માટે લગભગ સિલેક્ટ કરીને બેઠાં હતાં!

“તો તમે આજે મળ્યાં જ નથી એમ?” મૉમે સવાલો પૂછવાના ચાલુ રાખ્યા.

મેં ઘડિયાળ તરફ જોયું. કાંટો સાંજના પાંચ પર હતો. હજુ મારી પાસે પલાક્ષને મળવા માટે તૈયાર થવાના ૩ કલાક બાકી હતા. તેથી હું મૉમના બધા પ્રશ્નના જવાબ આપવાના ઇરાદે સોફા પર ફેલાઈને બેઠી “ના, પણ અમે હમણાં આઠ વાગે રેસ્ટોરન્ટમાં મળવાના છીએ.”

“કોઈ ગિફ્ટ...” મૉમને અધવચ્ચે જ મેં બોલતાં અટકાવી દીધા, “ગિફ્ટ પણ લાવી દીધી છે.”

“અરે વાહ! પલાક્ષ માટે તો તું બહુ બધું કરે છે.” મૉમ આછું હસીને બોલ્યા. તેમના હાસ્ય પાછળ ઘણા બધા અર્થ હતા. પણ હું તે અર્થ જાણીને મારો મૂડ ખરાબ કરવા નહોતી માંગતી. મેં ઠંડા અવાજે જવાબ આપ્યો, “તે પણ તો મારા માટે બધું કરે છે.”

મૉમ પોતાની જગ્યા પરથી ઊભાં થઈને મારી નજીક આવીને બેઠાં અને મારા હાથને હાથમાં લઈને બોલ્યાં, “બસ આ વાત તો બે માણસોના સંબંધને મહાન બનાવે છે.”

“કઈ વાત?”

“બંને જણ એકબીજાં માટે જીવે અને એકબીજાં માટે બધું કામ કરે, એ કોઈ પણ સંબંધની ચરમસીમા છે.” મૉમના હાવભાવ પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે તેમણે આ વાક્ય તેમના ભૂતકાળમાંથી જ ખોદી કાઢ્યું છે. ગઈ રાતની ડૅડ સાથે વાત અને હાલની મૉમ સાથેની વાત પરથી હું એક હકીકત સાથે તો રૂબરૂ થઈ ગઈ કે મૉમ-ડૅડ મને પલાક્ષ સાથે સંબંધ ટકાવી રાખવાની બળજબરી નથી કરતાં, તે તો બસ એ ઇચ્છે છે કે પલાક્ષ જેવા પ્રામાણિક અને મહેનતુ છોકરાને હું મારી જિંદગીમાં કાયમ માટે રાખું, કોઈ પણ સંબંધમાં! કાં તો એક મિત્ર, કાં તો બૉયફ્રેન્ડ, કાં તો હસબંડ!

હું ચૂપ રહી એટલે મૉમ આગળ બોલ્યાં, “નેના, મને નથી ખબર કે તારા અને પલાક્ષ વચ્ચે શું વાતચીત થઈ રહી છે, તમે કેમ એકબીજાંને મળી રહ્યાં છો, તમે કેમ એકબીજાં માટે બધાં કામ કરી રહ્યાં છો. પણ મને એ વાતની તો ખબર જ છે કે તમે મિત્રો કરતાં કંઈક વધારે છો.”

અત્યાર સુધી તો ફક્ત હું જ વિચારતી કે અમે મિત્રો કરતાં કંઈક વધારે છીએ, પણ હવે તો મૉમ પણ એવું વિચારવા લાગ્યાં હતાં.

મૉમના ગયાં પછી પણ હું મિનિટો સુધી સોફા પર શૂન્ય મને બેસી રહી. હું એ નક્કી નહોતી કરી શકતી કે શું મારે પ્રેમની વાત પલાક્ષ સામે પહેલાં કરવી કે પલાક્ષને પોતાની વાત પહેલાં કહેવાનો મોકો આપવો. અને મુખ્ય સવાલ તો એ જ હતો કે કાલ રાતના અનુભવ પછી પલાક્ષના મનમાં મારી કેવી છાપ ઊભી થઈ હશે! કોઈ માણસ જ્યારે આપણી જિંદગીમાં આવે છે ત્યારે ઘણી બધી મૂંઝવણ સાથે આવે છે અને જો મૂંઝવણ દૂર કરવામાં વધુ સમય વેડફાઈ જાય તો તે માણસને આપણી જિંદગીમાંથી જતાં રહેવાનો એક મોકો મળી જાય છે, આવું વિચારીને મેં આજે જ પલાક્ષ સાથે અમારા સંબંધની દરેક મૂંઝવણ દૂર કરવાનું નક્કી કરી દીધું. તેને હું એક સ્ટેટ ફોરવર્ડ રિલેશનમાં રાખવા માંગતી હતી, ઝીગ-ઝેગ રિલેશનમાં નહીં!

આઠ વાગવાના અડધા કલાક પહેલેથી જ હું સ્કેન રેસ્ટોરન્ટમાં બૂક કરેલા ટેબલ પર બેસીને પલાક્ષની રાહ જોઈ રહી હતી. રોજના કરતાં અલગ, આજની રાત માટે મેં ફ્લાવર ડિઝાઇનનું આછા ગુલાબી રંગનું વેસ્ટર્ન ફ્રૉક પહેર્યું હતું. હાથમાં લાલ રંગનું એક ડાયમંડથી મઢેલું પર્સ હતું, જેમાં થોડાક રૂપિયા, મારો મોબાઇલ અને પલાક્ષની ગિફ્ટ મૂકી હતી. છેલ્લા અડધા કલાકથી હું પાણી પી પીને ગમે તેવી રીતે સમય પસાર કરી રહી હતી. મારો ડર ધીમે ધીમે સાચો થતો જતો હતો. આજ સવારથી પલાક્ષની ગેરહાજરી જોઈને મને એ વાતની ચિંતા થવા લાગી કે ગઈ રાતના અનુભવ પછી પલાક્ષને દુ:ખ થયું હશે અને હવે તે મારી સામે આવવા નહીં માંગતો હોય. મેં પર્સમાંથી મારો મોબાઇલ કાઢ્યો અને તેને હું ટેબલ પર મૂકીને ગોળ ગોળ ફેરવવા લાગી. મારી નજર છેલ્લા અડધા કલાકથી દરવાજા પર ચોંટેલી હતી. છેવટે દરવાજો ખૂલ્યો અને હું પલાક્ષને જીન્સમાં જોઈને દંગ રહી ગઈ. મને જેટલી ખુશી પલાક્ષના આવવાની નહોતી એના કરતાં વધુ ખુશી તેને જીન્સ ટી શર્ટમાં જોવાની હતી!

પલાક્ષ મને રેસ્ટોરન્ટના દરેક ટેબલ પર આકુળવ્યાકુળ થઈને શોધી રહ્યો હતો, ત્યારે તેની આંખોમાં મને મળવાની એવી ઉતાવળ હતી જેવી કોઈ મિત્રની આંખમાં તેના મિત્રને મળતી વખતે ક્યારેક જ હોય! મેં મારો એક હાથ ઊંચો કરીને ઇશારો કર્યો અને તે ઝડપથી મારી સામે આવીને બેસી ગયો.

વાત શરૂ કર્યા પહેલાં એક-બે મિનીટ સુધી હું મારો ચહેરો બંને હાથ પર ટેકવીને એકીટશે પલાક્ષને જોતી રહી. હું પલાક્ષનો નવો અવતાર જોવામાં એટલી બધી મગ્ન હતી કે તેની સામે જોઈ રહી હોવા છતાં મને નહોતી ખબર કે પલાક્ષ શું જોઈ રહ્યો હશે? કદાચ મને જ જોતો હશે!

“આજે તું રોજ કરતાં વધુ ક્યુટ લાગે છે!” હું ડોક જરાક ડાબી તરફ ઝુકાવીને બોલી. ડોક સહેજ ઝુકાવીને કરેલી વાત આપોઆપ દસ ગણી રોમૅન્ટિક થઈ જતી હોય છે!

“આજે મતલબ? હું રોજ ક્યુટ લાગું છું?” પલાક્ષે પૂછ્યું. તેના અવાજ પરથી એવું લાગતું હતું કે તે જાણી જોઈને આવું પૂછીને મારા મોઢે વખાણ સાંભળવા માંગતો હોય! મને પણ ક્યારેય તેના વખાણ કરવામાં કંટાળો નહોતો આવતો.

“હા, અને જ્યારે શરમાય છે ત્યારે તો વધુ!” હું હસીને બોલી. તે પણ હસી પડ્યો.

“તું મને બહુ સારી રીતે નોટિસ કરી રહી છે.” બોલીને પલાક્ષે ઑર્ડર આપવા વેઇટરને બોલાવ્યો. તેથી મને પૂછવાનો મોકો ન મળ્યો કે – હવે તું ક્યારે ‘નોટિસ’ બોર્ડ બનીશ અને એમાં હું ક્યારે પ્રેમની વૉર્નિંગ લખીશ?!

આવી મોટી હોટલમાં પલાક્ષ કદાચ પહેલી વાર આવ્યો હતો. મેનુમાં પલાક્ષને કંઈ વધારે ખબર ન પડતી હોવાથી ઑર્ડર આપવાની જવાબદારી રાજી રાજી તેણે મને સોંપી દીધી. જો પલાક્ષની જગ્યાએ બીજો કોઈ છોકરો હોત તો ખુદને સ્માર્ટ સાબિત કરવાનો મોકો છોડત નહીં! પણ પલાક્ષ એવો નહોતો. તે હંમેશા તેના અસલી ચહેરામાં જ મારી સામે આવતો.

હું નહોતી ઇચ્છતી કે વેઇટર વારે વારે આવીને અમને ડીસ્ટર્બ કરે, તેથી મેં એકી સાથે સ્ટાર્ટ અપથી

લઈને ડેઝર્ટ સુધીનો બધો જ ઑર્ડર આપી દીધો. હવે હું મારું પૂરું ધ્યાન પલાક્ષ પર કેન્દ્રિત કરી શકતી હતી.

વેઇટરના ગયા પછી પલાક્ષ બોલ્યો, "સાવ એવું પણ નથી. નેના, તું પણ ક્યુટ છે!"

તેની વાત સાંભળીને તરત મારા દિમાગમાં મમ્મીએ ત્રણ કલાક પહેલાં કહેલી વાત યાદ આવી ગઈ. હું વિચારવા લાગી શું સરખાં વખાણ કરવાં એ પણ કોઈ સંબંધની ચરમસીમા છે?!

"આપણે એકબીજાનાં વખાણ કેમ કરીએ છીએ?" મેં પલાક્ષ પાસેથી એના દિલની વાત કઢાવવા જાણી જોઈને પૂછ્યું.

પલાક્ષે હાથ ટેબલ પર ટેકવ્યા અને થોડુંક હસીને બોલ્યો, "કેમ કે બંનેને એકબીજાના મોઢે વખાણ સાંભળવા ગમે છે."

"તો જ્યારે આપણને એકબીજાનાં વખાણ સાંભળવા નહીં મળે ત્યારે શું થશે?" હું પણ ટેબલ પર હાથ ટેકવીને ટટ્ટાર બેઠી. અમે એકબીજાની આંખોમાં એવી રીતે જોઈ રહ્યાં હતાં જાણે અમને અમારી દરેક જરૂરિયાત એકબીજાની આંખમાં પૂરી થયેલી જણાતી હોય! ક્યારેક કયારેક મને આ બધું બહુ ફની લાગતું, જેવી રીતે હું પલાક્ષ સામે ખુલ્લી આંખે સપનાં જોતી. એને શરમાતો જોઈને હું મનમાં હસતી, એની આંખોમાંથી વસ્તુઓ ચોરીને લઈ આવતી, એના નામથી જ ડાયરીનાં પાનાં ભરતી. ખરેખર, નવાનવા પ્રેમમાં પડેલી વ્યક્તિ માટે આ દુનિયા એક એવો જ અનુભવ હોય છે જેવો અનુભવ પહેલી વાર ન્યુક્લિયર બૉમ્બ જોઈને માણસે કર્યો હશે!

"તારી તો ખબર નહીં, પણ હું તો જીવી નહીં શકું." વાતને ગંભીર થતાં બચાવવા પલાક્ષ હસીને બોલ્યો.

હું તરત મારા બચાવમાં બોલી, "'તારી તો ખબર નહીં' એમ કહીને તું કહેવા શું માંગે છે? હું પણ જીવી નહીં શકું."

પલાક્ષ ચૂપ રહ્યો. તેની પાસેથી મેં બીજી કોઈ રોમૅન્ટિક વાતની અપેક્ષા રાખી હતી, પણ તેને આમ ચૂપ જોઈને મને ગુસ્સો આવી ગયો અને આખરે મારી લાગણીનો બંધ તૂટી ગયો. હું ઊંચા રડમસ અવાજે બોલી, "તું કેમ સમજતો નથી?! આઇ લવ યુ, પલાક્ષ!"

જિંદગીને બદલી નાખે એવી વાત સાંભળીને પણ તે શાંત રહ્યો. તે નહોતો સમજી રહ્યો કે એવા છોકરા ભગવાનથી કમ નસીબદાર નથી હોતા, જેને કોઈ છોકરી પ્રપોઝ કરે!

"તારે હેપ્પી બર્થડે પલાક્ષ, એમ કહેવું જોઈતું હતું." પલાક્ષ ઠંડાગાર અવાજમાં બોલ્યો.

પલાક્ષનો સાવ નહીંવત ઉત્તેજીત રિસ્પોન્સ જોઈને હું પણ શાંત થઈ ગઈ અને પર્સમાંથી ગિફ્ટ કાઢીને તેના હાથમાં મૂકતાં કહ્યું, "હેપ્પી બર્થડે!"

"ઓહ! વાઉ! ગિફ્ટ?!" પલાક્ષ ખુશ થઈ ગયો.

"મોબાઇલ છે." પલાક્ષ ગિફ્ટ પૅકેટ જાતે ખોલીને જુએ એ પહેલાં જ હું બોલી, "તને નથી ખબર કે તારી પાસે મોબાઇલ નથી, એનાથી મને કેટલી તકલીફ થાય છે."

"મને બધી ખબર છે. તને મારા લીધે બહુ તકલીફ પડે છે." પલાક્ષે ગિફ્ટ પૅકેટ ખોલ્યા વગર જ તેને ટેબલ પર બાજુમાં મૂકી દીધું.

"એવું નથી, પલાક્ષ."

"સુંદર લોકોને ખોટું બોલતાં પણ આવડતું નથી. તો ટ્રાય ન કર. ઓકે?" પલાક્ષ હોઠ ત્રાંસા કરીને બોલ્યો. ગંભીર વાતાવરણમાં પણ પલાક્ષ મને બહુ સારી રીતે હસાવી શકતો હતો.

"પલાક્ષ, મેં તને હમણાં કંઈ કહ્યું હતું. કંઈ સારો રિસ્પોન્સ તો આપ." વાતાવરણ હળવું થતું જોઈને મેં ફરીથી એ વાત છેડી.

પલાક્ષ કંઈ જવાબ આપે તે પહેલાં વેઇટર ઑર્ડર લઈને આવી ગયો અને મેં ઑર્ડર કરેલી આઇટમો સર્વ કરવા લાગ્યો.

"પ્લીઝ! આપણે અત્યારે એ વાત કરીને આ મુલાકાત ન બગાડીએ તો સારું." વેઇટરના ગયા પછી પલાક્ષ બોલ્યો.

તેની બોડી લેંગ્વેજ પરથી સાફ જણાઈ આવતું હતું કે તે મારી વાત સાંભળીને અકળાઈ રહ્યો હતો.

"સારું!" બોલીને મેં ડિનર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અત્યારે હું બહુ મોટી મૂંઝવણમાં હતી. હું એ નક્કી નહોતી કરી શકતી કે મારે પલાક્ષ સાથે ત્રીજી વાર એ વાત કરવી કે નહીં. ગમે તેમ કરીને આજે હું એ વાત નક્કી કરીને જ રહેવાની હતી કે પલાક્ષ હંમેશ મારો મિત્ર બનીને જ રહેશે કે પછી કોઈ નવા સંબંધમાં અમે એકબીજાંને જોઈશું.

બીલ ચૂકવીને પલાક્ષ અને હું રેસ્ટોરન્ટની બહાર નીકળ્યાં અને પૂનમના ચાંદ નીચે અમે કાલ રાતની જેમ જ ફૂટપાથ પર ચાલવા લાગ્યા.

"તને એક વાતની ખબર છે?" પલાક્ષ અચાનક બોલ્યો. તેણે વાતની શરૂઆત કરી, એ જોઈને હું થોડીક ખુશ થઈ અને મેં હોઠને સ્માઇલથી પૉલિશ કરીને પૂછ્યું, "કંઈ વાત?"

"હું આજે પહેલી વાર આવી મોટી રેસ્ટોરન્ટમાં આવ્યો." પલાક્ષના હાવભાવ સ્થિર હતા.

"અને હું પણ પહેલી વાર કોઈ ટી સ્ટોલ પર ગઈ હતી." હું પલાક્ષ સામે જોયા વગર બોલી.

"કેવી મજાની વાત છે! આપણે એકબીજાના લીધે જિંદગીનો લહાવો લઈ રહ્યા છીએ, દરેક વસ્તુઓનો અનુભવ કરી રહ્યા છીએ." પલાક્ષ ખુશ થઈ ગયો. તે બંને હાથ ફેલાવીને ડોક ઊંચી કરીને ચાંદ તરફ જોવા લાગ્યો.

હું ચાલતી અટકી ગઈ અને પલાક્ષનો હાથ પકડીને બોલી, "પલાક્ષ, તું બધું જાણે છે તો પણ કેમ અજાણ બને છે?"

"નેના, શું થયું અચાનક?"

"તને કશું અચાનક નથી થયું?"

"થયું છે ને."

"તો પાગલ, અચાનક થાય એને પ્રેમ કહેવાય." હું પલાક્ષને કોણી મારીને બોલી.

"મારે હવે જવું જોઈએ." બોલીને પલાક્ષ રોડ ક્રૉસ કરવા ફૂટપાથ પરથી નીચે ઊતર્યો.

"એક મિનિટ...!" મેં તેની પીઠ પાછળથી બૂમ પાડી.

"હં..." પલાક્ષ તેની પીઠ મારી તરફ રાખીને જ બોલ્યો.

"આજે કૉલેજ કેમ નહોતો આવ્યો?" મેં પૂછ્યું. તેને રોકીને મેં આવો પ્રશ્ન એટલા માટે પૂછ્યો હતો, કેમ કે હું પલાક્ષ સાથે થોડીક વધુ વાત કરવા માંગતી હતી. જ્યારે કોઈ વાતને અધવચ્ચે મૂકીને જતું રહે ત્યારે એવી લાગણી થાય જાણે તે વ્યક્તિ વાતને નહીં, પણ આપણને છોડીને જતી રહી છે!

"પપ્પા સાથે કામ પર ગયો હતો. સાંજે રેસ્ટોરન્ટનું મોટું બીલ ચૂકવવાનું હતું." બોલીને પલાક્ષ મારો આગલો સવાલ સાંભળ્યા વગર જ ચાલવા લાગ્યો.

જ્યાં સુધી પૂરા ચાંદના પ્રકાશમાં પલાક્ષ મને દેખાતો હતો ત્યાં સુધી હું એને જોતી રહી. જેવો તે અંધારામાં અદશ્ય થયો, મારી આંખ ભીની થઈ ગઈ. દુઃખ એ વાતનું નહોતું કે પલાક્ષ મને પ્રેમ નથી કરતો. દુઃખ એ વાતનું હતું કે પલાક્ષ મને નફરત પણ નથી કરતો!

ઘરે પહોંચીને હું સ્નોવી સાથે બેડમાં બેઠી અને ડાયરી ખોલી.

૫ સપ્ટેમ્બર, ૨૦૦૭

આજે પણ વાત અધૂરી રહી ગઈ. ખબર નહીં હવે ફરીથી મને ક્યારે હિંમત થશે. પલાક્ષ આટલો બધો શરમાશે એ તો મેં ક્યારેય નહોતું વિચાર્યું. એને પણ ખબર છે કે અમારી વચ્ચે શું થઈ રહ્યું છે. તો પણ એ કેમ પ્રેમ સ્વીકારતો નથી? કોઈ મજબૂરી હશે? અરે હા...! કદાચ હિસાબના લીધે તો પલાક્ષ મારાથી દૂર નથી ભાગી રહ્યો? પણ હિસાબ તો ફક્ત મને હેરાન કરે છે, પલાક્ષને તો

એ દોસ્ત માનીને વર્તે છે. બહુ કન્ફ્યુઝન છે! ખબર નહીં, ઈશ્વર પણ મારી સાથે કેમ રેગિંગ કરે છે, સ્નોવી!



શનિવારની સાંજે ડૅડે મને બૂમ પાડીને મારા રૂમમાંથી નીચે ડ્રૉઇંગરૂમમાં બોલાવી. ડૅડને સાંજે વહેલા ઘરે આવી ગયેલા જોઈને મને સહેજ નવાઈ લાગી. પછી વિચાર્યું ડૅડ મૅનેજર છે, મન ફાવે ત્યારે ઘરે આવવા નીકળી શકે છે! તેમને તેમના બૉસનું બંધન નથી.

"ડૅડ, શું કામ પડ્યું?" મેં પૂછ્યું.

ડૅડ પાણી પી રહ્યા હતા. તેમણે આખો ગ્લાસ ખાલી કરીને પાણીનો ગ્લાસ બાજુમાં મૂક્યો અને કહ્યું, "તૈયાર થઈ જા, હમણાં પાર્ટીમાં જવાનું છે."

"પાર્ટી? કેવી પાર્ટી?" મને આશ્ચર્ય થયું.

"તારા ફ્રેન્ડની."

"પલાક્ષની?!" મારી જીભ લપસી ગઈ.

"હિસાબની." ડૅડ બોલ્યા, "એના ડૅડ મારા બૉસ છે, તને ખબર તો છે."

હિસાબની પાર્ટીમાં જવાની વાત સાંભળીને મારા કપાળ પર પરસેવાના બૂંદ જામી ગયાં. મેં તરત મનમાં નક્કી કરી દીધું કે ગમે તે થાય પણ હું હિસાબની પાર્ટીમાં મારા મૉમ-ડૅડ સાથે નહીં જાઉં.

"ડૅડ, મને લાગે છે કે મારું પાર્ટીમાં આવવું જરૂરી નથી." મેં આરામથી કહ્યું, જેથી ડૅડને જરા પણ એવું ન લાગે કે હું તેમના નિર્ણયનો વિરોધ કરી રહી છું.

"બૉસે તને લઈને આવવાનો આગ્રહ કર્યો છે, તો તારે આવવું જ પડશે. એમ પણ કલાકની તો વાત છે." ડૅડ બોલ્યા.

"તમારા બૉસને અ□ મ્પ્લોઇઝથી મતલબ, એમની દીકરીથી નહીં."

"એ ફક્ત મારા બૉસ નથી, હિસાબના ડૅડ પણ છે."

"તો? હિસાબ કોઈ રાજા નથી."

"તારો ફ્રેન્ડ તો છે ને!"

"કમ ઓન, ડૅડ!" મારું દિમાગ ફાટી રહ્યું હતું, "તમે મારા ફ્રેન્ડ વિષે હંમેશાં સિરિયસ રહો છો."

"કેમ કે હું પણ તારી મૉમનો પહેલો ફ્રેન્ડ જ હતો!" ડૅડનો અવાજ લિસ્સો હતો.

આગળ દલીલ કરવી મને ઠીક ન જણાઈ એટલે હા પાડીને હું પાછી મારા રૂમમાં આવી ગઈ. હિસાબ અને એના ડૅડ કરતાં મને મારા ડૅડ પર વધુ ગુસ્સો આવતો હતો. તેમને એ વાત પણ સમજવી જોઈએ જે વાત કહેતાં મને ડર લાગે છે. જો માબાપની આબરૂ જતી બચાવવી એ એક છોકરીની ડ્યૂટી છે તો છોકરીની જિંદગીને વધુ અંદરથી જોઈને તે છોકરીની આબરૂ જતાં બચાવવી એ માબાપની પણ ડ્યૂટી છે. તે તેમની ડ્યૂટી નિભાવે છે પણ ખરા. પણ ક્યારેક ક્યારેક માબાપ એટલાં ભોળાં બની જાય છે કે તેઓ એ છોકરાઓને નથી ઓળખી શકતા જે તેમની છોકરીની આસપાસ હોય છે! વાત અહીંયા બસ એ જ છે કે માબાપે જાતે જ એ નક્કી ના કરી દેવું જોઈએ કે આ છોકરો મારી છોકરી માટે સારો છે અને બીજી તરફ કોઈ છોકરીએ પણ જાતે જ નક્કી ન કરી દેવું જોઈએ આ છોકરો મારા માટે પરફેક્ટ છે! હું મારા મૉમ-ડૅડ, હિસાબ અને પલાક્ષ વચ્ચે ફસાઈ ગઈ હતી.

* * *

હિસાબના બંગલાની બહાર જ્યારે ડૅડ કાર પાર્ક કરી રહ્યા હતા ત્યારે હું ચારે બાજુ જોઈ રહી હતી. તેના બંગલાની દીવાલોથી લઈને ગેટ, ગાર્ડન બધું લાઇટોથી ઝગમગતું હતું. પાર્કિંગ એરિયામાં પણ મોંઘી મોંઘી કાર પાર્ક કરેલી હતી અને લોકોના ચહેરાની સાથે સાથે કપડાં પણ ચમકી રહ્યાં હતાં. આજની રાત માટે મેં એ જ વેસ્ટર્ન ફ્રૉક પહેર્યું હતું જે પલાક્ષ સાથે રેસ્ટોરન્ટમાં ડિનર લેતાં પહેર્યું હતું. હકીકતમાં મૉમે પહેરાવ્યું હતું! નહીંતર હું તો અહીંયા નાઇટ ડ્રેસમાં પણ આવવા તૈયાર હતી. આપણે

એ જ વ્યક્તિ સામે તૈયાર થઈને જઈએ છીએ, જે વ્યક્તિ આપણને ગમે છે. બીજી વ્યક્તિઓ સામે તો ફક્ત કપડાં પહેરીને જ જઈએ છીએ!

મૉમ, ડૅડ અને હું ચાલતાં ચાલતાં હિસાબના બંગલાની અંદર જઈ રહ્યાં હતાં. મારા ડૅડ હિસાબના ડૅડની કંપનીમાં મૅનેજર જેવી ઊંચી પોસ્ટ પર હોવાને લીધે કંપનીના બધા ઍમ્પ્લોઇઝ અમારી પાસે આવતાં અને ડૅડ સાથે હાથ મિલાવતા. તે લોકો મારી સામે પણ જોઈને હસતાં, પણ હું કોઈની શોકસભામાં આવી હોઉં તેવા હાવભાવ દર્શાવીને તે લોકોને બોલ્યા વગર જ એવું કહી દેતી કે, માઇન્ડ યોર બિઝનેસ! બંગલામાં થોડાક વધુ અંદર ગયાં તો મેં ગાર્ડનમાં ટેબલ ખુરશી જોઈ. ડૅડ અને મૉમની પરવાનગી માંગ્યા વગર હું સીધી જ ખુરશી પર જઈને બેસી ગઈ. મૉમ મને એકલી છોડવા નહોતાં માંગતા એટલે એ પણ મારી બાજુમાં આવીને બેઠાં. પણ ડૅડને તેમની કંપનીના બધા ઍમ્પ્લોઇઝ સાથે વ્યવહારિકતા નિભાવવાની હતી, એટલે તે અમારી સાથે ન રોકાયા અને અ□મ્પ્લોઇઝની ભીડમાં ક્યાંક ખોવાઈ ગયાં.

“મૉમ! મને અત્યારે આ કપડાંમાં જરા પણ નથી ગમતું” મેં હથેળીઓથી આંખ ચોળતાં ચોળતાં મૉમને ફરિયાદ કરી.

“નેના! હવે તારે તારું વર્તન મૅચ્યોર કરવું જોઈએ.” મૉમે આંખો પરથી મારા હાથ ઉઠાવીને મારા ખોળામાં મૂક્યા, “તારી ઉંમર એઈટીન ને પાર કરી ગઈ છે.”

મારી જિંદગીના સૌથી બોરિંગ સમયે પણ મૉમ મને સલાહ આપી રહ્યાં હતાં. એક ક્ષણ માટે તો મને મૉમને કહેવાની ઇચ્છા થઈ ગઈ મૅચ્યોરિટી વગર હું પલાક્ષ સાથે પ્રેમ નથી કરી બેઠી! પણ મેં જો એવું કહ્યું હોત તો મૉમ મને હજારો સવાલો પૂછીને વાતાવરણને વધારે બોરિંગ બનાવી દેત!

“અહીંયા કોણ મૅચ્યોર માણસ છે?!” મેં ઊંડો ઊંહકારો ભર્યો.

“બધા તો મૅચ્યોર છે!”

“સૂટ પહેરવાથી મૅચ્યોર કે પ્રૉફેશનલ માણસ થોડા બની જવાય છે!”

મારી વાતથી ઇમ્પ્રેસ થવાને બદલે મૉમે આંખો ફેલાવીને મને પૂછ્યું, “તો મારી નેના, શું તું મને જણાવીશ કે મૅચ્યોરિટીની સાચી વ્યાખ્યા શું છે?”

“હમમ… બે મિનિટ હં…!” કહીને મેં ચારેય બાજુ નજર નાખી. હું કોઈ એવી વ્યક્તિને શોધી રહી હતી જેણે આજની પાર્ટી માટે સૂટ ન પહેર્યો હોય. તરત બસ્સો લોકોની ભીડમાંથી મને જોઈતી હતી એવી વ્યક્તિ મળી પણ ગઈ. એ મારા ખુદના ડૅડ હતા. જેમણે સૂટ નહીં પણ શર્ટ પહેર્યો હતો.

“તો મૉમ, તમારી ડાબી બાજુ જુઓ.” કહીને મૉમની ડોક મેં મારા હાથે પકડીને ડાબી બાજુ ફેરવી.

“આ તો તારા ડૅડ છે.”

“હવે તમે જ કહો, શું ડૅડનું વર્તન મૅચ્યોર નથી?” મેં આંખ મારી. મૉમને મેં કેવો તસતસતો જવાબ આપ્યો હતો!

મૉમ પાસે દલીલમાં કોઈ શબ્દ નહોતા તેથી તે અકળાઈ ગયાં, “નેના…! તારા પેટમાં કંઈ જશે તો જ તું બોલતી બંધ થઈશ. ઊભી રહે, હું તારા માટે કંઈ ખાવાનું લઈને આવું.”

મૉમના ગયાં પછી મેં મારા પર્સમાંથી મોબાઇલ કાઢ્યો. મોબાઇલમાં પલાક્ષના નામનો એક મૅસેજ હતો. મેં તરત ઇનબૉક્સમાં પડેલો પલાક્ષનો મૅસેજ વાંચ્યો, ‘નેના, હું જાણું છું કે મારો પહેલો મૅસેજ જરૂર તારા ચહેરા પર સ્માઇલ લાવી દેશે.’

મેં મારા ગાલ પર હાથ અડાડીને જોયું તો તે સંકોચાઈ ગયેલા હતા, એનો મતલબ મારા ચહેરા પર ખરેખર સ્માઇલ હતી!

તરત મેં પલાક્ષ માટે રિપ્લાય ટાઇપ કર્યો, ‘હું પણ જાણું છું કે મારો પહેલો મૅસેજ જોઈને તું શરમાઈ જઈશ!’

બે મિનિટ સુધી પલાક્ષના જવાબની કાગડોળે રાહ જોયા બાદ મોબાઇલમાં મૅસેજની રિંગ વાગી.

મારું સ્માઇલ હાસ્યમાં બદલાઈ ન જાય એ ભય સાથે મેં તેનો મૅસેજ વાંચ્યો, 'ના નેના, જો હું શરમાઈ જઈશ તો તને પ્રેમ કોણ કરશે?!'

એનો મૅસેજ વાંચીને હું ચોંકી ગઈ. ચહેરા પર જે સ્માઇલ હતું એ બધું એક પળમાં ભૂંસાઈ ગયું. તેનો મૅસેજ સાફ કહી રહ્યો હતો કે તે મને પ્રેમ કરી રહ્યો છે. આખો એક મૅસેજ ટાઇપ કરતી વખતે એક પણ વાર પલાક્ષના મગજમાં એવો વિચાર ન આવે કે તે મને પ્રેમ નથી કરતો, એ જ પલાક્ષના પ્રેમની નિશાની હતી. બધું જાણવા છતાં મેં એકવાર ખાતરી કરવા પલાક્ષને પૂછ્યું, 'શું તું હમણાં જે બોલ્યો એ સાચું હતું?'

મૅસેજ પર જવાબ આપવાને બદલે પલાક્ષે મને ફોન જોડ્યો. મેં ફોન ઉપાડ્યો અને હું કંઈ બોલું તે પહેલાં પલાક્ષ બોલ્યો, "પપ્પા સાથે વાતમાં વ્યસ્ત હતો એટલે ખબર જ ના રહી કે શું ટાઇપ થઈ ગયું."

પલાક્ષનું ખોટું બહાનું સાંભળીને મને ફોન છુટ્ટો ફેંકી દેવાનું મન થયું. એ મને દરવાજાની અંદર પણ નહોતો આવવાં દેતો કે દરવાજાની બહાર પણ નહોતો ઊભી રહેવા દેતો. બસ, તેણે મને દરવાજાની વચમાં ગોઠવી દીધી હતી! મારા પ્રેમમાં એવી તો શું કમી હતી કે જે પલાક્ષને દેખાઈ ગઈ હતી પણ હું ખુદ એનાથી અજાણ હતી? શું તે પ્રેમ કરતાં શરમાઈ રહ્યો હતો, શું તેના ફૅમિલીમાં કોઈ તકલીફ હતી, શું હતું એ કારણ જે પલાક્ષને, મને પ્રેમ કરતાં, રોકી રહ્યું હતું!

મેં મન બનાવી દીધું કે આવતીકાલે પલાક્ષને મળીને બધી વાતની ચોખવટ કરી દેવી. ક્યાં સુધી હું પ્રેમની અંધશ્રદ્ધા નીચે જીવી શકું!?

હજુ હું માંડ પલાક્ષના વિચારોમાંથી બહાર નીકળું કે મેં મારી બરાબર સામેથી હિસાબને છાતી પહોળી કરીને મારી તરફ આવતો જોયો. તેનો કડકાઈભર્યો ચહેરો જોઈને જ મને અંદાજ આવી ગયો કે મારી પાસે આવીને તે કોઈ ધડાકો કરશે.

"હાય, મિસ નેના!" તેણે હાથ ઑફર કર્યો, "મેં નહોતું વિચાર્યું કે તું પણ આવી હોઈશ."

મેં તેની હૅન્ડશેકની ઑફર સ્વીકારવી જરૂરી ન સમજી. મારી સાથે હાથ મિલાવ્યા વગરનો તેનો કુંવારો હાથ તેણે પાછો લીધો, ત્યારે તેનું માન જરૂર ઘવાયું હશે!

"હિસાબ, આ તારા ડૅડની પાર્ટી છે એનો મતલબ એ નથી થતો કે તું તારી કોઈ પણ મનમાની ચલાવી લઈશ." હું ધમકી આપતી હોઉં એવા ઊંચા અવાજે બોલી.

"અરે... રિલેક્સ! મેં હજી ક્યાં મારી કોઈ મનમાની ચલાવી છે." હિસાબ હસ્યો.

"એ જે પણ હોય! હવે હું તારી કોઈ પણ દાદાગીરી નહીં ચલાવું. હું કંટાળી ગઈ છું!"

"કાલે જ તારી ફરીથી મિસ્ટર મનોહર સામે ફરિયાદ કરીશ!" પલાક્ષ પરનો ગુસ્સો મેં હિસાબ સામે કાઢ્યો.

"નેના... નેના... નેના...!" હિસાબ શાંત રહ્યો, "તને નથી લાગતું કે તું ન બોલવાનું બોલી રહી છે?"

મારો ધમકીભર્યો અવાજ સાંભળીને પણ હિસાબ ધીરગંભીર રહ્યો હતો, જે મારા માટે ચિંતાનો વિષય હતો. તે કદાચ તોફાન પહેલાંની શાંતિ ન હોય, એ બીક સાથે મેં પણ શાંત થવાનું બહેતર સમજ્યું.

"હિસાબ, કૉલેજમાં આવ્યા બાદ મારા જીવનમાં બહુ તકલીફો આવી ગઈ છે. તો પ્લીઝ, મારા પર દયા ખા અને આ બધું બંધ કરી દે." હું રડમસ અવાજે બોલી.

"તું સુંદર છે એનો મતલબ એવો નથી કે મને તારા પર દયા આવી જશે. હજુ તો હું તને બહુ હેરાન કરીશ." કહીને હિસાબે તેના સૂટના ખિસ્સામાં હાથ નાખ્યો અને મોબાઇલ બહાર કાઢ્યો. તે જ્યારે મોબાઇલમાં કંઈ શોધી રહ્યો હતો ત્યારે હું મનમાં બબડી: કેવી બેશરમીથી મને હેરાન કરવાની વાત કરે છે.

"આ જો." હિસાબે તેનો મોંઘો મોબાઇલ મારા હાથમાં મૂક્યો. મોબાઇલ સ્ક્રીન પર કોઈ વીડિયો ચાલી રહ્યો હતો. મોબાઇલને સ્થિર કરીને જોયું તો એ વીડિયોમાં હું હતી, તરત મને યાદ આવી ગયું,

જ્યારે હિસાબ કૅન્ટીનમાં મારું રેગિંગ કરી રહ્યો હતો ત્યારે તેના કોઈ ચમચાએ ટેબલ પર મેં જે ડાન્સ કર્યો હતો એનો વીડિયો ઉતારી લીધો હતો. અત્યારે હું એ જ જોઈ રહી હતી.

"તો મિસ નેના!" હિસાબે મારા હાથમાંથી તેનો મોબાઇલ ઝૂંટવી લીધો, "એમ તો ટેબલ પર ડાન્સ કરવો તે કોઈ ગુનો નથી, પણ, પણ... આવો વીડિયો તારા ભોળા પૅરન્ટસ જોશે ત્યારે... તું સમજી ગઈ ને?"

"તું શું ઇચ્છે છે?" મેં પૂછ્યું. હું અત્યારે પ્રાર્થના કરી રહી કે મારાં મૉમ જલદી પાછાં આવી જાય. હિસાબ સામે એકલા ઊભાં રહેવાની હવે મારામાં હિંમત નહોતી બચી. તેની ઇચ્છા થાત તો તે મારું એ પાર્ટીમાં પણ રેગિંગ કરી નાખત!

"બસ, તું મિસ્ટર મનોહરને ભૂલી જા."

"હું સમજી નહીં."

"મારી ફરિયાદ કરવાનું વિચારતી પણ નહીં, નહીંતર..." હિસાબે તેની આખી વાત પૂરી ન કરી. પણ મને મારા દિમાગે ટકોર કરી કે હિસાબ મને બ્લેકમેઇલ કરી રહ્યો છે. 'નહીંતર' શબ્દ બોલીને અટકી જવું એ બ્લેકમેઇલ કરવાની જૂની અને જાણીતી રીત છે!

'ઓહ માય ગૉડ! શું હવે મારી સાથે બ્લેકમેઇલિંગ થઈ રહ્યું છે?' હું ડઘાઈ ગઈ હતી. વધુ તો હું હિસાબની શાંત રહીને બોલવાની રીતથી ડરી ગઈ હતી. તેના દિમાગમાં કોઈ ભયંકર ષડ્યંત્ર ચાલી રહ્યું હોવાની ગંધ તેની શાંત જીભમાંથી આવતી હતી. ચહેરાના હાવભાવ પર પણ હિસાબનો ગજબનો કાબૂ હતો. તેનો હસતો ચહેરો જોઈને આજુબાજુમાંથી પસાર થતા લોકોને જરા પણ ગંધ નહોતી આવતી કે હિસાબ મને માનસિક રીતે હેરાન કરી રહ્યો છે.

"બ્લેકમેઇલ કે રેગિંગ!" હિસાબ એનો ચહેરો મારા કાન નજીક લાવ્યો, "તારા માટે તો બધું સરખું જ છે ને!"

તેનો ચહેરો મારી આટલી નજીક જોઈને મને તેને લાફો મારવાની તીવ્ર ઇચ્છા ઊપડી. પણ લોકોની નજરમાં આવવાથી બચવા મેં તેનો ચહેરો બનાવટી પ્રેમથી પકડીને મારાથી દૂર કર્યો. તેના ચહેરાને મારો સ્પર્શ થયા પછી નક્કી તેના માટે આજની પાર્ટીનું સેલિબ્રેશન પૂરું થઈ ગયું હશે!

"હિસાબ, મારા ડૅડ તો કહેતા હતા કે તેમના બૉસ એટલે કે તારા ડૅડ બહુ સારા માણસ છે. તો પછી તું આવો કેમ છે?" પૂછતી વખતે હું સંકોચ અનુભવી રહી હતી, કેમ કે મેં હિસાબની સરખામણી તેના ડૅડ સાથે કરી હતી, અને હું એટલું તો જાણતી જ હતી કે એક છોકરીથી વિરુદ્ધ, એક છોકરો ક્યારેય તેના ડૅડ સાથેની તેની સરખામણી સહન ન કરી શકે!

"તને ખબર છે કે તું મને શું પૂછી રહી છે?"

"તારી પર્સનાલિટી વિષે!"

"ના, તું મને મારી મૅચ્યોરિટી વિષે પૂછી રહી છે."

"ઓહ! વાઉ! મૅચ્યોરિટી? હં...?" મેં ઉત્સાહમાં આવીને તાલી પાડી, "એ તો ડિસ્કસ કરવા માટે મારો ફેવરીટ ટૉપિક છે."

"તું શું બોલી રહી છે?" હિસાબ અકળાઈ ગયો. એ કદાચ વિચારી રહ્યો હશે કે મૅચ્યોરિટી શબ્દમાં એવું તો શું છે કે જેણે નેના ને અચાનક કૉન્ફિડન્સથી ભરપૂર બનાવી દીધી?!

"હિસાબ, હું ફક્ત એ સાબિત કરવા માંગું છું કે તું મૅચ્યોર નથી અને ઈમ્મૅચ્યોર માણસ પાસે કોઈનું રેગિંગ કરવાનો કોઈ અધિકાર નથી!" હું હિસાબની આંખોમાં આંખ મિલાવીને બોલી. ત્યારે મેં જાણ્યું કે પલાક્ષ અને હિસાબની આંખોમાં કેટલો ફરક છે. એકની આંખોમાંથી પ્રેમ ઝરતો હતો અને બીજાની આંખોમાંથી ઝેર! ભલે પલાક્ષ પરફેક્ટ નહોતો પણ બીજા બધા છોકરાઓની સરખામણીમાં એ પરફેક્ટથી સેંકડો ગણો વધુ પરફેક્ટ હતો! મને પસ્તાવાનો પસીનો છૂટી ગયો. હું હજુ પાંચેક મિનિટ પહેલાં જ પલાક્ષ પર ગુસ્સે થઈ હતી. હિસાબને પડતો મૂકીને મેં તરત પલાક્ષ માટે મૅસેજ ટાઇપ કર્યો,

'પલાક્ષ, તને નથી ખબર પણ હું હમણાં તારા પર બહુ ગુસ્સે થઈ હતી, સૉરી!'

"નેના...!" મને ચૂપ ઊભી રહેલી જોઈને હિસાબ ચિડાયો. પોતાની સામે કોઈ સુંદર છોકરી ચૂપચાપ ઊભી હોય એ કોઈ છોકરા માટે કોળિયો ગળામાં મૂકી રાખવા જેવી વાત છે!

"હજુ પણ તું બોલીશ?" મેં જાણી જોઈને પૂછ્યું. હવે બાજી મારી પકડમાં હતી! એક વાક્ય હું વધારે પડતાં કૉન્ફિડન્સમાં શું બોલી, હિસાબનો કૉન્ફિડન્સ કડડભૂસ થઈ ગયો! પલાક્ષ કરતાં તો હિસાબ ડરપોક નીકળ્યો!

"નેના... શું થઈ ગયું તને અચાનક?!" હિસાબનો અવાજ ત્રુટક થઈ ગયો. તેના અવાજ પરથી એવું લાગતું હતું કે તે કોઈ મોટા નેચરલ ડિઝાસ્ટરમાંથી ગુજરી રહ્યો છે!

હું આગલું કડવું વાક્ય બોલીને હિસાબના વધેલા ઘટેલા કૉન્ફિડન્સ પર હથોડો મારવા જતી જ હતી ત્યાં જ મારાં મૉમ મારા નામની બૂમો પાડતાં પાડતાં આવ્યાં. એમને જોઈને મેં રાહતનો શ્વાસ લીધો. પણ તેમની સાથે હિસાબના મૉમ-ડૅડ અને મારા ડૅડ પણ હતાં. બધાને સાથે જોઈને હું નિસાસો નાખીને મનમાં બબડી: ફૅમિલી રેગિંગ ટાઇમ!

"નેના, લે આ જ્યૂસ પી." કહીને મૉમે મારા હાથમાં જ્યૂસનો ગ્લાસ મૂક્યો. તે જ્યૂસથી મારી ભૂખ તો ઓછી થવાની નહોતી પણ કમસે કમ હાથમાં ગ્લાસ પકડીને ટટ્ટાર ઊભા રહેવાથી હું મારા મૉમને ત્યાં હાજર બીજા લોકોની જેમ પ્રૉફેશનલ તો દેખાઈશ!

"નેના, તું તો બહુ સુંદર છે ને કાંઈ!" હિસાબનાં મૉમ મારા ગાલ ખેંચીને બોલ્યાં. તેમની હરકત જોઈને મારે તેમને કહેવાની ઇચ્છા થઈ. હું સુંદર છું તો તમે શું કામ ગાલ ખેંચીને મને બદસૂરત કરવા માંગો છો!?

"આન્ટી, તમે ક્યારેય હિસાબના ગાલ નથી ખેંચતા?" મેં તેમના ખરબચડા હાથ મારા ગાલ પરથી હટાવીને પૂછ્યું.

"અરે, હું તો રોજ સવારે હિસાબના ગાલ ખેંચીને જ એને કૉલેજ મોકલું છું." હિસાબનાં મૉમ જવાબ આપતી વખતે અજાણ્યો ગર્વ મહેસૂસ કરી રહ્યાં હતાં.

મેં ફરીથી ખુદ સાથે વાત કરી: ગાલ ખેંચીને મોકલો છો એટલે જ! બે લાફા મારીને કૉલેજ મોકલતાં હો, તો કોઈ છોકરીને હેરાન કરવાની તેની હિંમત ન થાય.

"એ વાત બહુ સારી થઈ કે હિસાબ અને નેના એક જ કૉલેજમાં છે. બંને એકબીજાને ભણવામાં મદદ કરી શકે." હિસાબના ડૅડે મારા ડૅડને કહ્યું.

તરત મારા ડૅડે તેમના બૉસની વાત ઝીલી લીધી અને હસીને બોલ્યા, "સાવ સાચી વાત છે. આખરે કૉલેજકાળની મિત્રતા હસબન્ડ વાઇફના સંબંધ કરતાં પણ વધુ કિંમતી હોય છે!"

ડૅડની વાત સાંભળીને હું દંગ રહી ગઈ. તેમણે કેટલી આસાનીથી હસબન્ડ-વાઇફના પવિત્ર સંબંધને કૉલેજકાળના વાસનાઓથી ભરપૂર સંબંધ સાથે સરખામણી કરી નાખી. હું મૉમના કાન નજીક જઈને બોલી, "ડૅડ દારૂ બારું પીને તો નથી આવ્યા ને? કંઈ પણ બોલે છે!"

મૉમે મને તરત હોઠ પર આંગળી મૂકીને ચૂપ રહેવા જણાવ્યું.

"તો તમે બધા શું વિચારો છો? આપણે એક ફૅમિલી ટ્રિપનું આયોજન કરવું જોઈએ કે નહીં. તેનાથી બંને ફૅમિલી વધુ નજીક આવશે." હિસાબના ડૅડે એવી રીતે પૂછ્યું જાણે તે પોતાની કંપનીની કોઈ મિટિંગમાં એમ્પ્લોઇઝનો અભિપ્રાય માંગી રહ્યા હોય!

હિસાબ અને એની ફૅમિલી સાથે ટ્રિપની વાત સાંભળીને મારા મનમાં ફાળ પડી. જે માણસને જોઈને મને ચીડ ચઢે છે, એની સાથે હું ટ્રિપ પર કેવી રીતે જાઉં! મારા ઉત્સાહી પૅરન્ટસ ટ્રિપ પર જવાની હા પાડી દે તે પહેલાં હું બોલી, "ના... ડૅડ! મારે કોઈ ટ્રિપમાં નથી આવવું."

"કેમ નેના? હિસાબ સાથે તારો ક્યાંય સમય પસાર થઈ જશે અને તને ખબર પણ નહીં પડે." હિસાબનાં મૉમ મારી નજીક આવીને બોલ્યાં. પણ તે બીજી વાર મારા ગાલ સુધી પહોંચે તે પહેલાં જ

મેં મારી પીઠ તરફ ડગલાં ભરીને તેમના હાથને મારા ગાલ સુધી પહોચતાં અટકાવ્યા.

"બસ એમ જ!"

"ન આવવાનું કોઈ કારણ તો હશે ને?"

"આન્ટી, કોઈ કારણ નથી."

"તો ટ્રિપ પર ચાલ ને!"

"ટ્રિપ પર આવવાનું પણ કોઈ કારણ નથી."

"નેના, ટ્રિપ પર આવવાના બહુ કારણ છે. તારી અને હિસાબની ફ્રેન્ડશીપ મજબૂત થશે અને બે ફેમિલી વચ્ચેના સંબંધ પણ!"

હિસાબના મૉમ મારી પર એવી રીતે દબાણ કરી રહ્યાં હતાં કે જાણે હું તેમના છોકરાની ગર્લફ્રેન્ડ હોઉં! ચૂપ રહીને તેમની સાથેની દલીલને વધુ ન ચલાવવાનું નક્કી કરીને મેં દયામણી નજરે ડૅડ સામે જોયું. પણ ડૅડના બાગ જેવા ખીલેલા ચહેરાને જોઈને હું તરત સમજી ગઈ કે ડૅડ માટે મારી ઇચ્છા કરતાં તેમના બૉસની ઇચ્છાને માન આપવું વધુ જરૂરી છે. ત્યારે મારા મગજના કોઈ ખૂણામાં પ્રશ્ન જન્મ્યો કે જ્યારે ડૅડને ખબર પડશે કે તેમના બૉસના છોકરાએ મને કેવી કેવી રીતે હેરાન કરી છે, શું ત્યારે પણ ડૅડ તેમના બૉસનું માન રાખવા હિસાબને માફ કરી દેશે?!

"મૉમ...!" હું નાના બાળકની જેમ બોલી, "મારે ખરેખર કોઈ ટ્રિપમાં નથી આવવું."

આખરી આશા રાખીને મેં મૉમની મદદ માંગી હતી, પણ તેઓ મારા અવાજમાં છુપાયેલો ડર ન ઓળખી શક્યા અને તે પણ હિસાબના મૉમની જેમ જ મારા પર દબાણ કરવા લાગ્યા.

હાર સ્વીકારવાના બદલે હું બીજું કોઈ બહાનું શોધી રહી હતી, ત્યારે હિસાબે તેના ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો અને મારી સામે ત્રાંસી આંખે જોતાં જોતાં મોબાઇલ સ્ક્રીન પર બે વાર ટપલી મારી. હું તરત એનો ઇરાદો સમજી ગઈ. તે ફરીથી મને બ્લેકમેઇલ કરી રહ્યો હતો.

"સારું, ડૅડ! હું આવીશ." હું જીભ નીચે ખીલી ભરાવીને બોલી.

"અરે વાહ!" હિસાબનાં મૉમ ખુશ થઈ ગયાં. સાથે સાથે હિસાબના ડૅડ અને મારાં પેરેન્ટ્સ પણ મારો હકારમાં જવાબ સાંભળીને ઝૂમી ઊઠ્યાં. પણ હિસાબ સ્થિર ઊભો હતો. તેના સહેજ ફૂલેલા ગાલ પરથી લાગતું હતું કે તે મોઢામાં જીભ ફેરવી રહ્યો છે અને ટ્રિપમાં મને હેરાન કેવી રીતે કરવી એનો પ્લાન બનાવી રહ્યો છે.

હવે એક સેકન્ડ માટે પણ હું ત્યાં ઊભી રહેવા નહોતી માંગતી. જ્યૂસ પીધા વગરનો ગ્લાસ મેં મારા મૉમના હાથમાં પકડાવ્યો અને હું પાર્કિંગ એરિયા તરફ ચાલવા લાગી. હિસાબનાં મૉમનો અને મારા ડૅડનો અવાજ હું સાંભળી શકતી હતી; તેઓ મને પાછી બોલાવી રહ્યાં હતાં, પણ તે બધાંને અવગણીને હું અમારી કાર પાસે પહોંચીને જ અટકી. મારા ગુસ્સાને શાંત પાડવા મેં એ વિશ્વાસ સાથે મોબાઇલની સ્ક્રીન ચાલુ કરીને કે તેમાં પલાક્ષનો કોઈ મૅસેજ હશે અને તે મૅસેજ મારા હિલોળા ખાતા દિમાગને શાંત પાડી દેશે. મારી ધારણા અનુસાર પલાક્ષના નામમાં બે મૅસેજ હતા. કારનો ટેકો લઈને હું ઊભી રહી અને પલાક્ષનો મૅસેજ ખોલ્યો, 'નેના, તું કેટલી સારી છે. મને જે વાતની ખબર જ નથી એ વાત સ્વીકારીને તું મારી માફી માંગે છે.'

હું પલાક્ષનો મૅસેજ વાંચીને હસી પડી અને હસતાં ચહેરે જ મેં મારો જવાબ ટાઇપ કર્યો, 'તું તો મને જે વાતની ખબર છે એ વાત પણ સ્વીકારવા તૈયાર નથી!'

'કઈ વાત?' પલાક્ષે તરત પૂછ્યું.

'એ જ વાત કે તું મને પ્રેમ કરે છે.' મેં ઝડપથી સ્ક્રીન પર અક્ષરો છાપી તો દીધા પણ સેન્ડ બટન દબાવતાં પહેલા જ મૉમને મારી તરફ આવતાં જોઈને મેં મોબાઇલના લોકનું બટન દબાવીને તેને મારા પર્સમાં મૂકી દીધો. મારા મૉમની આજ વાત મને પસંદ નહોતી, જ્યારે જરૂર ન હોય ત્યાં અચાનક પહોંચી જાય અને જ્યારે જરૂર હોય ત્યારે મિનિટો ફક્ત જ્યૂસનો ગ્લાસ પસંદ કરવામાં વેડફી નાખે!

"નેના, તું કેમ ત્યાંથી ભાગી ગઈ?" મૉમે ઠપકાભર્યા અવાજે પૂછ્યું.

"હું ભાગી નહોતી!" કમર પર હાથ મૂકીને હું ટટ્ટાર થઈ, "બસ, ચાલીને ત્યાંથી નીકળી ગઈ હતી."

"તને પાર્ટીમાં લાવવા જેવી જ નહોતી." મૉમ નિસાસો નાખીને બોલ્યાં.

"ઓહો! છેક હવે તમે સમજ્યા!" મેં ડોકને સહેજ ડાબી બાજુ નમાવીને લહેકો કર્યો.

મૉમ ગુસ્સે થાય તે પહેલાં ડૅડ આવીને મારી પડખે ઊભા રહ્યા. તેમના ચહેરા પરથી જરા પણ એવું નહોતું લાગતું કે તે મારા વર્તનથી દુઃખી થયા હોય.

"ડૅડ, જલદી ઘરે પહોંચાડો!" મૉમ મારી ફરિયાદ ડૅડ સાથે કરે એ પહેલાં હું બોલી.

"હા, નેના! ચાલ અંદર!" કારનો દરવાજો ખોલતી વેળા ડૅડ બોલ્યા.

હું તરત કારમાં આગળની સીટમાં બેસી ગઈ. ગુસ્સેથી લાલ થયેલી આંખો સાથે મૉમ પાછળની સીટ પર બેઠાં અને ડૅડે ઘર તરફ કાર દોડાવી. હિસાબના બંગલાથી થોડે દૂર મુખ્ય રસ્તા પર પહોચતાં મૉમ મિરરમાંથી ડૅડને જોઈને બોલ્યાં, "કૉલેજમાં આવ્યાં પછી નેનાનું વર્તન નાના બાળક જેવું થઈ ગયું છે."

મને ખબર હતી કે ડૅડ મારી તરફેણમાં જ જવાબ આપશે તો પણ મેં મૉમની ફરિયાદને દાટી દેવા કારનો રેડિયો ઊંચા અવાજમાં ચાલુ કરી દીધો. મોડી રાત હોવાથી રેડિયો પર જૂના જમાનાનાં ગીતો વાગી રહ્યાં હતાં. એમાં પણ એક સ્ટેશન પર તો ડૅડનું મનપસંદ ગીત ચાલી રહ્યું હોવાથી તે મૉમની ફરિયાદનો જવાબ આપવાને બદલે ગીત ગુનગુનાવા લાગ્યા. ગીત પૂરું થાય ત્યાં સુધી મૉમે ડૅડના જવાબની રાહ જોઈ, પણ એક ગીત પત્યું તો ડૅડ બીજું ગીત ગુનગુનાવવા લાગ્યા. છેવટે મૉમ રિસાઇને અદબ વાળીને સીટનો ટેકો લઈને બેસી ગયાં.

ઘરે પહોચતાં હું કારમાંથી સૌથી પહેલાં નીચે ઊતરી અને ઘરનું લોક ખોલ્યું. મૉમ હજુ મારા પર ગુસ્સે અને ડૅડથી રિસાયેલાં હતાં. હું મારા પૅરન્ટ્સની મસ્તી જોઈને હિસાબ, પલાક્ષ, ટ્રિપ બધું જ ભૂલી ગઈ. ડૅડને ભેટીને ગૂડ નાઇટ કહીને અને મૉમને વધુ હેરાન કરવા ફ્લાઈંગ કિસ આપીને હું મારા રૂમમાં ગઈ. સ્નોવી માટે મેં સાંજના સમયથી મારા રૂમની એક નાની લાઇટ ચાલુ રાખી હતી. હું સાવ ધીમા પગે બેડ સુધી પહોંચી જ્યાં સ્નોવી સૂઈ રહી હતી. તેના ક્રીમ જેવા મુલાયમ શરીર પર હાથ ફેરવીને હું આખા દિવસનો થાક ઉતારવા નાહવા ગઈ.

આખા શરીરને ગરમ પાણીમાં નીચોવીને હું તાજગીથી તરબોળ થઈ ગઈ. હવે હું મારી આજની ડાયરી લખી શકત, પણ હા, પહેલાં પલાક્ષ માટે ટાઇપ કરેલો મૅસેજ ડિલીટ કરવાનો હતો!

૭ સપ્ટેમ્બર, ૨૦૦૭

સ્નોવી, મને ખબર છે કે આજે પાર્ટીમાં હું આટલી બધી હેરાન શું કામ થઈ, કેમ કે હું તને પાર્ટીમાં સાથે નહોતી લઈ ગઈ. પણ આજે પાર્ટીમાં હું બે-ત્રણ મિનિટ માટે હિસાબ સાથે બહુ વધુ પડતાં કૉન્ફિડન્સથી બોલી હતી. મને હજુ પણ નથી સમજાતું કે એ સમયે અચાનક મારામાં કૉન્ફિડન્સ ક્યાંથી આવી ગયો હતો. શું પલાક્ષની યાદ આવતાં હું કૉન્ફિડન્સથી ભરપૂર થઈ જતી હતી?!



"ડૅડ...! સંભાળીને...!" મારાથી ચીસ નીકળી ગઈ.

રવિવારના આખા દિવસને શહેરની નજીકના હિલ સ્ટેશન પર માણીને અમે મોડી રાતે ઘર તરફ પાછાં ફરી રહ્યાં હતાં. એ એક દિવસની ટ્રિપમાં હું એક સેકન્ડ માટે પણ સ્નોવી અને મારાં મૉમથી અલગ નહોતી પડી, પરિણામે હિસાબ મને હેરાન નહોતો કરી શક્યો. તેણે મને હેરાન કરવાના અને તેના મૉમે મારા ગાલ ખેંચવાના બહુ પ્રયત્નો કર્યા, પણ હું દરેક વખતે બચી જતી. આખી ટ્રિપ દરમિયાન મારી સાથે કોઈ ઘટના ઘટી નહોતી, પણ અંધારું થતાં જ ડૅડ અને તેમના બૉસે દારૂની મહેફિલ માણી હતી. અત્યારે ડૅડ દારૂના નશામાં હાઇવે પર કોઈ રણમાં રેટલ સ્નેક સરકતો હોય તે રીતે કાર ચલાવી રહ્યા હતા. મને વાતની ગંભીરતા મૉમને જોઈને આવતી હતી. તેમણે તો પાછલી સીટ પર પગ ઉપર લઈને આંખો બંધ કરી દીધી હતી. મારા હાથમાં મેં મજબૂતાઈથી પકડી રાખેલી સ્નોવી પણ કંપી રહી હતી.

"નેના... યુ ડૉન્ટ વરી!" ડૅડ કારણ વગર હોર્ન વગાડવા લાગ્યા, "મરેલા કે જીવતા આપણે ઘર સુધી તો પહોંચી જઈશું!"

"ડૅડ, તમે કાર રોકી દો." હું સ્ટિયરિંગ વ્હીલ પરથી પકડ છૂટી રહેલા ડૅડના હાથને સહારો આપતાં બોલી.

"હા... નેના સાચું કહે છે. હમણા જ કાર રોકી દો." મૉમ એક આંખ ખોલીને બોલ્યાં.

"તમે બધાં કેમ ચિંતા કરો છો. કશું જ નહીં થાય. હજુ તો મારે નેનાના બૉયફ્રેન્ડને જોવાનો છે, નેનાના લગ્નમાં હાજરી આપવાની છે." બોલીને ડૅડે કારની હેડલાઇટ બંધ કરી દીધી. હું પૂરેપૂરા ભાનમાં હતી તો પણ રાતના અંધારામાં હાઇવે પર મને કંઈ દેખાઈ રહ્યું નહોતું, તો નશામાં ચકચૂર ડૅડ હાઇવે પર હેડલાઇટ વગર કેવી રીતે કાર ચલાવી શકે. મેં તરત ડૅડને ઊંચા અવાજે ટકોર કરી. તેમણે મારી એક પણ વાત ન સાંભળી. છેવટે મેં જ જાતે લાંબો હાથ કરીને હેડલાઇનની દાંડી નીચી કરી.

"નેના... તું મારા કામમાં દખલગીરી ન કર." કહીને ડૅડે કારનું વાઇપર ચાલુ કરી દીધું. સમયની સાથે સાથે તેમનું વર્તન કોઈ પાગલ માણસની જેમ થઈ રહ્યું હતું. તેઓ ન કરવાનાં કામ કરી રહ્યા હતા અને રોડ પર જરા પણ ધ્યાન નહોતા આપી રહ્યા. મારી તો ઠીક તેઓ મૉમની વાત પણ અવગણીને નશામાં પોતાની મનમાની ચલાવી રહ્યા હતા. પણ અત્યાર સુધી રાહતની વાત એ રહી હતી કે રાતના એ સમયે હાઇવે પર ફક્ત ગણ્યાગાંઠ્યા વ્હિકલ જ હતાં, કોઈ મોટા ટ્રક કે બસો સાથે હજુ સુધી ડૅડની ડ્રાઇવિંગ સ્કીલની કસોટી નહોતી થઈ.

ડેશબોર્ડ પર પડેલા મારા મોબાઇલમાં નોટિફિકેશન લાઇટ થઈ એટલે મેં સ્નોવી પરથી એક હાથ હટાવીને મોબાઇલ હાથમાં લીધો. મારી જિંદગીના સૌથી ખરાબ ડ્રાઇવિંગ અનુભવ વખતે મારા મગજમાં એવો કોઈ રોમૅન્ટિક વિચાર ન આવ્યો કે મોબાઇલમાં પલાક્ષનો મૅસેજ આવ્યો હશે! માંડ એક વાર મોબાઇલ સ્ક્રીન તરફ જોઈને રોડ પર જોતાં જોતાં મેં નજર ચોરીને મોબાઇલ સ્ક્રીન તરફ જોયું. ઇનબૉક્સમાં પલાક્ષનો જ મૅસેજ હતો. પણ હું તેનો મૅસેજ વાંચું તે પહેલાં મને બીજી એક કારના હોર્નનો અવાજ સંભળાયો, જે અમારી કારની પાછળથી, અમારી કાર કરતાં પણ વધુ ઝડપથી આવી રહી હતી. હું ગભરાઈ ગઈ અને મારું ધ્યાન મૅસેજ પરથી રોડ પર પાછું આવી ગયું. પાછળથી આવી રહેલી કારે સળંગ એકાદ મિનિટ સુધી હોર્ન વગાડ્યા કર્યું એટલે ડૅડ તેમની ધીરજ ખોઈ બેઠ્યા અને તેમણે ઍક્સિલેટરને રીતસરનું કચડી જ નાખ્યું! મૉમે તરત તેમની આંખો ખોલીને મારો ખભો પકડી દીધો.

મારો જીવ ત્યારે તાળવે ચોંટી ગયો જ્યારે મેં અમારી કારની થોડેક આગળ એક ટ્રક જોયો અને તેની પાછળ લાલ રંગના અક્ષરમાં 'લોંગ વ્હિકલ' લખેલું વાંચ્યું.

"ડૅડ, સ્પીડ ધીમી કરો... જલદી!" મેં રાડ પાડીને ડૅડને ચેતવ્યા.

"નેના...!" ડૅડે સ્ટિયરિંગ વ્હીલ પર ઉત્સાહમાં આવીને હાથ પછાડ્યા, "આઇ એમ એન એસ્ટ્રોનેટ અ□ન્ડ ધીસ ઇઝ માય રૉકેટ!"

હું સમજી ગઈ કે મારી ગમે તેટલી ચીસોની ડૅડ પર કંઈ અસર નથી થવાની. તે હવે ટ્રકની આગળ જઈને જ કાર ધીમી કરવાના હતા. હજુ પાછળથી પેલી કારનું હોર્ન વગાડવાનું ચાલુ જ હતું.

ત્રણ લેનના એ હાઇવે પર ડૅડ કારને ટ્રકની જમણી બાજુ લઈ ગયા ત્યારે મેં પલાક્ષનો મૅસેજ વાંચ્યો, 'નેના, આપણે સૌથી અગત્યની વ્યક્તિને આપણી જિંદગીના એવા કોઈ ખૂણામાં મૂકી દઈએ છીએ, જ્યાં આપણી ભાગ્યે જ નજર પડે છે. મારે તારી સાથે એવું નથી કરવું, આઇ લવ યુ!'

પલાક્ષનો મૅસેજ વાંચીને મને એવો અનુભવ થયો કે હું આકાશમાં ઊંચે ઊડતાં હંસલાની ધીરગંભીર પાંખો પર બેઠી છું. જે શબ્દો સાંભળવા હું ઘણાં સમયથી રાહ જોઈ રહી હતી એ શબ્દો આખરે પલાક્ષે મને કહી જ દીધા. પણ પલાક્ષ માટે મારી એક વાતની ફરિયાદ હતી, તેણે એવા સમયે તેનો પ્રેમ કબૂલ્યો હતો જે સમયે હું જિંદગી અને મોત વચ્ચે હતી. મેં મારી આંગળીઓ મોબાઇલના કીબોર્ડ પર લીધી અને રોડ પર જોતાં જોતાં જ પલાક્ષના મૅસેજનો જવાબ ટાઇપ કરવા લાગી. ત્યાં સુધી ડૅડ કારને ટ્રકના આગળના ભાગ સુધી સહીસલામત લઈ આવ્યા હતા અને પાછળથી બીજી કારના હોર્નનો અવાજ પણ નહોતો આવી રહ્યો. મેં ફટાફટ 'આઇ લવ યુ ટુ પલાક્ષ' મૅસેજ ટાઇપ કર્યો પણ ઈશ્વરે ફરીથી સેન્ડ બટન દબાવવાનો મોકો ન આપ્યો! ટ્રકની ડ્રાઇવર કૅબિનની એક દમ નજીકથી ડૅડે અચાનક લેન બદલી અને એ જ સમયે ત્રીજી લેનમાંથી બીજી એક કારે લેન બદલીને વચલી લેનમાં અમારી કારને ટક્કર મારી. ટક્કર વાગતાંની સાથે જ મારા હાથમાંથી મોબાઇલ છટકી ગયો અને હું દરવાજા સાથે અથડાઈ. બે કાર વચ્ચે થયેલી ટક્કર એટલી જોરદાર હતી કે બંને કારની સ્પીડ ઘટી ગઈ અને ફક્ત એકાદ મીટર પાછળ દોડી રહેલો ટ્રક બંને કાર સાથે ધડાકા સાથે અથડાયો. સભાન અવસ્થામાં હું ફક્ત મૉમની ચીસ સાંભળી શકી અને બીજી કારને હવામાં ફંગોળાતી જોઈ શકી. એના પછી શું થયું... એ કંપાવી નાખે એવી હકીકત મારે જાણવી પણ નથી!



• ૪ •

મારી આંખ ખૂલી ત્યારે હું મારી આજુબાજુ ફક્ત એક નર્સને જોઈ શકતી હતી. તે મારી બાજુમાં ખુરશીમાં બેઠી બેઠી કાગળમાં કોઈ વાતની નોંધ કરી રહી હતી. ધીમે ધીમે મારી ધૂંધળી નજર દૂર થઈ અને મને બધું સાફ દેખાવવા લાગ્યું. હું હૉસ્પિટલના કોઈ એક રૂમમાં હતી. મારા બંને હાથ અને છાતી પર જાતજાતના મેડિકલનાં સાધનો હતાં, જે મારી ડાબી બાજુ મૂકેલા એક કમ્પ્યૂટર સાથે વાયરથી જોડાયેલાં હતાં. મેં મારો હાથ હલાવવાનો પ્રયત્ન કર્યો. મારા બહુ જ ઓછા બળથી મેં મારી બધી આંગળીઓ વાળીને મુઠ્ઠી વાળી, પણ જ્યારે મેં બેડ પર સૂતાં સૂતાં મારા પગને હલાવવાનો પ્રયત્ન કર્યો તો એ જરા પણ ન હલી શક્યા. મારા પગ પર કોઈએ લોખંડના ચારપાંચ બ્લોક મૂકી દીધા હોય તેટલો ભાર મને મહેસૂસ થયો. સુકાઈ ગયેલા ગળામાંથી હું માંડ માંડ ‘નર્સ’ શબ્દ બોલી શકી. મારો અવાજ સાંભળીને નર્સ તેનાં કાગળિયાં બાજુમાં મૂકીને ઊભી થઈ અને ડૉક્ટર ડૉક્ટરની બૂમો પાડવા લાગી. બીજી જ ક્ષણે રૂમનો દરવાજો ખૂલ્યો અને એક સાથે ત્રણ ડૉક્ટર રૂમમાં આવ્યા. નર્સે જેટલી ધૂંઆપૂંઆ થઈને ડૉક્ટરની બૂમો પાડી હતી એટલી જ શાંતિથી ડૉક્ટર્સ મારી પાસે પહોચ્યા.

“નેના... હાઉ આર યુ ફીલિંગ નાઉ?” મારા ડૅડની ઉંમરના એક ડૉક્ટરે મારા કપાળ પર હાથ ફેરવીને મને પૂછ્યું.

“મારો પગ...” મેં ફરીથી પગને હલાવવાનો પ્રયત્ન કર્યો. આ વખતે હું મારા પગને સહેજ હલાવી શકી. પણ એ માપસરની હિલચાલ એવું કશું સાબિત નહોતી કરતી કે મારા પગ મારા આખા શરીરનું વજન ઊંચકી શકશે.

“થઈ જશે બધું... તું ફરીથી પ્રયત્ન કર.” બોલીને ડૉક્ટર મારા પગ પાસે પહોંચ્યા અને મારો જમણો પગ હાથમાં લઈને એને ધીમે ધીમે ઉપર નીચે હલાવવા લાગ્યા. પગને મેન્યુઅલી હિલચાલ કરાવ્યા બાદ મને સહેજ એવું લાગ્યું કે મારા પગમાં જીવ છે. તરત એક બીજા ડૉક્ટરે મારો ડાબો પગ સંભાળી દીધો. મારો જમણો પગ જ્યારે હવામાં હોય ત્યારે ડાબો પગ બેડ પર હોય અને જ્યારે ડાબો પગ હવામાં હોય ત્યારે જમણો પગ બેડ પર. તેઓ પરફેક્ટ ફૉર્મેશનમાં કામ કરી રહ્યા હતા.

“નેના, તું હવે બેડ પર બેસવાનો પ્રયત્ન કર, પછી ધીમેથી જમીન પર ઊભી થા.” ડૉક્ટરે નર્સને મારી મદદ કરવા ઇશારો કર્યો.

નર્સે મને મારી કમર પાસેથી સહારો આપ્યો. નર્સની મદદથી હું બહુ ઓછું જોર કરીને બેઠી થઈ ગઈ. મેં મારા પગ પણ બહુ આસાનીથી જમીન પર મૂક્યાં. પણ હવે મારે પગ પર ઊભા થવા માટે શરીરમાં વધેલી બધી જ શક્તિનો ઉપયોગ કરવાનો હતો. મેં પહેલાં મારા શરીરનો બધો ભાર જમણા પગ તરફ ઢોળ્યો અને પછી ડાબા પગને પણ જમીન સાથે ચોંટાડી દીધો. ધીમે ધીમે નર્સે મારી કમર પાસેથી તેમનો સહારો લઈ લીધો અને હું મારા પગ પર ઊભી થઈ ગઈ.

“નેના, મારું નામ ડૉક્ટર શુભ! તારા પગની ત્રણ સર્જરી મેં જ કરી છે.” ડૉક્ટરે હાથ મિલાવવાની ઑફર વગર પોતાની ઓળખાણ આપી.

“મારા પગને શું થયું હતું?”

“અડધી કારનું વજન તારા પગ પર આવી ગયું હતું. તને કારમાંથી રેસ્કયુ કરવા ફાયર ફાઇટર્સને કલાકોની મહેનત કરવી પડી હતી.” ડૉક્ટર શુભે જણાવ્યું.

“અને... મારા પૅરન્ટ્સ?” મેં અચકાતાં અચકાતાં પૂછ્યું. હું જાણતી હતી કે તેઓ પણ આજ હૉસ્પિટલમાં છે, કાં તો જીવતાં... કાં તો મરેલાં!

“નેના, આટલા મોટા ઍક્સિડન્ટમાં તું બચી ગઈ એ ચમત્કાર જ કહેવાય. કદાચ હજુ સુધી પૃથ્વી પર આવવાનું તારું કારણ તેં પૂરું નહીં કર્યું હોય, પણ બધા લોકો આટલા નસીબદાર નથી હોતા...” હાથ ઊંચો કરીને મેં ડૉક્ટર શુભને બોલતાં અટકાવ્યા, “ડૉક્ટર, મારા મૉમ-ડૅડ જીવે છે કે નહીં?”

"ના!" ડૉક્ટર નીચે જોઈને બોલ્યા.
"અને સ્નોવી?"
"કોણ સ્નોવી?"
"મારું ડોગી!"
"ના, એ પણ તારા મૉમ-ડૅડની સાથે જ."
થોડીક વાર ચૂપ રહ્યા બાદ હું અચાનક ગુસ્સે થઈને ઊંચા અવાજે બોલી, "તમે બધા કેમ હજુ અહીંયા જ ઊભા છો. મારી દુનિયામાં એ ત્રણ લોકો જ હતાં, જેમની મરવાની વાત તમે મને જણાવી ચૂક્યા છો."
ડૉક્ટર શુભ કદાચ મારી હાલની પરિસ્થિતિ સમજી શકતા હતા. મેં ઓગણીસ વર્ષની ઉંમરમાં મારા મૉમ-ડૅડ ગુમાવ્યાં હતાં, એ પણ કાર ઍક્સિડન્ટમાં! ડૉક્ટર શુભે તેમની પડખે ઊભા રહેલા બે ડૉક્ટર્સ અને નર્સને બહાર જવા કહ્યું. તે મારી સાથે ત્યાં જ રોકાયા.
"નેના, ગુસ્સે ના થા. પણ રડી લે." તેઓ મારી સાથે બેડ પર બેઠા.
"રડીને પણ શું ફાયદો?! રડવાનું કારણ પૂછનાર ડૅડ મારી સાથે નથી, આંસુ લૂછનાર મૉમ પણ મને છોડી ગયાં." હું ફ્લૉર પર જોઈ રહી. બોલતી વખતે હું વિચારી રહી હતી કે હિસાબની પાર્ટીમાં જવું એ મારી કેટલી મોટી ભૂલ હતી. જો હું પાર્ટીમાં ગઈ જ ના હોત તો કોઈ ટ્રિપનો પ્લાન બનત જ નહીં અને પછી જે બધું થયું છે એવું કશું થાત જ નહીં.
"મારાં વીસ વર્ષના કરિયરમાં મેં તારા જેવી લાચાર છોકરી પહેલી વાર જોઈ. પણ તું ડરીશ નહીં, હવે ઈશ્વર તને સાચવશે." ડૉક્ટર શુભનો અવાજ ઓગળી રહ્યો હતો. કદાચ એ પણ એ જ વિચારતા હશે કે હવે નેના એની જિંદગીમાં આગળ કરશે શું?
"હજુ પલાક્ષ મારા જીવનમાં બાકી છે." હું તરત બોલી.
"નેના, હું નથી જાણતો કે તારા જીવનમાં પલાક્ષ કોણ છે. પણ પલાક્ષનું નામ બોલતી વખતે તારા ચહેરા પર વીજળી જેવો એક ચમકારો જોઈને હું તને એ જ સલાહ આપીશ કે ભલે પલાક્ષ તારાથી દૂર થાય પણ તું એનાથી દૂર ન થતી."
"હા, ડૉક્ટર! પણ મને પેલી બીજી કારમાં બેઠેલા લોકો વિષે જાણવું છે, જેની સાથે અમારા કારની ટક્કર થઈ હતી." મેં ડૉક્ટર શુભ સાથે નજર મિલાવી.
"એ કારમાં બેઠેલી ત્રણ વ્યક્તિમાંથી એક વ્યક્તિ બચી ગઈ છે."
"શું હું તેને જોઈ શકું?"
"તું એને નહીં જોઈ શકે, નેના!"
"કેમ?"
"એ બસ હવે એક હાડપિંજર છે."
"જીવે છે?"
"જીવે તો છે, પણ મગજ અને આંખો સિવાય શરીરના બધા ભાગ નક્કામાં થઈ ગયાં છે. કોઈ હલનચલન નહીં, કોઈ બોલચાલ નહીં, બસ વ્હીલ ચેર પર બેઠેલું એક પૂતળું!"
"ડૉક્ટર, આ ઍક્સિડન્ટ મારા ડૅડના કારણે થયો હતો. એ દારૂના નશામાં કાર ચલાવી રહ્યા હતા એટલે મારી ફરજ બને છે કે હું તે વ્હીલ ચેર પર બેઠેલા માણસને જોઉં, ભલે તેની સેવા ના કરું!"
ડૉક્ટર શુભ થોડીક વાર ચૂપ રહ્યા, પછી ઊંડો શ્વાસ લઈને બોલ્યા, "તો ચાલ, તને ઈશ્વરનો બીજો ચમત્કાર પણ બતાવી દઉં."
હું મારા ખુદના દમ પર ઊભી થઈ અને ધીમે ધીમે ડૉક્ટર શુભની પાછળ ચાલવા લાગી. મને જાણ નહોતી કે જ્યારે ડૉક્ટર શુભ અટકશે ત્યારે મારી સામે વ્હીલ ચેર પર કઈ વ્યક્તિ હશે. બીજી બાજુ, હું એ વાતથી પણ અજાણ થવા નહોતી માંગતી કે તે વ્યક્તિને વ્હીલ ચેર પર પહોંચાડનારા મારા ડૅડ જ

હતા!

"નેના, આ બાજુ!" ડૉક્ટર શુભ એક રૂમના કાચના દરવાજા તરફ જોઈને બોલ્યા અને તે અટકી ગયા. હું તેમની આગળ વધી અને કાચના દરવાજામાંથી રૂમની અંદર જોયું. રૂમમાં મને ફક્ત બે નર્સો અને વ્હીલ ચેરનો નાનકડો ભાગ જ દેખાઈ રહ્યો હતો. તે નર્સો વ્હીલ ચેરને ઢાંકીને ઊભી હતી. તેઓ જ્યાં સુધી વ્હીલ ચેરની આગળથી ખસે નહીં ત્યાં સુધી હું મારા તૂટું તૂટું થઈ રહેલા પગ પર ઊભી રહી. પાંચેક મિનિટ પછી જ્યારે તે નર્સોએ મારી અને તે વ્હીલ ચેર વચ્ચેનો રસ્તો સાફ કર્યો ત્યારે વ્હીલ ચેરમાં મેં હિસાબને બેઠેલો જોયો. હું તરત જ એક ઝટકા સાથે દરવાજાથી દૂર થઈ ગઈ. મને હજુ વિશ્વાસ નહોતો થઈ રહ્યો કે અત્યારે દુનિયાના માર્ગો પર દોડી રહેલી એક બિલિયન કારમાંથી હિસાબની કાર સાથે જ અમારો ઍક્સિડન્ટ થયો હતો.

હું કશું સમજી નહોતી રહી. મેં ફરીથી એકવાર કાચના દરવાજામાંથી જોયું અને ફરીથી મેં એક જ ક્ષણમાં નજર પાછી ખેંચી લીધી. હિસાબને વ્હીલ ચેર પર આવી નિસહાય હાલતમાં જોવા મારી આંખો તૈયાર જ નહોતી. વ્હીલ ચેરમાં કંઈ હલનચલન કર્યા વગર પૂતળાની જેમ બેસી રહેલા હિસાબની હાલત એટલી હદે દયનીય હતી કે મને પણ એના પર દયા આવી ગઈ. બે કાર અને ટ્રક વચ્ચેના અકસ્માતનું સૌથી ખરાબ પરિણામ હિસાબે ચૂકવ્યું હતું, મારા અને તેના પૅરન્ટ્સ તો અકસ્માતના લીધે એક-બે મિનિટની પીડા વેઠીને મૃત્યુ પામ્યાં હતાં, પણ હિસાબની આખી જિંદગી હવે કરુણા અને વેદનાના નામે થઈ ગઈ હતી.

"ડૉક્ટર, સાજા થવાના કેટલા ચાન્સ છે?" પૂછતી વખતે મારા દિમાગમાં હિસાબની વ્હીલ ચેર પર બેઠેલી તસ્વીર જ ઘુમરાઈ રહી હતી. આ ઈશ્વરનો બદલો હતો કે નફ્ફટાઈ?!

"કંઈ કહેવાય નહીં, નેના!" ડૉક્ટર શુભે તેમના વાઇટ કોટમાં હાથ નાખ્યા, "જો ટ્રીટમૅન્ટની સાથે સાથે કોઈ ખાસ વ્યક્તિની હૂંફ પણ મળે તો આ માણસ મહિનામાં પણ સાજો થઈ શકે છે."

હું ત્રીજી વાર દરવાજા પાસે ગઈ અને મોઢેથી શ્વાસ અંદર લઈને મેં કાચમાંથી રૂમમાં જોયું. હિસાબ સામે સળંગ એકાદ મિનિટ સુધી જોઈ રહેવા માટે મેં કોઈ વીસ-ત્રીસ બૉટલ એનર્જી ડ્રિંક જેટલી હિંમત ઝુટાવી હતી. તેના આખા શરીરને ઢાંકે એવું એક પાતળું કપડું તેને પહેરાવેલું હતું. ચહેરા પર માથાથી લઈને દાઢી સુધી પાટો હતો. બધી જ આંગળીઓ સીધી રેખામાં કડક થઈ ગઈ હતી. ભલે ડૉક્ટરે મને જણાવ્યું હતું કે હિસાબની આંખોને કશી ઈજા નથી પહોંચી પણ મને તેની આંખો ખૂબ જ ઝીણી થઈ ગયેલી દેખાઈ રહી હતી. આંખોની ઉપરનાં ભવાંઓમાં અને માથામાં જૂજ વાળ બચ્યા હતા. કદાચ ટ્રીટમૅન્ટ કરવા ડૉક્ટરે એ બધા વાળ કાઢી નાખ્યા હશે. હિસાબની આવી હાલત જોઈને મને એવું લાગી રહ્યું હતું કે જાણે આખી દુનિયાના પરમાણુ હથિયારો હિસાબ પર જ વાપરી દેવામાં આવ્યા હોય!

"ડૉક્ટર, હું હિસાબને સાચવીશ! આખરે એ ઍક્સિડન્ટ મારા ડૅડના લીધે જ થયો હતો." હું બોલી. છેલ્લો કેટલોક સમય મેં મારી જિંદગીના સૌથી અઘરો નિર્ણય લેવામાં વેડફ્યો હતો. મારા ડૅડની ભૂલનું મેં પ્રાયશ્ચિત્ત કરવાનું નક્કી કર્યું હતું. હવેથી મારે એ માણસની વ્હીલ ચેર મારા હાથમાં પકડવાની હતી જે માણસને જોઈને મને ચીડ ચઢે છે.

"વેલ ડન, નેના! જો તું હિસાબને સાથે લઈ જવા તૈયાર હોય તો અમે તેને હમણાં જ ડિસ્ચાર્જ કરવાની કાર્યવાહી શરૂ કરી દઈએ."

મેં હકારમાં માથું ધુણાવ્યું.

તરત ડૉક્ટર શુભ તેમની કૅબિન તરફ ફર્યા, પણ એકાદ બે ડગલાં ભરીને તે મારી તરફ ફર્યા અને પૂછ્યું, "બાય ધ વે, તું હિસાબને કેવી રીતે ઓળખે છે?"

મેં હસતાં ચહેરે જવાબ આપ્યો, "મારો એ સૌથી મોટો દુશ્મન છે!"



• 9 •

"શું તું હિસાબને સાચવી શકીશ?" એમ્બ્યુલન્સમાં અમે હિસાબના બંગલા તરફ જઈ રહ્યાં હતાં ત્યારે ડૉક્ટર શુભે પૂછ્યું.

હું મારા વિચારોમાંથી બહાર આવી અને બોલી, "મારાં મૉમ કહેતાં હતાં કે એક સ્ત્રીનો જન્મ હંમેશાં એક પુરુષને સાચવવા જ થાય છે."

"પણ તું હજુ સ્ત્રી નથી, યુ આર અ ગર્લ!"

"જે ગર્લ પાસે પોતાનાં પૅરન્ટ્સ નથી, તે એક સ્ત્રી જ છે."

મારી દલીલ સાંભળીને ડૉક્ટર શુભ ચૂપ થઈ ગયા. કદાચ તેમણે મારી જેમ નાની ઉંમરમાં તેમના પૅરન્ટ્સને નહીં ગુમાવ્યા હોય!

હિસાબના બંગલામાં એમ્બ્યુલન્સ ઊભી રહી ત્યારે હું સૌથી પહેલાં નીચે ઊતરી. મારી પાછળ પાછળ ડૉક્ટર શુભ પણ નીચે ઊતર્યા. બીજા બે-ત્રણ ડૉક્ટરોએ સાથે મળીને બહુ સાવચેતીથી હિસાબને તેની વ્હીલ ચેર સાથે જમીન પર મૂક્યો.

"તો નેના, અહીંયાથી તારી જવાબદારી શરૂ થાય છે. બેસ્ટ ઑફ લક!" ડૉક્ટર શુભ તેમનો હાથ વ્હીલ ચેર તરફ ચીંધીને બોલ્યા, જાણે તેઓ મને વ્હીલ ચેર પકડવા આમંત્રણ આપી રહ્યા હોય!

"હા, ડૉક્ટર!" બોલીને મેં ધીમે ધીમે વ્હીલ ચેર તરફ પગ માંડ્યા. અત્યારે મારામાં તિરસ્કાર અને દયાની ભાવનાનું મિશ્રણ હતું. હું હજુ મારા રેગિંગના એકેય અનુભવ નહોતી ભૂલી. હિસાબે મને જેટલો માનસિક ત્રાસ આપ્યો હતો તેની સામે હિસાબના દુઃખની કંઈ સરખામણી નહોતી. પણ મારા દિમાગમાં ડૅડની હીરો જેવી છબી બરકરાર રાખવા માટે મારે હિસાબની વ્હીલ ચેરના હેન્ડલ પકડીને તેને ધક્કો મારવો જ પડ્યો. વ્હીલ ચેરને અડતાંની સાથે જ મારામાં તિરસ્કાર અને દયાની લાગણીની સાથે સાથે શરમની લાગણી પણ જન્મી. હું એ માણસને સહારો કેવી રીતે આપી શકું જેણે મારા ફોટાઓ કૉલેજની દીવાલો પર લગાવ્યા હતા, મને કૅન્ટીનમાં લોકોની વચ્ચે ટેબલ પર ડાન્સ કરવા મજબૂર કરી હતી અને મને બ્લેકમેઇલ પણ કરી હતી! ખરેખર કિસ્મતે મને એવી રીતે પછાડી હતી કે હું જમીન પર સરકી પણ નહોતી શકતી અને પગ પર ઊભા થઈને ચાલી પણ નહોતી શકતી!

વ્હીલ ચેરને હાથથી ધક્કો મારીને હું હિસાબને બંગલાના દરવાજા પાસે લઈ ગઈ. મેં મારા ધ્રૂજી રહેલા હાથે ડોરબેલ વગાડ્યો. તરત એક આડેધ વયની વ્યક્તિએ દરવાજો ખોલ્યો. તેના પહેરવેશ પરથી તે પુરુષ ઘરનો નોકર લાગતો હતો. તે પુરુષ હિસાબની વ્હીલ ચેર આગળ ઢીંચણ પર બેસીને જોર જોરથી રડવા લાગ્યો. મેં પહેલી વાર કોઈ પુરુષને રડતો જોયો હતો એટલે હું ડરીને થોડીક પાછળ ખસી, "અંકલ, તમે શાંત થઈ જાઓ."

"તું કોણ છે છોકરી?" રડતી આંખે મારી તરફ ઊંચું જોઈને તેણે પૂછ્યું.

"હિસાબની કૉલેજ ફ્રેન્ડ. હવેથી હિસાબની સંભાળ હું જ લઈશ." મેં કહ્યું.

"મારું નામ ઘનશ્યામ!" તે ઊભા થયા અને તેમણે આંસુ લૂછ્યા, "વર્ષોથી આ બંગલામાં કામ કરું છું."

સહેજ શાંત પડેલા ઘનશ્યામ અંકલને જોઈને મારામાં હિમ્મત પાછી આવી, તેથી હું તેમની નજીક ગઈ, "હું તમારી સાથે આ ઘરમાં રહું તો તમને કોઈ વાંધો નથી ને? હિસાબનું ધ્યાન આપણે બંને રાખીશું."

"ના દીકરી, મને શું વાંધો હોય?! એમ પણ હવે આ મોટા બંગલામાં હિસાબ અને મારા સિવાય છે કોણ! તું સાથે હોઈશ તો મને સારું લાગશે." ઘનશ્યામ અંકલ પ્રેમાળ અવાજે બોલ્યા.

મેં ફરીથી હિસાબની વ્હીલ ચેર સંભાળી દીધી અને ઘનશ્યામ અંકલ સાથે ડ્રૉઇંગરૂમમાં પ્રવેશ લીધો. હિસાબના બંગલાનો ડ્રૉઇંગરૂમ જાણે કોઈ ફાઇવ સ્ટાર હોટલના બધા રૂમો સાથે સરખામણી કરવા

બનાવાયો હોય તેવો આલીશાન હતો. ફ્લૉરની સાથે સાથે દીવાલના કેટલાક ભાગો પર પણ આરસપહાણ લગાવવામાં આવ્યા હતા. ચૉકલેટ રંગની દીવાલ પર મોટું ટીવી લટકતું હતું. હું ડ્રૉઇંગરૂમમાં વધુ અંદર વધી અને મેં ડોક ઊંચી કરીને મારા માથા પર એક મોટું ઝુમ્મર ઝૂલતું જોયું. રંગબેરંગી નાના કાચના ટુકડાઓથી બનેલું એ ઝુમ્મર મને રાજમહેલ જેવી પ્રતીતિ કરાવી રહ્યું હતું. મન અને નજર બંનેને સૌથી વધુ ગમે એવી વસ્તુ તો તાજા અને સુગંધિત ફૂલોથી ભરેલી ફૂલદાનીઓ હતી, જે રૂમના દરેક ખૂણામાં અને રૂમની બારીઓની ધાર પર મૂકેલી હતી.

"દીકરી?" ઘનશ્યામ અંકલના અવાજે મારું ધ્યાન તોડી નાખ્યું, "તારું નામ શું?"

"મારું નામ? હં....? નેના!" કોઈ ખ્વાબમાંથી હું સફાળા જાગી હોઉં તેમ મેં જવાબ આપ્યો.

"તો નેના, તું તારાં મમ્મી-પપ્પાને છોડીને હિસાબની સંભાળ લેવા આવી?" ઘનશ્યામ અંકલે ખૂબ નિર્દોષભાવે પૂછ્યું. જવાબ આપવાને બદલે હું તેમની આંખોમાં જોઈ રહી. તેઓ ખૂબ શાંત અને સરળ સ્વભાવનાં જણાઈ રહ્યા હતા. એકાદ ક્ષણ માટે મારા મગજમાં પ્રશ્ન જન્મ્યો કે શું હું ઘનશ્યામ અંકલને ડૅડ કહીને ના બોલાવી શકું!?

"અંકલ, હું એ જ કારમાં મારાં મૉમ-ડૅડ સાથે બેઠી હતી જે કારની હિસાબની કાર સાથે ટક્કર થઈ હતી." મેં એ આશા સાથે હકીકત જણાવી કે મારી વાત સાંભળીને ઘનશ્યામ અંકલ ફરીથી ન રડી પડે.

"ના હોય!" ઘનશ્યામ અંકલ ઝટકા સાથે સોફા પર પટકાયા, "ઈશ્વર આટલો બધો નિષ્ઠુર ક્યારથી થઈ ગયો!? એક સાથે બે બે જુવાનજોધ છોકરાઓના શિરેથી માબાપનો છાંયો છીનવી લીધો."

હું ઘનશ્યામ અંકલને શાંત પાડવા તેમની બાજુમાં બેઠી, "અંકલ, તમે દુઃખી ના થાઓ. આપણે બે સાથે મળીને હિસાબને સાજો કરી દઈશું, જ્યાં સુધી મારો સવાલ છે, તો હું ગમે તેમ કરીને મારી જિંદગી વિતાવી દઈશ."

"એવું ના બોલ, નેના! જિંદગી વિતાવવા માટે નહીં, જીવવા માટે મળી છે. તું તારી કૉલેજ ચાલુ રાખજે. સારું ભણીને તું પણ આવા બંગલામાં રહેજે." ઘનશ્યામ અંકલ તેમની ભીની થયેલી આંખોથી મારી સામે જોઈ રહ્યા. ત્યારે દુઃખી તો હું પણ બહુ હતી પણ મેં મારા આંસુ આજ સવારથી રોકી રાખ્યાં હતાં. ઘનશ્યામ અંકલની થોડીક હૂંફ મેળવીને મને રડવાની ઇચ્છા તો થઈ, પણ હું ના રડી શકી. કદાચ, હું સ્વીકારી જ નહોતી રહી કે મેં ઍક્સિડન્ટમાં મારા પૅરન્ટ્સ અને સ્નોવીને ખોઈ ચૂક્યા છે.

"તમે બિલકુલ મારા ડૅડની જેમ વાતો કરો છો." હું હસીને બોલી.

"તો તું મને ડૅડ કહીને જ બોલાય, ઘનશ્યામ ડૅડ કહીને!" તેઓ તરત બોલ્યા.

હું કંઈ બોલ્યા વગર ઘનશ્યામ ડૅડને ભેટી પડી. તેમની છાતી પર માથું ટેકવીને મને એવું લાગ્યું કે તેમના હૃદયના ધબકારા મને મારા બધા દુઃખો વેઠવાની શક્તિ આપી રહ્યા છે અને જાણે મને કહી રહ્યા હોય કે મારા મરી ચૂકેલા ડૅડ ઘનશ્યામ અંકલના ધબકારમાં જ રહે છે.

"નેના, તું હવે થોડો આરામ કરી દે." મને તેમની છાતીથી દૂર કરતાં ઘનશ્યામ ડૅડ બોલ્યા.

"ના, પહેલાં મારે બહાર જવું છે."

"ક્યાં?"

"બસ બે-ત્રણ કલાકમાં આવી જઈશ." મેં તેમને ખાતરી આપી.

"સારું, તું જા! હું હિસાબનું ધ્યાન રાખીશ."

ડૉક્ટરે આપેલી બધી જ સૂચના મેં ઘનશ્યામ ડૅડને આપી. હિસાબને કેવો પ્રવાહી ખોરાક ખવડાવવો, કેટલા સમયે હિસાબને પાણી પીવડાવવું, હિસાબ સામે હસતાં ચહેરે બેસીને તેની સાથે શું શું વાતો કરવી, તેની આંખોના ઇશારા કેવી રીતે સમજવા, એ બધું જ!

ચહેરા પર પાણીની છાલક મારીને હું ડ્રૉઇંગરૂમના દરવાજા તરફ આગળ વધી. પણ હું તે દરવાજો પાર કરું એ પહેલા ઘનશ્યામ ડૅડે પૂછ્યું, "તારી પાસે કોઈ મોબાઇલ કે એવું કંઈક છે?"

"એ શોધવા માટે જ જઉં છું." કહીને હું નીકળી ગઈ.

અડધા એક કલાક પછી હું હાઇવેના એ ભાગ પર પહોંચી જ્યાં રોડ પર ટાયરની છાપ પડેલી હતી. મેં હાઇવેની કિનારી પર ઊભા રહીને ચારેય બાજુ નજર નાખી તો મને રસ્તાની નીચે બે કારના પતરાં દેખાયાં. હું તરત માટી પથ્થરોથી બનેલો એક નાનો ઢાળ ઊતરીને તે કાટમાળ નજીક પહોંચી. બંને કારની હાલત નજીકથી જોઈને મને ઍક્સિડન્ટની ગંભીરતાં સમજાઈ. બેમાંથી એકેય કારનો એક પણ એવો હિસ્સો નહોતો જે સહીસલામત હોય. કારના એન્જિનથી લઈને કારની સીટ, ડેકી, રૂફ બધું જ વેરવિખેર પડ્યું હતું. હું વધારે તો ત્યારે ડરી ગઈ જ્યારે મેં કારના વળી ગયેલા પતરાઓ પર લોહીના ધબ્બા જોયા. મારા મગજમાં સતત એક જ વાત ચાલ્યા કરતી હતી. આવા કમકમાટીભર્યા ઍક્સિડન્ટ પછી પણ હું કેવી રીતે બચી શકી?! મારાથી સો ગણું મજબૂત કારનું એલ્યુમિનિયમ પણ વચમાંથી કપાઈ ગયું છે, તો પછી મને કેમ પગ સિવાય બીજે ક્યાંય ઈજા ન પહોંચી?! શું છે એ કારણ?!

એક-બે પતરાને હટાવીને મારો હાથ કારથી છૂટા પડી ગયેલા ડેશબોર્ડ પર પહોંચ્યો. માંડ માંડ મેં તે ડેશબોર્ડનું સ્ટોરેજ કંપાર્ટમેન્ટ ખોલ્યું અને તેમાંથી મારી ડાયરી કાઢી. ઇચ્છા તો થતી હતી કે ત્યાં ઊભા ઊભા જ હું મારી જિંદગીનો એ વળાંક ડાયરીમાં લખી દઉં, પણ ભરબપોરે સૂમસામ હાઇવેના કિનારે એકલાં ઊભા રહીને હું રડવા નહોતી માંગતી. ઝાડ નીચે છાયામાં હું એક પથ્થર પર બેઠી અને મારી ડાયરીમાં મેં લખેલા મારા મોજશોખના દિવસો વાંચવા લાગી. હું જ્યારે સ્કૂલ લાઇફમાં એકલવાયું જીવન ગુજારતી હતી ત્યારે મને એમ થતું હતું કે કેમ મારે જ કોઈ મિત્રો નથી, કેમ હું આમ રૂમમાં પુરાઈ રહું છું. જ્યારે કૉલેજમાં મેં પહેલી વાર પગ મૂક્યો ત્યારે સ્કૂલ લાઇફમાં કરેલી ભૂલોને સુધારવાનું નક્કી કર્યું હતું. મેં એ ભૂલો સુધારી ખરી, પણ તે ભૂલો સુધારવી એ જ મારી ભૂલ હતી. પલાક્ષને દોસ્ત બનાવ્યા પછી મારા જીવનમાં બહુ નાના મોટા વળાંકો આવ્યા, પણ એક વળાંક એવો આવ્યો જેણે મારી આખી મંજિલ જ બદલી નાખી. મારે ફરીથી એકલતામાં જીવવું હતું, ફરીથી એક રૂમમાં પુરાઈ જવું હતું, આ શહેર છોડીને દૂર ચાલ્યા જવું હતું. પણ હું પલાક્ષને અંધારામાં રાખીને અને હિસાબને વ્હીલ ચેર પર ખુદના હવાલે છોડીને ગમે તેટલી દૂર જાત, તો પણ હું મારો ખોવાઈ ગયેલો મસ્તીખોર સ્વભાવ પાછો ન મેળવી શકત. મને સતત એક જ વાત ડંખ્યા કરત કે મારા ડૅડે મને તો દુ:ખી કરી જ પણ મારી સાથે સાથે હિસાબ અને પલાક્ષને પણ દુ:ખી કર્યા.

હજુય પગમાં થોડુંક દુ:ખતું હોવાથી હું ઝાડના થડનો સહારો લઈને ઊભી થઈ અને મારો ખોવાયેલો ફોન મળી જાય એ આશા સાથે આમતેમ ફાંફાં મારવા લાગી. બધાં ઝાડીઝાંખરામાં મેં જોઈ લીધું પણ ક્યાંય મારો ફોન ન દેખાયો. વધારે તપાસ માટે કદાચ પોલીસ મારા ફોનને જબ્બે કરી ગઈ હશે, એવું વિચારીને હું હાઇવે પર પાછી આવી. મને હિસાબના બંગલે સહીસલામત પહોંચાડે એવા કોઈ વ્હિકલની જ્યારે હું રાહ જોઈ રહી હતી ત્યારે અચાનક મારી નજર રોડ સાથે ચોંટી ગયેલા કેટલાક સફેદ વાળ પર પડી. એને સ્પર્શ કર્યા વગર જ હું ઓળખી ગઈ કે તે વાળ સ્નોવીના છે. જ્યારે હિસાબની કાર સાથે અમારી કારની પહેલી ટક્કર લાગી હતી ત્યારે મારા હાથમાંથી મોબાઇલની સાથે સાથે સ્નોવી પણ છૂટી ગઈ હતી. સ્નોવીના મોત પાછળ જવાબદાર ડૅડ નહીં, હું હતી. જો સ્નોવીને મેં વધુ મજબૂતાઈથી પકડી રાખી હોત તો કદાચ આજે સ્નોવી મારી પાસે હોત અને હું ગર્વથી કહી શકત કે હજુ મારી પાસે જીવતાં રહેવાનું એક કારણ છે!

* * *

સાંજે અંધારું થાય તે પહેલાં હું હિસાબના બંગલે પાછી પહોંચી ગઈ. રસ્તામાંથી મેં હિસાબ માટે થોડીક વધારાની દવાઓ અને મુલાયમ કપડાં ખરીદી લીધાં હતાં.

હું ડ્રૉઇંગરૂમમાં પ્રવેશી ત્યારે મેં ઘનશ્યામ ડૅડને હિસાબ પાસે ફ્લૉર પર બેઠેલા જોયા. તે હિસાબ સાથે કંઈક વાતો કરી રહ્યા હતા. દૂરથી તેમની વાતો મને નહોતી સંભળાતી એટલે હું તેમની નજીક ગઈ. તેઓ હિસાબને કહી રહ્યા હતા, "તારા માટે નેના એની જિંદગી બગાડે છે. સાજો થઈને એને તું

સાચવજે."

"ડૅડ, એના જવાબની રાહ ના જુઓ. એ કંઈ જ નહીં બોલે." હું ઘનશ્યામ ડૅડની પાછળથી બોલી. તેઓ મારો અવાજ સાંભળીને તરત મારી તરફ ફર્યા અને ઊભા થયા, "તું ક્યારે આવી બેટા?"

"જ્યારે તમે હિસાબને મારી સિફારિશ કરતા હતા." હું કપડાં અને દવાની થેલી ઘનશ્યામ ડૅડને આપતાં બોલી.

"સાચું કહું છું, નેના!" તેઓ દુઃખી થઈ ગયાં, "તારા મૉમ-ડૅડ ઘણાં મહાન હશે કે જેમણે તારા જેવી દીકરીને જન્મ આપ્યો."

"હા, બધા લોકો એવું જ કહે છે. પણ મને એ વાત નથી સમજાતી કે જો મારા મૉમ-ડૅડ મહાન હતાં તો પછી હું મહાન કેમ નથી." વાતાવરણને હળવું કરવા મેં મજાક કરી.

ઘનશ્યામ ડૅડ હસી પડ્યા. ટુકડામાં વહેંચાયેલું તેમનું હાસ્ય પણ મારા ડૅડ જેવું જ હતું.

"તારી મહાનતા ત્યારે જ સ્પષ્ટ થઈ ગઈ હતી જ્યારે તેં તારી જરૂરિયાતોને ઠુકરાવીને હિસાબની જરૂરિયાતો પૂરી કરવાનું નક્કી કર્યું." ઘનશ્યામ ડૅડ મારી સામે એવી રીતે જોઈ રહ્યા હતા, જાણે તે હમણાં જ મને કોઈ ઍવૉર્ડ આપી દેવાના હોય!

મેં હિસાબ સામે જોયું. તે તેની આંખ પટપટાવી રહ્યો હતો. ડૉક્ટર શુભે મને જણાવ્યું હતું કે હિસાબ તેની વાત આંખથી રજૂ કરશે, પણ હું તેની આંખ પટપટાવાનો શું મતલબ કાઢી શકું?!

મેં તરત ઘનશ્યામ ડૅડને પૂછ્યું, "હિસાબ શું માંગે છે?"

"કદાચ ભૂખ લાગી હશે." તેમણે અનુમાન લગાવ્યું.

"તો ચાલો, કિચન કંઈ બાજુ છે?"

"આ બાજુ!" કહીને ઘનશ્યામ ડૅડ ચાલવા લાગ્યા. હું પણ હિસાબની વ્હીલ ચેરને પૈડાં પર ધીમે ધીમે ગબડાવતી ગબડાવતી તેમની પાછળ ચાલવા લાગી.

હિસાબની વ્હીલ ચેરને મેં કિચનમાં એવી જગ્યાએ ગોઠવી જ્યાંથી કિચનમાં કામ કરતી વખતે મારી નજર એક પળ માટે પણ હિસાબ પરથી ખસે નહીં. મારાં મૉમ-ડૅડની વાતો કરતાં કરતાં મેં અને ઘનશ્યામ ડૅડે દસ જ મિનિટમાં ડિનર માટે હળવો ખોરાક બનાવી દીધો.

"તો નેના, હવે હું મારા ઘરે જઉં." વૉશબેઝિનમાં હાથ ધોઈ રહેલા ઘનશ્યામ ડૅડ બોલ્યા.

"કેમ?" મારાથી પુછાઈ ગયું. હું આખી રાત માટે ઘનશ્યામ ડૅડની ગેરહાજરી વિચારીને ડરી ગઈ હતી. હિસાબને રાતે જો કંઈ થઈ ગયું તો મારે તેને એકલા હાથે હૉસ્પિટલ કેવી રીતે પહોંચાડવો?!

"મારાં વાઇફ અને મારા દીકરા પાસે." તેમણે જવાબ આપ્યો.

હું તરત ધીમી પડી અને નીચું માથું રાખીને ઊભી રહી, "હા, જાઓ! તમારે તો ફૅમિલી છે, મારા જેવું થોડું છે?!"

"દીકરી, દુઃખી ના થા." ઘનશ્યામ ડૅડ મારી નજીક આવ્યા અને મારા માથામાં પ્રેમથી હાથ ફેરવ્યો, "હું કાલે સવારે વહેલો આવી જઈશ."

તેમની સામે જોયા વગર મેં હકારમાં માથું ધુણાવ્યું.

તેમના ગયા પછી આટલા મોટા બંગલામાં હું અને હિસાબ એકલાં હતાં. પણ એ વાતની મને રાહત હતી કે હિસાબ વ્હીલ ચેર પર હતો, જો તે સહીસલામત હોત તો તે અહીંયા પણ મારું રેગિંગ કરી નાખત!

હું હિસાબની સામે મારા ઢીંચણ પર બેઠી અને તેનો હાથ હાથમાં લઈને બોલી, "તો ડિનર માટે આપણે કઈ બાજુ જઈએ?"

જવાબમાં હિસાબે તેની આંખની કીકી ડાબી બાજુ ફેરવી.

મેં મારી ડાબી તરફ જોયું. ત્યાં એક રૂમનો દરવાજો હતો. હું તરત ઊભી થઈ અને હિસાબ માટે મેં બનાવેલા ડિનરને પ્રવાહીમાં ફેરવી દીધું. એક હાથમાં ડીશ પકડીને અને બીજા હાથમાં વ્હીલ ચેરનું

હૅન્ડલ પકડીને હિસાબ સાથે વાતો કરતી કરતી હું તે રૂમ તરફ ચાલી, "હિસાબ, તું ભલે કોઈ હિલચાલ નથી દર્શાવી રહ્યો કે બોલી નથી રહ્યો પણ તું કદાચ જોઈ શકતો હોઈશ કે તારા ખરાબ સમયમાં હું જ તારી સેવા કરું છું, જેનું તેં કેટલીય વાર રેગિંગ કર્યું છે. પણ જ્યારે તું સાજો થઈ જાય ત્યારે મહેરબાની કરીને મારું રેગિંગ ના કરતો. મારા ડૅડ તો એ વાત જાણ્યા વગર જ ગુજરી ગયા કે તેમના બૉસનો છોકરો જ મારું રેગિંગ કરી રહ્યો હતો." હું વ્હીલ ચેરની પાછળ હતી એટલે ન જોઈ શકી કે મારી વાતના જવાબમાં હિસાબે તેની આંખોથી શું કહેવાનો પ્રયત્ન કર્યો.

રૂમમાં પ્રવેશ લેતાં જ મને આલીશાન બેડ જોવા મળ્યો. રૂંછાદાર બેડશીટ જોઈને મને સ્નોવીના સુંવાળા વાળ યાદ આવી ગયા. એ વાત જરાક વિચિત્ર છે કે એક માણસ કરતાં એક મૂંગું પ્રાણી આપણા હૃદયમાં ચીસ પાડી જતું હોય છે! બેડની ઉપર દીવાલ પર એક ખૂબ મોટો ફોટો ડાયમંડથી જડેલી ફ્રેમમાં મઢેલો હતો. તે ફોટામાં હાજર દરેક વ્યક્તિને હું ઓળખતી હતી. હિસાબના ડૅડ ખુરશીમાં બેઠા હતા. હિસાબના મૉમ અને હિસાબ તેમના ખભા પર પોતાની કોણી ટેકવીને ઊભાં હતાં. ફોટામાં ત્રણેયના ચહેરા પર જે મુસ્કાન હતી તે ઍક્સિડન્ટ પછીની ચીસો સાથે ભૂંસાઈ ગઈ હતી. એ કેવી મજાની વાત છે કે ફોટામાં ચહેરા હોય છે પણ ચહેરા પર ફોટા નહીં! જો ચહેરા પર ફોટા હોત તો કમસેકમ કોઈની મુસ્કાન ભૂંસાઈ તો ન જાત!

હું એક ખુરશી લઈને હિસાબની સામે બેઠી. મારા પગે ત્રણ ત્રણ સર્જરી સહન કરી હતી, તેથી હું વારેવારે પગને પલાઠી માટે વાળીને બીજી કોઈ ઉપાધીને આમંત્રણ આપવા નહોતી માંગતી. મેં એક નેપકીન મારા ખોળામાં મૂક્યો અને બીજો નેપકીન હિસાબના ખોળામાં મૂક્યો. હું પ્રવાહી ખીચડીની પહેલી ચમચી હિસાબના હોઠ પાસે લઈ ગઈ, પણ તેણે તેનું મોં ખોલ્યું નહીં. કદાચ તેણે મોં ખોલવાનો પ્રયત્ન તો કર્યો હશે પણ તે ખોલી નહોતો શક્યો.

"કમ ઓન, હિસાબ! ફક્ત આ ચમચી જાય એટલું જ મોઢું ખોલ." મેં ચમચીને તેના હોઠ સાથે અડાડી. ધીમે ધીમે પ્રવાહી ખીચડીથી ભરેલી ચમચી તેના ભીના હોઠોમાં સરકી એટલે મેં ચમચીને પાછળથી ઊંચી કરીને ખીચડી તેના મોઢામાં રેડી દીધી, "વેલ ડન! બીજી એક વાર!"

નેપકીનથી મેં હિસાબના ખરડાયેલા હોઠ સાફ કર્યા અને બીજી ચમચી ખીચડીથી ભરી તેના મોંમાં રેડી. તેની આંખો પરથી મને દેખાઈ આવતું હતું કે પેટમાં કંઈ ખોરાક જવાથી તેને રાહત મળી રહી હતી.

"હિસાબ, હું પણ તારી ખીચડીમાંથી ખાઉં ને? આ જો...." કહીને મેં પણ પ્રવાહી ખીચડીથી ભરેલી ચમચી ચાટી. હું કોઈ પણ રીતે હિસાબને એવું મહેસૂસ કરાવવા નહોતી માંગતી કે તેની સામે ઊભેલી વ્યક્તિ તેના કરતાં ચઢિયાતી છે. હિસાબ જે ખાય છે તે ખાવા હું તૈયાર હતી, તે જેવાં કપડાં પહેરે છે તેવાં કપડાં પહેરવા પણ હું તૈયાર હતી. ડૉક્ટર શુભે મને જણાવ્યું હતું કે હિસાબને મેડિકલ ટ્રીટમૅન્ટની સાથે ઇમોશનલ ટ્રીટમૅન્ટ આપવી પણ જરૂરી છે, તેને સતત એ વાતની પ્રતીતિ કરાવવી જરૂરી હતી કે તે બીજા બધા લોકોની જેમ જ તંદુરસ્ત છે.

હિસાબને કેટલી ખીચડી ખવડાવી એનો મેં જાતે જ અંદાજ લગાવ્યો. ચમચીથી તેને પાણી પીવડાવતાં હું બોલી, "હું બસ આ ડીશ કિચનમાં મૂકીને આવું."

મેં કિચનમાં પહોંચીને ડીશ ધોવામાં સમય ન વેડફ્યો. દોડીને તરત જ હું હિસાબ સામે ફરીથી હાજર થઈ ગઈ અને એની સામે એ જ ખુરશીમાં બેઠી.

"શીટ! હજુ તો સાત જ વાગે છે." મેં જાણીજોઈને ખુરશીની ધાર સાથે મારો હાથ પછાડ્યો, "હવે આપણે કેવી રીતે સમય પસાર કરીશું?"

હિસાબે તેની નજર મારા ખભાની પેલી બાજુ નાખી. મેં તરત પાછળ જોયું, "આ ટેબલ?"

જવાબમાં હિસાબે ધીમેથી આંખ બીડી. હું ટેબલ પાસે પહોંચીને બધા ડ્રોઅર ખોલીને કોઈ એવી વસ્તુ શોધવા લાગી જે મારા મત મુજબ તેને ગમતી હોય. પણ ડ્રોઅરના બધા ખાનામાં મને ફક્ત

કાગળિયાં જ મળ્યા, જે કંપનીનાં કાગળિયાં હોવાથી મેં તેમાં કોઈ છેડછાડ ન કરવાનું જ બહેતર સમજ્યું. ઘૂંટણિયે બેસીને મેં ટેબલનું સૌથી નીચલું ડ્રોઅર ખોલ્યું. તેમાં કાગળિયાં તો હતાં જ, પણ તેની સાથે સાથે એક ચેસબોર્ડ પણ હતું. મેં ડ્રોઅરમાંથી તેને બહાર કાઢ્યું અને હવામાં ઊંચું કરીને હિસાબને બતાવ્યું, "આજ ને?"

હિસાબની આંખોની હિલચાલ પરથી હું તેનો હકારમાં જવાબ સમજી ગઈ. ઈશ્વરે મારી સાથે ઑલૅમ્પિક કરતાં પણ વધુ મોટી રમત રમી હતી. જે માણસની આંખો તરફ ક્યારેક હું જોવા પણ તૈયાર નહોતી અને જો ભૂલથી જોવાઈ જાય તો હું ડરી જતી હતી, આજે મારે એ જ માણસની આંખોની ભાષા વાંચવાનો વારો આવ્યો હતો!

મેં હિસાબની વ્હીલ ચેર અને મારી ખુરશી વચ્ચે કાચનું નાનું ટેબલ મૂક્યું અને તેના પર ચેસબોર્ડ ગોઠવ્યું. તેની આંખો નીચે અને કપાળ પર કરચલીઓ જોઈને હું સમજી ગઈ કે ચેસ જોઈને તે ખૂબ ખુશ છે. કદાચ રેગિંગ પછી ચેસ એ હિસાબની મનપસંદ રમત હશે!

"હિસાબ, આર યુ રેડી?" હું બંને હાથની હથેળીઓ એકબીજા સાથે ઘસતાં ઘસતાં બોલી.

હિસાબ ગળામાંથી કંઈ બોલવા ગયો પણ તે બોલી ન શક્યો. મને ફક્ત 'અહહહ' અવાજ જ સંભળાયો.

"લેટ્સ પ્લે!" મેં હિસાબના ખોળામાં પડી રહેલા, તેના હાથમાં તાળી આપી, "હું પહેલાં મૂવ કરું છું."

મેં ધીમેથી પહેલી હરોળમાંથી પ્યાદાને એક સ્ટેપ આગળ મૂક્યો.

"હિસાબ, હવે તારો વારો." હું બોલવા ખાતર બોલી. મારા મગજમાં એ વાતનો સંદેહ હતો કે શું હિસાબના આંખોના ઇશારા પરથી હું સમજી જઈશ કે તે ચેસના કયા કેરેક્ટરને રમતમાં ઉતારવાનું કહેવા માંગે છે?!

હિસાબના ગળા પર ઊપસી આવતી નસો જોઈને મને ખબર પડી ગઈ કે તે તેની વાત કહેવા કેટલું જોર લગાવી રહ્યો છે. હું તરત મારી ખુરશી પરથી ઊભી થઈ અને તેને શાંત પાડવા તેના કપાળમાં હાથ ફેરવીને બોલી, "હિસાબ, તું બસ આંખથી ઇશારો જ કર."

ખુરશીમાં પાછી બેસીને હું ચેસબોર્ડ પરના દરેક કેરેક્ટર પર વારાફરતી આંગળી મૂકતી અને હિસાબને પૂછતી, "આ?" જવાબમાં હિસાબ આંખ મીચે તે કેરેક્ટરને હું રમતમાં ઉતારી દેતી. તેના પછી તરત હું મારો વારો લેતી અને 'જોજે હિસાબ, આજે તો હું તને હરાવી દઈશ.' બોલતી બોલતી મારા કેરેક્ટરને ચેસબોર્ડ પર આગળ વધારતી. આવો ક્રમ અમે રાતના નવ વાગ્યા સુધી ચલાવ્યો. હિસાબના કેરેક્ટર મારા દરેક કેરેક્ટરને ચેસબોર્ડમાંથી બહાર ફેંકતાં રહ્યા અને છેવટે હિસાબ જીતી ગયો. જીતની ખુશી ફક્ત તેની આંખો પર નહીં પરંતુ આખા શરીર પર દેખાઈ આવતી હતી. તેનું આખું શરીર વ્હીલ ચેર પર હલવા લાગ્યું અને હોઠ ત્રાંસા થઈ ગયા. મોઢામાંથી કોઈ નવજાત બાળકની જેવા અવાજ આવવા લાગ્યા. તે વ્હીલ ચેર પરથી ઊભા થઈને જીતની ઊજવણી કરવા માંગતો હતો પણ તેના પગની આંગળીઓ સિવાય બીજું કશું હલ્યું નહીં.

હિસાબ વધુ દુઃખ સહન કરે એ પહેલાં મેં તેને મારા બંને હાથોમાં લઈને વ્હીલ ચેર પરથી ઉઠાવ્યો અને સાવચેતીથી બેડ પર સુવડાવ્યો. તે જ્યારે મારા બંને હાથમાં પગને ઢીંચણથી વાળીને સૂતો હતો ત્યારે પણ તે જમીન પર ખુદના પગ પર ઊભા રહેવા માટે ધમપછાડા કરી રહ્યો હતો. મેં જો તેને જમીન પર મૂકી દીધો હોત તો એક સેકન્ડ માટે પણ ઊભો ન રહી શકત અને ફ્લૉર પર જ પડી જાત. હું નહોતી ઇચ્છતી કે રાતના સમયે હિસાબને કોઈ ઈજા આવે. તેથી મેં તેની જીદ અવગણીને તેને સાવચેતીથી બેડ પર સુવડાવ્યો અને હું તેની બાજુમાં બેઠી. હજુય હિસાબનું ગળું વારેવારે ફૂલી રહ્યું હતું. હિસાબને શાંત પાડવા મેં તેની આંખોને મારી હથેળીથી ઢાંકી દીધી અને જ્યાં સુધી તે સૂઈ ન જાય ત્યાં સુધી બોલતી રહી, "હિસાબ, રિલેક્સ... સૂઈ જા... હું તને સાજો કરી દઈશ... સૂઈ જા...!"

દસેક મિનિટ પછી મેં હિસાબની આંખો પરથી મારો હાથ હટાવ્યો અને તેને સૂતેલો જોઈને રાહતનો

શ્વાસ લીધો. હું પલાંઠી વાળીને બરાબર બેડ પર બેઠી અને બે હાથ જોડીને હિસાબને જલદી સાજો કરી દેવા માટે ઈશ્વરને વિનંતી કરવા લાગી. મેં આજદિન સુધી કદી મારા માટે ઈશ્વર સામે હાથ નહોતા જોડ્યા, તેથી આજે બીજી વ્યક્તિ માટે દુઆ માંગતી વખતે મને જરાક અજુગતું લાગતું હતું. મને નહોતી ખબર કે ઈશ્વર મારી વિનંતી સાંભળશે કે નહીં, પણ બે હાથ જોડીને બેસવાની મને હાલની પરિસ્થિતિ સામે બાથ ભીડવાની હિંમત જરૂર મળી હતી. મને ઊંઘ ન આવી ત્યાં સુધી હું હિસાબ પર નજર રાખીને બેસી રહી અને મારા પૅરૅન્ટ્સ વિષે વિચારતી રહી. વચમાં મને એક-બે વાર પલાક્ષનો પણ વિચાર આવ્યો. એ બિચારાનો તો આમાં કંઈ વાંક નહોતો. કેટકેટલી તકલીફો વેઠીને તેણે મારો પ્રેમ સ્વીકાર્યો હતો, પણ હજુ લવ સ્ટોરી શરૂ થાય તે પહેલાં જ તેનો અંત થઈ ગયો. તેનું દુઃખ મારા કરતાં પલાક્ષને વધુ હશે!

મેં રૂમની મોટી લાઇટો ક્યારની બંધ કરી દીધી હતી. ટેબલલૅમ્પની ઝાંખી રોશનીમાં મેં મારી ડાયરી ખોલી અને પેન ઉપાડી, જે હિસાબના ડૅડની લકી પેન હતી.

૧૨ સપ્ટેમ્બર, ૨૦૦૭

સ્નોવી, આ બધું શું થઈ ગયું? ક્યારેક તારા રેશમી વાળ પર હાથ ફેરવતાંની સાથે જ મારું ટૅન્શન દૂર થઈ જતું, પણ આજે તારા વાળ જેવી જ રૂંછાદાર બેડશીટ મને તારી યાદ અપાવી જાય છે અને ટૅન્શન દૂર થવાની વાત તો દૂર રહી પણ હું રડુંરડું થઈ રહી છું. સ્નોવી, સાચું કહું છું, મારા પૅરન્ટ્સ અને પલાક્ષ કરતાં મને તારી વધુ યાદ આવી રહી છે. તારે ઍક્સિડન્ટના દિવસે મારા હાથમાંથી છૂટવું નહોતું જોઈતું સ્નોવી. જો તું મારા હાથમાં જ રહી હોત તો તને હું કશું જ ના થવા દેત. સ્નોવી, તને નથી ખબર હું અત્યારે કેટલું ગિલ્ટી ફિલ કરી રહી છું. હિસાબની સેવા પણ હું મારી મજબૂરીમાં કરું છું. તેની સામે જોઈને મને અત્યારે પણ ડર લાગે છે. ક્યારેક ક્યારેક તેને વ્હીલ ચેરમાં જોઈને દયા પણ આવે છે સ્નોવી, તું જ્યાં હોય પણ જરા પણ ચિંતા ન કરતી, હું ત્યાં સુધી નહીં રડું જ્યાં સુધી ડૅડના માથેથી ઍક્સિડન્ટનું પાપ દૂર ન કરી નાખું. ઍન્ડ બાય ધ વે, ડૅડથી મૉમ હજુ રિસાઈ જાય છે કે નહીં?!



"નેના દીકરી!" ઘનશ્યામ ડૅડનો અવાજ સંભળાતાં જ મારી સવાર પડી. હું રાતે મોડી રાત સુધી જાગી હતી, તેથી સવારે એકદમ આંખનું ખુલી જવું, એ મારા માટે અઘરું હતું. બંધ આંખે જ હું બેડ પર પલાંઠી વાળીને બેઠી અને રોજની જેમ જ બે હાથ જોડીને ઈશ્વરને પ્રાર્થના કરવા લાગી. આજકાલ મારી પ્રાર્થનાનો મુખ્ય કિરદાર હિસાબ હતો!

"ગૂડ મોર્નિંગ, ડૅડ!" હું અડધી આંખ ખોલીને બોલી.

"ગૂડ મોર્નિંગ, નેના!" ઘનશ્યામ ડૅડ બોલ્યા.

તરત મારી આંખો પૂરેપૂરી ખૂલી ગઈ. ઊંઘમાં મને ખબર જ ન રહી કે મારી સામે મારા ડૅડ નહીં પણ ઘનશ્યામ ડૅડ છે. હું તો એમ વિચારીને ગૂડ મોર્નિંગ બોલી હતી કે રોજની જેમ જ મારા ડૅડ મને મારા રૂમમાં જગાડવા આવ્યા છે!

"ઓહ! તમે?!" ઊંઘને લીધે મારો અવાજ ઘાટો હતો.

"કેમ? મેં તારી ઊંઘ બગાડી?" પૂછીને ઘનશ્યામ ડૅડ બેડ પરના તકિયા કે જે મેં ઊંઘતી વખતે વેરવિખેર કરી નાખ્યા હતા તે સરખી રીતે ગોઠવવા લાગ્યા.

"ના, ના! એવું કંઈ નથી. પણ મને એવું લાગ્યું કે..." હું બોલતી અટકી ગઈ.

"શું લાગ્યું તને?" બેડની કિનારી પાસે ઊભા રહીને દૂર પડેલા તકિયા સુધી પોતાનો હાથ પહોંચાડવાનો પ્રયત્ન કરી રહેલા ઘનશ્યામ ડૅડે મારી સામે ત્રાંસી નજર કરીને પૂછ્યું.

"કંઈ નહીં." હું આળસથી છલોછલ મારા ચહેરા પર સ્માઇલ લાવીને બોલી જેથી ઘનશ્યામ ડૅડને શંકા ન થાય કે હું દુ:ખી છું.

છેલ્લો એક તકિયો ગોઠવીને ઘનશ્યામ ડૅડ મારી નજીક બેડ પર બેઠા અને મારા વિખરાઈ ગયેલા વાળમાં હાથ ફેરવીને બોલ્યા, "નેના, મને ખબર નથી કે તારાં મૉમ-ડૅડ વગરની તારી આ કેટલામી સવાર છે, પણ તું આમ દુ:ખી ના થા, બેટા! તારાં મૉમ-ડૅડ એ જોઈને બહુ ખુશ થતા હશે કે તેમની આટલી યુવાન દીકરી પોતાની જુવાનીની મસ્તીને ભૂલીને જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહેલા માણસની સેવા કરે છે."

તેમની સામે નજર મિલાવ્યા વગર મેં માથું ધુણાવ્યું.

"હિસાબને જગાડ." ઘનશ્યામ ડૅડે કહ્યું.

"હા." હું બેડ પર બેઠા બેઠા જ હિસાબ બાજુ ખસી અને તેના કાન પાસે ઝૂકીને ધીમેથી બોલી, "હિસાબ, સવાર થઈ ગઈ."

મારી જેમ હિસાબ પણ તરત એની આંખો ન ખોલી શક્યો. પણ તેની આંખો નીચેની ચામડીમાં હિલચાલ જોઈને હું જાણી ગઈ કે મારા શાંત અવાજે હિસાબને ઉત્તેજિત કર્યા વગર જગાડી દીધો છે. તેણે ધીમે ધીમે આંખો ખોલી અને તે મારી તરફ જોવા લાગ્યો. કદાચ હિસાબ પણ મારી જેમ આજુબાજુ તેના મૉમ-ડૅડને શોધી રહ્યો હતો. તેને તેના પૅરન્ટ્સની ગેરહાજરી વર્તાય તે પહેલાં મેં તેનો હાથ મારા હાથમાં લઈ લીધો અને હું મારા બીજા હાથથી તેનો હાથ પંપાળતાં પંપાળતાં બોલી, "હિસાબ, આજે આપણે ફરીથી ચેસ રમીશું અને તારી ઇચ્છા હશે તો બહાર પણ જઈશું."

હજુયે હિસાબ તેની પહોળી ગોળ ગોળ આંખોમાંથી મારી સામે જોતો હતો. તે જાણે મને કહી રહ્યો હોય, "આજે પણ ચેસ હું જ જીતીશ!" મેં અને ઘનશ્યામ ડૅડે હિસાબને બેડ પરથી સાવચેતીથી ઊંચકીને વ્હીલ ચેર પર બેસાડ્યો. વ્હીલ ચેર પર બેસતાંની સાથે જ મારી સાથે વાત કરીને માંડ માંડ તેના ચહેરા પર આવેલું નૂર ગાયબ થઈ ગયું અને તે સાવ લાચાર લાગવા લાગ્યો, શરીરથી અને મનથી પણ!

"નેના, તું તૈયાર થઈ જા. ત્યાં સુધી હું હિસાબ જોડે વાતો કરું." ઘનશ્યામ ડૅડ તેમની સાથે લઈને

આવેલા ટૉવૅલ મારા હાથમાં મૂકતાં બોલ્યા.

"મારી વાતો કરજો. મારું નામ સાંભળીને તે બહુ ખુશ થઈ જાય છે." બોલીને હું બાથરૂમ તરફ ચાલવા લાગી.

****

"નેના, બ્રેકફાસ્ટમાં શું લઈશ?"

હિસાબને નવડાવ્યા બાદ હું કિચનમાં વ્હીલ ચેરની પાછળ ઊભી ઊભી હિસાબના વાળ લૂછી રહી હતી ત્યારે ઘનશ્યામ ડૅડે પૂછ્યું.

"જે હિસાબ લે એ." મેં ત્વરિત જવાબ આપ્યો.

"હિસાબને તો રોજ સવારે બે ગ્લાસ દૂધ જોઈએ છે."

"તો મારે પણ એ જ." બોલતી વખતે હું વિચારી રહી હતી, શું હું બે ગ્લાસ દૂધ પી શકીશ?

"હમણાં જ બનાવું." ઘનશ્યામ ડૅડ તિજોરી જેટલું મોટું ફ્રીઝ ખોલતાં બોલ્યા.

એમ તો મારા અને હિસાબ માટે બ્રેકફાસ્ટ મારે જ તૈયાર કરવા જેવો હતો, પણ હિસાબને હજુ હું પૂરેપૂરો તૈયાર નહોતી કરી રહી. હજુ તો મારે તેના સાવ ઓછા વાળમાં એવી હેરસ્ટાઇલ કરી આપવાની હતી જેવી હેરસ્ટાઇલમાં હિસાબ ઍક્સિડન્ટ પહેલાં ઘૂમતો હતો. મેં ફ્રીઝમાંથી ઠંડું પાણી કાઢ્યું અને હિસાબના વાળમાં છાંટ્યું, જેથી તેના સાવ સુકાઈ ગયેલા વાળ ભીના થઈ જાય અને તે હું ગોઠવું એમ ગોઠવાઈ જવા તૈયાર થઈ જાય. વચમાં મને મસ્તી સૂઝતાં મેં હિસાબના ચહેરા પર પણ ઠંડા પાણીના થોડાક ઠંડા બુંદ નાખ્યા હતા. પાણીની ઠંડક અનુભવીને હિસાબ આંખ બંધ કરીને ગળામાંથી હસવા લાગ્યો. તે તેના બંને હોઠ પહોળા કરીને મન ભરીને હસવા માંગતો હતો, પણ ડૉક્ટર સિવાય કોઈને ખબર નહોતી કે હિસાબના શરીરની કંઈ ગોઠવણ સાચા અર્થમાં કામ કરે છે. હિસાબ જ્યારે પણ ગળામાંથી હસતો ત્યારે મને એવું લાગતું કે તેના ગળામાં કોઈએ લોખંડના સળિયા ઉતારી દીધા છે. કેવી દુઃખની વાત હતી, હિસાબ હસતો હતો, એ પણ દુઃખ વેઠીને! તેના ગળામાં નસો ઊપસી આવે તે પહેલાં મારે મારી મજાક અટકાવી દેવી પડી, નહીંતર હિસાબ હસતો રહેત અને તેના ગળા પર પડતું જોર જોઈને મને દુઃખ થયા કરત.

"નેના, આ લે. તારા બે ગ્લાસ!" ઘનશ્યામ ડૅડે મારા બંને હાથમાં કાચના ગ્લાસ પકડાવ્યા. દૂધના બે મોટા ગ્લાસ જોઈને જ મારું પેટ ભરાઈ ગયું. છતાં હિસાબને દૂધ પીતી વખતે એકલવાયું ન લાગે એટલા માટે હું મારી ક્ષમતા કરતાં વધુ દૂધ પીવા રાજી થઈ ગઈ.

"હિસાબ!" હું ઢીંચણ પર બેઠી. "જે પહેલાં દૂધ પી જાય એ વિનર!"

હિસાબે બે-ત્રણ વાર આંખ ખોલબંધ કરીને મારી સાથે હરીફાઈ કરવા તેની સંમતિ દર્શાવી. મેં ઘનશ્યામ ડૅડને ઇશારો કર્યો એટલે એ પણ મારી જેમ હિસાબની સામે ઘૂંટણીયે બેઠા અને ચમચીમાં દૂધ લઈને બોલ્યા, "થ્રી... ટુ... વન!"

હિસાબ ઉત્સાહીત થઈને ગળામાંથી અવાજો કાઢવા લાગ્યો. અત્યારે ફરીથી તેનું આખું શરીર ખેંચ અનુભવી રહ્યું હતું. પગની આંગળીઓથી લઈને પાંપણો સુધીના બધાં જ અંગોમાં એવી તાણ હતી જાણે કોઈ ઇલાસ્ટીકને તેની હદ સુધી ખેંચી રાખવામાં આવ્યું હોય. શરૂઆતની મારી દસ-પંદર સેકન્ડ તો હિસાબની હિંમતને દાદ આપવામાં જ ગઈ. સાવ લાચાર જીવન જીવી રહેલા હિસાબમાં પણ જીતવાનું કેટલું ઝનૂન હતું!

"હિસાબ! આપણે નેનાને હરાવી દઈશું." ઘનશ્યામ ડૅડ હિસાબમાં જોમ ભરી રહ્યાં હતાં.

"હું એટલી આસાનીથી તો નહીં જીતવા દઉં." મેં હજુ દૂધનો એક ઘૂંટ પણ નહોતો પીધો તો પણ હું બોલવા ખાતર બોલી. ખરેખરમાં હું એ સમયની રાહ જોઈને દૂધનો ઘૂંટ લીધા વગર ઊભી હતી કે હિસાબ દૂધ પીવાની હરીફાઈમાં ક્યારે જીતે?!

"હિસાબ, તું જીતી ગયો." ઘનશ્યામ ડૅડે દૂધથી ખરડાયેલા હિસાબના હોઠ સાફ કર્યા, "આપણે નેનાને હરાવી દીધી."

હિસાબની ગોળ ગોળ આંખોમાં જીતની ચમક જોઈને હું મનમાં બોલી, "હું તારા માટે હંમેશાં હારતી રહીશ, બસ એક વાર તું વ્હીલ ચેર પરથી ઊભો થઈ જા!"

હિસાબ સામે માપસરનું હસીને હું ડ્રૉઇંગરૂમમાં આવી અને તે મને જુએ નહીં એ વાતની ખાતરી કરીને હું દૂધના બંને ગ્લાસ વારાફરતી એક જ ઘૂંટમાં પી ગઈ!

* * *

બપોરે હિસાબને સુવડાવ્યા બાદ હું કિચનમાં હિસાબ અને મારા જમ્યા બાદ વધ્યું ઘટ્યું જમી રહેલા ઘનશ્યામ ડૅડ પાસે આવી.

"નેના, હિસાબ સૂઈ ગયો?" મને જોઈને ઘનશ્યામ ડૅડે તરત જ પૂછ્યું.

હું તેમની સાથે પલાંઠી વાળીને ફ્લૉર પર બેઠી અને જવાબ આપ્યો, "હા."

"તો દીકરી, તું પણ થોડોક આરામ કરી દે." ઘનશ્યામ ડૅડે સૂચન કર્યું, "રાતે તને પૂરતી ઊંઘ નહીં મળી હોય."

"ના, ડૅડ! મારે બહાર જવું છે."

"ક્યાં?"

"મારા ઘરે, મારો થોડીક સામાન લેવા અને..."

"અને?"

"મારાં મૉમ-ડૅડની યાદો લેવા."

"તું જા, હિસાબની ચિંતા ન કર." ઘનશ્યામ ડૅડે કોળિયો મોઢામાં મૂકતાં કહ્યું.

"હિસાબ જાગી ન જાય તેનું ધ્યાન રાખજો. જો એ જાગી જશે અને મને આજુબાજુ નહીં જુએ તો ધમપછાડા કરશે પાછો!" હું થોડું હસીને બોલી.

"સાચી વાત છે. એને એક જ દિવસમાં તારી સાથે ફાવી ગયું." ઘનશ્યામ ડૅડ પણ હસ્યા.

"અને હા!" અચાનક મને કંઈ સૂજ્યું હોય તેમ હું ચમકી ગઈ. "હિસાબ જાગી જાય તો એની આંખો તમારા હાથથી ઢાંકી દેજો, એ તરત શાંત થઈ જશે."

"નેના નેના નેના, આટલી બધી ચિંતા ન કર. હું છું ને અહીંયા!" ઘનશ્યામ ડૅડ હેતાળ સ્વરે બોલ્યા.

"સારું, હું જઉં." કહીને ઊભા થવા મેં પગ લાંબા કર્યા. હું જેવી અડધી ઊભી થઈ કે મારું શરીર ડાબી બાજુ ઝૂકી ગયું અને ફ્લૉર પર પડવાની બીકે મારી ચીસ નીકળી ગઈ. ઘનશ્યામ ડૅડના ખભા પર હાથ ટેકવીને હું માંડ માંડ ખુદને સંભાળી શકી. તેઓ મારી ચીસ સાંભળીને અને મારા પગને નિસહાય જોઈને ડરી ગયા, "નેના, તું ઠીક છે ને."

"હા, ડૅડ! આ તો બસ અમસ્તું જ." મેં સાચી વાત છુપાવી. તેઓ પહેલેથી ચિંતિત હતા તેથી હું તેમને મારા પગની દુર્દશા કહીને વધુ દુ:ખી કરવા નહોતી માંગતી. તેઓ કેવી રીતે એ હકીકત સાંભળી શકત કે અત્યારે જેવી હાલત હિસાબની છે, ટૂંક જ સમયમાં મારી પણ એવી જ હાલત થવાની છે!

"સંભાળીને જજે, નેના!" ઘનશ્યામ ડૅડે સ્નેહાળ ટકોર સાથે મને વિદાય આપી.

હું મારા પગને વધુ કષ્ટ આપ્યા વિના અને સમય બગડ્યા વગર ટૅક્સી કરીને ઝડપથી મારા ઘરે પહોંચી ગઈ. ઘરનો મેઇન ગેટ ખોલતી વખતે મારા મનમાં ઊંડે ઊંડે સુધી એ વાતની શંકા હતી કે શું હું મારા મૉમ-ડૅડના મૃત્યુ પછી મારા ઘરે જઈને સારુ તો કરી રહી છું ને, હું રડી તો નહીં પડું ને!? મેં થોડીક હિંમત ભેગી કરી અને ફૂલનું કૂંડું ઊંચું કરીને તેની નીચેથી મારા ઘરની ચાવી શોધી કાઢી. ડૅડ તેમની આદત અનુસાર ઘરની એક ચાવી કૂંડા નીચે મૂકી રાખતા હતા. આજે ડૅડની એ આદત મને કામમાં આવી.

મેં ફફડતા હાથે ઘરનું તાળું ખોલ્યું, જે તાળું હિસાબની ફેમિલી સાથે ટ્રિપ પર જતાં પહેલા મૉમે વાસ્યું હતું. ત્યારે તો મેં સપનેય નહોતું વિચાર્યું કે હું મારા મૉમ-ડૅડ વગર ઘરે પાછી આવીશ! ઘરમાં પ્રવેશ કરીને હું ડ્રૉઇંગરૂમની બધી જ વસ્તુઓ, ટીવી, સોફા, ફૂલદાની, ટેબલને અડતી અડતી આગળ વધી. ઘરની વસ્તુઓનું આટલી બારીકાઈથી પહેલાં મેં ક્યારેય અવલોકન નહોતું કર્યું. કદાચ અત્યારે મારી આંગળીઓ એ સ્પર્શ શોધી રહી હતી જે ક્યારેય મૉમ-ડૅડે તે વસ્તુઓને સ્પર્શીને સજ્યાં હતાં! એ વાત કોઈ ધર્મગુરુ કે વૈજ્ઞાનિક નહીં સમજાવી શકે કે કેમ મરેલા માણસની યાદો તેનાં જેવી જ નિર્જીવ વસ્તુઓમાં સમાઈને કેમ રહી જાય છે!

હું કીચન બાજુ આગળ વધી. અત્યારે મારા દિમાગમાં એકી સાથે ઘણાં બધાં દશ્યો જીવંત થઈ ગયાં હતાં – મૉમે મારો પહેલો કૂકિંગ ક્લાસ કેવી રીતે લીધો હતો, મેં મારો પહેલો કૂકિંગ એક્સપિરિયન્સ ડૅડ પર કરીને કેવી રીતે તેમને બે દિવસ માટે માંદા પાડી દીધા હતા, ઑફિસથી થાકીને આવતાં ડૅડ માટે હું કેવી હોંશથી ચા બનાવી આપતી, ફક્ત સ્નોવી માટે અવનવી વાનગીઓ બનાવીને હું મૉમને કેવી રીતે ગુસ્સો અપાવતી?!

ફ્રીઝમાંથી થોડુંક પાણી પીને હું મારા રૂમમાં જવા પગથિયાં ચઢવા લાગી. પાણી પીને હું થોડીક સ્વસ્થ બની હતી અને મારા રૂમમાં પણ એવી કોઈ ખાસ વસ્તુ નહોતી જે મને મૉમ-ડૅડની યાદ અપાવે. મેં મારા સ્ટડી ટેબલ નીચેથી બૅગ કાઢી. તેમાં મેં મારા થોડાંક કપડાં તથા મારી બુક્સ ભરી. હવે ફરીથી અહીં આવવાની મારામાં જરા પણ હિંમત નહોતી જ્યાં હું મારા મૉમ-ડૅડ સાથે ખુશીથી રહેતી હતી. તેથી મને જરૂરી જણાઈ એવી બધી જ વસ્તુ મેં બૅગમાં ભરી દીધી. હું વજનદાર બૅગ લઈને સાચવીને દાદરા નીચે ઊતરી અને છેલ્લી વાર ઘરમાં ચારેબાજુ નજર નાખીને બહાર નીકળી ગઈ. હું એ કારણ જાણતી હતી કે કેમ મારા ખુદના ઘરમાં ફરીને પણ મને રડવું નહોતું આવ્યું?! કેમ કે, મેં મૉમ-ડૅડના બેડરૂમ તરફ નજર પણ નહોતી નાખી.

* * *

રાતે ઘનશ્યામ ડૅડના ગયા પછી મેં હિસાબ સાથે ચેસની બે રમત રમી અને હું બંને રમતમાં હારી. તેની સાથે ઘણી બધી વાતો કરી અને પછી તેને સુવડાવવાનો પ્રયત્ન કર્યો. પણ આજે હિસાબ મારી હથેળી નીચે તેની આંખો બંધ કરીને સૂઈ જવા તૈયાર નહોતો, એટલે મને તેને સવારે કરેલો વાયદો યાદ આવ્યો. મને ખબર હતી કે હિસાબની ઘરની બહાર ખુલ્લા વાતાવરણમાં જવું ગમશે, તેથી હું તેને પૂછ્યા વગર જ તેની વ્હીલ ચેર બંગલાની બહાર લઈ આવી.

“હિસાબ, વ્હીલ ચેરમાં બેઠો બેઠો સૂઈ ના જતો.” રોડ પરની ફૂટપાથ પર પહોંચતાં મેં મજાક કરી. હું ખૂબ ધીમેથી વ્હીલ ચેરને ફૂટપાથ પર ધકેલી રહી હતી જેથી હિસાબ રાતની ઠંડી હવામાં વધુ સમય માટે તાજગી અનુભવી શકે અને તેનું મન પ્રફુલ્લિત રહે.

“હા પણ, તને તો મારી હથેળીનાં અંધારાં સિવાય ક્યાં ઊંઘ આવે છે.” હું ઊંડો શ્વાસ લઈને બોલી. હિસાબની જેમ જ હું પણ રાતની ઠંડી હવામાં બહુ દિવસ પછી બહાર નીકળી હતી. ભલે એક-બે પળ માટે, પણ મારે થોડીક ખુશીઓ તો જોઈતી જ હતી, જે મને અત્યારે વાતાવરણ આપી રહ્યું હતું.

“હિસાબ, તું બોલતો હોત તો કેટલુ સારું થાત.” વ્હીલ ચેરના એક હૅન્ડલ પરથી મેં મારો હાથ ઉઠાવ્યો અને પાછળથી હિસાબના ખભા પર મૂક્યો. “આપણે બંને એકબીજાના મૉમ-ડૅડ વિષે આખી રાતો ને રાતો વાતો કર્યાં કરત.”

સાચવીને મેં ચાર રસ્તા પાર કર્યા.

“પણ સાચું કહું છું, હજુયે મને તો તારી બીક લાગે છે. ખબર નહીં, ક્યારે અને કેવી રીતે તું મારું રેગિંગ કરી નાખે.” બોલતાં બોલતાં હું હસી પડી. હિસાબના ખભા પર પણ ધ્રુજારી થઈ. કદાચ તેણે હસવાનો પ્રયત્ન કર્યો હશે, પણ એ હાસ્ય એના ચહેરાની બહાર જ ન આવી શક્યું!

"હિસાબ, તને એક વાત કહું? જ્યારે હું કૉલેજમાં તને હસતો જોતી ત્યારે મને બહુ ચીડ ચડતી, પણ આજે તું હસતો નથી તો મને બહુ દુ:ખ થાય છે. કદાચ હું તને પૂરેપૂરો સાજો ન કરી શકું પણ હું તને પહેલાંની જેમ હસતો તો કરી જ દઈશ." હું કોઈ વસ્તુની જીદ કરી રહી હોઉં તેમ ઊંચા અવાજમાં બોલી. વધુમાં, મેં ઉત્સાહમાં આવીને હિસાબના ખભા પર થોડુંક દબાણ પણ આપ્યું.

આગળના ચાર રસ્તા પર પહોચતાં મેં એ વાતની ખાતરી કરવા ફૂટપાથની કિનારીએ ઊભાં ઊભાં ચારે બાજુ નજર નાખી કે કોઈ વાહન તો નથી આવી રહ્યું ને. ત્યારે મારી ડાબી બાજુ મોટા ઝાડના થડને અડીને આવીને ટી સ્ટોલ પર મારી નજર સ્થિર થઈ ગઈ. આ એ જ ટી સ્ટોલ હતો જ્યાં ક્યારેક મેં અને પલાક્ષે સાથે સમય ગુજાર્યો હતો. આજના દિવસમાં એકેય વાર મને પલાક્ષ યાદ નહોતો આવ્યો. અત્યારે ટી સ્ટોલ જોયો એટલે પલાક્ષનો શરમાળ સ્વભાવ, તેની સાથે કૉલેજના ગાર્ડનમાં, મારા રૂમમાં, રેસ્ટોરન્ટમાં સાથે ગુજારેલો સમય, મને સાચવવાની તેની રીત, મારી ઘણી મહેનત પછી તેના પ્રેમની કબૂલાત બધું જ મને યાદ આવી ગયું. હું ઘણાં સમય સુધી ટી સ્ટોલ તરફ જોતી રહી. પછી મારા પગ તે ટી સ્ટોલ તરફ ઊપડી જ ગયાં.

"અરે! મેડમ, તમે?" મને જોઈને ટી સ્ટોલના માલિકે આશ્ચર્યથી પૂછ્યું.

"તમે મને ઓળખો છો?!" તેના કરતાંય વધુ આશ્ચર્ય તો મને થયું!

"કેમ ના ઓળખું?!" તે શંકાશીલ રીતે હસ્યો, "આખિર તમે મારા રેગ્યુલર કસ્ટમરના ગર્લફ્રેન્ડ છો."

"કોણ કસ્ટમર? હું કોઈની ગર્લફ્રેન્ડ નથી." મેં ચોખવટ કરી.

"કેમ મેડમ આવું બોલો છો? કદાચ બ્રેકઅપ થયું હોય, પણ આટલી બધી નફરત ના રખાય!" ટી સ્ટોલવાળો આગળ બોલ્યો. તે એવી રીતે બોલી રહ્યો હતો કે જાણે તેને મારા વિષે બધી જ ખબર હોય. એક છોકરાના અવાજમાં કોઈ છોકરી વિષે મુઠ્ઠીભર જાણવાનું જે કંઈ પણ અભિમાન હોય છે તે હું અત્યારે ટી સ્ટોલ માલિકના અવાજમાં સાંભળી રહી હતી.

"બૉયફ્રેન્ડ જ નથી તો પછી બ્રેકઅપ શેનું!?" હું અકળાયેલા સ્વરે બોલી.

"ના મેડમ, મને ખબર છે. તમારે બૉયફ્રેન્ડ છે." ટી સ્ટોલવાળો ડોક આમતેમ હલાવતો અને હસતો હસતો બોલ્યો. હવે તો મને શક જવા લાગ્યો, શું આ માણસ ત્યારે જ ઝપ લેશે જ્યારે હું તેને કાગળમાં લખીને આપું કે મારે કોઈ બૉયફ્રેન્ડ નથી!

અમારી દલીલ ઝઘડામાં પરિવર્તિત થાય તે પહેલાં મેં ત્યાંથી નીકળી જવાનું નક્કી કર્યું. મેં હિસાબની વ્હીલ ચેરના હેન્ડલ પકડ્યાં અને વ્હીલ ચેરને ટી સ્ટોલની વિરુદ્ધ દિશા બાજુ ફેરવી. પણ હિસાબની ખૂબ જ નજીક એક વ્યક્તિ ઊભી હતી. 'રસ્તો આપોને.' બોલતાં બોલતાં મેં તે વ્યક્તિના ચહેરા તરફ જોયું. તે પલાક્ષ હતો. કોઈ વ્યક્તિ મારાથી આટલી નજીક આવીને ઊભી હતી અને તેની તરફ મારું ધ્યાન પણ ન હતું ગયું! કદાચ ટી સ્ટોલ પાસે લોકોની ભીડ અને ટી સ્ટોલ પર ઊભાં ઊભાં રાજકારણ અને ખેલજગત વિષે વાતો કરતી વખતે અચાનક વધી જતા લોકોના અવાજના કારણે હું મારી પીઠ પાછળ ન જાણે કેટલાય સમયથી ઊભાં રહેલાં પલાક્ષને મહેસૂસ ન કરી શકી. પણ પછી જ્યારે મારી અને તેની નજરો ટકરાઈ ત્યારે બંનેની આંખોમાં આટલા સમય પછી મળવાની ખુશીના અને આમ અચાનક મળવાના કુતૂહલના, એમ બંને ભાવ હતાં. અમે બંને ઘણાં સમય સુધી કંઈ બોલ્યાં વગર એકબીજાં સામે જોઈ રહ્યાં, હું પલાક્ષના ચહેરા પર એ જ સૌમ્યતા, શીતળતા અને શરમના ભાવ શોધી રહી રહી, અને મારા સદ્નસીબે હજુ પલાક્ષ એમનો એમ હતો. અઠવાડિયું મારા વગર રહીને તે બદલાઈ નહોતો ગયો! હિસાબની વ્હીલ ચેર પરથી મારા હાથ સરી પડ્યા અને હું પલાક્ષને જઈને ભેટી પડી. હું આંખો બંધ કરીને તેને વળગી રહી અને આટલા લાંબા સમય સુધી પલાક્ષને કહ્યા વગર તેનાથી દૂર રહેવા માટે માફી માંગતી રહી.

"નેના, તેં આપેલો મોબાઇલ નક્કામો થઈ ગયો." પલાક્ષ સાવ પીગળેલા અવાજે બોલ્યો.

"કેમ?"

"તને ફોન જ નથી લાગતો ને."

"તો તું મને એક નવો ફોન ગિફ્ટમાં આપીશ?" મારો અવાજ પણ રડુંરડું થઈ ગયો.

"ના, હું નહીં આપું." પલાક્ષ કોઈ નાના બાળકના અવાજમાં બોલ્યો, "તું ફોન ખોઈ નાખે છે, એ પણ મૅસેજ લખ્યા પછી અને સેન્ડ બટન દબાવ્યા પહેલાં!"

"એ તો ઍક્સિડન્ટ..."

"શ...!" તેણે મારી વાત અધવચ્ચે કાપી નાખી, "ઍક્સિડન્ટનું નામ સાંભળીને હું રડી પડીશ હં...!"

હું હસી પડી, "એમ પણ, મને રડતાં છોકરાઓ નથી પસંદ!"

"પણ હું રડીશ તો તને રડતાં છોકરાઓ પસંદ આવી જશે."

"કેમ? એવી તો શું ખાસિયત છે તારા રડવામાં?"

"કેમ કે...! હું તારા માટે રડું છું, નેના!" બોલીને તેણે મને ધક્કો મારીને તેની છાતીથી દૂર ધકેલી. હું હિસાબની વ્હીલ ચેર સાથે ટકરાઈ. મને નહોતું સમજાઈ રહ્યું કે અચાનક પલાક્ષને શું થઈ ગયું. તેના ચહેરા પરની બધી જ સૌમ્યતા, શાલીનતા એક પળમાં ગાયબ થઈ ગઈ અને ગુસ્સાની રેખાઓથી તેનો ચહેરો ઢંકાઈ ગયો, "હા , નેના! તને જોવા જ્યારે હું હૉસ્પિટલ ગયો હતો, ત્યારે ડૉક્ટર શુભે મને બધી જ વાત જણાવી. તારા ડૅડને શરાબ પીવા હિસાબના ડૅડે મજબૂર કર્યા હતા, ઍક્સિડન્ટ તારા ડૅડને લીધે થયો હતો, ઍક્સિડન્ટમાં ફક્ત તું અને હિસાબ જ બચી ગયાં, હિસાબને પેરાલિસિસ થઈ ગયો, તેં એની સેવા કરવાનું નક્કી કર્યું, આ બધામાં મારો શો વાંક? બોલ નેના, મારો શું વાંક?"

હું પલાક્ષથી નજરો ચોરીને ઊભી રહી. મેં એવી ધારણા તો બહુ પહેલેથી સેવેલી હતી જ કે હિસાબ માટે પલાક્ષને તરછોડીને હું પલાક્ષને દુઃખી કરી રહી છું, પણ મેં એવું ક્યારેય નહોતું વિચાર્યું કે પલાક્ષનું દુઃખ એ હદે હશે કે એ મારા પર ગુસ્સે થશે.

"નેના, મારી સામે જો." પલાક્ષે મારા ગાલ તેના મજબૂત હાથે પકડી દીધા અને મારી નજરોને તેની નજરો બાજુ ફેરવવા તે મારા ચહેરા પર કારણ વગરનું બળ લગાડવા લાગ્યો.

"પલાક્ષ... હાથ લે તારો." બોલીને મેં પલાક્ષનો હાથ પકડ્યો અને હું તેની પકડમાંથી છૂટવા માટે સંઘર્ષ કરવા લાગી. પણ તેની પકડ જરા પણ ઢીલી ન થઈ, ઊલટાનું તેની મજબૂત પકડને લીધે મને દુઃખવા લાગ્યું. એટલામાં મને હિસાબનો ઉધરસ ખાતો અવાજ સંભળાયો. મેં ત્રાંસી આંખે હિસાબ સામે જોયું. વ્હીલ ચેરમાં બેઠા બેઠા તેની ડોક આગળની બાજુ ઢળી ગઈ હતી અને તે છેક તેના પેટમાંથી ઉધરસ ખાઈ રહ્યો હતો. મારા બંને હાથનો ઉપયોગ કરીને મેં પલાક્ષની છાતી પર જોરદાર પ્રહાર કર્યો અને હું તેની પકડમાંથી છૂટી શકી. તે દર્દભરી ચીસ પાડીને મારાથી દૂર જતો રહ્યો અને હું દોડીને હિસાબ સામે જઈને ઘૂંટણ પર બેઠી, "શું થયું, હિસાબ?" તે તેની ડોક ઊંચી ન ઉઠાવી શક્યો, તેથી મને તરત વાતની ગંભીરતા સમજાઈ ગઈ. મેં બૂમ પાડીને ટી સ્ટોલ વાળા પાસેથી પાણી માંગ્યું. તે પણ હિસાબને જોઈને ડરી ગયો હતો, એટલે તેણે એક સેકન્ડ પણ વેડફ્યા વગર પાણી ભરેલો ગ્લાસ મારા હાથમાં મૂક્યો. હિસાબની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં મેં તેને પાણી પીવડાવ્યું. તરત તેની ઉધરસ તો બંધ થઈ ગઈ, પણ હજુ તેના શ્વાસ શાંત નહોતા પડ્યા. હું તેની આંખોને મારી હથેળીથી ઢાંકીને બોલવા લાગી, "તું ડર નહીં. પલાક્ષ તો ખાલી મારી સાથે રમત રમે છે. તું શાંત રહે."

હિસાબને શાંત થયા પછી હું પલાક્ષ પાસે પહોંચી અને તેનો હાથ પકડીને તેને હિસાબથી થોડે દૂર લઈ ગઈ, જેથી પલાક્ષનો ઊંચો અવાજ સાંભળીને હિસાબ ફરીથી અસ્વસ્થ ન બની જાય.

"તું કયા હકે મારા પર ગુસ્સો અને જબરજસ્તી કરે છે?" મેં હિસાબને સંભળાય નહીં એવા ધીમા અવાજે પલાક્ષને પૂછ્યું.

"તું આવું કેમ પૂછે છે? હું તને પ્રેમ કરું છું, નેના!" પલાક્ષ પણ શાંત પડી ગયો હતો. મને જરા પણ વિશ્વાસ નહોતો કે મારી સાથે ખરાબ વર્તન કરવા બદલ તેને પસ્તાવો થઈ રહ્યો હોય!

"તેં પ્રેમની કબૂલાત કરવામાં બહુ મોડું કરી દીધું."

"જરા પણ મોડું નથી થયું. આપણે હજુ પણ સાથે રહી શકીએ." હજુ હમણાં સુધી મારી સાથે જબરજસ્તી કરનારો પલાક્ષ અચાનક ભાંગેલા અવાજમાં બોલવા લાગ્યો.

"જો, તારી પાછળ." મેં પલાક્ષની પીઠ પાછળ વ્હીલ ચેરમાં બેઠેલા હિસાબ તરફ આંગળી ચીંધી, "આ માણસ એક જ પળમાં મારી હથેળીના અંધારામાં શાંત પડી જાય છે, મરેલા માણસ જેવી જિંદગી જીવી રહેલો આ માણસ મારી સામે ચેસમાં જીતીને જિંદગી જીતી જવા જેટલો ખુશ થાય છે, માંડ બે દાણા ખોરાક ખાઈ શકતો આ માણસ મારી સાથે કૉમ્પિટિશન કરવાના બહાને બે બે ગ્લાસ દૂધ પી જાય છે."

"તું હિસાબ માટે મને નથી સ્વીકારી રહી?"

"હા."

"તો શું તારા જીવનમાં મારા કરતાં હિસાબનું વધુ મહત્ત્વ છે?"

"મારા જીવનમાં સૌથી વધુ મારા ડૅડનું મહત્ત્વ છે. હું બસ તેમના માથેથી કલંક દૂર કરવા માટે આ બધું કરી રહી છું." મેં કહ્યું.

પલાક્ષ વધુ કંઈ બોલી ન શક્યો. કદાચ તે મારી હાલની મજબૂરી સમજવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ મને આશા નહોતી કે મારા સિવાય કોઈને મારી પરિસ્થિતિ સમજાઈ શકે.

"સારું, નેના! હું જઉં છું. પણ એક વાત યાદ રાખજે, તને પ્રેમ કરવો મારા માટે જેટલો અઘરો હતો, એટલો જ અઘરો તને પ્રેમ ન કરવો છે." પલાક્ષે પીઠ ફેરવી અને તે મારાથી દૂર ચાલવા લાગ્યો. મને ખ્યાલ હતો કે તે રડી રહ્યો છે, પણ હું કંઈ ન કરી શકી. જીવનમાં વધેલો છેલ્લો આધાર પણ મેં ગુમાવી દીધો. જેમ પલાક્ષ મારી પરિસ્થિતિ નહોતો સમજી શક્યો તેમ હું પણ પલાક્ષના દિલની પરિસ્થિતિ ન સમજી શકી. એ અજ્ઞાનતાને લીધે જ અમારા સંબંધનો આવો કરુણ અંત આવ્યો. એ મારી જિંદગીનો સૌથી સારો દિવસ પણ નહોતો કે સૌથી ખરાબ દિવસ પણ નહીં, પણ એ દિવસ હતો જ્યારે મેં જાણ્યું, હવે દિવસો પૂરા થયા!

હિસાબ પાસે પહોંચીને મેં તેની વ્હીલ ચેર પકડી અને ટી સ્ટોલવાળા સામે જોઈને હું બોલી, "હું નહોતી કહેતી, મારે કોઈ બૉયફ્રેન્ડ નથી!"

૧૩ સપ્ટેમ્બર, ૨૦૦૭

સ્નોવી, હું તને કેવી રીતે કહું કે આજે પલાક્ષે મારી સાથે કેવું ખરાબ વર્તન કર્યું. અત્યાર સુધી મેં તારી સાથે પલાક્ષના શાંત સ્વભાવના બહુ વખાણ કર્યાં છે, પણ આજે તેની ગુસ્સાથી લાલ થઈ ગયેલી આંખો જોઈને મને એવું લાગ્યું કે પલાક્ષ આ દુનિયાનો સૌથી વધુ ઉલઝન પેદા કરે તેવા સ્વભાવ વાળો માણસ છે. મારા ખરાબ સમયમાં તેને મારી હેલ્પ કરવી જોઈતી હતી, પણ તેણે તો મને એકલી મૂકી દીધી. હવે હું કેવી રીતે કહી શકીશ કે, હજુ પણ પૃથ્વી પર એવી કોઈ વ્યક્તિ છે જેને મારી હાજરી ગેરહાજરીથી કંઈક ફરક પડે છે!



• 11 •

"ડૉક્ટર, હવે હિસાબને કેવું છે?"

અઠવાડિયા પછી હું હિસાબને ડૉક્ટર શુભના ઘરે જ લઈ આવી હતી, જેથી ડૉક્ટર તેનો આરામથી ઇલાજ કરી શકે. અમે તેમના બંગલામાં બનેલા ક્લિનિકમાં બેઠાં હતાં ત્યારે મેં ચિંતિત અવાજે પૂછ્યું.

"નેના, હજુ કંઈ ફર્ક નથી પડ્યો. હવે મારે દવાઓ બદલવી પડશે." ડૉક્ટર શુભે જવાબ આપ્યો.

"તમે મોંઘામાં મોંઘી દવા કરતાં પણ ખચકાતા નહીં."

"હા પણ પહેલાં મારે તને થોડુંક પૂછવું છે."

"હા, બોલો." હું લાકડાની ખુરશીમાં ટટ્ટાર ગોઠવાઈ.

"વ્હીલ ચેરમાં બેઠા બેઠા શું હિસાબનો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે?"

"જરા પણ નહીં." મેં ટૂંકમાં ઉત્તર આપ્યો.

"તે વારેવારે કોઈ વસ્તુની જીદ કરે છે?" ડૉક્ટર શુભે આગળ પૂછ્યું. તેઓ મારા જવાબ તેમની ડાયરીમાં લખી રાખતા હતા અને હિસાબના ઇલાજ માટે આખો ફ્લોચાર્ટ બનાવી રહ્યા હતા.

"હા!"

"શેની?"

"મારી!"

ડૉક્ટર શુભ બોલતાં અટકી ગયા. તેમણે તેમની નોટ્સમાં કંઈક લખીને તે લખાણને બે-ત્રણ વાર ઘૂંટ્યું, "નેના, હિસાબને દવા કરતાં તારી વધુ જરૂર છે."

"એ મને ખ્યાલ છે." મેં મારી ડાબી બાજુ વ્હીલ ચેર પર શાંત બેઠેલા હિસાબ તરફ જોયું, "એમ પણ હવે તેના જીવનમાં મારા સિવાય બીજું છે પણ કોણ?!"

"અરે હા," ડૉક્ટર શુભને અચાનક કંઈ યાદ આવ્યું હોય તેમ તે ચમક્યા, "તું હિસાબને લઈને તેના બંગલે ગઈ હતી પછી પલાક્ષ આવ્યો હતો. એ તારા વિષે જાણીને બહુ દુ:ખી હતો."

"હા, પછી એ મને પણ મળ્યો હતો." હું ડૉક્ટર શુભથી નજર મિલાવ્યા વગર બોલી. જો તેઓ મારી નજરમાં છુપાયેલું જુઠાણું પકડી પાડત તો તેઓ મને પલાક્ષ વિષે વધુ પૂછત અને હું કંઈ જવાબ ન આપી શકત. બસ હું એ વાતનો સ્વીકાર કરવાં મથ્યા કરત કે હવે મારા જીવનમાં પલાક્ષનું કંઈ જ મહત્ત્વ નથી!

"એ બહુ સંસ્કારી છોકરો છે." બોલતાં બોલતાં તેમનો ચહેરો ઝળકી ઊઠ્યો.

"ડૉક્ટર, મારા પગ હજુ પણ પહેલાંની જેમ કામ નથી કરતાં." મેં વાત બદલતાં કહ્યું.

"તું બસ તારા પગને ઍક્ટિવ રાખ અને મેં જે દવાઓ લખી આપી એ સમયસર લેવાનું રાખ. મને ખબર છે કે તું તારું બરાબર ધ્યાન નથી રાખતી."

"ડૉક્ટર, હું હિસાબના કામમાં જ એટલી વ્યસ્ત રહું છું કે મને ખુદની તરફ જોવાનો સમય જ નથી મળતો." મેં સચોટ કારણ આપ્યું.

"જો, નેના!" કોઈ ગંભીર વાત કહેતાં પહેલાં તેઓ તેમના બંને હાથ ટેબલ પર મૂકીને સહેજ મારી તરફ ઝૂક્યા, "કદાચ એવું પણ બને કે હિસાબ સાજો થઈને તારા સમર્પણની કોઈ કદર ન કરે, તેથી હિસાબની સાથે સાથે તું તારું પણ ધ્યાન રાખ."

મેં ચહેરાના હાવભાવ બદલીને તેમની વાત સાથેની મારી અસહમતતા દર્શાવી. હિસાબનું શરીર ભલે કામ નહોતું કરી રહ્યું પણ તે તેના મગજ અને આંખનો પૂરતો ઉપયોગ કરીને મારી સંભાળનો સાક્ષી બની રહ્યો હતો.

"તો મારે હવે જવું જોઈએ." બોલીને હું ખુરશીમાંથી ઊભી થઈ.

"હિસાબ માટે આ નવી દવાનો ડોઝ." મારા હાથમાં કાગળ મૂકતાં ડૉક્ટર શુભ બોલ્યા.

મેં તે કાગળ સંભાળીને મારા પર્સમાં મૂક્યો અને હિસાબની વ્હીલ ચેર ક્લિનિકના દરવાજા તરફ ધકેલવા લાગી. હું દરવાજા પાસે પહોંચી, ત્યારે મને ડૉક્ટર શુભનો ખુશખુશાલ અવાજ સંભળાયો, "નેના, હિસાબ સાજો થઈ જાય ત્યારે હું પાર્ટી ગોઠવીશ."

હું તેમની તરફ પીઠ ફેરવ્યા વગર બોલી, "હા પણ શરાબ વગરની પાર્ટી." અને હિસાબ સાથે બહાર નીકળી ગઈ.

* * *

હિસાબના બંગલે પાછાં જતી વખતે ગાર્ડનનો ગેટ જોઈને હું ચાલતી અટકી ગઈ અને વ્હીલ ચેરના હેન્ડલ છોડીને હિસાબની સામે આવી, "ગાર્ડનમાં જવું છે?"

તેણે આંખોથી ઇશારો કરીને સંમતિ દર્શાવી. હું તરત વ્હીલ ચેરની પાછળ આવી અને વ્હીલ ચેરને ગાર્ડનના મોટા ગેટ તરફ વાળી. ગેટમાંથી પ્રવેશ લેતી વખતે ગાર્ડનમાં હું બહુ ઓછા લોકોને જોઈ શકતી હતી. ગાર્ડનમાં બહુ ઓછા લોકો હોવાથી મને રાહત થઈ, જો કદાચ ત્યાં વધુ લોકો હોત તો હિસાબ બધાને એકસાથે જોઈને ડરી જાત. 'હિસાબ, ભલે કોઈ તારી સામે જોઈ રહે પણ તું કોઈની સામે વધુ સમય માટે ન જોઈ રહેતો. મને ખબર છે એનાથી તને દુઃખ થશે.' હિસાબ સાથે વાતો કરતી કરતી હું બેસવા માટે બાંકડો શોધી રહી હતી, "એક વાત યાદ રાખજે, તું શરીરથી અપંગ છે તો શહેરના બધા લોકો મનથી અપંગ છે. તને તો હું, ઘનશ્યામ ડૅડ અને ડૉક્ટર મળીને સાજો કરી દઈશું, પણ મનથી અપંગ માણસને તો ખુદ ઈશ્વર સાજો નથી કરી શકતો." ઝાડ નીચે આવેલા બાંકડાની બરાબર સામે હિસાબની વ્હીલ ચેર ગોઠવીને હું તે બાંકડા પર બેઠી. તે સતત મારી સામે જોઈ રહ્યો હતો. હું હસી એટલે તેણે પણ હસવાનો પ્રયત્ન કર્યો, પણ તે માત્ર હોઠોની કિનારી જ ફફડાવી શક્યો. હિસાબનો હાથ હું મારા હાથમાં લઈને બોલી, "તને ખબર છે? જ્યારે ડૉક્ટર શુભે એવું કહ્યું હતું કે તું સાજા થયા પછી મારી કદર નહીં કરે, ત્યારે તેમની પર મને બહુ જ ગુસ્સો આવ્યો હતો. લોકો તારા વિષે કંઈ જાણ્યા વગર, ખબર નહીં કેવું કેવું બોલે છે."

હિસાબે કંઈ હાવભાવ ન બદલ્યા, તે બસ મારી સામે તાકી રહ્યો. હું જ્યારે કંઈ બોલતી ત્યારે હિસાબ કોઈ નાના બાળકની જેમ કુતૂહલભરી આંખે મારી સામે જોયા કરતો. ત્યારે મને પલાક્ષ કરતાં હિસાબની માસૂમિયત વધુ સારી લાગતી હતી. હું આગળ કંઈ બોલું તે પહેલાં મને કોઈ ગ્રુપ ગીત ગાતું હોય તેવો અવાજ સંભળાયો. મેં આજુબાજુ નજર નાખીને તે અવાજની દિશાને શોધવાનો પ્રયત્ન કર્યો. મારી ડાબી બાજુ દૂર એક ઝાડ નીચે કેટલાંક છોકરા-છોકરીઓનું ગ્રુપ ગીત ગાઈ રહ્યું હતું. તેઓ કદાચ સ્ટ્રીટ આર્ટીસ્ટ હતાં.

"હિસાબ..." મેં ચપટી વગાડી, "બોલ, તારે ફરીથી મારો ડાન્સ જોવો છે?"

તરત તેના ગળામાંથી 'અહ્હ્હ અહ્હ્હ' અવાજો નીકળવા લાગ્યા. હું સમજી ગઈ કે હિસાબ ફરીથી મને ડાન્સ કરતી જોવા ઉત્સાહિત છે. હું બાંકડા પર ઊભી થઈ અને સંગીતના તાલે નાચવા લાગી. મને એક વાર ડાન્સ કરતી વખતે ટેબલ પરથી પડી જવાનો બહુ ખરાબ અનુભવ હતો, તેથી અત્યારે બાંકડાની ખૂબ જ સાંકડી જગ્યા પર ડાન્સ કરતી વખતે હું મારું બધું જ ધ્યાન મારા પગ બાંકડાની કિનારીથી દૂર ન પડે તેના પર રાખી રહી હતી. ધીમે ધીમે મારામાં જોમ ભરાતું જતું હતું અને હિસાબ પણ વ્હીલ ચેર પર બેઠા બેઠા તેના શરીરને આમ તેમ હલાવીને તેની ખુશી દર્શાવી રહ્યો હતો. થોડાક સમય પછી મારો ડાન્સ જોવા ત્યાં થોડીક ભીડ પણ ભેગી થઈ ગઈ. તે ભીડ જોઈને હું વધુ જોરથી નાચવા લાગી. મેં મારા વાળમાંથી ક્યારની હેરરીબીન કાઢી નાખી હતી, તેથી મારા વાળ હવામાં આમ તેમ લહેરાતાં હતા. કોઈક વાર હું કમર પર હાથ મૂકીને નાચતી તો કોઈક વાર હાથને હવામાં ઊંચા કરીને. જ્યારે હું કમર પર હાથ મૂકતી ત્યારે ભીડના લોકો ચીસો પાડતા અને સીટીઓ મારતા. હું ત્યાં સુધી નાચતી રહી જ્યાં સુધી મારા શ્વાસ ફૂલવા ન લાગ્યા. થાકી જવાના લીધે હું એક જ ઝટકામાં

બાંકડા પર બેસી ગઈ અને હિસાબ સામે જોયું. તેના ચહેરા પર મેં ક્યારેય ન જોયેલી રોનક જોઈ. મારી સાથે સાથે તેને પણ મારા રેગિંગ વાળું દૃશ્ય યાદ આવી ગયું હતું અને હિસાબ પાસે તો ખુશ થવાના કારણ તરીકે ફક્ત તેનો સુવર્ણ ભૂતકાળ જ હતો!

ભીડ તાળીઓ પાડીને વેરવિખેર થઈ ગઈ.

"મજા આવીને હિસાબ? મને પણ બહુ મજા આવી." શ્વાસોશ્વાસ નિયમિત થયા બાદ મેં હજુ હિસાબ સાથે વાત કરવાની શરૂ કરી કે તરત જ મને કોઈ અજાણ્યો અવાજ સંભળાયો. મેં ડોક ઊંચી કરીને જોયું તો મારી સામે પાંચ-છ છોકરા-છોકરીઓનું ગ્રુપ ઊભું હતું. તેમના હાથમાં મ્યુઝિકનાં સાધનો જોઈને હું તરત સમજી ગઈ કે મેં હમણાં તેમના સંગીત પર જ ડાન્સ કર્યો છે.

"સૉરી, મેં તમારા સરસ સંગીતને મારા ખરાબ ડાન્સથી ખરડી નાખ્યું." દેખાવ પરથી મારા જેટલી જ ઉંમરની લાગતી ગ્રુપની એક છોકરી તરફ જોઈને મેં માફી માગી.

"એવું નથી. તમે તો સરસ ડાન્સ કર્યો છે. લોકો કેટલી બધી તાળીઓ પાડતા હતાં એ તમે જોયું નહીં?!" ગ્રુપમાંથી કાળો શર્ટ પહેરેલો એક છોકરો બોલ્યો. તે બોલતો અટક્યો કે તરત બીજી એક છોકરી બોલી, "અમને એ પણ ખબર છે કે તમે ગાર્ડનમાં આમ કેમ ડાન્સ કર્યો?"

"કેમ?" મેં આંખો ઝીણી કરીને પૂછ્યું.

"આ વ્હીલ ચેરમાં બેઠેલા પેશન્ટને ખુશ કરવા." હિસાબ તરફ એક આંગળી ઊંચી કરીને તેણે જવાબ આપ્યો.

"તમને કેવી રીતે ખબર?" હું અચંબો પામી ગઈ હતી.

"તમે ડાન્સ કરતી વખતે ફક્ત વ્હીલ ચેર તરફ જ જોઈ રહ્યાં હતાં." ગ્રુપની સૌથી કિનારીએ ઊભો રહેલો અને ગ્રુપમાં સૌથી જુનિયર દેખાતો છોકરો બોલ્યો.

"તમે બધા ખરેખર હોશિયાર છો." મેં આશ્ચર્યજનક રીતે હસતાં હસતાં કહ્યું.

"અમારી વધુ હોંશિયારી જોવી હોય તો તમે રોજ સાંજે આ ગાર્ડનમાં આવજો." ગ્રુપની લીડર જણાતી છોકરી ચહેરા પર સ્માઇલ લાવીને બોલી.

"ચોક્કસ, હું હિસાબને લઈને રોજ આવીશ." મેં તેમનું આમંત્રણ સ્વીકારી લીધું.

"અચ્છા, તો હિસાબ નામ છે આમનું!" તે જુનિયર છોકરો ડોક ઊંચી નીચે કરીને એવા ટોનમાં બોલ્યો કે જાણે તેને ફિઝિક્સની કોઈ થિયરી આવડી ગઈ હોય.

મને એ વાતનો ભય સતાવવા લાગ્યો કે હવે આગળ તે તોફાની છોકરો હિસાબની વ્હીલ ચેર સુધી પહોંચવાની કહાની ન પૂછી લે. હું બાંકડા પરથી ઊભી થઈ અને હિસાબની વ્હીલ ચેરનું હેન્ડલ હાથમાં પકડતાં ઝડપથી બોલી, "બાય, આપણે કાલે મળીએ." તે ગ્રુપને મારી સાથે ઘણી બધી વાતો કરવી હતી પણ ત્યાં રોકાઈને હું મારું અને હિસાબનું દુઃખ વહોરવા નહોતી માંગતી, એટલે તેમની તરફ જોયા વગર હું ગાર્ડનના ગેટની બહાર નીકળી ગઈ.

અંધારું થાય એ પહેલાં હિસાબને લઈને હું તેના બંગલે પહોંચી. હિસાબને ડ્રૉઇંગરૂમમાં મૂકીને તેના માટે પાણી લેવા માટે હું કિચનમાં ગઈ, ત્યાં પહેલેથી ઘનશ્યામ ડૅડ મારી રાહ જોઈને ઊભા હતા. મને જોઈને તરત તે બોલ્યા, "નેના, તું ઘરે નહોતી ત્યારે મેં તારા વિષે ઘણું વિચાર્યું."

ઝૂકીને ફ્રીઝમાંથી પાણીની બૉટલ કાઢતાં મેં પૂછ્યું, "શું વિચાર્યું?"

"તારા ભવિષ્ય વિષે."

હું પાણીની બૉટલ સાથે લઈને કોઈ જ ઉતાવળ કર્યા વગર કિચનના પ્લૅટફૉર્મ સુધી પહોંચી, જેનો ટેકો લઈને ઘનશ્યામ ડૅડ ઊભા હતા, "મારું એ જ ભવિષ્ય છે, જે હિસાબનું ભવિષ્ય છે."

"હિસાબ અને તારા જીવનમાં ઘણો ફર્ક છે, બેટા! તેની સાથે તું તારી સરખામણી ન કર." ઘનશ્યામ ડૅડનો અવાજ અચાનક ઊંચો થઈ ગયો.

"ના, ડૅડ. હિસાબ અને મારા જીવનમાં કંઈ ફર્ક નથી. એણે પણ એના માબાપ ગુમાવ્યાં છે, મેં પણ."

"એ ભૂતકાળ હતો, નેના! તું તારા ભવિષ્ય વિષે વિચાર."

"સારું. બોલો તમે." મેં ઊભાં ઊભાં અદબ વાળી, "હું શું કરું મારા ભવિષ્ય માટે?"

"તું તારું મેડિકલનું ભણવાનું ચાલુ રાખ."

"શક્ય જ નથી." મારી અદબ છૂટી ગઈ.

"કેમ શક્ય નથી?"

"હિસાબ આખો દિવસ મારા વગર એકલો નહીં રહી શકે."

"તો એને પણ સાથે લઈને જજે."

ઘનશ્યામ ડૅડનો ઉપાય સાંભળીને મારી બોલવાની ઝડપ ધીમી પડી. ઊંડો શ્વાસ લઈને હું વિચારવા લાગી. ક્યારેક હું સ્નોવીને સાથે લઈને કૉલેજ જતી હતી, તો હવે હિસાબને સાથે લઈને કૉલેજ જવામાં મને કોઈ વાંધો નહોતો.

"હું જઈશ. પણ હજુ બે-ત્રણ અઠવાડિયાં પછી." મેં શરત મૂકી.

"વાંધો નહીં." ઘનશ્યામ ડૅડના ચહેરા પર સ્મિત ચમકી રહ્યું, "કોને ખબર, બે-ત્રણ અઠવાડિયાંમાં હિસાબ સાજો થઈ પણ જાય."

હું કંઈ ન બોલી, બસ તેમને ભેટી પડી. તેઓ મારા પર ગુસ્સે થવા બદલ મારી માફી માંગવા લાગ્યા. ત્યારે મેં તેમને એવું કહીને શરમિંદા થતા રોક્યા, "મારા ડૅડ ક્યારેય મારી માફી નહોતા માંગતા, અને તમે પણ મારા ડૅડથી સહેજ પણ કમ નથી."

મારા માથે પ્રેમથી હાથ ફેરવતાં ફેરવતાં તેમણે વિદાય લીધી.

ઘનશ્યામ ડૅડના ગયા પછી હું હિસાબને સાથે લઈને બેડરૂમમાં ગઈ. હિસાબની વ્હીલ ચેર મેં બેડ પાસે ગોઠવી અને રૂમની બારી ખોલી. બહાર અંધારું થઈ ચૂક્યું હતું અને આકાશમાં ઊગેલો ચાંદ પણ વાદળો વગરના સાફ આકાશમાં હિસાબની આંખો જેવો ગોળ દેખાઈ રહ્યો હતો. થોડીક વાર સુધી એ ચાંદમાં મારાં મૉમ-ડૅડ અને સ્નોવીને શોધ્યા બાદ હું કિચનમાં ગઈ અને હિસાબનો પ્રવાહી ખોરાક તથા દવાઓ લઈને રૂમમાં પાછી આવી. "હિસાબ, ભૂખ લાગી છે? તું જમી લે, પછી આપણે ચેસ રમીએ અને ટૅરેસ પર પણ જઈએ." કહેતા કહેતા હું તેની સામે ખુરશીમાં બેઠી. મેં પ્રવાહી ખીચડીથી એક ચમચી ભરી હિસાબના હોઠ પર મૂકી. તેણે ખૂબ ધીમે ધીમે તે ચમચી પરની ખીચડી પેટમાં ઉતારી. પછી તરત મેં બીજી એક ચમચી ભરી અને હિસાબને ખવડાવવાના બદલે તે ચમચી પરની ખીચડી હું ખાઈ ગઈ. તેના ભાગની ખીચડી મને ખાઈ જતાં જોઈને હિસાબ ગળામાંથી અવાજ કાઢવા લાગ્યો. નક્કી તેને મારી હરકત નહોતી ગમી. "સારું, સારું! આ બધું તું જ ખાઈ જજે. બસ?" નાના બાળક જેવી તેની જીદ જોઈને હું હસી પડી.

પછીના એક કલાક સુધી મેં હિસાબને ધીમેધીમે ખીચડી ખવડાવી અને તેની સાથે ઘણી બધી વાતો કરી. પછીના કલાકમાં ચેસની રમત પણ રમી. તેમાં હરરોજની જેમ હું હારી ગઈ.

"હિસાબ, હું તને ટૅરેસ પર લઈ જઉં પણ તું કોઈ ધમપછાડા ન કરતો" કહીને મેં તેને વ્હીલ ચેર પરથી ઉઠાવ્યો અને તેને હું મારા બંને હાથોમાં સુવડાવીને રૂમની બહાર નીકળી. દિવસમાં ફક્ત એક સમય મુઠ્ઠીભર ખીચડી અને દુનિયાભરની જાતજાતની દવાઓ ખાવાના પરિણામે હિસાબના કદમાં ઘણો ઘટાડો થયો હતો. તે સાવ દુબળો થઈ ગયો હતો, એટલો દુબળો કે મારા માટે હિસાબને પાંચ-સાત મિનીટ માટે ઊંચકી રાખવો કોઈ મોટી વાત ન હતી. ટૅરેસ પર પહોંચવા માટે હું ધીમેધીમે દાદરા ચઢવા લાગી, એ પણ હિસાબને ઊંચકીને! તેણે અત્યાર સુધી તો મારી સલાહ માનીને મારા હાથમાં પગ વાળીને સૂતાં સૂતાં એક પણ વાર હલવાનો પ્રયત્ન નહોતો કર્યો. "બસ પહોંચી જ ગયાં. ત્રણ પગથિયાં બીજાં." બોલતી બોલતી હું ચઢતી રહી. વચમાં એક-બે વાર મને પગમાં સખત દુ:ખાવો થયો હતો, પણ મેં એ દુ:ખાવાને અવગણ્યો. છેલ્લું એક પગથિયું બાકી હતું ત્યારે મેં મારા અને હિસાબના શરીરનું બધું જ વજન મારા ડાબા પગ પર મૂકીને જમણા પગથી તે પગથિયું પાર કર્યું. ટૅરેસ પર

પહોચતાં મને હીંચકો દેખાયો. તે જોઈને મેં રાહતનો શ્વાસ લીધો. લોખંડના સળિયાથી હિસાબને બચાવીને મેં તેને હીંચકા પર સુવડાવ્યો. મારા હાથમાંથી જેવો હિસાબનો ભાર ઓછો થયો કે તરત હું ઝટકા સાથે ફ્લૉર સાથે પટકાઈ અને ઢીંચણ પર હાથ રાખીને બેસી ગઈ. ધીમે ધીમે પગનું દર્દ ઓછુ થયું, પછી મેં હિસાબ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેને હીંચકામાં ઘણી અગવડતા પડી રહી હતી. ખાસ તો તેની પાસે તેનું માથું ટેકવવાની કોઈ જગ્યા નહોતી. હું ફરીથી ઊભી થઈ, “તારા માટે ઓશીકું લઈ આવું.” બોલીને હું દાદરા તરફ દોડી અને ખૂબ જ ઝડપથી રૂમમાં પહોંચીને હિસાબ માટે ઓશીકું અને ચાદર લઈને થોડીક જ મિનિટોમાં પાછી ટૅરેસ પર આવી ગઈ. હિસાબના માથા નીચે મેં સંભાળીને ઓશીકું ગોઠવી હું હીંચકા સામે નીચે બેઠી.

“હિસાબ, તને ખબર છે, આ ચાંદને પણ પેરાલિસિસ થયેલો છે!” હિસાબના હીંચકાને ધીમે ધીમે હું ઝુલાવી રહી હતી, “જો ને, આજે પૂનમ છે તો આખે આખો ખીલ્યો છે. હવે ધીમેધીમે તે તેના કદમાં ઘટતો જશે. પછી ગાયબ થઈ જશે.”

બોલી રહ્યા પછી પણ હું ચાંદ તરફ જોતી રહી. મેં હિસાબની આંખો તરફ જોઈને તેનો જવાબ સમજવાનો પ્રયત્ન ન કર્યો. થોડા સમય સુધી ચાંદની પીળાશ પડતી રોશની જોયા બાદ મેં હિસાબ તરફ જોયું, “તને એક વાત કહેવાની રહી જ ગઈ. આપણે હવે કૉલેજ જઈશું.”

કૉલેજ, જ્યાં હિસાબ તેની જિંદગીનો સૌથી સારો સમય પસાર કરતો હતો, તેથી કૉલેજનું નામ સાંભળીને તે ખુશ થઈ ગયો. તેની ખુશીની અસર રોજની જેમ તેના આખા શરીર પર વર્તાઈ. તેના પગ ઢીંચણ પાસેથી થોડાક વધુ વળ્યા અને ખેંચ અનુભવવા લાગ્યા. મેં હીંચકાને ઝુલાવવાનું રોક્યું અને હિસાબની આંખો પર મારી એક હથેળી મૂકી દીધી, જેથી પૂનમના ચાંદનો પ્રકાશ સીધો જ તેની આંખમાં ઝરતો અટક્યો.

“હિસાબ, આજે હું ભૂખી રહી. હવે એટલી પણ હિંમત નથી કે કિચનમાં જઈને ઊભાં ઊભાં કંઈ જમવાનું બનાવું. પણ તું દુઃખી ના થા, હું તારા લીધે ભૂખી નથી રહી. આજે તો હું ડાયરી પણ નહીં લખી શકું, એ પણ રૂમમાં પડી છે. તું અત્યારે સાજો હોત તો શું તું રૂમમાં જઈને મારા માટે મારી ડાયરી લઈ આવત?” હિસાબ સૂઈ ન જાય ત્યાં સુધી હું બોલતી રહી. તેના શ્વાસ ધીમા પડી ગયા એટલે મેં ધીમેથી તેની આંખો પરથી મારી હથેળી હટાવી અને હું બેઠા બેઠા જ હીંચકાનો ટેકો લેવા તે તરફ ખસી. ખસતી વખતે મેં ધ્યાન રાખ્યું કે હિસાબનો હાથ કે જેનાથી તેણે ક્યારનો મારો ખભો પકડી રાખ્યો હતો, તેની સ્થિરતામાં કોઈ ખલેલ ન પડે!



• 12 •

ઘનશ્યામ ડેડ છેલ્લા કેટલાય દિવસથી મને કૉલેજ જવા માટે દબાણ કરતા હતા અને હવે તો ડૉક્ટર શુભ પણ ઘનશ્યામ ડેડની બોલી બોલવા લાગ્યા હતા. એટલે આખરે મેં હિસાબને સાથે લઈને કૉલેજ જવાનું નક્કી કર્યું.

લગભગ દોઢ મહિના પછી કૉલેજના ગેટમાંથી પ્રવેશતી વખતે મારા દિમાગમાં એ બધાં જ દશ્યો કોઈ નવજાત બાળકની જેમ રોતાં હતાં. હું કેવા ઉત્સાહથી પહેલા દિવસે કૉલેજ આવી હતી, ત્યાં હિસાબને હું કેવી રીતે મળી હતી, પલાક્ષ સાથે મારી મિત્રતા કેવી રીતે બંધાઈ હતી, મિત્રતા પ્રેમમાં કેવી રીતે પરિવર્તિત પામી હતી, હું જ્યારે ટેબલ પરથી નીચે પડી ગઈ હતી ત્યારે પલાક્ષે કેવી રીતે મારી સંભાળ લીધી હતી, આ બધું વિચારીને હું રડવા જેવી થઈ ગઈ. આંખમાં એક-બે આંસુ પણ આવી ગયાં, પણ તે આંખની બહાર પડે તે પહેલાં જ મેં આંખ લૂછી લીધી.

કૉલેજમાં વધુ અંદર જતાં મારી સામે એ જગ્યા હતી જ્યાં ક્યારેક હિસાબ તેની ગેંગ સાથે બેસતો અને મોજમસ્તી કરતો હતો. હું ઝડપથી એ જગ્યાથી પસાર થઈ ગઈ. હિસાબને તે જગ્યા બતાવીને તેને દુઃખી કરવાનો મારો જરા પણ ઇરાદો નહોતો. થોડુંક વધુ આગળ જતાં, મારી નજર ગાર્ડનમાં પડી. આ ગાર્ડનના એક ઝાડ નીચે ખબર નહીં હું અને પલાક્ષ કેટલા બધા દિવસ સાથે બેઠાં હોઈશું. અત્યારે એ ગાર્ડનમાં બીજાં ઘણાં લોકો હતાં. એ વિચારીને હું અંદરથી હચમચી ગઈ કે સમય સાથે સ્થાન પણ કેવી ઝડપથી બદલાઈ જાય છે. ક્યારેક દિલ પર ઝોલાં ખાતી તસ્વીરો આજે દીવાલો પર ઝોલા ખાવા લાગે છે!

ક્લાસમાં પ્રોફેસર હોવાથી મેં દરવાજા પાસે વ્હીલ ચેર અટકાવી, જરાક ઊંચા અવાજે ક્લાસમાં પ્રવેશવાની પરવાનગી માંગી, જેથી ભણાવવામાં વ્યસ્ત પ્રોફેસરનું ધ્યાન મારા તરફ જાય. તેમણે તરત ભણાવવાનું બંધ કર્યું, “નેના?”

“સૉરી, સર! હું તમને જણાવ્યા વગર આટલા બધા દિવસો ઘરે રહી.” હું થોડીક ક્ષણો માટે અટકી અને પછી ઉમેર્યું, “હા, હિસાબ પણ સૉરી કહે છે.”

“નેના નેના નેના!” તેઓ મારી નજીક આવ્યા, “મારે તારું શું કરવું? અહીંયા બધાને ખબર છે કે તું કેમ કૉલેજ નહોતી આવતી.”

પ્રોફેસરનું જેવું બોલવાનું અટક્યું તે તરત ક્લાસમાં બેઠેલાં બધાં જ છોકરા-છોકરીઓ ઊભાં થઈ ગયાં અને તાળીઓ પાડવા લાગ્યાં. હું ન સમજી શકી કે તેઓ મારા માટે તાળીઓ પાડી રહ્યા છે કે બીજા કોઈ કારણ માટે, તેથી મેં પ્રોફેસરને પૂછ્યું, “આ બધા તાળીઓ કેમ પાડે છે?”

“તેમને બધાંને તારા પર ગર્વ છે, એટલા માટે.” પ્રોફેસરે જવાબ આપ્યો.

હું કંઈ પણ બોલ્યા વગર ઊભા રહીને તાળીઓ પાડી રહેલાં છોકરા-છોકરીના ચહેરા પરનું સ્માઇલ જોતી રહી. એક સાથે આટલા બધા હસમુખા ચહેરા જોઈને હું મારું દુઃખ એક-બે પળ માટે ભૂલી ગઈ. મને ઝાટકો ત્યારે લાગ્યો જ્યારે છેલ્લી બેન્ચ પર ઊભો રહેલો પલાક્ષ પણ તાળીઓ પાડી રહ્યો હતો.

મેં હિસાબની વ્હીલ ચેર પકડી અને તાળીઓ વચ્ચે ક્લાસમાં પ્રવેશ લીધો. હું બેન્ચ પર બેઠી એટલે બીજા ક્લાસમેટ પણ શાંત પડી ગયાં અને પોતપોતાની જગ્યા પર બેસી ગયાં. પ્રોફેસરે પાછા સ્ટેજ પર આવી ભણાવવાનું શરૂ કર્યું. મારું અડધું ધ્યાન પ્રોફેસર પર હતું અને અડધું ધ્યાન મારી જમણી બાજુ વ્હીલ ચેર પર બેઠેલા હિસાબ પર હતું. અડધું લેક્ચર પત્યું ત્યાં સુધી તો હિસાબને કોઈ તકલીફ ન પડી, પણ પછી અચાનક તે જોરજોરથી ઉધરસ ખાવા લાગ્યો. મારી સાથે સાથે પ્રોફેસર અને બધા ક્લાસમેટની નજર પણ હિસાબ પર પડી. હિસાબને બંધ ક્લાસમાં ગૂંગળામણ થતી હોવાનું ધારીને હું ઝડપથી તેને લઈને ક્લાસની બહાર લૉબીમાં આવતી રહી. મેં બૅગમાંથી પાણીની બૉટલ કાઢી અને ધીમે ધીમે તેને પાણી પીવડાવ્યું, “હવે આપણે પાછા ક્લાસમાં નહીં જઈએ, બસ. તું શાંત થઈ જા.”

હિસાબને લઈને હું કૉલેજના ગાર્ડનમાં પહોંચી અને છાંયો જોઈને ઝાડ નીચે બેઠી. ખુલ્લા અને હવાઉજાસવાળા વાતાવરણમાં આવીને તે શાંત થઈ ગયો. ગાર્ડનમાં બેઠા બેઠા હું હિસાબની તબિયત વિષે ચિંતા કરી રહી હતી. હિસાબની તબિયત સુધરવાને બદલે દિવસે દિવસે બગડી રહી હતી, તે જિદ્દી થઈ ગયો હતો, ભીડથી ડરતો હતો, બંધિયાર રૂમમાં ગૂંગળામણ અનુભવતો હતો અને ખાસ તો ગળામાંથી હસતી વખતે તેનું આખું શરીર ખેંચાઈ જતું હતું. બને એટલું જલદી ડૉક્ટર શુભ સાથે આ બધી વાત કરવી જરૂરી હતી, પછી ક્યાંક એવું ના બને કે હિસાબના કામ કરી રહેલા અંગો પણ બંધ પડી જાય.

કલાક પછી એક પ્યૂને અમારું એકાંત તોડ્યું. તેણે આવીને મને કહ્યું, “મિસ્ટર મનોહર તમને બોલાવે છે.”

હું હકારમાં માથું હલાવીને ઊભી થઈ અને હિસાબની વ્હીલ ચેર પકડવા મેં હાથ લંબાવ્યા. પણ મારો હાથ હેન્ડલ સુધી પહોંચે તે પહેલાં પ્યૂન બોલ્યો, “તમને એકલાને જ બોલાવ્યા છે.”

“જસ્ટ સૉરી!” હું તેની સામે ત્રાંસી આંખ કરીને બોલી અને હિસાબની વ્હીલ ચેર પકડીને મિસ્ટર મનોહરની કૅબિન તરફ ચાલવા લાગી.

તેમની કાચની કૅબિનનો દરવાજો અડધો ખોલીને ગળું સાફ કરીને હું બોલી, “મિસ્ટર મનોહર, અમે અંદર આવી શકીએ ?”

તેમણે કમ્પ્યૂટર સ્ક્રીનમાંથી મોં બહાર કાઢ્યું અને તેઓ હિસાબ તરફ જોઈને બોલ્યા, “પણ મેં તો તને એકલીને બોલાવી હતી.”

“જસ્ટ સૉરી.” પ્યૂન સામે બોલેલ શબ્દો મેં મિસ્ટર મનોહર સામે દોહરાવ્યા.

“ઓકે. ઓકે!” મિસ્ટર મનોહરે હાથ ખંખેર્યા, “હવે તો હિસાબ વ્હીલ ચેર પર છે એટલે મને બીક નથી.”

હું હિસાબને સાથે લઈને કૅબિનમાં પ્રવેશી.

“તો પહેલાં તમે હિસાબથી ડરતાં હતા ?” મારાથી હસી પડાયું.

“મને હા કહેતાં જરા પણ શરમ નહીં આવે, કેમ કે તું પણ એનાથી ડરતી હતી.” મિસ્ટર મનોહર મારા કરતાં વધુ જોરથી હસ્યા, એટલે મારે ચૂપ થઈ જવું પડ્યું.

“તમે મને અહીંયા બોલાવી હતી, કંઈક વાત કરવા.” લાંબા સમય સુધી મિસ્ટર મનોહરનું રાક્ષસી હાસ્ય જોઈને મને કંટાળો આવ્યો.

“હા.” તેમણે હસવાનું ઓછું કર્યું, “બેસ અહીંયા.”

હું તેમના ટેબલની સામે પડેલી ખુરશીમાં બેઠી અને તેઓ કાચના ટેબલને ટેકો લઈને ઊભા રહ્યા, “નેના, તારો રેગિંગનો કેસ અમે રિ-ઓપન કરીએ છીએ.”

“કોના કહેવાથી ?” પૂછતી વખતે મારી નજર હિસાબ તરફ હતી. તેની માનસિક પરિસ્થિતિ હું સમજી શકતી હતી, એટલે મને એ વાતનો ભય હતો કે મારા રેગિંગની વાતો સાંભળીને હિસાબ ક્યાંક ફરીથી અસ્વસ્થ ન બની જાય.

“તારો પેલો દોસ્ત, જે હિસાબ વિરુદ્ધ ગવાહી આપવા તૈયાર નહોતો, એ આજે આવીને ગવાહી આપી ગયો.”

“કયો દોસ્ત ?”

“અહહ... શું નામ હતું એનું... હા... પલાક્ષ!”

પલાક્ષના નામે મને ખુરશી પરથી ઊભી થવા મજબૂર કરી. અત્યાર સુધી હિસાબની ચિંતા કરતી હું, હાલ ખુદ અસ્વસ્થ બની ગઈ. એ વાત મારી સમજની બહાર હતી કે આટલા મોડે મોડે પલાક્ષે શું કામ આવું કર્યું ?!

“મારા પરમિશન વગર આ કેસ રિ-ઓપન ના થઈ શકે ને ?” મેં મિસ્ટર મનોહરને પૂછ્યું.

"તું સાઇન કરે તો જ હિસાબ પર કાર્યવાહી થાય."

"તો પછી!" મેં બંને ખભા સહેજ ઊંચા કર્યા, "હું સાઇન નહીં કરું."

"પણ નેના, હિસાબે તારું રેગિંગ કર્યું છે." મિસ્ટર મનોહર બોલ્યા. તેમની વાતો પરથી સાફ દેખાઈ આવતું હતું કે તેઓ હિસાબ પર કાર્યવાહી કરવા ઉતાવળા થઈ રહ્યા હતા, કદાચ હિસાબે તેમને પણ હેરાન કર્યા હશે!

"શું તમે જોઈ નથી શકતા કે એ રેગિંગ કરતા હિસાબ અને વ્હીલ ચેર પર બેઠેલા હિસાબમાં કેટલો બધો ફર્ક છે? અને હા, જો અત્યારે હિસાબ સહીસલામત હોત તો હિસાબ વિરુદ્ધ ગવાહી આપવાની કોઈની હિંમત ન થાત." સચોટ દલીલ કરીને મેં તેમને બોલતાં બંધ કરી દીધા. તેમનું માથું શરમથી નીચું ઝૂકી ગયું.

"હિસાબ, આ બધા લોકોની વાતો પર બહુ ધ્યાન ન આપતો. મેં તને કહ્યું હતું ને, આ બધા લોકો મનથી અપંગ પેશન્ટ્સની કેટેગરીમાં આવે છે." હિસાબને સમજાવતાં સમજાવતાં હું મિસ્ટર મનોહરની કૅબિનની બહાર નીકળી રહી હતી. લૉબીમાં પહોંચતા અચાનક મારી ડાબી બાજુ કોઈ હલચલ થઈ. લૉબીમાં વિઝિટર્સ માટે મૂકેલી બેન્ચ પરથી કૂદીને પલાક્ષ મારી બાજુમાં આવી ગયો અને હું કંઈ સમજુ તે પહેલા મારો હાથ વ્હીલ ચેરના હેન્ડલ પરથી ઉઠાવીને, તેના બંને હાથ વચ્ચે દબાવીને બોલવા લાગ્યો, "નેના, જો, હું હવે ડરપોક નથી. હવે હું તને સાથ પણ આપું છું. મેં હિસાબ વિરુદ્ધ ગવાહી આપી દીધી. હવે એના પર કાયદાકીય કાર્યવાહી થશે. તું એને છોડીને મારી સાથે આવતી રહે."

"પલાક્ષ..." હું મારા બીજા હાથનું જોર વાપરીને પલાક્ષની પકડમાંથી છૂટવા માટે મથી રહી હતી.

"ના, નેના. આજે હું તને નહીં જવા દઉં." પલાક્ષ લગભગ રડી જ પડ્યો, "તને નથી ખબર મેં મારી લઘુતાગ્રંથિ સાથે લડીને તને પ્રેમ કર્યો છે."

"એ બધી વાતો હવે નક્કામી છે. મને ભૂલીને તારી નવી જિંદગી શરૂ કર." હજુય હું શાંત હતી. હું ગુસ્સે થઈને લોકોની ભીડને ભેગી કરવા નહોતી માંગતી.

"મારા જેવા છોકરાઓ ક્યારેય પહેલા પ્રેમને ભૂલીને નવી જિંદગી શરૂ નથી કરી શકતા."

"તો હું શું કરું?" આખરે મારો ગુસ્સાનો બંધ તૂટી જ ગયો. પલાક્ષને ધક્કો મારીને મેં તેના હાથમાંથી મારો હાથ છોડાવી દીધો, "મારામાં તારી અને હિસાબ બંનેની જિંદગી વિષે ચિંતા કરવાની હિંમત નથી."

"તો તને કોણ કહે છે કે તું હિસાબની જિંદગીની પરવા કર." પલાક્ષ ડૂસકાં ભરતો બોલ્યો.

"વાહ!" હું હસી પડી, "તમારા બધામાંથી માનવતા ક્યાં જતી રહી છે. ડૉક્ટર એવું કહે છે કે હિસાબ મારી કદર નહીં કરે, મિસ્ટર મનોહર વ્હીલ ચેર પર બેઠેલા માણસ પર કાયદાનો સકંચો કસવા માંગે છે. તું તો હદ જ કરી રહ્યો છે."

"પણ નેના...!" આંગળી ઊંચી કરીને મેં પલાક્ષને બોલતાં રોક્યો, "હવે મારી સામે ક્યારેય ન આવતો. તું ડરપોક પણ છે અને માનવતાહીન પણ!"

મેં હિસાબની વ્હીલ ચેર પકડી અને હું ત્યાંથી નીકળી ગઈ. સવાર સવારમાં ઘટેલી બે-ત્રણ ઘટના બાદ વધેલાં લેક્ચર ઍટેન્ડ કરવાની મારી જરા પણ ઇચ્છા નહોતી, તેથી હું કૉલેજના ગેટમાંથી બહાર નીકળીને હિસાબના બંગલા તરફ ચાલવા લાગી.

અમને ઘરે વહેલા આવેલા જોઈને ઘનશ્યામ ડૅડે ચિંતિત અવાજે પૂછ્યું, "કેમ નેના? કૉલેજમાં શું થયું?"

હું તેમને કંઈ જવાબ આપ્યા વગર હિસાબને લઈને કિચનમાં ગઈ અને એને પાણી પીવડાવીને મેં પણ પાણી પીધું.

"નેના, મેં કંઈક પૂછ્યું." ઘનશ્યામ ડૅડ મારી પાછળ પાછળ કિચન સુધી પહોંચ્યા.

છેવટે મેં તેમની નજરો સાથે નજરો મિલાવી. તેમના ચહેરા પર મારો જવાબ સાંભળવાની અધીરાઈ

હતી.

"હવે હું કૉલેજ નહીં જઉં." હું ઝડપથી બોલી ગઈ.

તેઓ મારી નજીક આવ્યા, "એવું તો શું થયું?"

"હિસાબને ગૂંગળામણ થાય છે અને..." હું વાક્ય પૂરું ન કરી શકી.

"અને શું?" એમણે મને ઝીણી આંખ કરીને પૂછ્યું, ''અને કહીને અટકી કેમ ગઈ બેટા?''

મેં ફરીથી તેમની સામેથી નજર હટાવી દીધી, "અને મને પણ ગૂંગળામણ થાય છે."

"તને કેમ?"

હું ચૂપ ઊભી રહી. અત્યાર સુધી હું પલાક્ષની વાત ઘનશ્યામ ડૅડ સાથે કરવાનું ટાળી રહી હતી, પણ આજે બધું કહેવું જરૂરી હતું. હું જ્યારે વિચારી રહી હતી કે પલાક્ષની વાત કેવી રીતે શરૂ કરવી, ત્યારે ઘનશ્યામ ડૅડે મને ફરીથી ટકોર કરી. એટલે મેં એક જ શ્વાસમાં મારા અને પલાક્ષના સંબંધની બધી જ વાત ઘનશ્યામ ડૅડને કહી દીધી. તેઓ મોં ખોલીને મને ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

"નેના, તું પાગલ થઈ ગઈ છે કે શું? ચલ, મારી સાથે." કહીને ઘનશ્યામ ડૅડ મારો હાથ પકડીને મને હિસાબથી દૂર ડ્રૉઇંગરૂમમાં લઈ આવ્યા, "હિસાબ તને ખુશી નહીં આપી શકે, પણ તારો પેલો દોસ્ત તારા માટે કંઈ પણ કરી શકશે."

ઘનશ્યામ ડૅડ પાસેથી આવી વાત સાંભળીને મને નવાઈ લાગી. શું ઘનશ્યામ ડૅડ પણ મનથી અપંગ છે?!

"જો હું જતી રહી તો હિસાબને ખુશીઓ કોણ આપશે?" મેં ખૂબ જ શાંત અવાજે પૂછ્યું.

"નેના, હું તને ફરીફરીથી કહું છું, તું તારું પોતાનું પણ વિચાર."

"પોતાનું વિચારીને કોણ ખુશ રહી શક્યું છે." મેં દલીલ કરી.

"તું બહુ જિદ્દી છે."

"મારી જીદ જ હિસાબને પગ પર ઊભો કરશે." હું બોલી.

"એ ક્યારેય સાજો નહીં થાય. તું બસ તારી યુવાની, તારું ભણતર, તારો પ્રેમ બધું જ હિસાબ પાછળ વેડફી રહી છે." ઘનશ્યામ ડૅડ ગુસ્સેથી લાલચોળ થઈ ગયા.

"તમે પણ બીજા બધા લોકો જેવા જ છો." બોલીને હું કિચન તરફ દોડી અને હિસાબને રૂમમાં લઈ જઈને રૂમ અંદરથી બંધ કરી દીધો. ઘનશ્યામ ડૅડનો ગુસ્સો તો હું પચાવી દેત, પણ હિસાબ પ્રત્યેનું તેમનું કટુવચન મને દુઃખી કરવા કાફી હતું. તેઓ હિસાબના જીવનની એક મામૂલી સચ્ચાઈ કેમ સમજી નહોતા રહ્યા? હિસાબનું જીવન મારા વગર વ્યર્થ હતું. અને કોઈક હદે મારું જીવન પણ હિસાબ વગર અધૂરું હતું.

હિસાબ સામે જોઈને મારા ચહેરા પર ફરીથી સ્મિત રેલાઈ ગયું. મેં એને ટેકો આપીને બેડ પર સુવડાવ્યો અને હું તેની બાજુમાં બેઠી, "ખબર નહીં, પણ લોકો કેમ તને સમજી નથી શકતા?! તને છોડી દેવાની જ બધા મને સલાહ આપે છે." હું એક હાથ હિસાબના કપાળ પર ફેરવી રહી હતી, "હું તને ક્યારેય નહીં છોડવાનું વચન આપું છું. તું સાજો થઈ જાય પછી પણ નહીં!"

હિસાબે તેની બંધ આંખો બંધ જ રાખી, પણ તેણે દર વખતની જેમ તેની ખુશી ગળામાંથી અવાજો કાઢીને દર્શાવી. ત્યારે મને એક-બે પળ માટે તો એવું થઈ ગયું કે હિસાબને છોડી દેવાની સલાહ આપતાં બધા લોકોને મારું વચન સાંભળીને હિસાબના ચહેરા પર આવી ગયેલું નૂર બતાવું અને તેમને કહું કે, "જુઓ, એક સાજો માણસ પણ મારી વાતો સાંભળીને આટલો બધો ખુશ નથી થતો."

હું હિસાબની થોડીક વધુ નજીક ખસી. મેં મારો હાથ ધીમે ધીમે તેના કપાળ પરથી તેની આંખો પર ખસેડ્યો. જે રીતે હું તેને સુવડાવી રહી હતી, એ રીત કદાચ એક મા તેના એક-બે વર્ષના બાળકને સુવડાવવા વાપરતી હશે! મારી વાતો સાંભળતાં સાંભળતાં હિસાબ ક્યારે સૂઈ જતો, મને ખબર જ ન રહેતી.

હિસાબના સૂઈ ગયા પછી મેં પણ આરામ કરવાનું નક્કી કર્યું.

મારી આંખ ખૂલી ત્યારે બારીની પેલે પાર અંધારું થઈ ગયું હતું. હિસાબ જાગી ન જાય એ વાતનું ધ્યાન રાખીને હું બેડમાંથી બહાર નીકળી અને ધીમા પગે કિચન બાજુ ગઈ. ફ્રીઝ પર એક કાગળ ચોટેલો હતો. મેં ફ્રીઝ પરથી તે કાગળ ઉખાડ્યો અને ખૂબ જ ઓછી રોશનીમાં તેના પર લખેલું લખાણ વાંચવાનો પ્રયત્ન કર્યો, “નેના, આ તો તું મારા નામની પાછળ ડૅડ શબ્દ જોડે છે, એટલે હું એવું સમજી બેઠો હતો કે તારા પર ગુસ્સે થવાનો મારો અધિકાર છે. પણ એવું નથી, સૉરી!”

હું બે-ત્રણ મિનિટ સુધી હાથમાં કાગળ પકડીને ત્યાં જ ઊભી રહી. મેં ઘનશ્યામ ડૅડને માફી માંગવા મજબૂર કર્યા હતા, એ વાતનો મને ભયંકર પસ્તાવો હતો. હિસાબ માટે હું કેટલી જરૂરી છું એ વાત મારે શાંતિથી ઘનશ્યામ ડૅડને સમજાવવા જેવી હતી, પણ હું વાત પડતી મૂકીને રૂમમાં દોડી ગઈ. મારી ભૂલના લીધે જ હું અને ઘનશ્યામ ડૅડ બંને દુઃખી થયા હતાં. મેં ત્યારે જ નક્કી કરી દીધું કે કાલે સવારે હું ઘનશ્યામ ડૅડના પગ પકડીને માફી માંગી લઈશ.

પાણી પીને હું સ્વસ્થ બની અને પછી હિસાબ અને મારા માટે ખીચડી બનાવવામાં વ્યસ્ત થઈ ગઈ.

પાણી, ખીચડી અને હિસાબની દવાઓ લઈને હું રૂમમાં પાછી આવી. હિસાબ હજુ સૂઈ રહ્યો હતો. મેં ડીશ, પાણીનો ગ્લાસ અને દવાનાં પડીકાં ટેબલ પર મૂક્યાં અને ખૂબ પ્રેમથી હિસાબને જગાડ્યો. “જલદી, જલદી જમી લે. પછી આપણે ચેસ રમીએ અને પછી ટૅરેસ પર પણ જઈએ.” બોલતાં બોલતાં મેં હિસાબને વ્હીલ ચેર પર ગોઠવ્યો. તેના ખોળામાં નેપકીન પાથરીને હું પણ ખુરશીમાં ગોઠવાઈ. મેં ખીચડીથી પહેલી ચમચી ભરી અને રોજની જેમ ખૂબ જ ધીરજથી તેના બે હોઠો વચ્ચેની મામૂલી જગ્યામાં મૂકી. તેણે તેની જીભનો ઉપયોગ કરીને ચમચી પરની ખીચડી તેના ગળા નીચે ઉતારી. મેં ખીચડીથી બીજી ચમચી ભરી અને આદત અનુસાર તે ચમચીને મારા હોઠ નજીક લઈ ગઈ. પણ ચમચીનો મારા હોઠ સાથે સ્પર્શ થાય એ પહેલાં મને યાદ આવી ગયું કે હિસાબના ભાગનું હું ખાઈ જઉં, એ વાત તેને પસંદ નથી. મેં તરત હાથને હવામાં અટકાવી દીધો અને હિસાબ સામે જોયું. તે ચહેરા પર કોઈ અણગમાના હાવભાવ લાવ્યા વગર મારી સામે જોઈ રહ્યો હતો. અત્યારે પહેલી વાર એવું બની રહ્યું કે તેના આંખની ભાષા હું સમજી નહોતી રહી, એટલે હિસાબના હાલની મનોસ્થિતિ જાણવા મેં જાણીજોઈને તે ચમચી પરની ખીચડી કાઢી, પણ હિસાબ શાંત બેસી રહ્યો. “વાઉ, હું તારી સાથે ખાઉં એનાથી તને કંઈ વાંધો નથી. હવે હું તારા જીવનમાં ભાગ પડાવી શકું છું. મને આટલી હદ સુધી છૂટ આપવા માટે થૅન્ક્યુ.”

મેં હિસાબને ખીચડી ખવડાવી અને સાથે મેં પણ ખાધી. ડિનરમાં મને સૌથી નાપસંદ હોય એવી ખીચડી હું છેલ્લા એક મહિનાથી હિસાબ સાથે કેટલી હોંશે હોંશે ખાઈ રહી હતી! નક્કી મારા મૉમ મને ખીચડી ખાતાં જોઈને હસતાં હશે અને મારા ડૅડને કહેતાં હશે, “હવે નેના, નાની નથી રહી!”

જમ્યા બાદ ચેસ રમીને હું હિસાબને ઊંચકીને રોજની જેમ ટૅરેસ પર લઈ ગઈ. પણ ટૅરેસ પર પગ મૂકતાં જ ધીમે ધારે વરસાદ શરૂ થઈ ગયો. મને ખબર નહોતી કે હિસાબ વરસાદ જોઈને હિસાબ કેવી રીતે પ્રતિક્રિયા કરશે, એટલે મેં પાછા નીચે રૂમમાં જવાનું નક્કી કર્યું. પણ હું જેવી પાછી ફરી કે હિસાબ મારા ખભા પર માથું ટેકવી સૂતાં સૂતાં તેના પગ જેટલા હદ સુધી વળી શકતાં હતાં એનાથી પણ વધુ વાળીને વરસાદમાં નીચે જવા જીદ કરવા લાગ્યો. તે મારા હાથમાં હલી રહ્યો હતો તેથી વધુ સમય માટે તેને પકડીને ઊભા રહેવું મારા માટે કઠિન બની રહ્યું હતું. મેં તરત તેની જીદ સામે હાર માની દીધી અને “શાંત થઈ જા. આપણે રૂમમાં પાછા નથી જતાં.” બોલતાં બોલતાં હું હિસાબને ટૅરેસની વચોવચ લઈ આવી. મેં હિસાબને ટૅરેસ પરના ભીના ફ્લૉર પર સુવડાવ્યો અને હું પણ તેની બાજુમાં તેના જેવી જ સ્થિતિમાં આડી પડી.

કાળા અને વરસતાં આકાશ નીચે હું અને હિસાબ એકબીજાનો હાથ પકડીને આકાશ તરફ ચહેરો રાખીને સૂતાં હતાં. વરસાદના એક એક બુંદ અમારા બંનેના ચહેરાની સાથે અથડાઈ રહ્યાં હતાં. જેવું

કોઈ બુંદ હિસાબના ગાલ પર પડતું કે તરત તેના ગાલ સંકોચાઈ જતાં. હું પાંચ- દસ મિનિટ સુધી ત્રાંસી આંખ કરીને હિસાબના ગાલ અને વરસાદના બુંદનો સ્પર્શ જોતી રહી. હિસાબના સંકોચાયેલા ગાલ જોઈને મને ઘણી બધી વાર પલાક્ષની યાદ આવી ગઈ. તે પણ જ્યારે શરમાતો હતો ત્યારે તેના ગાલ પણ હિસાબના ગાલની જેમ જ સંકોચાઈ જતા હતા.

વરસાદની તીવ્રતા ધીમેધીમે વધી રહી હતી, પણ હવે તો મને ઊઠવાની ઇચ્છા નહોતી થઈ. ટૅરેસની દીવાલ પર મૂકેલાં જાતજાતનાં ફૂલોનાં કૂંડાઓના લીધે વાતાવરણ વધુ ખુશનુમા બની ગયું હતું. વધારામાં, આજે વરસાદના પાણીમાં પણ એવી ઠંડક હતી જાણે તેનો સ્રોત મારા મૉમ-ડૅડની રડતી આંખો હોય!

“હિસાબ, મારા જીવનનો આ સૌથી સુંદર સમય છે.” બોલીને મેં આંખો બંધ કરી દીધી. મારી બંધ આંખો પર પડી રહેલા દરેકે દરેક બુંદને હું મહેસૂસ કરી શકતી હતી અને હોઠો પર પડતાં બુંદને અમૃત સમજીને જીભથી ચાટી જતી હતી. એ વાત કેવી મજાની હતી કે, એક ન બોલી શકનાર અને ન ચાલી શકનાર માણસ સાથે રહીને પણ હું જિંદગીનો આનંદ લઈ રહી હતી અને વધુ મજાની વાત તો એ હતી કે જિંદગીનો આનંદ લેતાં મને એ જ ન બોલી શકનાર અને ન ચાલી શકનાર માણસે શીખવ્યું હતું!

કલાક સુધી ટૅરેસ પર રહ્યા બાદ હું ફરીથી મારા પગ પર કષ્ટ વેઠીને હિસાબને નીચે રૂમમાં લેતી આવી.

“હવે વરસાદ પડતો હોય ત્યારે ટૅરેસ પર જવાની જીદ ના કરતો, નહીંતર તું માંદો પડી જઈશ.” હિસાબનાં કપડાં બદલ્યાં બાદ તેનાં ભીનાં વાળ લૂછતી વખતે હું બોલી, પણ તેણે તેની આંખથી કંઈ જવાબ ન આપ્યો. કદાચ તેને હું તેના વાળ લૂછી રહી છું, એ વાતમાં વધુ મજા આવી રહી હશે.

મેં તેને ફરીથી પહેલાં જેવો તૈયાર કરીને બેડ પર સૂવડાવ્યો અને તે સૂઈ ન જાય ત્યાં સુધી હું તેની બાજુમાં તેની આંખ ઢાંકીને બેસી રહી.

હિસાબના સૂઈ ગયા બાદ રૂમની રોશની ઓછી કરી મેં મારી ડાયરી ખોલી.

૧૫ ઑક્ટોબર, ૨૦૦૭

સ્નોવી, હું જરા પણ દુ:ખી નથી. હવે મારા જીવનમાં એક ધ્યેય છે, જિંદગી જીવવાનો નવો ઉમંગ છે, આત્મવિશ્વાસ છે, એક મંજિલ છે. હવે હું મારું બધું જ ધ્યાન હિસાબ પર રાખીશ. તેને સાજો કરીને જ દમ લઈશ. બસ, આજે આટલું જ કહીશ. પણ હા, તું મૉમને પૂછવાનું ભૂલતી નહીં કે નેના હવે તો મૅચ્યોર થઈ ગઈ છે કે નહીં?!



• 13 •

ડૉક્ટર શુભ વહેલી સવારે હિસાબનું ચેક અપ કરવા બંગલે આવી ચઢ્યા. તેમની હાજરી વિષે તેમણે પહેલેથી મને જણાવ્યું હતું, તેથી તેમને સવાર સવારમાં જોઈને મને નવાઈ ન લાગી. એ તેમના બીજા કોઈ દોસ્ત સાથે ડ્રૉઇંગરૂમમાં પ્રવેશ્યા. હું અને ઘનશ્યામ ડેડ સોફા પર બેઠાં હતાં અને હિસાબ અમારી સામે વ્હીલ ચેરમાં ચૂપચાપ બેઠો હતો.

“ગૂડ મોર્નિંગ, ડૉક્ટર!” મેં સોફા પરથી ઊભાં થઈને તેમનું સ્વાગત કર્યું.

“ગૂડ મોર્નિંગ નેના!” બોલીને ડૉક્ટર શુભ અને તેમના દોસ્ત સોફા પર બેઠા. હું પણ બેઠી.

“ડૉક્ટર, હવે તમે રોજ હિસાબની સારવાર માટે ઘરે જ આવશો ને?” ઘનશ્યામ ડૅડે પૂછ્યું.

“હા, જ્યારે મને અનુકૂળ હશે ત્યારે હું આવી જઈશ.” ડૉક્ટર શુભે જવાબ આપ્યો.

“ડૉક્ટર, તમારી સાથે આ કોણ છે?” મારા મનમાં ગૂંચવાતો પ્રશ્ન ઘનશ્યામ ડૅડે પૂછી લીધો.

“અરે હા, નેના! હું તમને કહેવાનું ભૂલી ગયો. હવે આપણે હિસાબને મેન્ટલ ટ્રીટમૅન્ટ પણ પૂરી પાડીશું. આ મારા મિત્ર ડૉક્ટર પારેખ છે, જે વ્યવસાયે મનોચિકિત્સક છે.” ડૉક્ટર શુભે તેમના દોસ્તની ઓળખાણ આપી. પણ મને તે બીજા ડૉક્ટર વિષે જાણવામાં કોઈ વધુ રસ નહોતો. મારા માટે એ જોવું જરૂરી હતું ક્યાંક મેન્ટલ ટ્રીટમૅન્ટની વાત સાંભળીને હિસાબ ડરી ના જાય. હું તરત સોફા પરથી ઊભી થઈ અને હિસાબની બાજુમાં તેના ખભા પર હાથ રાખીને ઊભી રહી ગઈ, “તો ડૉક્ટર પારેખ, શું તમારું પણ બીજા ડૉક્ટર્સની જેમ એવું જ માનવું છે કે હિસાબ એક પળમાં સાજો થઈ શકે, એક વર્ષમાં સાજો થઈ શકે કે કદાચ દસ વર્ષ પછી પણ સાજો ન થઈ શકે?”

“સાંભળ, નેના!” તેમણે ગળું સાફ કર્યું, “હિસાબ માટે સૌથી સારી વાત એ છે કે તું એની સાથે છે. જો તું થોડાક પ્રયત્નો કરીશ તો કદાચ હિસાબ બહુ ઝડપથી સાજો થઈ શકે.”

“હું થોડાક નહીં, પણ તમામ પ્રયત્નો કરવા તૈયાર છું.” હું બોલી.

“ડૉક્ટર, નેના પહેલેથી બહુ પ્રયત્નો કરી જ રહી છે.” ઘનશ્યામ ડેડ મારા બચાવમાં વચમાં કૂદી પડ્યા.

“ના, પ્રયત્નમાં ક્યાંક તો ખોટ છે.” ડૉક્ટર પારેખે તેમની અસંમતિ દર્શાવી.

“હા ડૉક્ટર, હિસાબને ટ્રીટ કરવાની મારી રીતમાં ક્યાંક તો કોઈ ખામી છે જ.” મેં સ્વીકારી લીધું, “હવે તમે જ કોઈ ઉપાય બતાવો.”

“ઓકે... વેઇટ...!” બોલીને ડૉક્ટર પારેખ તેમની બૅગમાં કંઈ શોધવા લાગ્યા. થોડીક મથામણ કરીને તેમણે બૅગમાંથી કેટલાંક કાગળિયાં કાઢ્યાં. કાગળિયાંઓને આગળ પાછળ ફેરવતાં તેઓ બોલ્યા, “તારે હિસાબ સાથે કેવી રીતે વર્તવું, એ બધું બહુ બારીકાઈથી આમાં લખેલું છે.”

મેં આગળ આવીને તેમના હાથમાંથી કાગળ લીધા અને ત્યાં ઊભા ઊભા જ વાંચવાના શરૂ કર્યા. તેમાં એ જ બધી વાત લખેલી હતી જે હું પહેલેથી હિસાબ સાથે કરી જ રહી હતી – તેની સાથે ગમ્મત કરવી, વાતો કરવી, રમતો રમવી, સાથે ખાવું, રોજ એક વાર બહારની ખુલ્લી જગ્યામાં જવું.

“ડૉક્ટર, આ બધું તો હું પહેલેથી જ કરું છું.” હું કાગળો પાછાં આપતાં બોલી.

“સાચે?” તેમના નર્વસ અવાજ પરથી જણાઈ આવતું હતું કે ડૉક્ટર પારેખને તેમની કાબેલિયત પર શંકા જવા લાગી હતી.

“હા, ડૉક્ટર!” ઘનશ્યામ ડેડ બોલ્યા, “નેના ભલે ડૉક્ટર નથી પણ તમારા બધા ડૉક્ટર્સ કરતાં તે વધુ સારી રીતે હિસાબની ટ્રીટમૅન્ટ કરે છે.”

ઘનશ્યામ ડેડની વાત સાંભળીને ડૉક્ટર શુભ અને ડૉક્ટર પારેખ એટલી મોટી શરમજનક પરિસ્થિતિમાં મુકાઈ ગયા કે તેઓ તેમની પાંપણ ઊંચી કરવા પણ રાજી ન થયા. હિસાબનો કેસ તેમના માટે ચેલેન્જ સાબિત થઈ રહ્યો હતો. આટલી બધી દવાઓ અને ટ્રીટમૅન્ટ પછી પણ હિસાબની એક

આંગળી પણ કેમ હલી નહોતી રહી, એ મેડિકલ સાયન્સ માટે અસ્વીકાર્ય વાત હતી.

"નેના, આવતા સોમવારે હિસાબને ક્લિનિકમાં લેતી આવજે." કહીને ડૉક્ટર શુભ ઊભા થઈ ગયા. તેમની પાછળ પાછળ ડૉક્ટર પારેખ પણ ઊભા થયા અને મારો જવાબ સાંભળ્યા વગર ડ્રૉઇંગરૂમની બહાર નીકળી ગયા.

"હિસાબ, જોયું ને!" હું હિસાબની સામે ઘૂંટણિયે બેઠી, "તેં મોટા મોટા ડૉક્ટર્સને કેવા હેરાન કરી દીધા છે."

"સાચી વાત છે." ઘનશ્યામ ડૅડ પણ મારી નકલ કરતા હોય તેમ બેઠા, "હિસાબ, અમે તારા લીધે જરા પણ હેરાન નથી થતા."

"હા હિસાબ, તું કાલે સાજો થાય કે દસ વર્ષ પછી પણ હું તો તારી સાથે જ છું." મેં હિસાબના ખોળામાં મૃત અવસ્થામાં પડેલો તેનો હાથ મારા હાથમાં લીધો.

હિસાબનો બીજો હાથ ઘનશ્યામ ડૅડ તેમના બે હાથ વચ્ચે દાબીને બોલ્યા, "હું પણ તારી સાથે જ છું બેટા."

પછી હિસાબને લઈને હું રૂમમાં ગઈ અને ઘનશ્યામ ડૅડ કામમાં લાગી ગયા.

* * *

"નેના, આજે હું તને અમારા સરને મળવા લઈ જવું." સાંજે ગાર્ડનમાં ડાન્સ કરીને હું મારા તાજેતરમાં બનેલા 'મ્યુઝિકલ મિત્રો' સાથે બાંકડા પર બેઠી હતી ત્યારે ગ્રુપની લીડર આલિશાએ મને કહ્યું.

"કેમ? મારે તો તેમની કંઈ જરૂર નથી પડી." હું નિર્દોષભાવે બોલી.

"પણ તેમને તારી જરૂર પડી છે." આલિશા બોલી.

"કયા કારણોસર?"

"એ તો આપણે ત્યાં જઈએ એટલે જ ખબર."

"ક્યાં જવાનું છે?" મેં એ ચિંતા સાથે પૂછ્યું કે જો દૂર જવાનું હશે તો હું હિસાબ સાથે ત્યાં સુધી કેવી રીતે પહોંચી શકીશ?!

"તું હિસાબની ચિંતા ન કર. આપણે ચાલતા જ ત્યાં પહોંચી જઈશું." આલિશાએ મારી ચિંતા હળવી કરી નાખી. થોડીક વાર આરામ કરી, પાણી પીને આલિશા અને તેના ગ્રુપ સાથે હું તેના સરને મળવા ઊપડી.

આલિશાના કહેવા અનુસાર અમે વીસેક મિનિટ સુધી તેમના સરની મ્યુઝિક અને ડાન્સ એકૅડમી પહોંચી જવાના હતા, પણ સાથે હિસાબ હોવાથી મારે ધીમે ધીમે ચાલવું પડ્યું અને અમે અડધા કલાક પછી ત્યાં પહોંચ્યાં. એકૅડમીનો મોટો દરવાજો ખોલીને અંદર પ્રવેશતાં જ મને મારી સામે એક મોટો હૉલ દેખાયો, જેના એક ખૂણામાં છોકરા-છોકરીઓ ડાન્સ કરી રહ્યાં હતાં, બીજા ખૂણામાં બીજાં કેટલાંક છોકરા-છોકરીઓ સંગીતનાં સાધનો વગાડી રહ્યાં હતાં અને હૉલની બરાબર મધ્યમાં કોઈ વ્યક્તિ હિસાબ જેવી જ વ્હીલ ચેરમાં બેઠી હતી. તેની પીઠ મારી તરફ હોવાથી હું તે વ્યક્તિને બરાબર જોઈ ન શકી.

"નેના, ચલ મારી સાથે." બોલીને આલિશા તે વ્યક્તિ તરફ ચાલવા લાગી.

હું એકૅડમીની ચારેય બાજુ નજર નાખતી નાખતી ત્યાં સુધી આલિશાની પાછળ પાછળ ચાલતી રહી, જ્યાં સુધી અમે વ્હીલ ચેરમાં બેઠેલી તે વ્યક્તિ સુધી ન પહોંચીએ.

"સર...?" આલિશા ખૂબ વિનમ્રતાથી બોલી.

જવાબમાં 'યસ માય ડિયર!' બોલતાં બોલતાં તે વ્યક્તિએ તેના બંને હાથોનો ઉપયોગ કરીને તેની વ્હીલ ચેર અમારી તરફ ફેરવી. હવે હું તે વ્હીલ ચેર પર બેઠેલી વ્યક્તિને કોઈ વિઘ્ન વગર જોઈ શકી. તેણે તેના વાળેલા પગ શૉલથી ઢાંકેલા હતા. તેના ચહેરા પર હાસ્યની અજબ લાલી હતી અને આંખો

પર ગોગલ્સ હતા. તેનો દેખાવ જોઈને મેં તેની ઉંમરનું અનુમાન લગાવ્યું, તે મારા કરતાં ઉંમરમાં કદાચ બે-ત્રણ વર્ષ મોટો હોવો જોઈએ.

"સર, આ મિસ નેના. મેં જેની તમને વાત કરી હતી." આલિશાએ તેના સરને યાદ દેવડાવ્યું.

"ઓહ! મને યાદ આવી ગયું. તો તું હવે જઈ શકે છે, આલિશા."

આલિશાના ગયા પછી એક અજાણ વ્યક્તિ સામે ઊભાં રહેતાં મને જરાક સંકોચ થવા લાગ્યો. કદાચ મારા ચહેરાની બદલાઈ ગયેલી રેખાઓ તે અજાણ વ્યક્તિની સમજમાં આવી ગઈ હશે. તેણે વાતચીતને હૂંફાળી બનાવવા હાથ મિલાવવા હાથ લાંબો કરીને તેની ઓળખાણ આપી, "હાય, મારું નામ વેદ. આ એકેડમીનો માલિક."

હું હિસાબની પાછળ ઊભી હતી એટલે મારે વેદ સાથે હાથ મિલાવવા તેની તરફ ઝૂકવું પડ્યું, "હેલ્લો, મારું નામ તો તમને ખબર જ છે."

"હા, પણ આ મારો ભાઈ કોણ છે?" વેદ તેની વ્હીલ ચેર ધકેલીને હિસાબની નજીક આવ્યો અને તેની સામે જોઈને એવી રીતે હસતો રહ્યો જાણે ખરેખર હિસાબ વેદનો ભાઈ હોય!

"આ હિસાબ." હું બોલી.

"મારે હિસાબ અને તારા વિષે ઘણું જાણવું છે. આપણે મારી કૅબિનમાં જઈએ?" વેદે તેની કૅબિન તરફ આંખથી ઇશારો કરીને કહ્યું.

"ઓકે." હું બંને ખભા ઊંચા કરીને બોલી.

વેદે તેની ઇલેક્ટ્રિક વ્હીલ ચેર પરનું કોઈ બટન દબાવ્યું અને વ્હીલ ચેર તેની કૅબિનની દિશામાં ચાલવા લાગી. વેદની વ્હીલ ચેરને જાતે જ આગળ વધતી જોઈને મારા દિમાગમાં હિસાબને પણ આવી વ્હીલ ચેર લઈ આપવાનો વિચાર આવ્યો. પણ હિસાબને ઇલેક્ટ્રિક વ્હીલ ચેર કરતાં મારા હાથથી ધક્કા ખાતી વ્હીલ ચેરની વધુ જરૂર હતી, એટલે મેં તેને ઇલેક્ટ્રિક વ્હીલ ચેર લાવી આપવાનો વિચાર હાલ પૂરતો માંડી વાળ્યો.

કૅબિનના ખુલ્લા કાચના દરવાજામાંથી અમે અંદર પ્રવેશ્યા. તેમાં એક ટેબલ, બે-ત્રણ ખુરશીઓ, એક તિજોરી અને માથે પંખો હતો. જાહોજલાલી વગરની કૅબિન જોઈને મેં વેદને કહ્યું, "તમારી કૅબિન તમારા કરતાં સાવ અલગ છે."

"કેવી રીતે?" વેદે ટેબલની પેલી પાર પહોંચીને પૂછ્યું. હું હિસાબની વ્હીલ ચેર મારી બાજુમાં ગોઠવીને વેદની સામે ખુરશીમાં બેસી ગઈ હતી.

"તમારા હસતાં ચહેરા પરથી જરા પણ નથી લાગતું કે તમે વ્હીલ ચેર પર બેઠા છો અને હું તમારી સાથેની બે મિનિટની મુલાકાત પછી વિશ્વાસથી કહી શકું કે તમે આ દુનિયાના સૌથી વધુ ખુશમિજાજી માણસ છો." મેં કહ્યું.

પોતાના વખાણ સાંભળીને વેદ વ્હીલ ચેરમાં બેઠા બેઠા ઊછળી પડ્યા અને હસતાં હસતાં જ બોલ્યા, "મને મારા વખાણ સાંભળવા બહુ ગમે છે. એનાથી મને ખાતરી થાય છે કે કળિયુગમાં પણ કેટલાક લોકો હજુય સાચું બોલે છે."

"તમને જોઈને મને ખાતરી થાય છે કે માણસ હજુ પણ ખુશ રહેવાનું જાણે છે." મેં વેદની અધૂરી વાત આગળ વધારી. જ્યારે આલિશાએ મને તેના સર સાથે મળવાનું કહ્યું ત્યારે મને સંકોચ થતો હતો, પણ વેદે તેમના રમૂજી અને હાજરજવાબી સ્વભાવથી મને એક-બે મિનિટમાં જ કમ્ફર્ટ ઝોનમાં લાવી દીધી હતી.

"તને એક વાત પૂછી શકું?" પૂછતી વખતે વેદના ચહેરા પર શરમના હાવભાવ હતા.

"હા, પૂછો ને." હું બોલી, જાણવા છતાં કે વેદ હિસાબ વિષે જ પૂછશે!

"હિસાબ વ્હીલ ચેર પર કેવી રીતે પહોંચ્યો?" વેદે હિસાબ વિષે પૂછીને મારી ધારણા સાચી પાડી. તેનો પ્રશ્ન સાંભળીને પહેલાં તો હું હસી, પણ પછી તરત જ ગંભીર થઈ ગઈ અને બોલી,

"એક્સિડન્ટ!"

"અને તારી આ હાલત કેવી રીતે થઈ?" વેદે આગળ પૂછ્યું. મેં એ વાતની ધારણા નહોતી બાંધી કે વેદ મારા વિષે પણ પૂછશે!

"મારી હાલત? શું થયું છે મને?!" મેં મારા બંને હાથ પહોળા કરીને અને એક વાર ખુરશી પરથી ઊભાં થઈને, તરત પાછાં ખુરશી પર બેસી જઈને વેદને મારા તંદુરસ્ત શરીરની ખાતરી આપી.

"નેના, તને પણ ખબર છે હું શું પૂછી રહ્યો છું." વેદ બોલ્યો, "આલિશાએ મને બધું કહ્યું છે."

"ઓહ!" હું શાંત પડી ગઈ અને મારા ચહેરા પરનું બધું જ સ્મિત ભૂંસાઈ ગયું.

"તને ખબર છે કે તારા જીવનમાં હિસાબ સિવાય બીજું કંઈ નથી, પણ મને ખબર છે કે તારા જીવનમાં હિસાબ સિવાય પણ એક બીજી વસ્તુ છે."

"કઈ વસ્તુ?" મેં પૂછ્યું. પૂછતી વખતે મેં મારી જિંદગીને નીચોવીને હિસાબ સિવાયની વસ્તુ શોધવાનો પ્રયત્ન કર્યો હતો. પણ મને તો કંઈ ના જડ્યું!

"ડાન્સ!"

"અરે, ના, ના!" હું હસી પડી, "એ તો ખાલી હું હિસાબ માટે કરું છું."

"તો હું પણ નથી ઇચ્છતો કે તું બીજા કોઈ માટે ડાન્સ કરે. પણ જો તું મારી એકેડમીમાં જોડાઈને લોકોને ડાન્સ શીખવાડીશ તો કદાચ તારી જેમ બીજી કોઈ વ્યક્તિ પણ કોઈ વ્હીલ ચેર પર બેઠેલી વ્યક્તિ સામે ડાન્સ કરી શકશે." બોલી રહ્યા બાદ વેદે ટેબલ પર તેના બંને હાથ મૂક્યા અને મારી સામે જોઈને મારા જવાબની રાહ જોવા લાગ્યો.

"શક્ય નથી." હું કંઈ વિચાર્યા વગર જ બોલી ગઈ.

"શક્ય કેમ નથી?" મારા પર માનસિક દબાણ પાડવા વેદ ઊંચા અવાજે બોલ્યો, "હું વ્હીલ ચેર પર બેઠા બેઠા પણ લોકોને ડાન્સ અને મ્યુઝિક શીખવાડી શકું છું તો તું કેમ નહીં?!"

"કેમ કે હું તમારા જેવી નથી. અને સાચું કહું તો તમને પહેલી વાર જોયા તે ક્ષણથી હું એ જ વિચારી રહી છું કે તમે વ્હીલ ચેર પર બેઠા બેઠા પણ આટલા બધાં કામ એકલા હાથે કેવી રીતે કરી લો છો?"

"મારે મારાં કામ જાતે જ કરવાં પડે છે, વ્હીલ ચેર પર બેઠાં બેઠાં!"

"કેમ? કોઈ મજબૂરી?"

"કેમ કે મારી સાથે હિસાબની જેમ કોઈ નેના નથી, જે ચોવીસ કલાક મારી સેવામાં હાજર હોય." વેદ હિસાબ સામે જોઈને એવી રીતે બોલ્યો જાણે તે હિસાબને કહી રહ્યો હોય કે મને મેળવીને હિસાબ નસીબદાર થઈ ગયો છે!

થોડીક વાર અમારી વચ્ચે શાંતિ રહી.

"વેદ, તમને નથી લાગતું કે આપણે મળીને ભૂલ કરી?" મેં બંને ભ્રમર ઊંચી કરીને પૂછ્યું.

"જરા પણ નહીં." વેદે એક એક સેકન્ડ બગાડ્યા વગર કહ્યું, "તેં ભલે મારી ઑફર ન સ્વીકારી પણ તું ગમે ત્યારે મારી એકેડમીમાં હિસાબને લઈને આવી શકે છે."

હું ડોક હલાવતી હલાવતી ઊભી થઈ અને હિસાબને સાથે લઈને કૅબિનના દરવાજાની બહાર ચાલવા લાગી. વેદ તેની વ્હીલ ચેર પર અમને એકેડમીના મોટા દરવાજા સુધી મૂકવા આવ્યો.

"નેના, તને ખબર કે હું ચોવીસ કલાક ગોગલ્સ કેમ પહેરું છું?" મારી પીઠ વેદ તરફ હતી ત્યારે તે બોલ્યો.

"કેમ?" હું વેદ તરફ ફરી.

"કોઈ મોટા કાળા પહાડની પાછળ જો કોઈ ગ્લેશિયર ઓગળતું હોય તો કોઈને જાણ ન થાય!"

હું વેદના વાક્યમાં રહેલી ગહેરાઈ સમજી ગઈ. તેના, મારા અને હિસાબના જીવનમાં ઘણી સમાનતાઓ હતી. ત્રણેય લોકો ખુશ થવા માટે ગમે તે પળ પર ખોટી સ્માઇલો ભભરાવી દેતા અને

સામે વાળી વ્યક્તિને પીરસી દેતા.

હું હિસાબની વ્હીલ ચેરને છોડીને વેદની વ્હીલ ચેર પાસે ઘૂંટણ પર બેઠી અને વેદ તરફ હાથ લંબાવીને ભાંગેલા અવાજે બોલી, "ફ્રેન્ડ્સ?"

તેણે તરત મારી સાથે હાથ મિલાવ્યો, "ફ્રેન્ક ફ્રેન્ડ્સ!"

"હું ફક્ત તારી ગોગલ્સ પાછળની આંખો જોવા માટે જ તારી ફ્રેન્ડ બની છું." હસતાં હસતાં મેં કહ્યું.

સામે વેદ પણ હસ્યો, "સમય આવશે એટલે એ તને બતાવી દઈશ."

વેદની વ્હીલ ચેરનો ટેકો લઈને હું સીધી ઊભી થઈ અને ફરીથી હિસાબની વ્હીલ ચેર પકડીને વેદ સામે ત્રાંસી આંખે જોઈને બોલી, "મને એ પણ ખબર છે કે તું શું કામ મારો ફ્રેન્ડ બન્યો? કેમ કે તું ઇચ્છે છે કે હિસાબની જેમ હું એક વાર તારી વ્હીલ ચેર પણ ચલાવું!"

"ઍબ્સોલ્યુટલી રાઇટ." વેદે છૂટક હાસ્ય આપ્યું.

"સમય આવશે એટલે હું તારી પણ ઇચ્છા પૂરી કરીશ." બોલીને મેં વેદને બાય કહ્યું અને હું હિસાબને લઈને ઘર તરફ ચાલવા લાગી.

મોડી રાતે મેં ડાયરી ખોલી અને છેલ્લા કેટલાક દિવસોમાં પહેલી વાર હસતા ચહેરે આજની તારીખ લખી.

૨૦ ઑક્ટોબર, ૨૦૦૭

સ્નોવી, મેં વેદને મળીને જરા પણ ભૂલ નથી કરી. હા, ભલે હું વેદ સામે એવું બોલી હોઉં, પણ હવે મને જરા પણ નથી લાગતું કે વેદ સાથેની મુલાકાત એ મારી ભૂલ હતી. વેદમાં મને 'ફ્રેન્ક ફ્રેન્ડ' મળ્યો. જેનામાં મ્યુઝિક અને ડાન્સ સિવાય લોકોને હસતાં શીખવાડવાની પણ આવડત છે. હિસાબ પણ વેદની વાતો સાંભળીને અંદરોઅંદર હસતો હતો. કદાચ એવું પણ બને કે હિસાબને સાજો કરવાની એવી કોઈ દવા મને વેદ આપી શકે જે આજે ડૉક્ટર પારેખ અને ડૉક્ટર શુભ પણ નહોતા આપી શક્યા!



• 14 •

ચાર વર્ષ પછી...

ઘનશ્યામ ડૅડ, ડૉક્ટર શુભ અને મારી મહેનત હજુ સુધી રંગ નહોતી લાવી. હિસાબ હજુ એમનો એમ જ હતો. હું જ્યારે ડૉક્ટર શુભને હિસાબની તબિયત વિષે પૂછતી ત્યારે તે એવું કહીને મને સમજાવી દેતા કે, "હિસાબનું શરીર ભલે કામ કરતું બંધ થઈ ગયું છે, પણ તેનું મગજ હજુ પહેલાંની જેમ જ કામ કરે છે. તે ગમે ત્યારે સાજો તો થઈ જ જશે." તેમનો એક પણ જવાબ મને સંતોષકારક નહોતો જણાતો. હિસાબને બીજા ડૉક્ટર પાસે લઈ જવાનું મેં ઘણી વાર નક્કી કર્યું હતું, પણ છેલ્લી ઘડીએ ઘનશ્યામ ડૅડ મને એવું કહીને રોકી દેતા કે, "ડૉક્ટર શુભ હિસાબની માનસિક પરિસ્થિતિથી પણ વાકેફ છે. નવા કોઈ ડૉક્ટરને એ જાણતાં વર્ષો વીતી જશે." એ ચાર વર્ષમાં હું દર અઠવાડિયાના પહેલા દિવસે હિસાબનું ડૉક્ટર શુભ પાસેથી ચેક અપ કરાવી આવતી અને એક એક અઠવાડિયે તેઓ હિસાબની દવા બદલી નાખતાં. હિસાબના શરીર પર બીજી ઘણી સર્જરી કરાવી, ઘણી વાર તેની ટ્રીટમૅન્ટ કોઈ મનોચિકિત્સક પાસે પણ કરાવી. હિસાબની એક આંગળી પણ હજુ સુધી પૂરેપૂરી વળી નહોતી શકતી. આટલી બધી ટ્રીટમૅન્ટ કરાવ્યા બાદ પણ તેની તબિયતમાં જરા પણ સુધારો ન થતાં મને ઘણી વાર શંકા થતી હતી કે અમે હિસાબની ખોટી ટ્રીટમૅન્ટ તો નથી કરી રહ્યા ને?! પણ એક અનુભવી ડૉક્ટર શુભ સામે છ મહિનામાં મેડિકલ કૉલેજ છોડી દેનાર, મારું શું ચાલવાનું હતું!

ચાર વર્ષમાં એક પણ એવો દિવસ નહોતો ગયો કે જેમાં સવારે નાહ્યા બાદ હિસાબના વાળ લૂછતી વખતે અમે મસ્તી ના કરી હોય, બે ગ્લાસ દૂધ પીવાની કૉમ્પિટિશનમાં હું હારી ન હોઉં, રોજ સાંજે ગાર્ડનમાં હિસાબ સામે બાંકડા પર ચઢીને મેં ડાન્સ ન કર્યો હોય, હિસાબ સાથે આખી દુનિયાની વાતો કરતાં કરતાં ખીચડી ખાધી ન હોય, તેની સાથે હું ચેસની રમત ન રમી હોઉં, તેને ટેકો આપીને ટૅરેસ પર લઈ ન ગઈ હોઉં, તેની આંખ ઢાંકીને તેને સુવડાવ્યો ના હોય! મેં મારું આખું જીવન હિસાબને સમર્પિત કરી દીધું હતું. કોઈક કોઈક પ્રસંગે પલાક્ષની પણ યાદ આવી જતી, પણ હું તેને ફક્ત મારી ડાયરીમાં લખીને મારા પ્રેમના ઉત્સવને ઊજવી લેતી.

રોજ ગાર્ડનમાં મળતા બધા મ્યુઝિક આર્ટિસ્ટ મારા મિત્રો થઈ ગયા હતા, સાથે સાથે હિસાબના પણ. હા, વેદ હવે મારો ખાસ 'ફ્રેન્ક ફ્રેન્ડ' બની ગયો હતો. હું અઠવાડિયામાં બે-ત્રણ વાર તેની એકેડમીમાં જતી. પણ ત્યાં હું કોઈને ડાન્સ નહોતી શીખવાડતી. બસ હિસાબ સાથે ખૂણામાં ઊભા ઊભા વેદની મ્યુઝિક અને ડાન્સ શીખવાડવાની કળા જોયા કરતી. પછી બંગલે પાછાં ફરતી વખતે હું વેદને તેના ગોગલ્સ ઉતારવા માટે વિનંતી કરતી, પણ તે એવું કહીને મને ટાળી દેતો કે, "જ્યારે તું મને મારી વ્હીલ ચેર પર બહાર ફરવા લઈ જઈશ ત્યારે જ હું મારી આંખો પરથી મારા ગોગલ્સ હટાવીશ!"

* * *

રોજની જેમ આજે સાંજે પણ એ મ્યુઝિક આર્ટિસ્ટના સંગીતના તાલે હું હિસાબની બરાબર સામે બાંકડા પર ડાન્સ કરી રહી હતી. હિસાબ અને મ્યુઝિક ગ્રુપ સિવાય પણ ઘણાં બીજા લોકો મારો ડાન્સ જોવા ભેગા થઈ ગયા હતા. જેમાંથી કેટલાક લોકો તો રોજ આ સમયે ગાર્ડનના વચ્ચોવચ ઝાડ નીચે મૂકેલા બાંકડા પાસે મારો ડાન્સ જોવા આવી જતાં.

ડાન્સ કરી રહ્યા બાદ હું લોકોનું અભિવાદન ઝીલી રહી હતી, ત્યારે મારી નજર હિસાબની પાછળ સૂટ પહેરીને ઊભાં રહેલા એક જુવાન છોકરા પર ગઈ. પહેલી નજરમાં તો હું તેને ન ઓળખી શકી, પણ થોડી વાર પછી હું તેને ઓળખી ગઈ. ચાર વર્ષ પછી હું પલાક્ષને જોઈ રહી હતી. તે પણ ત્યાં હાજર બીજા લોકોની જેમ તાળીઓ પાડી રહ્યો હતો. હું દુપટ્ટાથી ચહેરા પરનો પરસેવો લૂછતી લૂછતી બાંકડા પરથી નીચે ઊતરી. ધીમે ધીમે બધા લોકો ત્યાંથી વિખરાઈ ગયા. મેં આંખથી ઇશારો કરીને

મ્યુઝિક આર્ટિસ્ટોને પણ ત્યાંથી જવાનું કહી દીધુ. બાંકડા પાસે હવે મારા અને હિસાબ સિવાય કોઈ ન રહ્યું એટલે પલાક્ષ ખૂબ શાંતિથી પગલાં ભરીને મારી નજીક આવ્યો અને હસતાં ચહેરે બોલ્યો, “આપણે થોડીક વાર બેસીને વાત કરી શકીએ?”

પલાક્ષના અવાજમાં ઊંડે ઊંડે સુધી શિસ્તતા સાંભળીને હું દંગ રહી ગઈ. ચાર વર્ષ પહેલાં તો મારી સામે બોલતાં પલાક્ષ કેવો શરમાતો હતો!? તેણે તેની હેરસ્ટાઈલ પૂરેપૂરી બદલી નાખી હતી અને ચહેરા પર બધા ડૉક્ટરો પહેરે એવાં ચશ્માં પણ પહેર્યાં હતાં. એક હાથમાં કેટલીક ફાઇલો હતી અને બીજા હાથમાં સૂટકેસ હતી.

“નેના?” તેણે મારી આંખની નજીક ચપટી વગાડી.

“હં....?” હું વર્ષો પછી કોઈ તપસ્યામાંથી બહાર આવી હોઉં તેમ ડઘાઈને બોલી.

“આપણે થોડીક વાર સાથે બેસી શકીએ?” પલાક્ષ બાંકડા તરફ આંગળી ચીંધીને બોલ્યો.

“હા? કેમ નહીં!?” કહીને મેં મારો હાથ હવામાં બાંકડા તરફ લહેરાવીને પલાક્ષને પહેલા બાંકડા પર બેસવાનો ઇશારો કર્યો. તે તેની સૂટકેસને ખોળામાં લઈને બાંકડા પર બેઠો. હું પણ તેની બાજુમાં બેઠી, પણ થોડુંક અંતર રાખીને!

અમે ચૂપચાપ બેઠાં હતાં. પહેલાં બોલવા કોઈ તૈયાર નહોતું. કદાચ મારી જેમ પલાક્ષને પણ ખોઈ ચૂકેલા ભૂતકાળ સાથે વાત કરતાં સંકોચ થઈ રહ્યો હતો. મેં તો એક-બે વાર પલાક્ષ તરફ એવું વિચારીને જોયું પણ ખરું કે મારી નજર મળવાથી તેને વાત શરૂ કરવાની હિંમત મળે. પણ તે તો હિસાબની વ્હીલ ચેરના નાનાં પૈડાં પર એકી નજરે જોઈ રહ્યો હતો.

“પલાક્ષ, તું હજુય શરમાય છે?” હું માપસરનું હસીને હળવેથી બોલી.

“ના, ના!” પલાક્ષ હસી પડ્યો, “આ તો હું વિચારું છું કે હિસાબની વ્હીલ ચેરનાં પૈડાં કેમ મેલા નથી.”

“હિસાબને ગંદકી જરા પણ પસંદ નથી, એટલે હું વ્હીલ ચેરનાં પૈડાં પણ સાફ કરી દઉં છું.” મેં સાફ પૈડાં પાછળનું રહસ્ય ખોલ્યું.

“વાઉ! તું હિસાબની બહુ સંભાળ લે છે.” પલાક્ષ તેનાં બંને ભવાં એક એક ઈંચ ઊંચાં લઈને બોલ્યો. તેનો અવાજ જરા પણ બનાવટી નહોતો. તેને ખરેખર હિસાબ પ્રત્યેની મારી સંભાળ ગમી હતી.

“હું જ્યારે બેડ રેસ્ટ પર હતી ત્યારે તું પણ તો મારી સંભાળ લેતો હતો.” મારાથી બોલાઈ ગયું. ચાર વર્ષ સુધી તેનાથી દૂર રહ્યા બાદ મારામાં પલાક્ષ પ્રત્યે જરા પણ ગુસ્સો વધ્યો નહોતો. કદાચ એ કારણથી જ તો હું અત્યારે પલાક્ષ સાથે બેસીને વાતો કરી રહી હતી.

“ઓહ!” ખુશ થવાથી પલાક્ષના બંને ગાલ લાલ થઈ ગયા “તને હજુ પણ બધું યાદ છે.”

“હા, મારે એ તો યાદ રાખવું પડે ને કે હું ક્યારેક કેવી જિંદગી જીવી રહી હતી અને હાલ કેવી રીતે જીવન જીવું છું.” બોલતી વખતે જ મેં નક્કી કરી દીધું હતું કે જો પલાક્ષ મારા જીવન વિષે વધુ પૂછવાનો પ્રયત્ન કરશે તો હું તરત જ ત્યાંથી ઊભી થઈ જઈશ. પણ તેણે જાણે મારું મન વાંચી લીધું હોય તેમ વાત બદલી નાખી, “તો નેના, ડૉક્ટર શું કહે છે? હિસાબ ક્યાં સુધીમાં સાજો થશે?”

“કોઈની પાસે સાચો જવાબ નથી. બસ મને સારું લગાડવા તેઓ સારું સારું બોલ્યા કરે છે.” હું ખૂબ ધીમે બોલી, જેથી હિસાબ મારી વાત સાંભળીને મનથી ભાંગી ન પડે.

“એવું હોય તો ક્યારેક હિસાબને મારા ક્લિનિક પર પણ લેતી આવ.” પલાક્ષ શરમાળ હાસ્ય હસીને બોલ્યો.

“તેં ક્લિનિક પણ ચાલુ કરી દીધું?!” મેં બાંકડા પર બેઠાં બેઠાં મારા આખા શરીરને ડાબી બાજુ, પલાક્ષ બાજુ ફેરવ્યું.

“બસ, બે-ત્રણ રૂમનું નાનું ક્લિનિક.”

“તો પણ તું ઑફિસિયલ ડૉક્ટર તો બની ગયો કહેવાય ને?!”

"હા, પણ ચાર વર્ષમાં કૉલેજમાં તારી બહુ કમી વર્તાઈ."

"અને હિસાબની?"

"એને પણ હું યાદ કરતો હતો."

અમે બંને હસી પડ્યાં.

થોડીક વાર ચૂપ રહ્યા બાદ પલાક્ષ અચાનક બોલ્યો, "આપણે ગાર્ડનની બહાર વૉક માટે જઈએ?"

તેની ઑફર સાંભળીને હું મૂંઝવણમાં મુકાઈ ગઈ. હિસાબને સાથે લઈને પલાક્ષ સાથે વૉક કરવી કે નહીં, એ પ્રશ્નનો જવાબ મેળવવા મારું મગજ તેની પૂરેપૂરી કાર્યક્ષમતામાં કામ કરવા લાગ્યું. મારે ખુદના કરતાં હિસાબના કમ્ફર્ટ વિષે વધુ વિચારવાનું હતું. મારા મગજને કોઈ જવાબ ન મળતાં મેં હિસાબને જ પૂછી જોયું. તેણે તરત જ તેની આંખોથી ઇશારો કરીને તેની સંમતિ દર્શાવી.

"ઓકે!" બોલીને હું ઊભી થઈ અને હિસાબની વ્હીલ ચેરના હેન્ડલ સુધી પહોંચી. ત્યાં સુધી પલાક્ષ પણ ગાર્ડનના ગેટ તરફ ફરી ચૂક્યો હતો. પલાક્ષ મારાથી થોડોક દૂર હતો ત્યારે મેં પાછળથી હિસાબના કાન પાસે ઝૂકીને ઝીણા અવાજમાં તેને કહ્યું, "તને ના ગમે ત્યારે મને એક ઇશારો કરી દેજે. આપણે પાછાં ફરી જઈશું."

ગાર્ડનની બહાર નીકળીને અમે રોડની ફૂટપાથ પર પહોંચ્યાં. મારું ધ્યાન ફૂટપાથની ખરબચડી સપાટી પર હિસાબને તકલીફ ન પડે એવી રીતે વ્હીલ ચેરને આગળ વધારવામાં હતું. પલાક્ષનું ધ્યાન તો ક્યારનું મારી તરફ હતું. તે સતત જોઈ રહ્યો હતો કે હિસાબનું હું કેટલું ઝીણવટભર્યું ધ્યાન રાખી રહી છું. નક્કી, એક-બે વાર તો પલાક્ષે ખુદને હિસાબની જગ્યાએ મૂકીને મારી સંભાળનું એ દૃશ્ય કલ્પ્યું જ હશે!

"નેના..." બોલીને તે અટકી ગયો.

"હા, બોલ ને!" હું ચહેરા પર સ્માઇલ લાવીને બોલી.

"પણ તું ના પાડી દઈશ." પલાક્ષનો અવાજ અચાનક ઘાટો થઈ ગયો અને તેની આંખો પણ ઝીણી થઈ ગઈ.

"તું પહેલાં બોલ તો ખરો." હું વધુ મોટી સ્માઇલ સાથે બોલી, જેથી પલાક્ષ સંકોચ વગર તેની માંગણી મૂકી શકે.

"મને... થોડીક વાર હિસાબની... વ્હીલ ચેર ચલાવવા દઈશ?" તેણે અચકાતાં અચકાતાં માંડ તેનું વાક્ય પૂરું કર્યું. તેની માંગણી સાંભળીને હું ચાલતી અટકી ગઈ. ફરીથી મને મૂંઝવણ થવા લાગી. મેં અત્યાર સુધી ઘનશ્યામ ડૅડને પણ હિસાબનું અસ્તિત્વ સોંપ્યું નહોતું તો હું પલાક્ષને તો કેવી રીતે પરવાનગી આપી શકું?!

"નેના, બસ એક વાર. હું પણ તારી જેમ જ હિસાબનું ધ્યાન રાખીશ." પલાક્ષ વિનંતી કરવા લાગ્યો.

"પણ... મેં ક્યારેય..." પલાક્ષે મને મારું વાક્ય પૂરું ન કરવા દીધું, "હા, મને ખબર છે કે હિસાબને તેં ક્યારેય એકલો નથી છોડ્યો. પણ હું ક્યાં હિસાબને લઈને ભાગી જવાનો છું?! તું એની સાથે તો છે."

"સારું!" મેં ઊંડો શ્વાસ લીધો, "હિસાબને વધુ ઝટકા ન પડે એ વાતનું ધ્યાન રાખીને વ્હીલ ચેર ચલાવજે."

"થૅન્ક્સ થૅન્ક્સ..." બોલતો બોલતો પલાક્ષ મારી જગ્યાએ આવીને ઊભો રહ્યો અને હું કમને હિસાબની વ્હીલ ચેરથી દૂર ખસી. પણ મારું ધ્યાન તો હિસાબની આંખોના એ ઇશારા પર જ હતું જેનાથી હું હિસાબનું કમ્ફર્ટ લેવલ માપી શકું.

અમે ફરીથી વૉક શરૂ કરી. ચાર વર્ષમાં પહેલી વાર એવું બન્યું હતું કે મારા હાથમાં હિસાબની વ્હીલ ચેર નહોતી. તેની વ્હીલ ચેરના હેન્ડલ પકડીને મારા હાથમાંથી મહેંદી જેવી સુગંધ આવતી, અને અત્યારે હું સાવ કુંવારાં હાથ મહેસૂસ કરી રહી હતી!

"તો નેના, કોઈ બીજાએ મોબાઇલ ગિફ્ટ કર્યો કે નહીં?!" પલાક્ષે હસીને પૂછ્યું.

હું પલાક્ષનો કટાક્ષ સમજી ગઈ, “ના, જરૂર જ નથી પડી.”

“સાચી વાત છે. એમ પણ હવે તારે ક્યાં કોઈના માટે મૅસેજ ટાઇપ કરીને સેન્ડ બટન દબાવવું છે.” પલાક્ષ ગંભીર સ્વરે બોલ્યો. તેના સ્વભાવની આ એક ખાસિયત હજુ એમની એમ હતી. એક પળમાં ખુશ, બીજા પળમાં દુઃખી! મારા મૉમ મને કહેતાં કે ક્યારેય ડબલ સ્વભાવ વાળી વ્યક્તિ પર વિશ્વાસ ન મૂકવો! તો પણ જાણીજોઈને અથવા અજાણતાં જ હું પલાક્ષ પર હજુ વિશ્વાસ મૂકી રહી હતી. એની સાબિતી એ હતી કે મેં વધુ કંઈ વિચાર્યા વગર હિસાબને પલાક્ષના હવાલે કરી દીધો હતો.

“તને મેં જે મોબાઇલ ગિફ્ટ કર્યો હતો, શું એના સેન્ડ બટન દબાવવામાં ઉપયોગ થાય છે?” મેં પણ પલાક્ષની જેમ જ ઍન્ટીક્લોકવાઇઝ દિશામાં પ્રશ્ન પૂછીને એ વાતની ખાતરી કરવાનો પ્રયત્ન કર્યો કે શું તેના જીવનમાં મારા પછી બીજી કોઈ છોકરી આવી છે કે નહીં?! કોઈ બે વ્યક્તિના સંબંધના અંત પછીનો વાર્તાલાપ કેવો મજાનો હોય છે, અંદરથી દુઃખી; ઉપરથી ફની!

પ્રશ્ન પૂછવાની મારી રીત જોઈને પલાક્ષ હસી પડ્યો. મેં પણ તેને હસવામાં સાથ આપ્યો.

“નેના, તું એવું વિચારી પણ કેવી રીતે શકે કે તેં મને ગિફ્ટમાં આપેલો મોબાઇલ હું બીજા કોઈ માટે સેન્ડ બટન દબાવવામાં વાપરું.” પલાક્ષ ત્રાંસી આંખે મારી સામે જોઈને બોલ્યો. હજુ પણ તેનું ધ્યાન હિસાબની વ્હીલ ચેર અને ફૂટપાથથી ખરબચડી સપાટી પર હતું.

“કેમ ના વિચારી શકું? ડૉક્ટરને તો બહુ આસાનીથી મરીઝ મળી જાય છે ને!” મેં નીચલા હોઠ પર બે-ત્રણ દાંત ચઢાવીને તોફાની અવાજે મજાક કરી.

“હા...હા...હા...! મરીઝ? હં...?” પલાક્ષ છૂટા મોંએ હસવા લાગ્યો, “એ જ તો તકલીફ છે. મને બધા મરીઝ જ મળે છે. કોઈ પરફેક્ટ માણસ નથી મળતું.”

સાંભળીને હું મનમાં બબડી, કેમ હું પરફેક્ટ નહોતી?!

“પલાક્ષ, હવે તો તારી લાઇફ સેટ થઈ ગઈ છે. કોઈ સારી છોકરી શોધીને લગ્ન કરી લે.” મારો કોઈ હક નહોતો બનતો તો પણ મેં તેને સલાહ આપી.

“ના નેના.”

“કેમ?”

“હજુ જે જોઈતું હતું એ નથી મળ્યું.”

“તને શું જોઈતું હતું?”

“એક ચા.”

“વોટ?”

“હા, સામે જો.” પલાક્ષે ઝાડ નીચે, ટી સ્ટોલ તરફ આંગળી ચીંધી, “જૂનો અને જાણીતો ટી સ્ટોલ.”

તેના હાથની દિશામાં જોતાં જ મારા મોઢામાંથી ‘શીટ’ શબ્દ નીકળી ગયો, “આ તો પેલો જ ને?”

“હા, એ જ! અહીંની સાથે ચા પીધે બહુ વર્ષો થઈ ગયાં.” બોલીને પલાક્ષ હિસાબને સાથે લઈને મારી પરવાનગી લીધા વગર ટી સ્ટોલ તરફ ઝડપથી ચાલવા લાગ્યો. મારે નાછુટકે તેની પાછળ પાછળ જવું પડ્યું. જો તેના હાથમાં હિસાબની વ્હીલ ચેર ન હોત તો હું ત્યાંથી જ પાછી વળી ગઈ હોત.

પલાક્ષને જોઈને ટી સ્ટોલનો માલિક સ્ટવ ટેબલની પાછળથી બહાર આવ્યો અને પલાક્ષને ભેટ્યો. મને મિલનનું એ દૃશ્ય જોઈને ભયંકર આશ્ચર્ય થયું. પહેલાં મેં ક્યારેય બે પુરુષને આટલી ગરમાઈથી મળતાં નહોતા જોયા.

પલાક્ષ સાથે ગુનગુન કરીને તે પાછો તેના સ્ટવ પાસે ગોઠવાઈ ગયો. અત્યાર સુધી મારા માટે રાહતની વાત એ હતી કે તે મને જોઈને કશું આડુંઅવળું બોલ્યો નહોતો. ફક્ત તેણે મારી સામે એક પાતળી મુસ્કાન જ છોડી હતી.

હું પ્લાસ્ટીકની તૂટેલી ખુરશીમાં હિસાબની વ્હીલ ચેરની બરાબર સામે બેઠી. પલાક્ષ તો હજુ પણ ટી સ્ટોલવાળા સાથે વાતો જ કરી રહ્યો હતો.

"હિસાબ" ખુરશીમાં બેઠાં બેઠાં હું આગળની તરફ ઝૂકી, "સાચું કહેજે, હું તારી વ્હીલ ચેર સારી રીતે ચલાવું છું કે પલાક્ષ?"

મારો સવાલ સાંભળીને હિસાબ તેના ગળામાંથી ખુશીના અવાજો કાઢવા લાગ્યો, જેનો મતલબ એ હતો કે તેનો જવાબ મારી સાપેક્ષમાં છે!

"વાઉ હિસાબ! યુ આર સો સ્વીટ!" કહીને મેં હિસાબના ગાલ ખેંચ્યા, જેને મારી કેટલીક કૉસ્મેટિક્સ વાપરીને મેં મુલાયમ કરી દીધા હતા!

ત્યાં સુધી પલાક્ષ ચાના બે કપ લઈને મારી પડખે આવીને ઊભો રહ્યો અને બોલ્યો, "તો તમે બંને આવી રીતે વાતો કરો છો?"

"હા, આંખોથી વાતો." મેં ટૂંકમાં ઉત્તર આપ્યો. હજુ મારી નજરો હિસાબ પર જ હતી.

"તને હિસાબની આંખોની ભાષા સમજતાં આવડી ગઈ?" પલાક્ષે ચાનો એક કપ મને આપતાં પૂછ્યું.

"મારે એવું કહેવું જોઈએ કે હિસાબને તેની આંખોથી મને તેના મનની વાતો સમજાવતાં આવડી ગઈ." હું પલાક્ષ સામે જોઈને બહુ ઓછી માત્રામાં હસી.

"તમારી જુગલબંધીનાં વખાણ કરું એટલાં ઓછાં છે." પલાક્ષ ખુરશી લઈને મારી નજીક આવીને બેઠો.

મેં તેને સામે કંઈ જવાબ આપવા કરતાં હિસાબને ચાનો સ્વાદ આપવો જરૂરી સમજ્યું. હું મારા હાથ આસાનીથી હિસાબના હોઠ સુધી પહોંચાડી શકું એટલા માટે હું વધુ તેના તરફ ઝૂકી અને સાચવીને ચાનો ગરમ કપ તેના હોઠ પર મૂક્યો, "ગરમ છે, ધીમે ધીમે પીજે."

કપને નીચેથી ઊંચો કરીને માપસરની ચા મેં હિસાબના મોંમાં રેડી. પણ ચાનું એક બુંદ પીતાં જ હિસાબના ચહેરા પરના હાવભાવ કોઈ એવા નાના બાળક જેવા થઈ ગયા, જે પહેલી વાર ખાટું લીંબુ ખાઈ રહ્યું હોય! મેં તરત જ મારો હાથ પાછો ખેંચી લીધો અને મારા હાથરૂમાલથી હિસાબના હોઠ સાફ કર્યા.

"હિસાબને શું થયું?" પલાક્ષે ખૂબ ઝડપથી પૂછ્યું.

"એને મારા હાથની ખીચડી સિવાય બીજું કશું નથી ભાવતું." મેં ચોખવટ કરી.

"તો તમે રોજ ખીચડી જ ખાઓ છો?" પલાક્ષે નવાઈથી પૂછ્યું.

"લગભગ ચાર વર્ષોથી, રોજ ખીચડી!"

"તો ચાલ નેના, આપણે ફરીથી ક્યારેક જો મળી ગયાં તો કોઈ રેસ્ટોરન્ટમાં જઈશું." પલાક્ષ ઊછળી પડ્યો. તેની ખુશી જોઈને મને એવું લાગ્યું કે તેણે મારો હા કે નામાં જવાબ સાંભળ્યા વગર જ મનમાં કોઈ રેસ્ટોરન્ટ પણ વિચારી લીધી હશે!

પલાક્ષનો ખુશ ચહેરો જોઈને હું તેને ના ન પાડી શકી, પણ કંઈ બોલી પણ ન શકી. ફક્ત હકારમાં મેં માથું ધુણાવ્યું.

"નેના, તું તો ચા પી." મારા કપમાંથી જરા પણ ચા ઓછી નહીં થયેલી જોઈને પલાક્ષે ટકોર કરી.

"હું ના પી શકું."

"કેમ?"

"હું ચાર વર્ષથી એ જ ખાઉંપીઉં છું, જે હિસાબને ગમે છે."

ચાનો કપ પલાક્ષના હોઠ સાથે ચોંટેલો હતો. તેણે એક આંગળી ઊંચી કરીને, ચાનો કપ ખતમ ન થઈ જાય ત્યાં સુધી મને તેના જવાબની રાહ જોવાનું કહ્યું. ચાની છેલ્લી ચૂસકી લીધા બાદ પલાક્ષ જીભથી તેના ખરડાયેલા હોઠ સાફ કરતાં કરતાં બોલ્યો, "તેં તો હદ જ કરી નાખી. કોઈ આ હદે ઓલમોસ્ટ મરેલા માણસને જિવાડવા શું કામ પોતાની યુવાની વેડફે."

"કારણ કે હજુ તે મર્યો નથી. હા, હું મારી યુવાની વેડફી નથી રહી, બસ ખર્ચી રહી છું." મેં તરત ઉત્તર આપી દીધો. મારો તીક્ષ્ણ જવાબ પલાક્ષની આંખો ખોલવા માટે પૂરતો હતો. તેની પાસે બોલવાના

કંઈ શબ્દો ન બચ્યા એટલે તે બસ માથું હલાવવા લાગ્યો.

"કોઈ મારા અને હિસાબના રિલેશનને ક્યારેય નહીં સમજી શકે." હું ખુરશી પરથી ઊભી થઈ અને હિસાબની વ્હીલ ચેરની પાછળ પહોંચી.

"એનું કોઈ કારણ?" પૂછીને મારો જવાબ સાંભળ્યા વગર જ પલાક્ષ ટી સ્ટોલવાળાને ચાના પૈસા ચૂકવવા જતો રહ્યો.

તે પાછો આવ્યો ત્યાં સુધી હું હિસાબને લઈને બંગલા તરફ ધીમે ધીમે ચાલવા લાગી હતી.

"નેના?" પાછળથી આવીને પલાક્ષે મારા ખભા પર હાથ મૂક્યો. હું મારા ખભા પર વજન મહેસૂસ કરીને તરત જ પાછળ વળી અને બોલી, "હા તો હું કહેતી હતી કે..." હું મારું વાક્ય પૂરું કરું તે પહેલાં પલાક્ષે મારી ખૂબ નજીક આવીને મારા હોઠ પર આંગળી મૂકી દીધી અને મારી આંખોમાં જોઈને બોલ્યો, "નેના, હું હજુ તને પ્રેમ કરું છું. હું જેને પ્રેમ કરું છું એને આવું જીવન જીવતાં કેવી રીતે જોઈ શકું?! લગ્ન કરીશ મારી સાથે? હું તને તારો ભૂતકાળ પાછો આપીશ."

મને એ વાતની નવાઈ ન લાગી કે પલાક્ષ હજુ મને પ્રેમ કરે છે, પણ મને એ વાતની નવાઈ લાગી કે તેણે પહેલી વાર કેવી રીતે શરમાયા વગર, રડ્યા વગર અને અટક્યા વગર તેના પ્રેમની વાત કરી?! મેં તેને તરત જ 'ના'માં જવાબ આપવો કે ગુસ્સે થઈને ધક્કો મારી મારાથી દૂર કરવો એ, મને સમજાયું નહીં. હું થોડીક વાર સુધી એની આંખોમાં જોતી રહી, પછી આરામથી મારા હોઠ પરથી એની આંગળી ઉઠાવીને બોલી, "જો પલાક્ષ, હું હિસાબનો સોદો તારા પ્રેમ સાથે કરવા નથી માંગતી."

"હા, એ બધી વાત હું સમજી શકું છું. પણ મને તારા પર દયા આવે છે." પલાક્ષ જેમ તેમ કરીને તેના અવાજને પાતળો થતો રોકી રહ્યો હતો.

"તને મારા પર દયા આવે છે અને મને મારા પર ગુસ્સો આવે છે. મને ખબર છે હું તારી સાથે ખોટું કરી રહી છું. તું તો મારી સાથે મિત્રતા કરતાં પર શરમાતો હતો, આ તો મેં જ તને પ્રેમ કરતાં શીખવ્યું અને હવે હું જ તને અવગણું છું." મેં પલાક્ષ સામે મારી ભૂલ કબૂલી દીધી.

"સારું નેના, તું હિસાબને પહેલાં સાજો કર. પછી મારી સાથે લગ્ન કર. હું તારા માટે હંમેશ કુંવારો રહીશ." બોલીને પલાક્ષ હસ્યો અને મારો ખભો થાબડીને જતો રહ્યો.

તેના ગયા પછી હું પણ હિસાબની વ્હીલ ચેરને ધકેલતી ધકેલતી હિસાબના બંગલા તરફ ઊપડી. પલાક્ષની વાતોએ મારું મગજ ઉત્તેજિત કરી નાખ્યું હતું. ફૂટપાથ પર ચાલતાં ચાલતાં હું પલાક્ષની મનોસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરી કરી હતી. મને તે ચાર વર્ષ પછી મળ્યો હતો અને એ ચાર વર્ષ પછીની મુલાકાતનો અંત પ્રેમથી હાથ મિલાવીને બાય કહ્યા વગર થયો. પલાક્ષ તો કદાચ અત્યારે ક્યાંય છુપાઈને રડતો હશે. હું દર વખતની જેમ આ વખતે પણ પલાક્ષને રડતો ના રોકી શકી. તે જ્યારે મારી સામે પ્રેમની રીતસર આજીજી કરતો હતો, ત્યારે તે તેના આત્મસમ્માનને ક્યાં દાટી દેતો હશે?! તે ખરેખર તો તેના પ્રેમને મેળવવાનો હકદાર હતો પણ હું હિસાબ તરફની મારી ફરજ નહોતી છોડી શકતી.

બંગલે પહોંચતાં સુધી મેં મારા મગજને શાંત પાડી દીધું. મેં ઘરમાં ચારેબાજુ જોયું પણ ઘનશ્યામ ડૅડ ન દેખાયા, એટલે હું સમજી ગઈ કે અંધારું થઈ ગયું હોવાથી તેઓ પોતાના ઘર બાજુ નીકળી ગયા છે.

મેં હિસાબ અને મારા માટે ખીચડી બનાવી અને અમે બંને વાતો કરતાં કરતાં તે ખીચડી ખાધી. મેં આજે ચેસની રમત રમતી વખતે પણ હિસાબ સાથે પલાક્ષની વાતો કરી અને ટૅરેસ પર પણ પલાક્ષની જ વાતો કરી. તેને સૂવડાવ્યા બાદ મેં બારીની કિનારીએ બેસીને મારી ડાયરી ખોલી. ચાર વર્ષ પછી હું ફરીથી મારા જીવનમાં પલાક્ષનું ચેપ્ટર ખોલવા તૈયાર થઈ હતી.

૨૦ નવેમ્બર, ૨૦૧૧

સ્નોવી, મારી જિંદગીએ ફરીથી તેના રંગરૂપ બદલ્યા. મને ખબર નથી પડતી કે હું તને ખુશ

થઈને જણાવું કે દુ:ખી થઈને જણાવું, આજે ચાર વર્ષ પછી હું પલાક્ષને મળી. તે ફૉર્મલ કપડાંમાં બહુ હેન્ડસમ લાગતો હતો. મેં તેની સાથે ચા પીધી અને ઘણી બધી વાતો કરી. પણ વાતના અંતે.... તેણે મને લગ્ન માટે ઑફર આપી. હું જાણું છું કે તું પણ એ જ વિચારી રહી છે, જે હું વિચારી રહી છું, મારે તેને ના પાડવા તેની સામે ફરીથી જવું કે આ વાતને અહીંયા જ ભૂલી જવી?! પણ સ્નોવી, તારી જેમ મને પણ લાગે છે કે પલાક્ષ સાથે બહુ ખોટું થઈ રહ્યું છે. હવે તેણે જાતે જ કોઈ હાર્ડ ડિસીઝન લઈને એવી કોઈ છોકરી શોધી લેવી જોઈએ જેના નસીબમાં સેન્ડ બટન દબાવતાં પહેલાં કોઈ દુર્ઘટના લખાઈ ન હોય!



સવારે ઊઠતાંની સાથે જ બેડ પર પડેલી મારી ડાયરી પર મારી નજર પડી, જે ખુલ્લી હતી. હું ડાયરીના પાનાને પંખાની હવામાં ઊડતાં જોઈને સફાળી જાગી ગઈ.

"ઘનશ્યામ ડૅડ?" મેં આશ્ચર્યથી પૂછ્યું. તેઓ બેડની નજીક ખુરશીમાં આરામથી બેઠા હતા.

"હું કલાકથી અહીંયા બેઠો છું." તેઓ મારાથી વિરુદ્ધ એકદમ ધીરગંભીર અવાજે બોલ્યા.

"મારી ડાયરી તમે વાંચી?" પૂછતી વખતે મને મારા ડૅડની યાદ આવી ગઈ. તેઓ જ્યારે છુપાઈને મારી ડાયરી વાંચી લેતા ત્યારે હું તેમનાથી રિસાઇને બેસી જતી અને તેઓ પોતાના કામ પર જવાના બદલે આખો દિવસ ઘરે રોકાઈને મને મનાવ્યા કરતાં.

"હું અહીંયા આવ્યો ત્યારે ડાયરીનાં પાનાં ઊડતાં હતાં. તો હું તારી ડાયરીને બંધ કરવા ગયો અને મારી નજર ડાયરીમાં પલાક્ષ નામ પર પડી..." મેં ઘનશ્યામ ડૅડને અધવચ્ચે જ બોલતાં અટકાવ્યા, "પલાક્ષનું નામ વાંચીને તમે મારી ડાયરી વાંચવા લાગ્યા?"

"હા, નેના!"

"ઓહ, ગૉડ!" હું અકળાઈને બેડની બહાર આવી ગઈ.

"નેના, ધીમે બોલ, નહીંતર હિસાબ ઊઠી જશે." મારો અવાજ વધુ ઊંચો થાય તે પહેલાં ઘનશ્યામ ડૅડે મને ટકોર કરી.

"હા, આપણે બહાર જઈને વાત કરીએ." બોલીને હું ઘનશ્યામ ડૅડનો હાથ પકડીને છેક બંગલાના ગાર્ડનમાં આવી.

"હવે બોલો, તમે શું વાંચ્યું?" હું અદબ વાળીને ટટ્ટાર ઊભી રહી.

"તારી અને પલાક્ષની વાતો."

"કઈ વાતો?"

"બધી જ વાતો."

"મતલબ તમે મારી આખી ડાયરી વાંચી લીધી?" મેં એ વિચારતાં વિચારતાં પૂછ્યું કે કોઈ મારી આટલી મોટી ડાયરી એક કલાકમાં કેવી રીતે વાંચી શકે?!

"હા." બોલીને ઘનશ્યામ ડૅડ અટક્યા. પછી તરત તેમણે ઉમેર્યું, "નેના, ગુસ્સે ના થા. તારી ડાયરી વાંચી તો મને તારા અને પલાક્ષના સંબંધની કરુણતા વિષે જાણ થઈ."

"કઈ કરુણતા?" પવનમાં ઊડતાં મારા વાળને કાનની પાછળ ગોઠવતાં મેં પૂછ્યું.

"તમે બીજાની ભૂલોને લીધે દુઃખી થઈ રહ્યાં છો. આજે જે પણ પરિસ્થિતિ છે તેની પાછળ પલાક્ષનો સહેજ પણ વાંક નથી, તેમ છતાં તે તારી સાથે દુઃખી થઈ રહ્યો છે. શું તેનું કારણ એ ન હોઈ શકે કે તે તને હજુ પણ સાચો પ્રેમ કરે છે?"

હું થોડીક વાર ચૂપ રહી, પછી ગળા નીચે થૂંક ઉતારીને લુલા અવાજે બોલી, "હા, એ હજુ પણ મને સાચો પ્રેમ કરે છે."

"અને તું?" નીચે ઝૂકી ગયેલા મારા ચહેરાને પ્રેમથી પકડીને ઘનશ્યામ ડૅડે ઊંચો કર્યો.

"હું પણ પલાક્ષને પ્રેમ કરું છું." બોલીને હું ઘનશ્યામ ડૅડને વળગી પડી.

"તો પછી નેના દીકરી, શું કામ આવું ગાંડપણ કરે છે?!" ઘનશ્યામ ડૅડ મારા વાળમાં ખૂબ હેતથી તેમનો હાથ ફેરવી રહ્યા હતા, "પલાક્ષ સાથે લગ્ન કરીને ખુશીથી રહે."

"ના, ડૅડ! હું પલાક્ષ સાથે લગ્ન કરી લઈશ તો હિસાબ નું શું થશે?" મેં વર્ષો જૂની મારી એ જ દલીલ કરી.

"હિસાબને હું સાચવી લઈશ બેટા. તું બસ, પલાક્ષનો પ્રેમ સ્વીકારીને બેઉના જીવનને સાચવી લે."

"હિસાબને નહીં ગમે, જો હું તેને છોડીને પલાક્ષ સાથે જતી રહીશ તો." મેં કહ્યું. હું હજુ ઘનશ્યામ

ડૅડને ભેટીને ઊભી હતી.

"હિસાબને નહીં ગમે પણ તારાં મૉમ-ડૅડને ગમશે."

સાંભળીને હું ઘનશ્યામ ડૅડથી દૂર ખસી, "મારાં મૉમ-ડૅડ?!"

"હા, નેના! તેં તારી ડાયરીમાં લખ્યું છે કે તારાં મૉમ-ડૅડ તને હંમેશ કહેતા હતાં કે પલાક્ષને ક્યારેય ન છોડતી."

"બસ એ જ વાતનું તો દુઃખ છે. હું અત્યાર સુધી મારાં મૉમ-ડૅડની ઇચ્છા વિરુદ્ધ પલાક્ષને અવગણતી રહી છું." મેં ડોક ઊંચી કરીને આકાશ તરફ જોઈને નિસાસો નાખ્યો.

"તો આજે જિંદગીએ મોકો આપ્યો છે. એ એકના એક મોકાને ગુમાવી ના દે દીકરા, પલાક્ષ સાથે લગ્નની હા પાડી દે."

"પણ...."

"પ્લીઝ નેના, મારા માટે નહીં તો તારાં મૉમ-ડૅડ માટે." ઘનશ્યામ ડૅડે મારો હાથ પકડીને તેના પર તેમનો હાથ મૂકી દીધો, "તું વિચાર, એ તને પલાક્ષ સાથે જોઈને કેટલાં ખુશ થશે."

"પણ હિસાબ?"

"જો હિસાબ સાજો થવાનો જ હશે તો એ તારા વગર પણ થઈ જશે અને સાજો નહીં થવાનો હોય તો તારા લાખ પ્રયત્નો પછી પણ નહીં થાય. તેથી પ્લીઝ તું મારી વાત માન અને હિસાબને મારા હવાલે મૂકીને પલાક્ષ સાથે જતી રહે. હું તને વચન આપું છું કે હું હિસાબને તારા કરતાં પણ વધુ સારી રીતે સાચવીશ." ઘનશ્યામ ડૅડ મને મનાવવાના ભરપૂર પ્રયત્નો કરી રહ્યા હતા. ધીમે ધીમે હું તેમની વાત માની પણ રહી હતી. મારાં મૉમ-ડૅડની વાત કાઢીને તેમણે વાતચીતને વધુ નાજુક બનાવી દીધી હતી. મારે મારાં મૉમ-ડૅડ માટે હા પાડવી જ પડી.

મેં તેમના હાથ પર મારો બીજો હાથ મૂકીને ફક્ત આંખનો પલકારો કર્યો. મારી સંમતિ જોઈને તેઓ ખુશ થઈ ગયાં અને જોર જોરથી કહેવા લાગ્યા, "નેના, તું સુખી થજે, સુખી થજે, બેટા!"

હું ઘનશ્યામ ડૅડના પગે પડી અને હિસાબને જગાડવાનું બહાનું કાઢીને તેમની સામેથી ખસી ગઈ. ખરેખરમાં, મારે હજુ મારા નિર્ણય વિષે વધુ એક-બે વાર વિચારવું હતું. હિસાબના રૂમ સુધી પહોચતાં સુધી તો મારા દિમાગમાં ઘણાં બધા ગાણિતિક સમીકરણો તૈયાર થઈ ગયાં અને બધાં જ સમીકરણોનો જવાબ મારાં મૉમ-ડૅડ હતાં. જો હું એક પળ માટે પલાક્ષ સાથે લગ્ન ન કરવાનું નક્કી કરું તો બીજી જ પળે મારી સામે મારાં મૉમ-ડૅડની તસ્વીર ઉભરાઈ આવે અને મારે મારો નિર્ણય બદલવો પડે. અત્યારે મારા જીવનમાં એ કન્ફ્યુઝન હતું જેણે મારા જીવનને પઝલની રમત બનાવી દીધી હતી!

હિસાબને જગાડ્યા બાદ તેને સાચવીને મેં વ્હીલ ચેરમાં બેસાડ્યો અને હું તેની સામે બેઠી, "હિસાબ, હવે તું જે કહે એ ફાઇનલ. શું મારે પલાક્ષ સાથે લગ્ન કરવા જોઈએ?"

જવાબની રાહ જોઈને હું પાંચેક મિનિટ સુધી હિસાબની આંખોમાં જોતી રહી પણ તેની આંખો જરા પણ ન હલી. તેની આંખો એકદમ સ્થિર હતી, જાણે તેના હાથપગની જેમ તેની આંખોને પણ પેરાલિસિસ થઈ ગયો હોય.

"હિસાબ, શું તું મારા વગર એકલો રહી શકીશ? મારે પલાક્ષ સાથે લગ્ન કરવાં જોઈએ?" મેં ફરીથી પૂછ્યું. પૂછતી વેળા મેં મારા બંને હાથ હિસાબના હાથમાં મૂકી દીધા હતા, જેથી તેને એ વાતની ખાતરી મળે કે હું હાલ પૂરતી તો ક્યાંય નથી જઈ રહી!

બીજી બે મિનિટ રાહ જોવડાવ્યા બાદ હિસાબે તેની આંખો પટપટાવી.

"સાચે?" મેં તેના હાથ મજબૂતાઈથી મારા હાથથી પકડી દીધા.

તેણે ફરીથી તેની આંખો પટપટાવી, સાથે ગળામાંથી 'હૂહૂ' અવાજ પણ કાઢ્યો.

"થૅન્ક્યુ હિસાબ, તે મારું કન્ફ્યુઝન દૂર કરી દીધું." બોલીને હું પગ પર સીધી ઊભી થઈને હિસાબની વ્હીલ ચેરને બાથરૂમ બાજુ ધકેલવા લાગી.

* * *

ડ્રૉઇંગરૂમમાં હિસાબના ભીના વાળ લૂછતી વખતે હું તેની સાથે મસ્તી કરી રહી હતી અને ઘનશ્યામ ડૅડ મારા અને હિસાબ માટે કિચનમાં બ્રેકફાસ્ટ તૈયાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક દરવાજો ખૂલ્યો અને એ જ ફૉર્મલ કપડાં અને લેપટોપ બૅગ સાથે પલાક્ષ ડ્રૉઇંગરૂમમાં પ્રવેશ્યો. તેને વહેલી સવારે આમ અચાનક આવેલો જોઈને હું ડઘાઈ ગઈ. નક્કી પલાક્ષ કોઈ ગંભીર વાત કરવા જ આવ્યો હશે, એમ વિચારીને હું ડરી ગઈ. તેના ચહેરાના તોફાની હાવભાવો પણ તેના તોફાની વિચારોની ખાતરી આપી રહ્યાં હતાં.

હું ભીનો ટુવાલ હિસાબના ખોળામાં મૂકીને પલાક્ષ તરફ ચાલી.

"તું અત્યારે? અહીંયાં?" હું તેનો રસ્તો રોકીને ઊભી રહી અને પૂછ્યું.

"તને મળવાની ઇચ્છા થઈ એટલે આવી ગયો." પલાક્ષનો અવાજ ફ્રેશ હતો.

"તું મને ગાર્ડનમાં પણ મળવા આવી શકતો હતો." હું પલાક્ષને ઠપકો આપતાં ઊંચા સ્વરે બોલી.

"કમ ઓન, નેના!" પલાક્ષે લહેકો કર્યો, "આપણે ગમે ત્યાં મળી શકીએ."

"પણ અહીંયા નહીં."

"કેમ અહીંયા નહીં?"

"આ તારો કે મારો બંગલો નથી. હિસાબનો છે."

"તો જે હદે તેં હિસાબની મદદ કરી છે એ રીતે તો આ તારો જ બંગલો થયો કહેવાય." બોલીને પલાક્ષ પોતાના ઢંગ વગરના સેન્સ ઑફ હ્યુમર પર હસવા લાગ્યો.

"પલાક્ષ..." ઘનશ્યામ ડૅડને કિચનમાંથી બહાર આવતા જોઈને હું બોલતી અટકી ગઈ અને જાણે કશું થયું જ ન હોય તેવી એક નકલી સ્માઇલથી મેં મારો ચહેરો સજાવી લીધો.

"શું થયું નેના?" ઘનશ્યામ ડૅડ હાથમાં દૂધના બે ગ્લાસ સાથે લઈને અમારી નજીક આવ્યા, "આ ડૉક્ટર જેવો લાગતો છોકરો કોણ છે?"

હું કંઈ બોલું તે પહેલાં 'હું પલાક્ષ' બોલીને પલાક્ષ ઘનશ્યામ ડૅડને પગે લાગ્યો. ઘનશ્યામ ડૅડે પણ વહાલથી તેને આશીર્વાદ આપ્યા અને બોલ્યા, "ચાલ, આપણે બધા સોફા પર બેસીને વાતો કરીએ."

સૌથી પહેલાં પલાક્ષ સોફા પર પથરાઈને બેઠો અને પછી ઘનશ્યામ ડૅડ દૂધના બંને ગ્લાસ ટેબલ પર મૂકીને સોફા પર બેઠા, પણ હું તેમની સાથે સોફા પર ન બેઠી. મેં ટેબલ પરથી દૂધનો એક ગ્લાસ ઉપાડ્યો અને હું હિસાબ સામે ઘૂંટણિયે બેઠી.

"પલાક્ષ, આજે સવારે જ મેં તારી વાત નેના સાથે કરી." ઘનશ્યામ ડૅડ ખૂબ ખુશ થઈને બોલી રહ્યા હતા. પણ હું તો હિસાબને દૂધ પીવડાવવામાં જ વ્યસ્ત હતી.

"વાઉ! પહેલાં તો નેના મારી વાતો બધાને કર્યા કરતી હતી અને હવે બધા લોકો નેનાને મારી વાતો કરે છે!" પલાક્ષ હસીને બોલ્યો.

"એવું કાંઈ નહીં, પલાક્ષ!" ઘનશ્યામ ડૅડે મારો લૂલો બચાવ કર્યો, "હજુ પણ નેના તારી વાતો કર્યા કરે છે."

મને તેઓની વચ્ચે બોલવાની ઇચ્છા થઈ ગઈ. હું પલાક્ષની વાત કોઈને કહેતી નથી, ફક્ત લખું છું!

"તો તો તેણે તમને એ પણ જણાવ્યું હશે કે ગઈકાલે હું ચાર વર્ષ પછી નેનાને મળ્યો હતો."

"તેણે મને જણાવ્યું નહોતું, પણ મેં તેની ડાયરીમાંથી વાંચી લીધું હતું." ઘનશ્યામ ડૅડ મારી સામે જોઈને બોલ્યા. જાણે તે મારી ડાયરી વાંચી લેવા માટે મારી માફી માંગી રહ્યા હોય.

"અને બીજું કંઈ જણાવ્યું?" પલાક્ષે મુખ્ય વાત છેડતાં બહુ સમય લીધો, પણ આખરે તેણે આડકતરી રીતે લગ્નની વાત પૂછી જ લીધી.

ઘનશ્યામ ડૅડ સોફામાં બરાબર બેઠા અને ઊંડો શ્વાસ લઈને બોલ્યા, "સાંભળ, પલાક્ષ! નેનાએ આજે સવારે મારી સામે કબૂલ્યું છે કે તે હજુ પણ તને પ્રેમ કરે છે અને એ તારી સાથે લગ્ન કરવા

રાજી થઈ ગઈ છે. હવે તારી જવાબદારી બને છે કે નેનાને ચાર વર્ષમાં જે કંઈ પણ નથી મળ્યું તે તું તેને ચાર મહિનામાં આપે."

"ચોક્કસ!" બોલીને પલાક્ષ સોફા પરથી ઝટકા સાથે ઊભો થયો અને મારી નજીક આવ્યો. તેણે મારા હાથમાંથી હિસાબનો દૂધનો ગ્લાસ છીનવી લીધો અને મારો હાથ પકડીને મને સીધી ઊભી કરી.

"નેના...." બોલીને તે અટકી ગયો અને ચૂપચાપ મારી આંખોમાં જોતો રહ્યો. આજે મેં વર્ષો પછી પલાક્ષની આંખોમાં એ શરમ જોઈ હતી જે શરમ કૉલેજકાળમાં મને જોઈને તેની આંખોને સંકોચી દેતી હતી. તેના ગાલ પણ શરમાવાના કારણે લાલ થઈ ગયા હતા. અત્યાર સુધી મને એમ જ હતું કે ચાર વર્ષમાં પલાક્ષ જડમૂળથી બદલાઈ ગયો હશે, પણ હજુ તે એવો ને એવો જ હતો.

તેને ચૂપ જોઈને મેં કંઈક બોલવાની હિમ્મત કરી, પણ હું મારી વાત બોલી શકું તે પહેલાં પલાક્ષ મને ભેટી પડ્યો અને સાવ બાળક જેવા અવાજે કહેવા લાગ્યો, "થૅન્ક્યુ નેના! આખરે તેં સેન્ડનું બટન દબાવી જ દીધું."

"હા, પલાક્ષ!" હું વધુ કંઈ ના બોલી શકી. હું જેને સતત અવગણતી રહી હતી તે અત્યારે મને ભેટીને ઊભો હતો. હું પણ ત્યાં સુધી પલાક્ષને ભેટીને ઊભા રહેવા તૈયાર હતી જ્યાં સુધી પલાક્ષ ખુદ મને તેના શરીરથી દૂર ન કરે!

એકાદ મિનિટ સુધી એકબીજાંનાં આલિંગનમાં રહ્યા બાદ અમે છૂટાં પડ્યાં.

"નેના, હું તને બહુ ખુશ રાખીશ." પલાક્ષ તેની ભીની આંખો લૂછતાં બોલ્યો.

"મને ખબર છે, તેં મને ક્યારેય દુઃખી નથી કરી." મેં કહ્યું.

"અને તેં પણ...!" પલાક્ષ બોલ્યો.

હું અને પલાક્ષ એ વાત ભૂલી ગયાં હતાં કે અમે એકબીજાંનાં લીધે કેટલાં દુઃખી થયાં છીએ. ક્યારેક હું પલાક્ષ માટે રડતી હતી, તો ક્યારેક પલાક્ષ મારા માટે રડતો હતો. અત્યારે અમે બધો ભૂતકાળ ભૂલીને હસી રહ્યાં હતાં. હવે મને લાગ્યું કે મારા જીવનમાં ડાન્સ અને હિસાબ સિવાય પલાક્ષ પણ છે!

"નેના, હવે હું અઠવાડિયા પછી આવીશ અને આપણે રજિસ્ટર્ડ મૅરેજ કરી લઈશું." બોલીને પલાક્ષ મારી સામેથી ખસીને હિસાબ સામે બેઠો, "સૉરી, હિસાબ! હું તારી પાસેથી નેનાને છીનવી રહ્યો છું. પણ તું ચિંતા ન કર, નેના તને મળવા આવતી રહેશે."

તરત હું પણ હિસાબ સામે બેઠી. "હા, હિસાબ. હું તને મળવા આવતી રહીશ."

હિસાબે આંખ મીંચી, પણ તેણે આંખ પાછી ખોલી નહીં. તેથી હું સમજી ગઈ કે હિસાબ દુઃખી છે, પણ હવે બહુ મોડું થઈ ગયું હતું. મારે હિસાબને ઘનશ્યામ ડૅડના હવાલે છોડીને પલાક્ષ સાથે જવાનું જ હતું. હું હિસાબને દુઃખી ન જોઈ શકી, એટલે તેની સામેથી ઊભી થઈને રૂમમાં દોડી ગઈ.

આજે સવાર સવારમાં એટલી મોટી ઘટનાઓ બની ચૂકી હતી કે મારે ડાયરી લખવા રાતની રાહ જોવી ન પડી.

૨૧ ઑક્ટોબર, ૨૦૧૧

સ્નોવી, મેં પલાક્ષ સાથે લગ્ન માટે હા પાડી દીધી. એનો મતલબ શું એવો થયો કે મેં હિસાબનો સોદો મારા લગ્નના બદલામાં કરી દીધો?! મને નથી સમજાઈ રહ્યું કે મેં સારું કર્યું છે કે ખોટું, પણ મારા આ નિર્ણયથી મારાં મૉમ-ડૅડ જરૂર ખુશ હશે. એમ તો હું પણ બહુ ખુશ છું, પણ હિસાબને છોડીને જવાની હિંમત નથી થતી. ખબર નહીં, તે મારા વગર શું કરશે?! મારા વગર તેની તબિયત વધુ તો નહીં બગડે ને?! સ્નોવી, મારા જીવનમાં બહુ મોટા મોટા વળાંકો આવે છે, જ્યાં હું તો વળી જઉં છું પણ મને ગમતાં લોકો ક્યાંય પાછળ રહી જાય છે. અત્યારે મને એવો વિચાર આવે છે કે મને સીધો રસ્તો ક્યારે મળશે, જો સીધો રસ્તો મળી પણ ગયો તો મારી મંજિલ કેટલી દૂર હશે?!

* * *

પલાક્ષ સાથે લગ્ન પહેલાં એક વાર વેદને મળવું જરૂરી હતું. તેથી એ જ સાંજે હું હિસાબને સાથે લઈને વેદને મળવા તેની એકેડમી પહોંચી ગઈ.

રોજની જેમ તે આજે પણ મોટા હૉલમાં વચ્ચોવચ વ્હીલ ચેર પર બેઠો હતો અને છોકરા-છોકરીઓને ડાન્સ અને મ્યુઝિક માટે જોરજોરથી બૂમો પાડીને સૂચનો આપી રહ્યો હતો. હું તેની પાછળ જઈને ઊભી રહી અને ધીમેથી બોલી, "વેદ?"

મારો સાવ સૂક્ષ્મ અવાજ સાંભળીને તે મારી તરફ ફર્યો અને મને જોઈને ખુશ થઈ ગયો, "નેના...! તને સરપ્રાઇઝ આપતાં પણ આવડે છે?!"

"હા, વેદ!" હું વધુ ન બોલી.

"આ મારો ભાઈ કેમ છે?" હિસાબ તરફ જોઈને વેદ ખૂબ ઉત્સાહમાં બોલ્યો.

"રોજની જેમ જ છે."

"તું ભાઈ જલદી સાજો થઈ જા ને. નેના તારા સાજા થયા પછી જ મારી વ્હીલ ચેરને ધક્કો મારશે." બોલીને વેદે હિસાબને તાલી આપી અને જોરજોરથી હસવા લાગ્યો. મને હસવાનો કે રમૂજનો જરા પણ મૂડ નહોતો, તેમ છતાં વેદનું નિખાલસ હાસ્ય જોઈને હું પણ જરાક હસી પડી.

"વેદ, હું અગત્યની વાત કરવા આવી છું." હું ગંભીર અવાજે બોલી. પણ મને ખાતરી હતી કે મારો ગંભીર અવાજ પણ વેદની રમૂજો પર બ્રેક નહીં લગાડી શકે!

"નેના... નેના... નેના...! જીવનમાં... કંઈ... અગત્યનું... નથી." વાક્યના દરેક શબ્દો લંબાવીને વેદ એવી રીતે બોલ્યો જાણે તે કોઈ પ્રવચન આપી રહ્યો હોય.

"શું લગ્ન પણ અગત્યનાં નથી?"

"વોટ?!" વેદ ધીમો પડ્યો.

"હા, વેદ! મારાં લગ્ન નક્કી થઈ ગયાં." મારાં લગ્નની જાહેરાત કરતી વખતે મેં ચહેરા પર સ્માઇલ લાવવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ હું હોઠને જરા પણ હલાવી ન શકી. જે એ વાતની સાબિતી હતી કે અંદરથી હું હજુયે મૂંઝવણમાં હતી કે પલાક્ષ સાથે મારે લગ્ન કરવાં કે નહીં?!

"યુ મીન, મૅરેજ?"

"લગ્ન!"

"એટલે મૅરેજ ને?"

"હા!"

"ઓહ ગૉડ!" વેદે વ્હીલ ચેરની હાથ ટેકવવાની જગ્યા પર જોરથી તેની હથેળી પછાડી, "હવે મને બહાર ફરવા કોણ લઈ જશે."

"વેદ, તારે મને કૉન્ગ્રેચ્યુલેશન કહેવું જોઈએ." હું પહાડી અવાજે બોલી.

"સારું. કૉન્ગ્રેચ્યુલેશન!" વેદ બોલવા ખાતર બોલ્યો. હું એ વિચારીને ગભરાઈ ગઈ કે જો વેદને મારાં લગ્નની વાત સાંભળીને દુ:ખ પહોંચ્યું છે તો હિસાબ પર તો શું ગુજરતું હશે?!

"પણ હું તને મળવા માટે આવતી રહીશ." મેં વેદને હિસાબને આપ્યો હતો એવો જ દિલાસો આપ્યો.

"લગ્ન પછી બીજા બધા સંબંધોમાં પહેલાં જેવી વાત નથી રહેતી, નેના!"

"સંબંધો ટકાવી રાખવા એ તો આપણા પર આધારિત છે." મેં દલીલ કરી.

"નેના, તારાં લગ્નની વાત સાંભળીને હું ખુશ છું, પણ આવી સિરિયસ વાતો ન કર." મજાકમાં વેદ બંને હાથ જોડીને બોલ્યો.

"હું તને અહીંયા એટલું જ કહેવા આવી છું કે આવતા અઠવાડિયે તું મારા લગ્નમાં હાજરી આપજે." મેં હસીને વાત પતાવી અને વેદનો હા માં જવાબ મેળવીને એકેડમીના મોટા દરવાજાની બહાર નીકળી. રોડની ફૂટપાથ પર પહોંચીને મેં હિસાબ સાથે વાતો કરવાની શરૂ કરી, "શું વેદ મારા લગ્નથી એટલો

બધો દુ:ખી છે કે તેણે મને એ પણ ન પૂછ્યું કે કોની સાથે મારાં લગ્ન થઈ રહ્યાં છે?!”



પલાક્ષ સાથે લગ્ન થઈ જાય તે પહેલાં હું હિસાબ સાથે થોડોક સારો સમય પસાર કરવા માંગતી હતી. તેથી આજે હું તેને રેસ્ટોરન્ટમાં લઈને આવી હતી.

ડોરમેનની મદદથી મેં હિસાબની વ્હીલ ચેર ઊંચકીને બે નાનકડાં પગથિયાં પાર કર્યા અને રેસ્ટોરન્ટમાં પ્રવેશ લીધો. આછી લાલ રંગની રોશનીથી ઝગમગતી રેસ્ટોરન્ટ સ્વર્ગથી કમ નહોતી. કાચના ગોઠવેલા દરેક ટેબલની વચ્ચોવચ એક ફાનસ હતું, જેની રોશની પણ લાલ રંગની હતી. રેસ્ટોરન્ટની છતની મધ્યમાં એક ઝુમ્મર લટકતું હતું, જેમાંથી મીણબત્તીની સોના જેવી સોનેરી રોશની કોઈ નાનકડું ઝરણું પહાડ પરથી પડતું હોય તેમ આખી રેસ્ટોરન્ટમાં પડી રહી હતી. આંખ અને કાનને સૌથી વધુ ગમે એવી વસ્તુ તો અમારી બરાબર સામે હતી. એક નાનકડા સ્ટેજ પરથી કેટલાક આર્ટિસ્ટ મધુર ગીતોના સૂર આખી રેસ્ટોરન્ટમાં ફેલાવી રહ્યા હતા અને રેસ્ટોરન્ટમાં હાજર દરેક લોકોમાં અજબની તાજગી ભેળવી રહ્યાં હતાં.

મારા પહેલેથી બૂક કરાવેલા ટેબલ પાસે પહોંચીને મેં હિસાબની વ્હીલ ચેર રાઉન્ડ શેપ ટેબલની એક બાજુ ગોઠવી અને હું તેની બરાબર સામે બેઠી. આજે મેં વર્ષો પછી કોઈ વેસ્ટર્ન ડ્રેસ પહેર્યો હતો, તેથી હિસાબ સતત મને જ જોઈ રહ્યો હતો. આટલાં બધાં વર્ષો તેની આંખોની ભાષા સમજી સમજીને હું એટલી હદે કાબેલ થઈ ગઈ હતી કે હવે હું હિસાબની આંખોની ગોળ ગોળ કીકીની હલચલ જોઈને તે શું કહેવા માંગે છે તેની સચોટ આગાહી કરી શકતી હતી. અત્યારે તે તેની આંખોના ઇશારાઓથી મારી સુંદરતાના વખાણ કરી રહ્યો હતો!

"હિસાબ, જો તું બોલી શકતો હોત તો આજે તું ઘણું બધું બોલત!" હું ટેબલ પર મારું પર્સ મૂકતાં હસીને બોલી.

તેણે તેના નીચલા હોઠને ત્રાંસા કરીને ગળામાંથી અવાજો કાઢ્યા અને આખા શરીરને કોઈ રબરની જેમ તંગ કર્યું.

"સાચું કહું છું, હિસાબ!" હું ટેબલ પર બંને હાથ ટેકવીને હિસાબ તરફ ઝૂકી. "તું જે રીતે તારી ખુશી બતાવે છે, એ રીત આ દુનિયાની સૌથી અલગ રીત છે અને એને હું જ ઓળખી શકું છું."

પણ મારા આ વાક્ય પર હિસાબે કોઈ પ્રતિક્રિયા ન આપી. કદાચ તે મનમાં વિચારી રહ્યો હશે, નેના જતી રહેશે પછી કોને ખબર પડશે કે હું ખુશ છું કે દુઃખી?!

હિસાબ સાથે બીજી થોડીક વધુ વાતો કરીને મેં વેઇટરને ઑર્ડર આપ્યો. ઑર્ડરમાં મેં બે ગ્લાસ એપલ પિયર જ્યૂસ, એક ઓરીએન્ટલ લેટસ વ્રેપ સૂપ, વ્હાઇટ વાઇન, સ્પાઘેટ્ટી, ક્રિસ્પી પોટેટો ચીલી, કેનોલોની, પીને અરેબિયતા, રોસ્ટ વેજીટેબલ વિથ ચીલી પ્રેસ્તો, ચોકોલેટ ચીપ કુકીઝ અને બનાના એપલ ટૉફી મંગાવી.

મેં મંગાવેલી બધી આઇટમો લઈને વેઇટર આવે ત્યાં સુધી હું હિસાબ સાથે વાતો કરતી રહી અને તેને કહેતી રહી, "તું ચાર વર્ષોથી રોજ ખીચડી ખાય છે. એટલે આજે તો હું તને આ રેસ્ટોરન્ટની બધી જ આઇટમોનો સ્વાદ લેવડાવીશ."

આ વખતે પણ હિસાબે કોઈ હિલચાલ નહોતી દર્શાવી. તેનું કારણ દેખીતું હતું - હિસાબને ફાઇવ સ્ટાર રેસ્ટોરન્ટના મેનુ કરતાં મેં બનાવેલી ખીચડી વધુ ભાવતી હતી!

મેં સૌથી પહેલાં એપલ પિયર જ્યૂસનો ગ્લાસ ઉપાડ્યો અને ચમચી વડે જ્યુસના થોડાં થોડાં ટીપાં હિસાબના મોમાં મૂકતાં કહ્યું : ''ના ભાવે તો કહી દેજે. હું પણ નહીં પીવું.'' થોડુંક જ જ્યુસ પીને હિસાબે તેના હોઠ પરથી ચમચી હટાવવાનો ઇશારો કરી દીધો એટલે મેં તરત જ જ્યુસનો ગ્લાસ અને ચમચી નીચે મૂકી દીધાં.

"હું પણ એટલું જ જ્યૂસ પીશ જેટલું તેં પીધું છે." કહીને મેં પણ થોડુંક જ જ્યૂસ પીધું, મને ભાવ્યું

હોવા છતાં!

જ્યૂસથી ખરડાયેલાં હિસાબના હોઠ લૂછીને મેં ઓરિએન્ટલ લેટસ ર્વ્રેપ સૂપની એક ચમચી ભરી અને 'ગરમ છે, ધીમે ધીમે પીજે' ચેતવતાં ચેતવતાં હિસાબના હોઠ પર અડાડી. તે તેની જીભ બહાર કાઢીને ચમચી પરનો સૂપ ચાટવા લાગ્યો. સૂપ વધુ ભાવતાં હિસાબે મારી સલાહ અવગણીને ખૂબ ઝડપથી સૂપ ચાટવાનું શરૂ કરી દીધું, જેના લીધે તેની જીભ બળી ગઈ. મેં સમયસૂચકતા વાપરીને ગરમ સૂપ ભરેલી ચમચી પાછી લઈ લીધી અને તેને થોડું ઠંડું પાણી પીવડાવ્યું.

"મેં તને કહ્યું હતું ને... જો... હવે બળી ગઈને જીભ!" હિસાબને મેં ઠપકો આપ્યો. મારો ઊંચો અવાજ સાંભળીને અમારા ટેબલ તરફ બેધ્યાન રહેલા લોકો પણ અમારી સામે જોવા લાગ્યા. મેં હવામાં હાથ ઊંચો કરીને અને ચહેરા પર દિલગીરીનો ભાવ રાખીને નિઃશબ્દે ત્યાં હાજર બધા લોકોની માફી માંગી.

એક વાર અનુભવ થયા પછી હું સતેજ થઈ ગઈ. હું નહોતી ઇચ્છતી કે મૅનેજરને કોઈ મારી ફરિયાદ કરે અને મારે ડિનરના અધવચ્ચે હિસાબ સાથે રેસ્ટોરન્ટની બહાર નીકળી જવું પડે. હિસાબ સાથે ખૂબ ધીરેથી વાતો કરતાં કરતાં મેં આજનું ડિનર પતાવ્યું. મારા વચન મુજબ મેં હિસાબને બધી જ વાનગીઓ ચખાડી હતી. તો પણ તેના ચહેરા પર એ ચમક નહોતી જે ચમક મારા હાથથી બનાવેલી ખીચડી જમીને આવતી!

બીલ ચૂકવીને રેસ્ટોરન્ટની બહાર નીકળવાને બદલે હું ત્યાં જ બેસી રહી. હજુ આજ સાંજની મુખ્ય સરપ્રાઇઝ તો બાકી હતી. હિસાબ માટે મેં એક ઇલેક્ટ્રિક વ્હીલ ચેર મંગાવી હતી, જેથી મારી ગેરહાજરીમાં તે જાતે જ ગમે ત્યાં આવ-જા કરી શકે. વેઇટરને ઇશારો કરીને મેં ઇલેક્ટ્રિક વ્હીલ ચેર લાવવાનું કહ્યું એટલે તે તરત વ્હીલ ચેર લેવા ઊપડ્યો. ત્યાં સુધી હું છેલ્લી વાર હિસાબને એ વ્હીલ ચેરમાં જોવામાં વ્યસ્ત રહી જેને છેલ્લાં ચાર વર્ષોથી હું ધકેલી રહી હતી. જ્યારે હું હિસાબની વ્હીલ ચેરને પહેલી વાર સ્પર્શી હતી ત્યારે મને ચીડ ચઢી હતી, કેમ કે હું હિસાબને ત્યારે નફરત કરી રહી હતી. ધીમે ધીમે હું હિસાબ સાથે અને હિસાબ મારી સાથે ભળી ગયો અને હિસાબની જેમ જ તેની વ્હીલ ચેર સાથે પણ મારો અતૂટ સંબંધ બંધાઈ ગયો.

વેઇટરને વ્હીલ ચેર સાથે લઈને આવતો જોઈને હું મારી ખુરશી પરથી ઊભી થઈ અને હિસાબની નજીક જઈને ખુબ ખુશ થઈને બોલી, "જો હિસાબ, તારા માટે આ ઇલેક્ટ્રિક વ્હીલ ચેર."

વેઇટર હસતા ચહેરે ઇલેક્ટ્રિક વ્હીલ ચેર અમારી નજીક મૂકી ગયો અને થોડાક અંતરે જઈને ઊભો રહી ગયો. થોડીક જ વારમાં બીજા ઘણાં બધા વેઇટર અમારાથી થોડેક દૂર આવીને ઊભા રહી ગયા.

મેં સાવચેતીથી હિસાબને તેની જુની વ્હીલ ચેર પરથી ઊંચક્યો અને નવી ઇલેક્ટ્રિક વ્હીલ ચેર પર બેસાડ્યો. તે જેવો તેની નવી વ્હીલ ચેરમાં બેઠો કે તરત રેસ્ટોરન્ટમાં હાજર બધા જ લોકો જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યા.

હિસાબની નવી વ્હીલ ચેર પહેલાં કરતાં થોડી ઊંચી હતી એટલે હું મારા લગભગ તૂટી જ ગયેલા ઘૂંટણ પર બેઠા વગર તેની સાથે નજર મિલાવીને વાત કરી શકતી હતી. "હવે તું મારી હેલ્પ વગર પણ ચાલી શકીશ. તને આ નવી વ્હીલ ચેરમાં કોઈ તકલીફ નહીં પડે. બસ, તારા હાથમાં જે બટનો છે, તેને સાચવીને દબાવજે."

હિસાબ બહુ ખુશ દેખાઈ રહ્યો હતો. તે મારી સલાહ સાંભળ્યા કરતાં નવી વ્હીલ ચેરને માણવામાં મશગૂલ હતો. હું ત્યાં હાજર બધા જ લોકોને આભાર માનીને હિસાબ સાથે રેસ્ટોરન્ટની બહાર નીકળી.

રોડની પડખે ફૂટપાથ પર હિસાબ અચાનક તેની નવી વ્હીલ ચેરનું બટન દબાવીને મારા હાથમાંથી છટકી ગયો અને મારા ચાલવાની ઝડપ કરતાં વધુ ઝડપથી તેની ઇલેક્ટ્રિક વ્હીલ ચેરને ચલાવવા લાગ્યો. હું તેના નામની બૂમો પાડતી પાડતી તેની પાછળ દોડી, પણ મારા કમજોર પગ અને ઊંચી હીલના સેન્ડલના લીધે મારા માટે વધુ ઝડપથી દોડવું અઘરું બની રહ્યું. હું દોડતી અટકી અને ઊંચી

હીલના સેન્ડલ કાઢીને તેને હાથમાં પકડીને ફરીથી દોડવા લાગી. પણ હું જ્યાં સુધી મારા સેન્ડલ કાઢું ત્યાં સુધી તો હિસાબ આગલા વળાંકથી વળી ગયો હતો. હું ઝડપથી દોડીને તેના સુધી પહોંચી. વધુ સ્પીડથી વળાંક લેતી વખતે તે વ્હીલ ચેર પરથી ફંગાઈને નીચે રોડ પર પડી ગયો હતો. તેને રોડ પર પડેલો જોઈને મારી ચીસ નીકળી ગઈ. રાતના અંધકારમાં કોઈની મદદ માંગવામાં સમય બગાડ્યા કરતાં મેં ખુદે જ હિસાબને રોડ પરથી ઊંચકીને પાછો વ્હીલ ચેર પર બેસાડ્યો.

"હિસાબ, આ કેવી જીદ હતી તારી?! ચાર વર્ષ સુધી તું મારી સાથે ચાલતો હતો અને આજે અચાનક મારાથી આગળ જવાનો તને કેમ વિચાર આવ્યો." હું મારા હાંફી રહેલા અવાજમાં હિસાબને ધમકાવી રહી હતી. પહેલી વાર મારો આટલો ઊંચો અવાજ સાંભળીને કદાચ તે ડરી ગયો હતો, તેથી તે મારી સામે નજર પણ નહોતો મિલાવી રહ્યો.

ઇલેક્ટ્રિક વ્હીલ ચેરનો પાવર ઑફ કરીને હું તેના હેન્ડલ સુધી પહોંચી. "ખબર નહીં, મારા પછી તું આમ પડી જઈશ તો તને કોણ પાછો વ્હીલ ચેરમાં બેસાડશે." બોલીને હું ઑટોમેટિક વ્હીલ ચેરને મેન્યુઅલી ધક્કો મારવા લાગી અને ફરીથી હિસાબને ગમ્મત ન સૂજે એ વાતનું ધ્યાન રાખીને સહીસલામત તેના બંગલે પહોંચી.

રૂમમાં હિસાબનો નાનકડો ઘા સાફ કરીને તેના પર એન્ટીસેપ્ટિક લિકવિડ લગાવીને મેં ઘાને ભરી દીધો. હિસાબ પર હું ગુસ્સે થઈ હતી, એ વાતની માફી માંગીને અને બીજી થોડીક વાતો કરીને મેં હિસાબને સૂવડાવી દીધો. આજે હિસાબ પાછળ દોડીને મારા પગમાં હવે એટલું જોમ નહોતું રહ્યું કે હું હિસાબને ઊંચકીને ટૅરેસ પર લઈ જઉં!

૨૬ ઑક્ટોબર, ૨૦૧૧

સ્નોવી, આવતી કાલે હિસાબ સાથેનો મારો સમય પૂરો થશે અને હું પલાક્ષના હવાલે થઈ જઈશ. કૉલેજના પહેલા જ દિવસથી હું પલાક્ષ અને હિસાબ વચ્ચે ઝૂલી રહી છું. ક્યારેક હું પલાક્ષના હાથમાં આવું છું તો ક્યારેક હિસાબના. હવે મારે સ્થિર જીવન જોઈએ છે, જે મને પલાક્ષ આપી શકે છે... કદાચ!



• 17 •

"હિસાબ, તું જરા પણ હલતો નહીં."

સવારે નવેક વાગે હું હિસાબને મારા લગ્નમાં હાજરી આપવા માટે તૈયાર કરી રહી હતી. તેના માટે તેની ચાર વર્ષમાં વધેલી દાઢી દૂર કરવી જરૂરી હતી.

મારો એક પગ ઢીંચણથી વાળીને, પગને મોટી વ્હીલ ચેરની કિનારી પર ટેકવીને હું બહુ સાવચેતીથી હિસાબની દાઢીના વાળ દૂર કરી રહી હતી. ભલે મેં હિસાબને હલ્યા વગર બેસી રહેવાની સૂચના આપી હોય, પણ ગઈકાલ રાતના અનુભવ પછી મને હિસાબ પર જરા પણ વિશ્વાસ નહોતો. તે ગમે ત્યારે તેનો ચહેરો હલાવી બેસે અને મારા હાથમાં રહેલી બ્લેડ તેને ઈજાગ્રસ્ત કરી નાખે. તેવું ના થાય તેના માટે મેં મારા એક હાથે તેનો ચહેરો પકડી રાખ્યો હતો.

ડાબી બાજુના દાઢીના વાળ દૂર કરીને મેં મારો વાળેલો પગ સીધો કર્યો, જેથી તેમાં લોહીનો પ્રવાહ પુનઃ શરૂ થાય. થોડીક વાર પગને હવામાં આમતેમ હલાવીને હું પાછી હિસાબની વ્હીલ ચેર પર પગ વાળીને હિસાબની વધેલી દાઢીના વાળ દૂર કરવા લાગી.

"હિસાબ, બસ બે જ મિનિટ." તેની અકળાયેલી આંખો જોઈને મારે તેને દિલાસો આપવો પડ્યો. તેને ડોક એક બાજુ ઢાળીને બેસી રહેવું નહોતું ગમતું. ખાસ તો, તેની જમણી બાજુ ઢાળેલી ડોકને લીધે તે મને જોઈ નહોતો શકતો!

"હાશ... પતી ગયું!" મેં ઘણાં સમય પહેલાં લીધેલો શ્વાસ છોડ્યો.

હિસાબની વ્હીલ ચેરથી દૂર જઈને મેં હિસાબ તરફ જોયું. તેને દાઢી વગર ઓળખવો અશક્ય હતો. કોઈક સમયે પલાક્ષ જેવો ધીરગંભીર, સૌમ્ય અને શાલીન લાગતો હતો, તેવો જ અત્યારે હિસાબ લાગી રહ્યો હતો. હું હિસાબને તેનો નવો અવતાર બતાવવા ઉતાવળી થઈ રહી હતી. મેં તેની વ્હીલ ચેર રૂમ તરફ વાળી અને રૂમના મોટા અરીસા સામે તેને ગોઠવી દીધો.

"જો હિસાબ, હવે તું પણ કોઈ ડૉક્ટર જેવો જ લાગે છે." અરીસામાં પડતાં હિસાબના પ્રતિબિંબ સાથે હું વાતો કરી રહી હતી, "પહેલી વાર તને જ્યારે જોયો હતો ત્યારે તું બાઇક પર કેવો ફેલાઈને બેઠો હતો! પણ ત્યારે તારો ચહેરો આટલો ક્યુટ નહોતો લાગતો. એ સમયે તો હું તને જોઈને જ ડરી જતી હતી. હું જ નહીં, કૉલેજના બધા જ પ્રોફેસર તારાથી ડરતાં હતાં. પણ આજે તું વ્હીલ ચેરમાં છે, એટલે તારાથી કોઈ ડરતું નથી. પલાક્ષ પણ નહીં...!"

ખુદને અરીસામાં જોવા મેં તેને પૂરતો સમય આપ્યો. પછી મેં તેને અરીસા સામેથી હટાવ્યો અને રૂમના ખૂણામાં દીવાલ બાજુ મોં રાખીને બેસાડી દીધો. આખરે મારે પણ મારા લગ્ન માટે તૈયાર થવાનું હતું.

મેં લાલ રંગનો બ્રાઇડલ વેડિંગ સૂટ પહેર્યો. જેમાં જરદોશી જાળ ડિઝાઇન હતી. એક હાથમાં બ્લુ પ્લમબૅગો ફૂલથી બનેલો વેડિંગ બ્રેસલેટ અને બીજા હાથમાં મોતીજડિત ચારપાંચ બેંગન પહેર્યા, જે મારા મૉમનાં હતાં! હું અડધીપડધી તૈયાર થઈને અરીસામાં જોઈ રહી અને મારા મૉમને યાદ કરતી રહી. જો આજે તે મારી સાથે હોત તો મારા લગ્ન માટે તે જ મને તૈયાર કરત, અને તેમની સુંદર દીકરીને જોઈને ઈશ્વરને પ્રાર્થના પણ કરત!

મૉમના વિચારોમાંથી બહાર આવીને હું પાછી તૈયાર થવામાં લાગી ગઈ. વેદે ગિફ્ટમાં આપેલા ઍન્કલેટ મેં પગમાં પહેર્યા. જેના પર પથ્થરોનાં ચમકતાં ટુકડા જડેલા હતા. તે ઍન્કલેટ એટલા ભારે હતા કે એક વાર પગ પર ઊભા થયા બાદ મને ચાલવામાં જરૂર તકલીફ પડવાની હતી. ત્યારબાદ મેં કુંદન ગોલ્ડ પ્લેટેડ નેકલેસ પહેર્યો, જે પગમાં પહેરેલા અ□ૅન્કલેટ કરતાં વધુ ભારે હતો. પણ તે નેકલેસ બહુ સુંદર હતો, જેથી તેને ગળામાંથી ઉતારવાની મને ઇચ્છા ન થઈ. મેં નોઝ રિંગ પહેરી અને ઇયરિંગ્સ પણ પહેરી. છેલ્લે હું બ્રોન્ઝેર મેકઅપ, બ્લશ મેકઅપ અને આઈશેડો મેકઅપ કરીને અરીસા

સામે ઊભી થઈ.

"હિસાબ, પલાક્ષને હું ગમીશ ને?" વ્હીલ ચેરને દીવાલ તરફથી મારી તરફ ફેરવતાં મેં પૂછ્યું. કોઈ બોલતાં માણસ કરતાં મને મૂંગા હિસાબ પર વધુ વિશ્વાસ હતો. એમ પણ સુંદરતાને લગતા પ્રશ્નોના જવાબ મૂંગા મોંએ જ અપાય!

મને જોઈને હિસાબની પહેલેથી ગોળ આંખો વધુ મોટી અને ગોળ થઈ ગઈ. આંખથી કંઈ બોલવાને બદલે હિસાબ બસ મારી સામે ટગરટગર જોઈ રહ્યો. તે જ્યારે મારી સામે આ રીતે જોતો ત્યારે મને વિશ્વાસ થઈ જતો કે હું ખૂબ જ સુંદર લાગી રહી છું.

હિસાબને સાથે લઈને હું રૂમની બહાર નીકળી. મારા હાથમાં હિસાબની વધુ ભારે વ્હીલ ચેર હતી અને વધારામાં, તૈયાર થઈને મેં મારું વજન પણ વધારી દીધું હતું. તેથી હું ખૂબ ધીમે ધીમે ચાલી રહી હતી. ડ્રૉઇંગરૂમમાં પહોંચતાં પહેલાં મને ઘનશ્યામ ડૅડ અને પલાક્ષનો અવાજ સંભળાયો. હું ધીમે ધીમે તેમની તરફ આગળ વધી.

"વાઉ! નેના..." હું પલાક્ષને જોઉં તે પહેલાં તે મને જોઈ ગયો અને તરત સોફા પરથી ઊભો થઈને તે મારી નજીક આવ્યો.

"નેના, યુ લૂક પ્રિટી!" પલાક્ષ મારો હાથ હિસાબની વ્હીલ ચેર પરથી ઉઠાવીને, તેને તેના બંને હાથ વચ્ચે દાબીને શ્વાસમાં બોલ્યો.

પલાક્ષ મારો એક હાથ ખેંચીને મને વ્હીલ ચેરથી દૂર લઈ ગયો, તેથી મારો બીજો હાથ પણ હિસાબની વ્હીલ ચેર પરથી છટકી ગયો.

"તું પણ આ સૂટમાં હેન્ડસમ લાગે છે." હજુ મારી એક નજર હિસાબ પર હતી. પણ તે મારી સામે નહોતો જોઈ રહ્યો. તે કેમ રિસાઈ ગયો, તે સમજવાનો મારી પાસે સમય નહોતો. તેથી મારે નાછુટકે હિસાબને એની હાલત પર છોડીને પલાક્ષ તરફ ધ્યાન આપવું પડ્યું.

"તારાં મૉમ-ડૅડ આજે બહુ ખુશ હશે." પલાક્ષે મારો બીજો હાથ પણ પકડી દીધો.

જવાબમાં મેં ફક્ત માથું ધુણાવ્યું. હિસાબને સુનમુન બેઠેલો જોઈને મારે ફરીથી એક વાર મારા નિર્ણય વિષે વિચારવું પડ્યું. અત્યારે હું એ જ વિચારી રહી હતી કે મારા ગયા પછી હિસાબનું શું થશે!? તેના માટે તો એવી પરિસ્થિતિ હશે જાણે કોઈ નાના બાળક પાસેથી તેને ગમતું રમકડું કોઈએ ચોરી લીધું હોય!

"પલાક્ષ, વાતો પછી કરી લેજો. પહેલાં કોર્ટ પહોંચો." ઘડિયાળમાં સમય જોતાં જોતાં ઘનશ્યામ ડૅડે ટકોર કરી.

"હા, અંકલ!" બોલીને પલાક્ષ મારો હાથ પકડીને ડ્રૉઇંગરૂમના દરવાજા તરફ ચાલવા લાગ્યો. હિસાબ એની જાતે જ ઇલેક્ટ્રિક વ્હીલ ચેરનું બટન દબાવીને અમારી પાછળ પાછળ આવ્યો. એ દૃશ્ય મારા જીવનનું સૌથી દુઃખદાયક દૃશ્ય હતું! હું પલાક્ષને ફક્ત એક વાક્ય પણ ન કહી શકી કે મારે હિસાબની વ્હીલ ચેર પકડવી છે.

બંગલાની બહાર પહોંચતાં એક મોટી ગાડી આવીને ઊભી રહી. જેમાં હિસાબ વ્હીલ ચેર સાથે બેસી શકે એટલી વિશાળ જગ્યા હતી. પલાક્ષે મારા માટે કારનો આગલો દરવાજો ખોલ્યો અને તેમાં મને બેસવાનું કહ્યું. હું મારી પાછળ હિસાબને જોતી જોતી કારમાં બેસી ગઈ. તરત જ મારી બાજુમાં પલાક્ષ ગોઠવાઈ ગયો. હજુ પણ તેણે મારો હાથ પકડી રાખ્યો હતો.

કારના સાઇડ મિરરમાંથી હું જોઈ શકતી હતી કે ઘનશ્યામ ડૅડને હિસાબની વ્હીલ ચેર કારમાં ચઢાવવામાં બહુ મુશ્કેલી પડી રહી રહી છે. તેમને મદદ કરવાનો મને એક પળ માટે વિચાર આવ્યો પણ બીજી જ પળે પલાક્ષે મારી સાથે વાતો શરૂ કરી દીધી અને કારમાંથી નીચે ઉતારવાનું મારે માંડી વાળવું પડ્યું.

થોડીક મહેનત પછી ઘનશ્યામ ડૅડ સફળ રહ્યા.

"ચલ, ડ્રાઇવર, મારી અને નેનાની મંઝિલ તરફ!" પલાક્ષે ડ્રાઇવરને હુકમ કર્યો અને ડ્રાઇવરે 'યસ સર' કહેતાં કહેતાં કારનું એન્જિન સ્ટાર્ટ કર્યું.

* * *

કોર્ટરૂમમાં લાકડાના એક ટેબલ સામે હું, પલાક્ષ અને ઘનશ્યામ ડેડ ઊભાં હતાં. હિસાબ મારી પાછળ ખૂણામાં વ્હીલ ચેરમાં બેઠો બેઠો મને જોઈ રહ્યો હતો.

"પલાક્ષ, તારા ડેડ નથી આવવાના?" મેં કોર્ટરૂમના દરવાજાની બહાર જોઈને પૂછ્યું. પણ હકીકતમાં, હું પલાક્ષના ડેડને નહીં, વેદને શોધી રહી હતી!

"એવું સમજી લે કે તે અહીંયા જ છે." બોલીને પલાક્ષ જજ સામેની લાકડાની ખુરશીમાં બેઠો અને મને પણ બેસવાનું કહ્યું. મારે પલાક્ષના ડેડ વિષે વધુ પૂછવું હતું પણ ખુરશીમાં બેસી ગયા બાદ હું કંઈ પૂછી ના શકી.

"પલાક્ષ, તો આપણે શરૂ કરીએ?" અમારી સામે બેઠેલા જજે વિનયથી પૂછ્યું. તેમના ધોળા વાળ પરથી હું તેમના રંગીન અનુભવની આગાહી કરી શકતી હતી. તેમણે અત્યાર સુધી ઘણાં બધાં લગ્નો કરાવ્યાં હશે. પણ તેમણે લગ્ન કરાવતાં પહેલાં કદી કોઈનો ભૂતકાળ પૂછ્યો નહીં હોય! જો આજે તેમને એ વાતની ખબર પડી હોત કે તેમની સામે બેઠેલી દુલ્હન શું શું ગુમાવીને નવી જિંદગી શરૂ કરવા જઈ રહી છે, તો તેઓ જજ પદેથી રાજીનામું આપતાં એક સેકન્ડનું પણ મોડું ન કરત!

"હા, સર! જલદી જલદી પતાવો." પલાક્ષના અવાજમાં ઉતાવળ હતી.

મને કહેવાની ઇચ્છા થઈ ગઈ કે, "વેદ આવે ત્યાં સુધી રાહ જોઈએ." પણ હું ના બોલી શકી. કેમ કે મારા મગજમાં એ જ દિવસથી વેદની હાજરી વિષે શંકા હતી, જે દિવસે મેં વેદને મારા લગ્નની વાત કરી હતી. તે મારા લગ્નની વાત સાંભળીને જરા પણ ખુશ નહોતો થયો, તેથી મારા લગ્નમાં હાજરી આપવી તેના માટે બહુ કઠીન હતું. (બધા પુરુષો હિસાબ જેવા મજબૂત હૃદયના થોડા હતા!)

જજે ટેબલ પર પેપર્સ મૂક્યા અને પેપર્સ ઉપર પેન મૂકી. તેમાં મારે અને પલાક્ષે સાઇન કરવાની હતી. તેણે તો બહુ ઝડપથી સાઇન કરી દીધી, પણ હિસાબનો સોદો કરવામાં હું વધુ ઝડપ ન દાખવી શકી. મેં એક વાર ડોક ઊંચી કરીને મારા અને પલાક્ષની ખુરશીની વચ્ચે ઊભા રહેલા ઘનશ્યામ ડેડ તરફ જોયું. તેમણે માપસરનું હસીને આંખથી પલકારો માર્યો એટલે મને થોડીક હિંમત મળી અને મેં સાઇન કરી દીધી. પછી સાક્ષીમાં જજે ઘનશ્યામ ડેડની સાઇન લીધી.

કાગળો પર બધી કાર્યવાહી પતી ગયાં બાદ પલાક્ષ મારો હાથ પકડીને ઊભો થયો અને તેણે સૂટના ખિસ્સામાંથી વીંટી કાઢીને મારી આંગળી પર ચઢાવી દીધી. વીંટી કેવી છે એના કરતાં વધુ રસ મને હિસાબને જોવામાં હતો. છેલ્લા બે કલાકથી તે મારી સાથે નજર નહોતો મિલાવી રહ્યો. અત્યારે પણ તે મારી તરફ જોવાને બદલે કોર્ટરૂમની દીવાલ પર લટકતી તસ્વીરને જોઈ રહ્યો હતો. મને ત્યારે સમજાયું કે, ખાસ વ્યક્તિને નજર સામે ગુમાવવી એ કેટલું દર્દદાયક છે!

"નેના, તું પણ પલાક્ષને વીંટી પહેરાવ." કહીને ઘનશ્યામ ડેડે મારા હાથમાં વીંટી મૂકી. મેં પલાક્ષના ચહેરા તરફ જોયા વગર તેની આંગળીમાં વીંટી પરોવી દીધી.

"નેના, આ મારા પ્રેમની સાચી નિશાની!" મને મંગળસૂત્ર પહેરાવતાં પલાક્ષ બોલ્યો.

હું જાણી જોઈને શરમાઈ રહી હતી. ખરેખરમાં મારે પલાક્ષ સામે જોવું નહોતું!

ઘનશ્યામ ડેડ અને જજના આશીર્વાદ લઈને અમે કોર્ટરૂમની બહાર નીકળ્યાં. છેલ્લી એક વાર મેં હિંમત કરીને મારો હાથ પલાક્ષની પકડમાંથી છોડાવ્યો અને હું હિસાબની વ્હીલ ચેરની સામે જઈને બેઠી.

"હિસાબ?" હું ખૂબ પ્રેમાળ સ્વરે બોલી. તેણે ધીમે ધીમે તેની ડોક મારી સામે ફેરવી અને બે કલાકને દસ મિનિટ બાદ મારી સામે નજર મિલાવી. હું તેની આંખમાં ઘણી બધી ફરિયાદો વાંચી શકતી હતી,

પણ મારી પાસે માફી માંગવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો, "મને માફ કરી દેજે. મેં ક્યારેય નહોતું વિચાર્યું કે આમ અડધી સફરમાં આપણો સાથ છૂટી જશે. પણ હું તારી સાથે ઘનશ્યામ ડૅડને છોડીને જઉં છું. તું જેવી મારી સાથે જીદ કરતો હતો એવી જીદ ઘનશ્યામ ડૅડ સામે ન કરતો. એમને ચેસની રમત નથી આવડતી. ટૅરેસ પર જવાની પણ જીદ ન કરતો. મારા કરતાં ઘનશ્યામ ડૅડના પગ વધુ નાજુક છે. હા, મારો ડાન્સ વધુ મીસ ના કરતો, સાથે મને પણ...!"

હું હિસાબના માથાના વાળમાં હાથ ફેરવીને ઊભી થઈને પલાક્ષ પાસે પહોંચી. હિસાબથી પલાક્ષ સુધીના એ મારાં પાંચ પગલાં કેટલીય જિંદગી બદલવા કાફી હતાં. મારી, પલાક્ષની અને હિસાબની અને કોઈક અંશે વેદની પણ!

"ચલ, નેના... બધાને બાય કહી દે." પલાક્ષે કહ્યું.

હું કંઈ બોલ્યા વગર કારમાં બેસી ગઈ. તરત પલાક્ષ પણ અંદર આવ્યો અને જોરથી કારનો દરવાજો બંધ કર્યો.

કાર આગળ વધતી રહી અને કારના પાછળના કાચમાંથી હું વ્હીલ ચેર પર બેઠેલા લાચાર હિસાબને પાછળ છૂટતો જોઈ રહી.

* * *

પલાક્ષે તેના ઘરનો દરવાજો ખોલ્યો અને પુરુષબુદ્ધિ નહીં વાપરીને પહેલાં મને ઘરમાં પ્રવેશવાનો મોકો આપ્યો. તેનું એક માળનું ઘર કોઈ મધ્યમવર્ગના લોકોને હોય એવા ઘર જેવું જ હતું. એક નાનકડો ડ્રૉઇંગરૂમ હતો જેમાં ટીવી, સોફા અને ફૂલદાની હતાં. હું રૂમમાં વધુ અંદર વધી. ડાબી બાજુ કિચન હતું અને તેની બાજુમાં એક બેડરૂમ હતો.

"નેના, પ્લીઝ એક ચા બનાવી દેને." પલાક્ષ સોફા પર લાંબો થઈને બેઠો. "આ મૅરેજ એટલે માથાનો દુ:ખાવો!"

પલાક્ષની ધિક્કારભરી વાત સાંભળીને મને નવાઈ લાગી. વધુ નવાઈ તો તેના મોઢે મૅરેજની સરખામણી માથાના દુ:ખાવા સાથે સાંભળીને લાગી. હજુ એક અઠવાડિયા પહેલાં મારી સાથે લગ્ન કરવા તડપી રહેલો પલાક્ષ અચાનક આવું કેવી રીતે બોલી શકે?!

"હું કપડાં બદલી લઉં. પછી ચા બનાવી આપું." હું બહુ શાંતિથી બોલી.

"ના, નેના! આ કપડાં હવે તું રાતે જ બદલજે." પલાક્ષ તોફાની સ્વરે બોલ્યો, "આમાં તું બહુ સુંદર લાગે છે."

મેં આગળ કોઈ દલીલ ન કરી અને હું હસતાં ચહેરે પલાક્ષ જેમ ઇચ્છે તેમ કરવાનું નક્કી કરીને કિચનમાં ગઈ. કિચન બહુ અસ્તવ્યસ્ત હતું. કોઈ પણ ડબ્બા તેના સાચા સ્થાનમાં ગોઠવાયેલા નહોતા, તેથી મને ચાનો સામાન શોધવામાં બહુ વાર થઈ. હું સ્ટવ શરૂ કરું ત્યાં સુધી તો પલાક્ષે મને બે-ત્રણ વાર બૂમ પાડીને જલદી ચા તૈયાર કરવાની ટકોર પણ કરી લીધી.

હું ચાના બે કપ લઈને બહાર આવી.

"પલાક્ષ, આ લે." મેં સોફા પર સૂતેલા પલાક્ષને કહ્યું.

સોફા પર સરખી રીતે બેઠા બાદ તેણે મારા હાથમાંથી ચાનો એક કપ લીધો. હું મારો કપ હાથમાં પકડીને સોફા પરની વધેલી જગ્યામાં બેઠી.

"ચા કેવી છે એ કહેજે..." પલાક્ષને ચાની પહેલી ચૂસકી લેતો જોઈને હું બોલી. પણ હજુ મેં મારું વાક્ય પૂરું કર્યું કે તરત જ પલાક્ષે ચાથી છલોછલ કપ ફ્લૉર પર પછાડ્યો અને તે ગુસ્સામાં સોફા પરથી ઊભો થઈ ગયો. પલાક્ષની લાલચોળ આંખો જોઈને, ડરીને હું પણ સોફા પરથી ઊભી થઈ ગઈ, "શું થયું પલાક્ષ?"

"આવી તો કંઈ ચા હોય!" પલાક્ષ જીભને દાંત સાથે ઘસતાં ઘસતાં બોલ્યો.

"કેમ? નથી બરાબર?!" મેં સ્વાભાવિક પ્રશ્ન પૂછ્યો.

"નેના, તું વધુ ભોળી ન બન. તેં જાણી જોઈને ચા બગાડી છે." પલાક્ષ ન બોલવાનું બોલ્યો. ખોટો આરોપ સાંભળીને મને ભયંકર દુ:ખ પહોંચ્યું. લગ્નના કલાકમાં તો પલાક્ષનો મારા પ્રત્યેનો વ્યવહાર સાવ બદલાઈ ગયો હતો. એક સમયે મારી સામે સીધી નજર ન મિલાવી શકનાર પલાક્ષ અત્યારે મારા કોઈ વાંક વગર મને તેની લાલ આંખે ઠપકો આપી રહ્યો હતો.

"સૉરી, પલાક્ષ. હું તારા માટે હમણાં જ નવી ચા બનાવી દઉં." મેં પલાક્ષને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

"રહેવા દે." પલાક્ષે તેની હથેળી મને દેખાડી, "નવી ચા પણ તું આવી જ બનાવીશ."

"તો હું શું કરું?"

"કંઈ નહીં." બોલીને પલાક્ષ તેના રૂમ તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે ધીમે ધીમે બબડી રહ્યો હતો, "આના કરતાં તો પેલો અભણ ટી સ્ટોલવાળો વધુ સારી ચા બનાવે છે!"

હું ચૂપચાપ ઊભી ઊભી પલાક્ષના રૂમનો બંધ દરવાજો જોતી રહી અને ખુદને પૂછતી રહી, શું મારા મૉમ હજુ પણ ખુશ છે?

લાગણીઓ પર કાબૂ મેળવીને હું ઢીંચણમાંથી પગ વાળીને ફ્લૉર પર પડેલા તૂટેલા કાચના ટુકડા એકઠા કરવા ઢીંચણ પર આખા શરીરનું વજન નાખીને બેઠી. મારા હાથ ઈજાગ્રસ્ત ન થાય એ વાતનું ધ્યાન રાખીને મેં ફ્લૉર પરથી કાચના બધા જ ટુકડા એકઠા કરી દીધા અને ચાથી ખરડાયેલો ફ્લૉર પણ સાફ કરી દીધો. પછી મેં આખો ડ્રૉઇંગરૂમ સાફ કર્યો અને કિચનના ડબ્બાઓ પણ સરખી રીતે ગોઠવી દીધા. હજુ સુધી પલાક્ષ તેના રૂમનો દરવાજો ખોલીને બહાર આવ્યો નહોતો.

લગ્નના ભારેખમ કપડાંમાં કામ કરીને મને થાક લાગ્યો હતો એટલે હું આરામ કરવા સોફા પર જ સૂઈ ગઈ.

બે કલાક પછી....

મેં હિસાબની જેમ જ પલાક્ષ માટે પણ ડિનરમાં ખીચડી જ બનાવી.

"પલાક્ષ?" ના છુટકે મેં પલાક્ષના રૂમનો દરવાજો ખખડાવ્યો.

પાંચેક મિનિટ પછી પલાક્ષે ખૂબ શાંતિથી દરવાજો ખોલ્યો.

"જમવાનું તૈયાર છે?" અડધા ખુલ્લા દરવાજામાં ડોકિયું કરીને તેણે પૂછ્યું.

"હા, તું કહે ત્યારે પીરસી દઉં."

"તૈયાર કર. હું બસ આવ્યો." બોલીને પલાક્ષે ફરીથી દરવાજો બંધ કરી દીધો.

હું કિચનમાં જઈને ખીચડીની તપેલી અને બે ડીશ લઈને લાકડાના જૂના ડાઇનિંગ ટેબલ પર આવીને બેઠી. પલાક્ષની અડધા કલાક રાહ જોયા બાદ પણ તે બહાર નહોતો આવ્યો. તેથી હવે મને એ વાતની બીક સતાવવા લાગી કે જો પલાક્ષ વધુ મોડું કરશે તો ખીચડી ઠંડી થઈ જશે.

આખરે કલાક પછી પલાક્ષ રૂમની બહાર આવ્યો અને ચૂપચાપ આવીને મારી સામે ડાઇનિંગ ટેબલ પર બેઠો. તેનો શાંત ચહેરો જોઈને મેં રાહતનો શ્વાસ લીધો.

"જલદી કર." પલાક્ષે એક ડીશ તેની તરફ ખેંચી, "જમીને મારે મારા દોસ્તોને મળવા જવાનું છે."

"લગ્નના પહેલા દિવસે તો તારે તારી વાઇફ સાથે રહેવું જોઈએ ને." ડીશમાં ખીચડી પીરસતાં પીરસતાં હું બોલી.

"એવું જરૂરી છે?" પલાક્ષે ખીચડી ખાવા ચમચી ઉઠાવી.

"એવું મારાં મૉમ મને કહેતાં હતાં." મેં કહ્યું.

"તારાં મૉમની સાથે સાથે તેમનાં ગોલ્ડન વાક્યો પર મરી ગયાં, ભૂલી જા એ બધું." ચમચીમાં ખીચડી ભરીને મોંમાં મૂકતાં પલાક્ષ બોલ્યો અને હજુ હું તેનું વાક્ય સમજી શકું તે પહેલાં તો તેણે ચાના કપની જેમ જ ખીચડીની થાળી પણ દૂર ફેંકી દીધી. તેણે એટલા જોરથી થાળી હડસેલી હતી કે તે છેક

સામેની દીવાલ સાથે અથડાઈ.

"આટલી ઠંડી ખીચડી કોણ ખાય? અને મુખ્ય વાત તો ખીચડી ખાય જ કોણ?" પાણી પી લીધા બાદ પલાક્ષ ડાઇનિંગ ટેબલ પરથી ઝટકા સાથે ઊભો થઈ ગયો.

"પલાક્ષ, રૂમની બહાર આવવામાં તેં મોડું કરી દીધું એટલે ખીચડી ઠંડી થઈ ગઈ." મેં ધીરજ ધરીને તેને તેની ભૂલનું ભાન કરાવ્યું.

"નેના..." તેણે રીતસરની ચીસ પાડી, "મારો વાંક ન કાઢ."

પલાક્ષનો ક્રોધિત અવતાર જોઈને હું ડઘાઈ ગઈ. મેં નીચું જોઈને તરત માફી માંગી દીધી.

"હવે હું બહાર જ જમી લઈશ... રોજ...!" બોલીને પલાક્ષ તેના મિત્રોને મળવા ડ્રૉઇંગરૂમની બહાર જવા લાગ્યો. પણ દરવાજાની બહાર નીકળતાં પહેલાં તે કહેવાનું ન ભૂલ્યો, "હું પાછો આવું ત્યાં સુધી આ કપડાં ન બદલતી!"

પલાક્ષના ગયા પછી મેં હિસાબને યાદ કરીને ખીચડી ખાધી. એકલા ખીચડી ખાતાં ખાતાં મારી આંખો ભીની થઈ ગઈ. કોઈ પણ છોકરી તેના લગ્નજીવનને પહેલા જ દિવસથી નિષ્ફળ થતું ન જોઈ શકે. પલાક્ષનું ખરાબ વર્તન જોઈને મને ઘણી વાર વિચાર આવ્યો કે આના કરતાં તો હું હિસાબ સાથે વધુ ખુશ હતી. પલાક્ષ સાથેના નવા જીવનના પહેલા જ દિવસે મારે મારા કોઈ પણ વાંક વગર તેનો ગુસ્સો સહન કરવો પડ્યો હતો. તેનો સૌમ્ય ચહેરો જોઈને કોઈ ન કહી શકે કે પલાક્ષ આટલા જોરજોરથી ડીશો પછાડતો હશે! કોઈ એક માણસના ચહેરા અને સ્વભાવમાં આટલો મોટો તફાવત કેવી રીતે હોઈ શકે!?

જમી લીધા બાદ મેં ફરીથી ફ્લૉર સાફ કર્યો અને કિચનનું બધું કામ પણ પતાવ્યું. આજના આખા દિવસમાં મેં બહુ કામ કરીને મારા પગને તેની હદ બહારનું કષ્ટ આપ્યું હતું. તેથી મારે વહેલા સૂઈ જવું હતું, પણ પલાક્ષના ઘરે પાછા આવ્યા વગર મારું સૂવું અશક્ય હતું. હું તેના રૂમમાં બેઠી બેઠી દરવાજો ખોલવાની રાહ જોવા લાગી.

રાતે અગિયાર વાગે દરવાજો ખૂલ્યો અને અંધારામાંથી પલાક્ષની આકૃતિ ડ્રૉઇંગરૂમમાં દાખલ થઈ. પલાક્ષને આવેલો જોઈને મારે બેડમાંથી બહાર નીકળીને તેની જોડે જવું જોઈતું હતું, પણ હું થાકના લીધે મારા શરીરને જરા પણ હલાવી ન શકી.

"વાહ, નેના! તેં હજુ કપડાં બદલ્યાં નથી!" પલાક્ષે રૂમની મોટી લાઇટની સ્વીચ નીચી પાડી અને ટેબલલૅમ્પની રોશની શરૂ કરી.

હું ત્યાં સુધી કંઈ ન બોલી જ્યાં સુધી તે મારી પાસે બેડ પર આવીને ન બેઠો, "હવે મારે સૂઈ જવું છે. શું હું કપડાં બદલી શકું?"

"તું શું કામ આટલી બધી મહેનત કરે!" પલાક્ષે મારા ખભા પર જોર પાડીને મને બેડ પર સૂવડાવી દીધી.

"પલાક્ષ...!" મારા હોઠ પર પલાક્ષે તેની આંગળી મૂકી દીધી, તેથી હું જે બોલવા માંગતી હતી તે ન બોલી શકી.

"હવે તું મારી વાઇફ છે. તારા પર ફક્ત મારો જ અધિકાર છે." બોલીને પલાક્ષે મેં પહેરેલા વેડિંગ સૂટની ઓઢણી સાથે ટાંકેલી પીન ખેંચી લીધી. જેથી અત્યાર સુધી મારા શરીરને ઢાંકેલી રાખનારી મારી ઓઢણી નીકળી ગઈ.

"પલાક્ષ, હજુ હું આ બધા માટે તૈયાર નથી." મેં પલાક્ષને ગુસ્સો ન આવે એનું ધ્યાન રાખીને ધીરેથી મારી વાત મૂકી. પણ તેણે મારી કોઈ વાત ન માની. તે મારાં કપડાં ઉતારવામાં વ્યસ્ત હતો.

"પલાક્ષ, આ જબરજસ્તી છે." મેં ફરીથી વિરોધ કર્યો. આ વખતે પણ પલાક્ષે મારી મનોસ્થિતિ સમજવાનો જરા પણ પ્રયત્ન ન કર્યો. આખરે હારીને મેં મારું શરીર પલાક્ષના હવાલે મૂકી દીધું.

■

• 18 •

બારીમાંથી આવતાં સૂરજનાં કિરણો મારી આંખો પર પડવાથી મારી ઊંઘ તૂટી. હું બેડ પર પલાંઠી વાળીને બેઠી અને મેં મારાં મૉમ-ડૅડને યાદ કર્યાં. મેં ઘેનથી ઘેરાયેલી મારી એક અડધી ખુલ્લી આંખે મારી બાજુમાં જોયું, પણ બેડ પર ક્યાંય પલાક્ષ નહોતો. પલાક્ષની ગેરહાજરી જોઈને મારી બધી ઊંઘ ઊડી ગઈ અને મારી બંને આંખો પૂરેપૂરી ખૂલી ગઈ. પણ એના પછી મેં જે જોયું, તે જોયા બાદ મને એવું લાગ્યું કે મેં આંખ ખોલીને ભૂલ કરી! બેડરૂમની દીવાલ પર મારા ફોટાઓ ચોંટેલા હતા, જે ફોટાઓ પલાક્ષે ગઈ રાતે ખેંચ્યા હતા અને તે ફોટાઓની ચારેબાજુ લીપસ્ટીકથી બૉર્ડર દોરેલી હતી. કોઈ પણ સ્ત્રીને વિચલિત કરી નાખે એવા ફોટાઓ જોઈને હું અપસેટ થઈ ગઈ. પલાક્ષ માનસિક બીમાર છે કે શું – તે ફોટાઓ જોઈને મારું દિમાગ સતત મને આજ પ્રશ્ન પૂછવા લાગ્યું. કોઈ સમજુ વ્યક્તિ તો ક્યારેય તેની પત્નીના આવા ફોટાઓ દીવાલ પર ન લગાડે.

હું પલાક્ષને શોધતી શોધતી બહાર ડ્રૉઇંગરૂમમાં આવી. ત્યાં તે સોફા પર બેઠો બેઠો આરામથી ન્યૂઝપેપર વાંચી રહ્યો હતો.

"પલાક્ષ, આ બધું શું છે?" પલાક્ષની સામે જઈને હું ઊભી રહી.

"શું?" પલાક્ષે એવી રીતે પૂછ્યું જાણે તે બધી વાતોથી અજાણ હોય.

"બેડરૂમની દીવાલો પર શું છે?!"

"ઓહ! બેડરૂમની દીવાલ પર...! મારી બ્યુટીફૂલ વાઇફના બ્યુટીફૂલ ફોટાઓ!" ન્યૂઝપેપર વાળીને બાજુમાં મૂકીને તેણે મને આંખ મારી.

"આને વાઇફની બ્યુટીનો ગેરફાયદો લીધો કહેવાય." મેં દલીલ કરી. કોઈ અજાણ કારણોસર મને અત્યારે એ વાતની બીક નહોતી લાગી રહી કે પલાક્ષ ગુસ્સે થઈ જશે અને જે હાથમાં આવે તેને તે ફેંકી દેશે.

"મારી વાઇફની ખૂબસુરતીને હું માણું એમાં વળી શેનો ગેરફાયદો!" પલાક્ષ રાક્ષસી હાસ્ય કરતાં બોલ્યો.

"ખૂબસૂરતી માણવા માટે નથી હોતી, પલાક્ષ!" મેં કડક અવાજે કહ્યું.

"તો?" તે સોફા પરથી ઊભો થયો અને મારી સામે છાતી પહોળી કરીને ઊભો રહ્યો.

પલાક્ષનો ખુન્નસથી છલોછલ ભરેલો ચહેરો મારી આટલી નજીક જોઈને હું ડરી ગઈ. તો પણ મેં થોડીક હિંમત ભેગી કરીને મારે જે કહેવું હતું તે કહી જ દીધું, "ખૂબસુરતી હૃદયમાં સાચવવાની હોય છે."

"નેના...!" મારો સામે જવાબ સાંભળીને પલાક્ષનું લોહી ઊકળી ગયું અને તેણે મને ઉશ્કેરાઈને થપ્પડ મારી દીધી. તેનો ભારે હાથ મારા ગાલ પર જેવો પડ્યો કે તરત જ હું ચીસ સાથે જમીન સાથે પછડાઈ.

"તું એક વાત સમજી લે." પલાક્ષ મારી સામે બેઠો અને જોરથી મારો ખભો પકડીને મને આમતેમ હલાવવા લાગ્યો, "હું તારો હસબન્ડ છું અને હું કહું એમ જ તારે કરવું પડશે."

પલાક્ષના ગયા પછી પણ હું ફ્લૉર પર જેમની તેમ બેસી રહી. પલાક્ષ ડીશો ફેંકી દે એ વાત સહન થાય એવી હતી પણ બેડરૂમમાં મારા ફોટાઓ લગાડવા અને મારા પર હાથ ઉપાડવો એ મારી સહનશક્તિની બહારની વાત હતી. મેં ત્યારે જ નક્કી કરી દીધું કે જ્યારે પલાક્ષ શાંત હશે ત્યારે હું જરૂર તેને ફરિયાદ કરીશ.

થોડાક સમય પછી મેં મારા પગ પર ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પણ હું ઊભી ન થઈ શકી. કદાચ ઇલાજ વગર મારો પગ અંદરથી વધુ ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. હું ફ્લૉર પર ઘસડાતાં ઘસડાતાં સોફા સુધી પહોંચી અને તેનો સહારો લઈને માંડ માંડ મારા પગ પર ઊભી થઈ શકી. કાલ સાંજથી અત્યાર

સુધીનો ઘટનાક્રમ યાદ કરતાં મારી સામે બસ એ જ વાત ઊભરાઈને આવતી હતી કે મેં પલાક્ષ સાથે લગ્ન કરીને ભૂલ કરી છે. જે ભૂલના દોષી મારાં મૉમ-ડૅડ નહોતાં. તેમણે પલાક્ષનો શાંત ચહેરો જોઈને એવી જ ભવિષ્યવાણી કરી હતી જેવી મેં કરી હતી. આજે મેં જાણી લીધું કે દરેક માણસમાં બે માણસ હોય છે!

* * *

પલાક્ષે દસેક વાગે રૂમનું બારણું ખોલ્યું ત્યારે હું કિચનમાં કામ કરી રહી હતી.

"નેના, ચાલ મારી સાથે." પલાક્ષ કિચનમાં આવ્યો. તેણે ફોર્મલ કપડાં પહેરેલાં હતાં અને એક હાથમાં નાનકડી સૂટકેસ પકડેલી હતી.

"ક્યાં?" મેં પૂછવું જરૂરી સમજ્યું.

"મારા ક્લિનિક પર."

"તારા ક્લિનિક પર હું શું કરીશ?" હું માપસરનું હસીને બોલી જેથી પલાક્ષ ગુસ્સે ન થાય.

"જે કામ તું ઘરે કરીશ, એ કામ તું ત્યાં કરજે."

"ઘરે તો મારે ફક્ત સાફસફાઈનું કામ છે." મેં કહ્યું.

"હા તો ક્લિનિકમાં પણ સાફસફાઈ જ કરજે."

"વોટ?!" મારી જીભ લપસી ગઈ. પણ બીજી જ ક્ષણે મને તેની ગોલ્ડન ધમકી યાદ આવી, હું તેની વાઇફ છું અને મારે તે કહે તેમ જ કરવું પડશે. "સારું, હું આવું છું."

હું મારા હાથ ધોઈને અને ચહેરા પર પાણીથી છાલક મારીને પલાક્ષની પાછળ ચાલવા લાગી. તેણે ઘરને તાળું મારવાની જવાબદારી મને સોંપી અને તે ખુદ તેની કાર તૈયાર કરવામાં લાગી ગયો. ઘરને તાળું મારીને હું પલાક્ષની નાની કાર પાસે પહોંચી અને દરવાજો ખોલવાનો પ્રયત્ન કરવા લાગી, પણ તે દરવાજો અંદરથી બંધ હતો.

"પલાક્ષ, આ દરવાજો બંધ છે." મેં પલાક્ષને કહ્યું.

"તો?"

"મારે બેસવું પડશે ને!"

"તું ચાલીને આવ." બોલીને પલાક્ષે મને લીધા વગર તેની કાર ક્લિનિક તરફ દોડાવી મૂકી. તેના ગયા પછી પણ મને ન સમજાયું કે મારી સાથે હમણાં હમણાં શું થઈ ગયું. મને કારમાં સાથે લઈ જવામાં પલાક્ષને શો વાંધો હતો? શું તે ફક્ત મને હેરાન કરવા જ આ બધું કરતો હતો?! આવા ઘણાં પ્રશ્ન મારા દિમાગમાં પેદા થવા લાગ્યા. પણ મને મારા પ્રશ્નોના જવાબ ત્યાં સુધી નહોતા મળવાના જ્યાં સુધી પલાક્ષ ખુદ શાંત મને તેના જવાબ ન આપે!

હું તપતા સૂરજ નીચે ચાલવા લાગી. મારી પાસે પૂરતા પૈસા પણ નહોતા કે જેથી હું કોઈ ટૅક્સી કરી લઉં. ફૂટપાથ પર ચાલતાં ચાલતાં મને હિસાબની યાદ આવી રહી હતી – તેણે કંઈ ખાધું હશે કે નહીં, તેની ગઈ કાલની રાત મારા વગર કેવી રીતે પસાર થઈ હશે, શું ઘનશ્યામ ડૅડની હથેળીના અંધારામાં તે સૂઈ ગયો હશે!? હું જેમ જેમ આગળ ને આગળ ચાલતી રહી તેમ તેમ હિસાબના વિચારોમાં વધુ ને વધુ ખોવાતી રહી. કોઈક સમયે હું હિસાબને પલાક્ષ કરતાં ઊતરતો સમજતી હતી પણ અત્યારે હિસાબ વિષે ખોટું અનુમાન લગાવવાનું મને બહુ દુઃખ હતું. હિસાબ ભલે મારું રેગિંગ કરતો હતો પણ તેણે ક્યારેય મારી સુંદરતા પર નજર નહોતી નાખી અને મુખ્ય વાત તો તેણે કદી મારા પર હાથ નહોતો ઉપાડ્યો. હિસાબની સાથે સાથે મને મારાં મૉમ, ડૅડ અને સ્નોવીની પણ યાદ આવી રહી હતી. મને કાલ રાતથી સતત એ જ પ્રશ્ન સતાવી રહ્યો હતો, જો મારાં મૉમ-ડૅડ આજે મારી સાથે હોત તો મારી જિંદગી કેવી હોત?!

અડધો કલાક તડકામાં ચાલ્યા બાદ હું પલાક્ષના ક્લિનિકની સામે આવીને ઊભી રહી. આટલું બધું

ચાલવાના લીધે મારા પગ પાણી પાણી થઈ રહ્યા હતા. ક્લિનિકનાં બે પગથિયાં ચઢવા પણ મારા માટે કોઈ સો પગથિયાં ચઢવા જેવી અઘરી વાત હતી.

"વેલકમ નેના!" મને ક્લિનિકમાં જોઈને પલાક્ષ મારી તરફ ધસી આવ્યો. તેને કંઈ કહેતાં પહેલાં મેં ક્લિનિકમાં ચારે બાજુ જોયું. તે એક મલ્ટીસ્પેશિયલિસ્ટ હૉસ્પિટલ કરતાં સો ઘણું નાનું ક્લિનિક હતું. એક ઑપરેશન થિયેટર, પલાક્ષની એક કૅબિન અને એક જનરલ વૉર્ડ હતો. જેમાં પાંચેક બેડ હતાં અને બધા બેડ પર દર્દીઓનો ઇલાજ ચાલી રહ્યો હતો.

"માનવું પડે, પલાક્ષ! તેં તારી મહેનતથી આખું ક્લિનિક ઊભું કરી દીધું." બોલતી વખતે મેં બીજી એક વાર ચારે બાજુ જોઈ લીધું.

"અત્યારે વખાણ ન કર. હજુ તો મારે દસ માળની એક ઊંચી હૉસ્પિટલ ખોલવાની છે." પોતાનું સપનું મને કહેતાં પલાક્ષની આંખોમાં ઊભરી આવેલી આશાઓની રેખાઓ મેં જોઈ.

"દસ માળ ઊંચી!? તને નથી લાગતું કે તેના માટે તારે આખી જિંદગી ખર્ચી નાખવી પડશે?" મેં પલાક્ષની વાતમાં રસ દાખવ્યો.

"કોની જિંદગી? મારી?" પલાક્ષ શંકાસ્પદ રીતે હસવા લાગ્યો, "હું બીજાની જિંદગી ખર્ચીને કમાનારો માણસ છું."

મને પલાક્ષની વાતમાં ખબર ન પડી તેથી મેં પૂછ્યું, "મતલબ?"

"સમય આવશે એટલે તને બધું જ સમજાઈ જશે. અત્યારે તો મારું ક્લિનિક સાફ કરી દે." દીવાલને અડીને પડેલી સાવરણી તરફ આંગળી ચીંધીને પલાક્ષ બોલ્યો.

હું નિસાસો નાખીને કમરમાંથી ઝૂકી અને મેં સાવરણી પકડી.

"આ કામ થઈ જાય પછી મારી કૅબિનમાં આવજે. બીજાં બહુ કામ છે." બોલીને પલાક્ષ તેની કૅબિન તરફ ચાલવા લાગ્યો.

હું પાંચેક દર્દીઓ અને બે-ત્રણ નર્સો સામે ફ્લૉરને સાવરણીની મદદથી સાફ કરવા લાગી. થોડીક વાર સુધી મારી સામે જોયા બાદ એક નર્સ મારી નજીક આવી, "શું હું તમને એક વાત પૂછી શકું?"

"હા, પૂછો ને!" કપાળ પરથી પરસેવાનાં બુંદ સાફ કરતાં હું બોલી.

"તમે ડૉક્ટર પલાક્ષનાં વાઇફ છો ને?" નર્સે પૂછ્યું.

નર્સે કોઈ અઘરો પ્રશ્ન નહોતો પૂછ્યો, તો પણ જવાબ આપતાં મેં ઘણો સમય લીધો. "વાઇફ છું, એ પણ બ્યુટીફૂલ!"

"પલાક્ષ સર તો બહુ સારા છે. એ તેમની વાઇફ સાથે આવાં કામ કેવી રીતે કરાવી શકે?!" તે નર્સનો અવાજ આશ્ચર્ય અને દુ:ખથી મિશ્રિત હતો.

મેં નર્સ સામે પલાક્ષનાં બે સ્વભાવની પોલ ન ખોલી. તમારા ડૉક્ટર પલાક્ષ એક વ્યક્તિ નથી, મનમાં બબડીને હું ફરીથી મારા કામમાં લાગી ગઈ.

બપોરના બાર વાગ્યા સુધીમાં મેં પલાક્ષનું આખું ક્લિનિક સાફ કરી દીધું.

"નેના, તમને ડૉક્ટર અંદર બોલાવે છે." હજુ હું લાકડાની બેન્ચ પર આરામ કરવા બેઠી કે તરત જ પ્યૂન આવીને મને કહી ગયો.

મેં ઇચ્છા વિરુદ્ધ પલાક્ષની કૅબિનમાં પ્રવેશ લીધો.

"નેના, બેસવાની જરૂર નથી." પલાક્ષે ડ્રોઅરમાંથી કાગળિયું કાઢ્યું, "આ લે, આ લીસ્ટમાં ક્લિનિક ચલાવવા માટે જોઈતા મેડિકલ સાધનોનું લીસ્ટ છે. તેં તો ચારપાંચ મહિના મેડિકલ કર્યું છે, એટલે તને ખબર તો હશે જ!"

હું પલાક્ષના હાથમાંથી કાગળ લઈને કૅબિનની બહાર નીકળી ગઈ.

ભરતડકામાં આખા દિવસની રખડપટ્ટી બાદ પલાક્ષે જે વસ્તુઓ મંગાવી હતી એ બધી વસ્તુઓ લઈને હું સાંજના સાતેક વાગે ક્લિનિક પર પાછી આવી. ભૂખ અને તરસથી મારી હાલત વધુ બગડી

ગઈ હતી. પરસેવાના લીધે મારાં કપડાં ગંદાં થઈ ગયાં અને વાળ વેરવિખેર થઈ ગયા હતા. મને જોઈને કોઈ ન કહે કે હું ડૉક્ટરની વાઇફ છું!

"અરે નેના... આવી ગઈ તું." પલાક્ષ મારી નજીક આવ્યો, પણ મારા હાથમાંથી વજનદાર થેલીઓ તેણે ન ઉપાડી, "હું ક્યારની તારી રાહ જોઉં છું."

હું પલાક્ષના વેલકમનો જવાબ આપવા ગઈ, પણ કંઈ બોલી ન શકી. મને એટલી બધી તરસ લાગી હતી કે જીભની સાથે સાથે શબ્દો પણ સુકાઈ ગયા હતા. એક નર્સે મારી હાલત પર તરસ ખાધી અને મારા બંને હાથમાંથી થેલીઓ લઈ લીધી. થેલીઓ રિસેપ્શન ટેબલની પાછળ મૂકીને તે નર્સ મારા માટે પાણી લેવા માટે દોડી.

"નેના, તારી હાલત તો જો. ક્લિનિકમાં હાજર પેશન્ટ્સ કરતાં પણ નાજુક લાગે છે." પલાક્ષે તેની ખોટી હમદર્દી દર્શાવી. ભલે કોઈ એક વ્યક્તિનો પ્રેમ ગમે તેટલી હદ સુધી સાચો હોય પણ સામેવાળી વ્યક્તિના એક-બે ખરાબ વર્તન બાદ તેના દરેક સારા વર્તન પ્રત્યે પણ શંકા જન્મે જ!

"ઘરે પહોંચીને નાહી લઈશ." મેં પલાક્ષને આડકતરી રીતે કહેવાનો પ્રયત્ન કર્યો કે હવે બસ, મારે ઘરે જવું છે.

"ઘરે પહોંચવાની બહુ વાર છે."

નર્સ પાણી લઈને આવી એટલે મેં બોલવાનું ટાળ્યું. મેં નર્સ પાસેથી પાણીનો ગ્લાસ લેવા હાથ લાંબો કર્યો, પણ મારી પહેલાં નર્સના હાથમાંથી પલાક્ષે પાણીનો ગ્લાસ છીનવી લીધો.

"તું હજુ એટલી પણ નથી થાકી ગઈ કે તારે પાણીની જરૂર પડે. તારા બ્યુટીફૂલ નાજુક શરીરને થોડોક વધુ થાક લગાડ." પલાક્ષ ફ્લૉર પર પાણી રેડતો રહ્યો અને બોલતો રહ્યો.

"તું કહેવા શું માંગે છે?"

"એક ડાન્સ....! મારા માટે નહીં... પણ આ દર્દીઓ માટે!" પલાક્ષે ખૂબ ઠંડા અવાજે મારી સમક્ષ તેની ફરમાઈશ મૂકી.

"પણ પલાક્ષ... કોઈ દર્દીને મારો ડાન્સ જોવામાં રસ નથી." મેં જનરલ વૉર્ડના દર્દીઓના નિસ્તેજ ચહેરા જોઈને બહાનું શોધી કાઢ્યું.

"એ તો એમણે પહેલાં તારો કોઈ ડાન્સ જોયો નથી એટલે એમને ખબર નથી કે તું કેવો સરસ ડાન્સ કરે છે."

હું ચૂપ થઈ ગઈ અને મારા પગની સક્ષમતા વિષે વિચારવા લાગી. આખા દિવસની દોડધામ બાદ લગભગ ઓગળી ગયેલા મારા પગમાં જરા પણ જોર નહોતું બચ્યું. વધુમાં હું ભૂખી અને તરસી હતી. તેથી એ વાતની પૂરેપૂરી સંભાવના હતી કે ડાન્સ પછી હું કોઈના સહારા વગર ઊભી પણ ના રહી શકું.

"કમ ઓન નેના. ટેબલ પર ચઢી જા."

ટેબલનું નામ સાંભળીને હું ગભરાઈ ગઈ. મને એક વાર તો ટેબલ પર ડાન્સ કરતાં કરતાં પડી જવાનો અનુભવ હતો. હવે એ ઘટના હું ફરીથી દોહરાવવા નહોતી માંગતી.

"નેના...!" મને ચુપ જોઈને પલાક્ષ અકળાયો. તે ગુસ્સે થઈને બોલવા ગયો કે તરત મેં ડોક હલાવી, "સોંગ, પ્લીઝ!"

પલાક્ષ જ્યાં સુધી તેના મોબાઇલમાં સોંગ શરૂ કરે, ત્યાં સુધી હું કોઈની મદદ વગર ટેબલ પર ચઢી ગઈ. મેં ટેબલ પર ઊભાં ઊભાં મારી સામેના જનરલ વૉર્ડના દર્દીઓના ચહેરા જોયા. તેમના ચહેરા પરથી જણાઈ આવતું હતું કે તેઓને સારી રીતે જાણ છે કે અત્યારે પલાક્ષ મને હેરાન કરી રહ્યો છે. નર્સોના ચહેરા પર પણ શરમના ભાવ હતા. મોટા ભાગની નર્સો મારી સામે જોવા તૈયાર જ નહોતી. જો ત્યારે મને કોઈ એક વ્યક્તિનો પણ સાથ મળ્યો હોત તો હું ડાન્સ કરવા માટે પલાક્ષને ચોખ્ખી ના પાડી દેત.

"શો ચાલુ કર, નેના!" પલાક્ષે મ્યુઝિકના ઊંચા અવાજ વચ્ચે બૂમ પાડી.

મેં ધીમે ધીમે ટેબલ પર મારો ડાન્સ શરૂ કર્યો. મને ડાન્સ કરતી જોઈને પલાક્ષને ઝનૂન વ્યાપી ગયું અને તે પણ મારી સામે ઊભાં ઊભાં ડાન્સ કરવા લાગ્યો. પણ મારા અને પલાક્ષ સિવાયની બધી જ વ્યક્તિ મૂંગી હતી. નક્કી, તેમાંથી કેટલાય લોકોનું લોહી પલાક્ષની હરકત જોઈને ઉકળ્યું હશે, પણ કોઈ વ્યક્તિમાં તેમના ડૉક્ટર સામે બોલવાની હિંમત નહોતી. તેથી તેમણે વચલો રસ્તો કાઢ્યો – તેમની સામે જે થઈ રહ્યું છે, તેની તરફ ન જોઈને વર્તમાનને અવગણવાનો!

હું મારા ડાન્સમાં મશગૂલ થઈ ગઈ. મારા મશગૂલતાનું પ્રમાણ એટલી હદ સુધી વધી ગયું કે હું ફ્લૉર પર પડેલા પાણીમાં ભીના થયેલા મારા સેન્ડલને ભૂલીને ટેબલ પર રોક મ્યુઝિકના તાલે નાચવા લાગી. ધીમે ધીમે મારા ઢીંચણમાં દર્દ વધી રહ્યું હતું. પણ હું એવું વિચારીને મારા મનને હિંમત આપતી રહી કે ડાન્સ પછી ઠંડું પાણી પીવા મળશે. પલાક્ષ શરીરથી તંદુરસ્ત હતો તો પણ તે બે-ત્રણ મિનિટ ડાન્સ કરીને થાકી ગયો, પણ હું સળંગ પાંચ મિનિટ સુધી ડાન્સ કરતી રહી. છેવટે જ્યારે મ્યુઝિક બંધ થયું ત્યારે મેં મારી ગતિ રોકવાનો પ્રયાસ કર્યો. મેં ડાન્સ કરતી વેળા એટલા બધા ગોળ ચક્કર લીધાં હતાં કે અચાનક સ્થિર ઊભું રહેવું શક્ય નહોતું. મેં મારા સેન્ડલના ભીના તળિયાથી ટેબલની સપાટી સાથે ઘર્ષણ પેદા કરવાનો પણ પ્રયત્ન કર્યો. મારા બધા જ પ્રયાસો વ્યર્થ ગયા અને હું મારા ગોળ ગોળ ચકરાતાં દિમાગ સાથે ટેબલની કિનારી સુધી પહોંચી ગઈ. લીસી કિનારી અને મારા સેન્ડલના ભીના તળિયા વચ્ચે વધુ સમય માટે સાથ ન રહ્યો. હું ધડામ અવાજ સાથે પલાક્ષના પગની બરાબર સામે પડી.

મને ફ્લૉર પર પટકાયેલી જોઈને બે-ત્રણ નર્સો મારી તરફ દોડી. પણ પલાક્ષે તેમને રોકી દીધી. તે ઊભાં ઊભાં નીચે, મારી તરફ ઝૂક્યો અને ફક્ત મને જ સંભળાય એટલા ધીમા અવાજે બોલ્યો, "સમયસર ઘરે આવી જજે. આજે બીજા ફોટાઓ પાડવાના છે."

મેં મારી એક આંખ ખોલી અને પલાક્ષની આંખમાં જોયું. તેની આંખોમાં એ વાતનું જરા પણ દુ:ખ નહોતું કે તેની પત્ની આટલા જોરથી ટેબલ પરથી ફ્લૉર પર પડી છે. હવે એ વાતમાં જરા પણ શંકા નહોતી રહી કે પલાક્ષ બે સ્વભાવ વાળો માનસિક બીમાર માણસ છે, જે નાનાં નાનાં કારણોસર વાસણો છુટ્ટા ફેંકે છે, વાઇફ સાથે જબરદસ્તી કરે છે, વાઇફની બીભત્સ તસ્વીરો ખેંચીને બેડરૂમની દીવાલો પર લગાડે છે, વાઇફને પરેશાન કરવા આખા દિવસ દરમિયાન મહેનત મજૂરી કરાવે છે અને પોતાની ઇચ્છા પૂરી કરવા વાઇફની શારીરિક હાલત સમજ્યા વગર જે મનમાં આવે તે કરવાનું કહે છે.

પલાક્ષના ગયા બાદ ક્લિનિકમાં હાજર બધી જ નર્સો મારી પાસે આવી અને મને ઊભી કરી. મારા પગમાં પહેલેથી દર્દ હતું પણ ટેબલ પરથી પડી જવાને લીધે તે દર્દ સો ગણું વધી ગયું હતું. એક નર્સ દોડીને પાણી લેતી આવી, ત્યાં સુધી બીજી નર્સે મને બેન્ચ પર બેસાડી.

"નેના, તમે પલાક્ષ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરો." નર્સે તેના હાથે મને પાણીનો એક ઘૂંટ પીવડાવ્યો, "તમારી સાથે બહુ ખોટું થઈ રહ્યું છે."

'ફક્ત મારી સાથે નહીં, હિસાબ સાથે પણ ખોટું થઈ રહ્યું છે.' હું મનમાં બોલી. નર્સો સાથે મારું દુ:ખ વહેંચીને હું એવું નહોતી ઇચ્છતી કે તે કુંવારી નર્સોને પુરુષ જાત પરથી વિશ્વાસ ઊઠી જાય.

"મારે જવું જોઈએ. જો મોડું થઈ જશે તો પાછો પલાક્ષ..." હું મારું વાક્ય પૂરું કર્યા વગર નર્સના ખભા પર હાથ મૂકીને થોડી વાર ઊભી રહી, પછી લંગડાતી લંગડાતી ક્લિનિકમાંથી બહાર નીકળી.

ટ્રાફિકવાળા રોડની ફૂટપાથ પર ચાલતાં ચાલતાં હું કૉલેજના મારા એ દિવસો વિચારી રહી હતી, જ્યારે ટેબલ પરથી પડી ગયા બાદ પલાક્ષે મારી ઘણી મદદ કરી હતી. પણ આજે પલાક્ષ મને ફ્લૉર પર તડપતી મૂકીને ચાલી નીકળ્યો હતો. મેં જેને પ્રેમ કર્યો હતો એ અલગ પલાક્ષ હતો અને મેં જેની સાથે લગ્ન કર્યાં હતાં એ અલગ પલાક્ષ હતો.

હું માંડ માંડ ચાલતી ચાલતી ચાર રસ્તા પાસે આવીને ઊભી રહી. સીધો રસ્તો પલાક્ષના ઘર તરફ જતો અને ડાબી બાજુનો રસ્તો હિસાબના ઘર તરફ! હવે મારે એવો કોઈક નિર્ણય લેવાનો હતો જે

નિર્ણયથી મારાં મૉમ-ડૅડ અને હિસાબ બધાં જ ખુશ થાય. અને મેં તરત જ હિસાબના બંગલા તરફ જવાનો નિર્ણય કરી લીધો. મને ખબર નહોતી કે મારા આ નિર્ણયનાં શું પડઘા પડશે, પણ બીજી બાજુ મને એ વાતની પણ ખાતરી હતી, કે ડાબી બાજુનો એ વળાંક મને અને હિસાબને ખુશી આપશે!

મેં ડોક ઊંચી કરીને આકાશમાં જોયું. મૉમ હવે ક્યારેય મને એવું ના કહેતા કે આ છોકરો તારા માટે મિત્રથી કંઈક વધુ છે!

હિસાબના બંગલા સુધી પહોંચતાં સુધી હું ફક્ત તનથી જ નહીં પરંતુ મનથી પણ હારી ગઈ હતી. હું બંધ દરવાજાનો સહારો લઈને ઊભી હતી અને તેને જોર જોરથી ખખડાવી રહી હતી. છેવટે હું મારી બધી જ હિંમત હારી ગઈ અને દરવાજા પર હાથ લપસતા લપસતા કોઈ ઝાડ પરથી પાંદડું ખરે એ રીતે દરવાજાની આગળ બેસી ગઈ.

થોડીક જ વારમાં ઘનશ્યામ ડૅડે દરવાજો ખોલ્યો. મારી તદ્દન મૃત વ્યક્તિ જેવી હાલત જોઈને ચીસ પાડીને તેઓ મારી સાથે બેઠા અને મારું માથું તેમના ખોળામાં મૂકીને મારા વિખરાયેલા વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં તેઓ બોલ્યા, "આ બધું શું થયું?"

"પલાક્ષે." હું વધુ કંઈ ન બોલી શકી. મારી આંખો તો ક્યારની બંધ જ હતી.

"શું? આ બધું પલાક્ષના લીધે થયું?" ઘનશ્યામ ડૅડને પહેલી વાર તો વિશ્વાસ ન થયો, જે એક સ્વાભાવિક વાત હતી!

"હમ્મ!" ફૂલી ગયેલા શ્વાસ નીચે મારો અવાજ દબાઈ રહ્યો હતો.

"પલાક્ષે એક જ દિવસમાં તારી શું હાલત કરી નાખી. એ માનસિક બીમાર છે કે શું?!" મારી આંખો બંધ હોવાને લીધે હું ઘનશ્યામ ડૅડનો ચહેરો તો ના જોઈ શકી પણ તેમના અવાજમાં પલાક્ષ માટે રહેલો ગુસ્સો સાંભળી શકતી હતી.

"હિસાબ.... ક્યાં છે?" હું બહુ પ્રયત્નો બાદ એક આખું વાક્ય બોલી શકી.

"ચલ મારી સાથે." ઘનશ્યામ ડૅડે મને ઊભી કરી, "એની પણ તારા જેવી જ હાલત થઈ ગઈ છે."

ઘનશ્યામ ડૅડ મને સાથે લઈને ડ્રૉઇંગરૂમમાં પ્રવેશ્યા. તેમનો સહારો હોવા છતાં હું મારા પગ ફ્લૉર સાથે ઘસડી રહી હતી. હું અત્યારે મારા શરીરનો કોઈ પણ ભાર મહેસૂસ નહોતી કરી રહી. ધીમે ધીમે મારી બધી જ ઇન્દ્રિયો કામ કરતી બંધ થઈ રહી હતી.

ઘનશ્યામ ડૅડ મને રૂમમાં લઈ આવ્યા. મારી સામે હિસાબ તેની વ્હીલ ચેરમાં બેઠો હતો. દરવાજા પાસે કોઈક વ્યક્તિની હાજરી છે એવો ખ્યાલ આવતાં હિસાબે તેની નજર મારી તરફ ઊંચી કરી. જે ક્ષણે મારી અને હિસાબની નજરો ટકરાઈ તે ક્ષણે મારો સાવ નિસ્તેજ ચહેરો ઝગારા મારવા લાગ્યો. સામે હિસાબની પણ એ જ હાલત હતી. તે પણ મને જોઈને એટલો જ ખુશ હતો જેટલી ખુશ હું એને જોઈને થઈ હતી. મેં મારા ખભેથી ઘનશ્યામ ડૅડનો હાથ હટાવ્યો અને હું ખુદના દમ પર ચાલીને હિસાબ સુધી પહોંચી.

"છોડી દીધો પલાક્ષને!" હિસાબના ખોળામાં હાથ મૂકીને હું તેની સામે ઢીંચણના સહારે બેઠી, "એક જ દિવસમાં તારી પાસે પાછી આવી ગઈ." હિસાબ મારી સામે એવી રીતે જોઈ રહ્યો હતો જાણે તે મને પૂછી રહ્યો હોય, "હવે ફરીથી મને છોડી તો નહીં જાય ને?!"

તેના બંને હાથ મેં મારા હાથમાં લીધા અને તેના હાથને પંપાળતી પંપાળતી બોલી, "હું કેવી નાસમજ હતી, મેં કેટલી આસાનીથી તારો સોદો પલાક્ષ સાથે કરી નાખ્યો હતો!"

"ના, નેના!" ઘનશ્યામ ડૅડ બોલ્યા, "તારો આમાં કંઈ વાંક નથી. પલાક્ષ સાથે લગ્ન કરી લેવા મેં જ તને કહ્યું હતું."

"હા, પણ તમને ક્યાં ખબર હતી કે પલાક્ષ આવો વિકૃત માણસ છે." મેં ઘનશ્યામ ડૅડને બધો દોષ તેમના પોતાનાં માથે લઈ લેતાં રોક્યા.

"સાચી વાત છે. ડબલ સ્વભાવ વાળા માણસ પર ક્યારેય વિશ્વાસ ન કરાય." ઘનશ્યામ ડૅડ એ જ

વાક્ય બોલ્યા જે ક્યારેક મારા મૉમ મને કહ્યાં કરતાં હતા.

"પણ કૉલેજ સમયમાં તો પલાક્ષ તેનો સારો સ્વભાવ જ બધાની સામે લાવતો હતો. તો પછી અત્યારે આવું કેમ?" મારા મનમાં જન્મતો પ્રશ્ન મેં ઘનશ્યામ ડૅડને પૂછ્યો, તેમ જાણવા છતાં કે ઘનશ્યામ ડૅડ પલાક્ષ વિષે મારા કરતાં ઓછું જાણે છે!

"નક્કી તેની સાથે ખરાબ અનુભવ થયો હશે." મારી ધારણા વિરુદ્ધ તેમણે થોડાક અંશે સાચો જવાબ આપ્યો. કોઈ કારણ વગર તો પલાક્ષમાં આટલો મોટો તફાવત અશક્ય હતો!

હિસાબના ચહેરા પર પલાક્ષની વાતો સાંભળી સાંભળીને અકળામણની રેખાઓ ઘેરાવા લાગી હતી. મેં સમયસૂચકતા વાપરીને વાત બદલી નાખી, "ડૅડ, હિસાબ કંઈ જમ્યો છે?"

"મારા હાથથી તો તે જમતો જ નથી. ઊંઘતો પણ નથી." ઘનશ્યામ ડૅડે હિસાબ તરફ જોઈને ફરિયાદ કરી. તેમના અવાજના ટોન પરથી મને જણાઈ આવતું હતું કે હિસાબે મારી ગેરહાજરીમાં ઘનશ્યામ ડૅડને બહુ હેરાન કર્યા છે.

"હિસાબ... હિસાબ!" હું હસી પડી, "ચલ, હું તને જમાડું."

"હા, હવે તું જ કંઈ કર." ઘનશ્યામ ડૅડે કહ્યું, "તું કિચનમાં જા. હું હિસાબ સાથે બેઠો છું." હું દીવાલનો ટેકો લઈને ધીમે ધીમે કિચન સુધી પહોંચી. હિસાબને જોઈને ખુશ થવાથી મારા પગના દર્દ પરથી મારું ધ્યાન ખસી ગયું હતું પણ પલાક્ષ નામનો વિષયમાંથી દિમાગને બહાર કાઢતાં મને ફરીથી અસહ્ય દર્દ મહેસૂસ થવા લાગ્યું હતું. તેમ છતાં, મેં હિસાબ અને મારા માટે ખીચડી બનાવી.

હું ખીચડી લઈને પાછી હિસાબના રૂમમાં ગઈ, ત્યાં સુધી ઘનશ્યામ ડૅડે હિસાબની વ્હીલ ચેરની સામે મારા માટે એક ખુરશી ગોઠવી લીધી હતી. હું તે ખુરશી પર બેઠી, "સાચું કહું તો હું પણ કાલ રાતની વધુ કંઈ જમી નથી."

"પલાક્ષને તેં છોડી દીધો એ સારું કર્યું. જો વધુ એક દિવસ તું એની સાથે રહી હોત તો ખબર નહીં તારી દશા શું થઈ જાત!?" ઘનશ્યામ ડૅડ પલાક્ષ પર એટલા બધા ગુસ્સે હતા કે તેઓએ રૂંછાદાર બેડશીટ મુઠ્ઠીમાં દબાવી દીધી.

"વધુ કંઈ ના થાત. હિસાબ પગ પર ઊભો થઈ જાત અને દોડતાં દોડતાં મને મળવા પલાક્ષના ઘરે પહોંચી જાત." મેં હિસાબના હોઠ પર ખીચડીથી ભરેલી ચમચી મૂકતાં મજાક કરી.

હિસાબને મારી મજાકનો જવાબ આપવા કરતાં મારા હાથે બનેલી ખીચડી ખાવામાં વધુ રસ હતો. આજે પહેલી વાર એવું બની રહ્યું હતું કે હિસાબ ચમચી પર રહેલી બધી જ ખીચડી ખાઈ રહ્યો હતો. તેની ભૂખની સરખામણીમાં ખીચડી ઓછી હોવાને લીધે મેં ખીચડીમાં ભાગ પડાવવાનું માંડી વાળ્યું અને બધી જ ખીચડી હિસાબને ખવડાવી દીધી.

"નેના, તું હિસાબને તેના મૉમની જેમ સાચવી રહી છે." હું કિચનમાં હિસાબ માટે પાણી લેવા આવી હતી ત્યારે ઘનશ્યામ ડૅડ મારી પાછળ પાછળ આવ્યા.

"તમને કેમ એવું લાગે છે?" પાણી કાઢવા ફ્રીઝનો દરવાજો ખોલતાં ખોલતાં મેં પૂછ્યું.

"હું પહેલા જ દિવસથી તારા અને હિસાબની સાથે છું. મારી આંખો એટલું તો જોઈ શકે છે કે તું હિસાબને ફક્ત સાચવી નથી રહી પણ તેની પરવરીશ પણ કરી રહી છે."

"તો એના માટે મને ઍવૉર્ડ મળશે?" મેં જાણી જોઈને મજાક કરી.

"મળવો તો જોઈએ."

હું હાથમાં પાણીની બૉટલ લઈને ઘનશ્યામ ડૅડ તરફ ફરી અને ઊંડો શ્વાસ લઈને બોલી, "મેં તો હિસાબની પરવરીશ કરી છે અને પરવરીશ કરવામાં કોઈ ઍવૉર્ડ ન હોય."

મારી નિઃસ્પૃહ વાત સાંભળીને ઘનશ્યામ ડૅડ પ્રભાવિત થઈ ગયા. તેમણે બિલકુલ મારા ડૅડની જેમ જ પ્રેમથી મારા માથે હાથ ફેરવ્યો, "તારાં મૉમ-ડૅડ આ દુનિયામાં સૌથી અમીર પૅરેન્ટ્સ છે."

હું કંઈ ન બોલી. જો કંઈ બોલવા ગઈ હોત તો આંખમાં આંસુ ધસી આવ્યા હોત!

"નેના, તું હિસાબને સાચવી શકીશ? હું મારા ઘરે જઉં?" ઘનશ્યામ ડૅડે પૂછ્યું.

"હા, તમે જાઓ." મેં ગ્લાસ ઉપાડ્યા.

ઘનશ્યામ ડૅડને મુખ્ય ગેટ સુધી છોડીને હું પાણીની બૉટલ અને ગ્લાસ લઈને રૂમમાં આવી. મેં ગ્લાસને પાણીથી ભર્યો અને હિસાબને પાણી પીવડાવ્યું. તે પાણી પણ બહુ ઝડપથી પી રહ્યો હતો. તેથી હું સમજી ગઈ કે મારા ગયા બાદ હિસાબે પાણી પણ ધરાઈને નહોતું પીધું.

"હિસાબ, સાચે જ તું નાના બાળક જેવો થઈ ગયો છે." હું તેના ભીના હોઠ લૂછતાં લૂછતાં બોલી.

જવાબમાં તે તેના હોઠ ત્રાંસા કરીને હસ્યો. લગભગ બે દિવસ પછી હિસાબને હસતો જોઈને મને લાગ્યું કે તે હજુ જીવી રહ્યો છે! એક મરી રહેલા માણસનું હાસ્ય જીવન જેવું લાગે અને કોઈ જ તકલીફ વગર જીવી રહેલા માણસનું હાસ્ય સાવ ખોટું લાગે. આવું કેમ થતું હશે એનો જવાબ તો ખુદ હાસ્ય પાસે પણ નહીં હોય!

પછી મેં હિસાબ સાથે ચેસની રમત શરૂ કરી. આજે તેણે મને ચેસની રમતમાં પણ બહુ ઓછા સમયમાં હરાવી દીધી.

"હિસાબ, તું જોઈ જ રહ્યો છે. મને ચાલવામાં કેટલી તકલીફ પડી રહી છે." મેં ચેસબોર્ડ ડ્રોઅરમાં મૂક્યું. "તેથી આજે પ્લીઝ ટૅરેસ પર જવાની જીદ ન કરતો."

"સૉરી, હવે હું તારા માટે ફરી ક્યારેય ડાન્સ પણ નહીં કરી શકું." હિસાબને બેડ પર સૂવડાવ્યા બાદ હું મારા પગ સીધા રાખીને તેની સામે બેઠી.

હિસાબ મારી મજબૂરી સમજી ગયો અને આંખનો પલકારો મારીને ટૅરેસ પર ન જવાની વાત સ્વીકારી. તેની સમજણ જોઈને હું મનમાં બબડી પડી, કાશ! પલાક્ષ પણ મને હિસાબને જેમ સમજતો હોત.

હિસાબને સૂવડાવવા મેં તેની આંખોને મારી હથેળીથી ઢાંકી દીધી, "તને ખબર છે? કૉલેજના પહેલા દિવસે તેં પલાક્ષ પાસે મારા ફોટાઓ પડાવીને જે રીતે મારું રેગિંગ કર્યું હતું, એ જ રીતે પલાક્ષે પણ ગઈકાલે રાતે મારા ફોટાઓ દીવાલ પર લગાવીને મારું રેગિંગ કર્યું હતું. કેવી મજાની વાત છે, રેગિંગ તો મારું હજુ પણ થઈ જ રહ્યું છે?!" છેલ્લું વાક્ય બોલતાં બોલતાં હું હસી પડી.

મેં હિસાબની આંખોમાં જવાબ વાંચવા તેની આંખો પરથી મારો હાથ હટાવ્યો, પણ તેની આંખો બંધ હતી. તેને આટલી ઝડપથી સૂઈ ગયેલો જોઈને હું હસી પડી, "લાગે છે હિસાબ મારા વગર પૂરતી ઊંઘ પણ નહોતો લઈ શક્યો!"

થોડીક જ વારમાં હું પણ સૂઈ ગઈ. આજનો મારો દિવસ એટલો ખરાબ પસાર થયો હતો કે આજના ખરાબ અનુભવને હું ડાયરીમાં લખીને ડાયરીના એ પાનાને બદનામ કરવા નહોતી માંગતી, જે પાના પર મેં પલાક્ષ સાથેનો પ્રેમ સ્વીકાર્યો હતો!



“અઠવાડિયાનો સમય લગ્નના ખરાબ અનુભવને કંઈક અંશે ભૂલી જવા માટે કાફી હોય છે!” આજે હું ડૉક્ટર શુભના ક્લિનિક પર હિસાબને લઈને આવી હતી. મને સાથ આપવા અત્યારે મારી સાથે વેદ પણ હાજર હતો.

“મને ખ્યાલ નહીં કે મેં ક્યારેય લગ્ન નથી કર્યા!” ડૉક્ટર શુભ ખડખડાટ હસવા લાગ્યા.

“મેં પણ નથી કર્યા!” વેદ પણ જાણે ડૉક્ટર શુભ સાથે હસવાની સ્પર્ધામાં ઊતર્યો હોય તેમ તેમના કરતાં વધુ જોર જોરથી હસવા લાગ્યો.

“વેદ, તારે લગ્ન કરી લેવા જોઈએ.” ડૉક્ટર શુભ બોલ્યા.

“ચોક્કસ કરી લઈશ, પણ જ્યારે કોઈ વ્હીલ ચેર પર બેઠેલી છોકરી મળશે ત્યારે!”

“તો પછી હું પણ લગ્ન કરી લઈશ, જ્યારે મારી ઉંમરની કોઈ છોકરી મળે ત્યારે!” બોલીને ડૉક્ટર શુભ તેમની ખુરશી પરથી ઊભા થયા. ટેબલ પર બંને હાથ મૂકીને વેદ તરફ ઝૂક્યા અને તેને તાળી આપી. તેમની હરકત જોઈને હું મનમાં બોલી કોઈ તાળી આપવા માટે આટલી બધી મહેનત કરે?!

“ડૉક્ટર, કૉન્ગ્રેચ્યુલેશન!” વેદ બોલ્યો.

“શેના માટે?” પોતાની જગ્યા પર પાછા બેસીને ડૉક્ટર શુભે પૂછ્યું.

“તમને હજુ તમારી ઉંમરની કોઈ છોકરી નથી મળી એના માટે!”

“હા...હા...હા...!”

“બસ! બહુ થયું!” ગુસ્સામાં આવીને મેં ટેબલ પર બંને હાથ પછાડ્યા. મારો ઊંચો અવાજ સાંભળીને ડૉક્ટર શુભ કરતાં પહેલાં વેદ હસતો બંધ થઈ ગયો, “હું હિસાબનો ઇલાજ કરવા અહીં આવું છું. હસવાની કૉમ્પિટિશનમાં કોઈ જજ તરીકે નહીં.”

“સૉરી નેના!” ડૉક્ટર શુભે માફી માંગી.

“વેદ તું ગમે ત્યારે મજાક કરવા બેસી જાય છે.” હું વેદ સામે જોઈને તેને ધમકાવતી હોઉં તેવા મોટા અવાજે બોલી. પણ તે તેની વ્હીલ ચેરમાં બેઠો બેઠો તેના શર્ટના બટન સાથે રમી રહ્યો હતો.

“નેના! વેદ તરફથી પણ સૉરી.” ડૉક્ટર શુભ મને શાંત કરવા બોલવા ખાતર બોલ્યા. તેમને વેદ સાથે કંઈ ખાસ હમદર્દી નહોતી. હજુ પાંચ મિનિટ પહેલાં જ તો તેઓ એકબીજાને મળ્યા હતા!

“ઓકે!” મેં શ્વાસ છોડ્યો, “ડૉક્ટર, હવે આપણે હિસાબ માટે શું કરી શકીએ?”

“હવે છેલ્લે એક જ ઉપાય છે.” ડૉક્ટર શુભ તેમનું ગળું સાફ કરીને બોલ્યા.

“કયો ઉપાય?”

“આપણે હિસાબને શહેરના સૌથી સારા ડૉક્ટરના હાથ નીચે ટ્રીટમૅન્ટ આપીએ.”

“વોટ?! તમે શહેરના સૌથી સારા ડૉક્ટર નથી?” મેં મારી આંખો ઝીણી કરીને પૂછ્યું.

“ભૂતકાળમાં હતો. પણ અત્યારે નથી.” ડૉક્ટર શુભ બોલતી વખતે ગભરાઈ રહ્યા હતા. ક્યાંક વેદ તેમની મજાક ન ઉડાડે! પણ વેદ કશું ન બોલ્યો. તે હજુયે તેના શર્ટના બટન સાથે વ્યસ્ત હતો.

“તો અત્યારે શહેરનો સૌથી સારો ડૉક્ટર કોણ છે?” મેં પૂછ્યું.

“પલાક્ષ!”

“સૉરી!” પલાક્ષનું નામ મારે કાને ન સ્વીકાર્યું. “ફરીથી બોલો તો?”

“પલાક્ષ, તારો હસબન્ડ!”

“ઓહ માય ગૉડ!” મારું મોં ખુલ્લું ને ખુલ્લું રહી ગયું. પલાક્ષના હાથ નીચે હિસાબનો ઇલાજ, ઇમ્પોસિબલ!

“ડૉક્ટર, તમે સાચું બોલો છો ને?” મેં મારી શંકા દૂર કરવા પૂછ્યું. આટલી નાની ક્લિનિક વાળો માનસિક બીમાર ડૉક્ટર શહેરનો સૌથી સારો ડૉક્ટર કેવી રીતે હોઈ શકે?!

"નેના, મને એક બાવીસ વર્ષના ડૉક્ટર સામે હાર સ્વીકારવામાં મજા નથી આવી રહી." ડૉક્ટર શુભ ચહેરા પર કડક હાવભાવ રાખીને બોલ્યા, "હું સાચું બોલી રહ્યો છું."

"પણ આ તો અશક્ય વાત છે. પલાક્ષ કેવી રીતે આટલો સારો ડૉક્ટર હોઈ શકે!?" પૂછતી વખતે મારી આંખો ફફડી રહી હતી.

"તું જ વિચાર, એને બાવીસ વર્ષની ઉંમરમાં તો એક પોતાનું સામ્રાજ્ય ઊભું કરી દીધું છે. પોતાનું ક્લિનિક છે, જે ક્યારેય ખાલી નથી રહેતું. મોટી હૉસ્પિટલમાં પલાક્ષ ઑપરેશન કરવા જાય છે ત્યારે અનુભવી ડૉક્ટરો પણ તેના હાથ નીચે કામ કરવા તરત રાજી થઈ જાય છે. મેં ખુદ પલાક્ષના હાથ નીચે કામ કરેલું છે."

પલાક્ષની સફળતા સાંભળીને હું દંગ રહી ગઈ. તે ખરેખર એક રહસ્યમય માણસ હતો. તેને સારી રીતે જાણ હતી કે કોની સામે તેના સ્વભાવની સારી બાજુ વાપરવી અને કોની સામે ખોટી બાજુ. કૉલેજમાં મારી પાછળ પાછળ શરમાતો ફરતો પલાક્ષ આજે શહેરનો સૌથી મોટો ડૉક્ટર હતો!

"એ જે પણ હોય! હું પલાક્ષના હાથ નીચે હિસાબનો ઇલાજ નહીં કરાવું." મારા અવાજમાં ઊંડે ઊંડે સુધી પલાક્ષ પ્રત્યે તિરસ્કાર હતો.

"નેના, હિસાબને પહેલાં જેવો માત્ર પલાક્ષ જ કરી શકે છે. તું મારા પર વિશ્વાસ રાખ." ડૉક્ટર શુભ તેમની ખુરશી પરથી ઊભા થઈને મારી નજીક આવ્યા, "પલાક્ષ પ્રત્યેની તારી નફરતના લીધે હિસાબ સારા ડૉક્ટરની ટ્રીટમૅન્ટથી દૂર ના રહી જાય એ વાતનું ધ્યાન રાખજે."

"પલાક્ષ તો હિસાબને મારી જ નાખશે." હું ડૉક્ટર સાથે આંખો નહોતી મિલાવી રહી.

"એ હિસાબનો ઇલાજ એક ડૉક્ટરની હેસિયતથી કરશે, નહીં કે તારા હસબન્ડની હેસિયતથી."

"તો પણ મારું મન નથી માની રહ્યું."

"નેના, તારે કોઈ અઘરો નિર્ણય લેવો જ પડશે. આમ ને આમ તો હિસાબને કોઈ સારી ટ્રીટમૅન્ટ મળશે નહીં અને તેની હાલત વધુ ને વધુ બગડતી રહેશે." ડૉક્ટર શુભ મારા ધ્રૂજી રહેલા ખભા પર હાથ મૂકીને બોલ્યા.

"હિસાબની હાલત પલાક્ષ સાથે રહીને વધુ બગડશે."

"નહીં બગડે. પલાક્ષ સારો ડૉક્ટર છે."

"પણ સારો માણસ નથી."

"હિસાબને સારા માણસની નહીં, સારા ડૉક્ટરની જરૂર છે."

ડૉક્ટર શુભનો સણસણતો જવાબ સાંભળીને મારી ગતિ ધીમી પડી. તેમણે મારી દરેક દલીલનો સચોટ જવાબ આપીને અંદરખાને મને મનાવી લીધી હતી. વધુમાં, તેમના અવાજમાં સચ્ચાઈનો રણકો હોય એવું લાગતાં મેં વેદ સામે જોયું. તરત તેણે ડોક નકારમાં હલાવીને મને ડૉક્ટર શુભની વાતમાં હા મેળવતા રોકી. પણ હું કંઈ પગલું ભરું તે પહેલાં ડૉક્ટર શુભ મારા મન પર હાવી થઈ ગયા, "નેના... વધારે ન વિચાર. હિસાબને તારા કરતાં વધુ સારી રીતે કોઈ નથી ઓળખતું."

મેં ફરીથી વેદ તરફ જોયું. તે હજુ પણ મને મારી જિંદગીમાં સૌથી વધુ ઊથલપાથલ લાવનાર નિર્ણય લેતાં રોકી રહ્યો હતો.

"નેના... હિસાબની જિંદગી તારા હાથમાં છે." ડૉક્ટર શુભ મારા ખભા પર તેમના હાથથી દબાણ કરી રહ્યા હતા, સાથે મારા મન પર પણ!

"ઓકે!" મારી આંખો મીંચાઈ ગઈ. મને નહોતી ખબર કે મારા નિર્ણયથી વેદ ખુશ છે કે નહીં, હું ખુશ છું કે નહીં અને હિસાબ ખુશ છે કે નહીં!? મને એ વાતનું પણ દુઃખ હતું કે મેં હિસાબની પરવાનગી લીધા વગર તેનો ઇલાજ પલાક્ષ પાસે કરાવવાનો નક્કી કરી દીધો હતો. પણ મેં જો હિસાબની પરવાનગી માંગી હોત તો તે પલાક્ષ પાસે ઇલાજ કરાવવાની ના જ પાડત. હું એવું તો સહેજપણ નહોતી ઇચ્છતી કે હિસાબ કાયમ માટે વ્હીલ ચેર પર જ બેસી રહે.

"વેલ ડન, નેના!" ડૉક્ટર શુભે મારી પીઠ થાબડી.

હું નીચું માથું રાખીને બેસી રહી.

"ચલ નેના, આપણે અત્યારે જ પલાક્ષની ક્લિનિક પર જઈએ." ડૉક્ટર શુભ ક્યારે ટેબલની પેલે પાર જઈને હિસાબના અત્યાર સુધીના ઇલાજના બધાં જ કાગળો લેતા આવ્યા એની મને ખબર જ ન રહી.

અમે ક્લિનિકની બહાર નીકળ્યાં. મારી આગળ ડૉક્ટર શુભ ચાલી રહ્યા હતા, મારી ડાબી બાજુ વેદ તેની ઇલેક્ટ્રિક વ્હીલ ચેરને ચલાવી રહ્યો હતો, મારી જમણી બાજુ હિસાબ પણ વેદની જેમ જ તેની વ્હીલ ચેર જાતે જ ચલાવી રહ્યો હતો અને હું લંગડાતી લંગડાતી વચ્ચોવચ ચાલી રહી હતી. ખરેખર એ એક જોવાલાયક દશ્ય હતું.

"નેના, તું પણ તારો ઇલાજ પલાક્ષ પાસેથી જ કરાવી દેજે." વેદ મારી સામે જોયા વગર બોલ્યો અને અચાનક તેના વ્હીલ ચેરની ઝડપ વધારીને મારી આગળ નીકળી ગયો. તેને કદાચ પહેલેથી જ ખબર હતી કે તેની મજાક મને જરૂર ગુસ્સો અપાવશે!

* * *

પલાક્ષની ક્લિનિકનાં બે નાનકડાં પગથિયાં ચઢતાં મને બહુ સમય લાગ્યો. હું હજુ પણ અસમંજસમાં હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી મારા દિમાગમાં પલાક્ષના વિચારો નહોતા આવી રહ્યા, પણ અત્યારે પલાક્ષ સાથે ગુજારેલો એ એક દિવસ મને ગભરાવી રહ્યો હતો. જો પલાક્ષ હિસાબ સાથે પણ મારા જેવું જ વર્તન કરશે તો હિસાબ તે વર્તન કેવી રીતે સહન કરી શકશે?! આવા ઘણાં પ્રશ્નો અને શંકાઓ લઈને હું ક્લિનિકમાં પ્રવેશી. મને જોઈને ક્લિનિકમાં હાજર બધી જ નર્સો તેમની જગ્યા પરથી ઊભી થઈને મારી નજીક આવી અને ખુશ થઈને કહેવા લાગી, "તમે પાછાં આવી ગયાં!?"

"મને હિસાબ અને વેદની વ્હીલ ચેરને પગથિયા પાર કરાવવામાં મદદ કરો."

"હા."

હું બે નર્સો સાથે ક્લિનિકની બહાર નીકળી અને પહેલાં હિસાબની વ્હીલ ચેર અને પછી વેદની વ્હીલ ચેરને પગથિયાં પાર કરાવવા લાગી.

"પલાક્ષ ક્લિનિકમાં હાજર છે?" મેં સૌથી સિનિયર નર્સને પૂછ્યું.

"હા, તેમની કૅબિનમાં જ છે." તે નર્સે જવાબ આપ્યો. નર્સનો જવાબ સાંભળીને અમારામાંથી સૌથી પહેલા ડૉક્ટર શુભ પલાક્ષની કૅબિન તરફ ચાલવા લાગ્યા.

હું, વેદ અને હિસાબ કૅબિનના દરવાજા સુધી પહોંચ્યાં ત્યાં સુધી તો ડૉક્ટર શુભ પલાક્ષ સામે ખુરશીમાં ગોઠવાઈ ગયા હતા.

મેં હિસાબ અને વેદને પાછળ રાખ્યા અને કૅબિનમાં પ્રવેશ લીધો.

"ઓહ માય બ્યુટીફૂલ વાઇફ!" પલાક્ષ તેના બે હાથ ફેલાવીને મારી તરફ ધસી આવ્યો અને હું કંઈ સમજું તે પહેલાં તે મને ભેટી પડ્યો, "એક અઠવાડિયું પણ મારા વગર ન ચાલ્યું ને?! મને ખબર હતી!"

તું એક અઠવાડિયાની વાત કરે છે, હું તારા વગર ચાર વર્ષ રહી છું, મારે પલાક્ષને કહેવું હતું, પણ હિસાબ અને ડૉક્ટર શુભ ત્યાં હાજર હોવાથી હું ચૂપ રહી.

"અરે હિસાબ! તું હજુ જીવે છે!" પલાક્ષ મને છોડીને હિસાબ અને વેદની પાસે ગયો, "આ હિસાબનો ભાઈ કોણ છે?"

"નેનાનો 'ફેંક ફ્રેન્ડ' વેદ!" કૅબિનમાં હાજર લોકોમાંથી વેદનો આત્મવિશ્વાસ સૌથી વધુ હતો. વટથી આપેલી પોતાની ઓળખાણ જોઈને મને પણ થઈ ગયું કે કાશ! મારી પાસે પણ વેદ જેવો આત્મવિશ્વાસ હોત!

"અરે વાહ! નેનાને ફ્રેન્ડ છે!"

"એ પણ કુંવારો ફ્રેન્ડ!" વેદ તેની ડોક ટટ્ટાર કરીને બોલ્યો. મને ખબર હતી કે વેદ પલાક્ષના મનમાં ઈર્ષા પેદા કરવા જાણીજોઈને આવું બોલી રહ્યો છે, એટલે મેં વેદને ટકોર ન કરી.

"ગૂડ!" પલાક્ષે વેદ સાથેની વાતચીતને વધુ ન લંબાવી. તે વેદની સામેથી ફરીને પોતાની ખુરશી પર આવીને ચૂપચાપ બેસી ગયો.

"નેના, બેસ! તારા હસબન્ડની કૅબિન છે." પલાક્ષે ખુરશી તરફ આંગળી ચીંધીને કહ્યું.

હું ખુરશીમાં બેઠી. તરત હિસાબ તેની વ્હીલ ચેર પરનું બટન દબાવીને મારા સમાંતરે પહોંચી ગયો.

"ડૉક્ટર પલાક્ષ, હવે તમારે હિસાબનો ઇલાજ કરવાનો છે." ડૉક્ટર શુભે મુખ્ય વાત કરી. અચાનક નદીમાં ઘોડાપુર આવે તેવી જ રીતે અચાનક ડૉક્ટર શુભનો અવાજ વ્યાવસાયિક અને આધુનિક થઈ ગયો. તે પોતાના કરતાં લગભગ ત્રીસ વર્ષ નાના પલાક્ષના નામની આગળ ડૉક્ટર શબ્દ લગાવવા લાગ્યા અને તેને માન પણ આપવા લાગ્યા.

"કરી લઈશું. એમાં શું!" પલાક્ષ ખુબ હળવા ભાવથી બોલ્યો.

"પણ....?!"

"હા, હું એ જ કહી રહ્યો છું. હું હિસાબને સાજો તો કરી દઈશ, પણ તેને મારી સાથે મારા ક્લિનિક પર છોડીને જવો પડશે." ડૉક્ટર શુભની વાત વચ્ચેથી કાપીને પલાક્ષે પોતાની વાત મૂકી.

"મતલબ?" મેં પૂછ્યું.

"છ મહિના સુધી હિસાબ મારી અન્ડરમાં. તમારામાંથી કોઈ એને મળી નહીં શકે."

પલાક્ષની શરતે મને ખુરશી પરથી ઊભી થવા મજબૂર કરી. હિસાબ એક દિવસ મારા વગર નહોતો રહી શકતો, તો છ મહિના તે મારા વિના કેવી રીતે રહી શકે?!

"ડૉક્ટર શુભ, આવી શરત વિષે પહેલાં વાત નહોતી થઈ." ફરિયાદ કરતી વખતે મારો ડાબો ગાલ સહેજ સંકોચાઈ ગયો અને મારી ડાબી આંખ પણ અડધી બંધ થઈ ગઈ, જે ડૉક્ટર શુભ પ્રત્યે મારી નારાજગીની નિશાની હતી.

"જો મેં તને પહેલાં કહી દીધું હોત તો તું અહીંયા આવવા માટે રાજી ન થાત."

"હા, નેના! તું તો મેડિકલ ભણેલી છે. તને ખ્યાલ હોવો જોઈએ કે મોટી બીમારી દૂર કરવા માટે પેશન્ટને લાંબો સમય ડૉક્ટર્સની ટીમના અંડર ઑબ્ઝર્વેશન રાખવો પડે." પલાક્ષ તેના સ્વભાવ વિરુદ્ધ ખૂબ શાંત સ્વરે બોલ્યો.

"પણ હિસાબ મારા વગર નહીં રહી શકે."

"એક વાર હિસાબ સાજો થઈ જશે પછી કાયમ માટે તારી સાથે જ રહેશે." ડૉક્ટર શુભ ફરીથી મને સમજાવવા લાગી ગયાં. પણ તેમને નહોતી ખબર કે તેમના સમજણના શબ્દો મારામાં બીજી એક મૂંઝવણ પેદા કરી દેતા હતા. મેં મારી પાછળ બેઠેલા વેદ તરફ જોયું, તે આ વખતે પણ તેની ડોક હલાવીને મને ના પાડી રહ્યો હતો.

"નેના, મારી સામે જો." પલાક્ષનો અવાજ સંભળાતાં હું સીધી ફરી, "આપણું લગ્નજીવન અલગ છે અને મારું ડૉક્ટરનું કામ અલગ છે. હું હિસાબનો એવી રીતે જ ઇલાજ કરીશ જેવો બીજા દર્દીઓનો કરું છું. આટલો વિશ્વાસ તો તું મારા પર મૂકી શકે છે."

"ઓકે!" હું નીચું માથું કરીને બોલી. હિસાબને પગ પર ઊભો રહેલો જોવાનો મારો સ્વાર્થ મારી પાસેથી આવા નિર્ણયો લેવડાઈ રહ્યો હતો. ખાસ તો મને ડૉક્ટર શુભ પર વિશ્વાસ હતો. જો તેમની જગ્યાએ મને બીજા કોઈએ પલાક્ષ પાસે હિસાબનો ઇલાજ કરાવવાનું કહ્યું હોત તો હું ક્યારેય હા ન પાડત.

"વેલ ડન, નેના!" ડૉક્ટર શુભ તેમની ખુરશીમાંથી ઊભા થયા અને હિસાબના અત્યાર સુધી થયેલા ઇલાજના કાગળિયાં પલાક્ષને સોંપીને કૅબિનની બહાર નીકળી ગયા. તેમની પાછળ પાછળ વેદ પણ

બહાર નીકળી ગયો. હવે હું, હિસાબ અને પલાક્ષ જ કૅબિનમાં હાજર હતાં.

"હું છ મહિના બાદ આવીશ. જો ત્યારે હિસાબ તેના પગ પર ઊભેલો નહીં હોય તો હિસાબને મારી સાથે લેતી જઈશ અને તને તારું મંગળસૂત્ર પાછું આપતી જઈશ." મેં મારા હાથથી મારા ગળામાં લટકતું મંગળસૂત્ર પકડી રાખ્યું હતું.

"કયો પાગલ તેની બ્યુટીફૂલ વાઇફને ગુમાવવા માંગે?" પલાક્ષ ક્ષણિક હસ્યો, "હું હિસાબને સાજો કરી જ દઈશ. પ્રૉમિસ!"

"અને હા, કૉન્ગ્રેચ્યુલેશન."

"કેમ?"

"શહેરનો નંબર વન ડૉક્ટર બનવા માટે."

"તેં જ બનાવ્યો!" બોલતી વખતે પલાક્ષના બંને ખભા ઊંચા થઈ ગયા.

મેં પલાક્ષ પરથી મારી નજર હટાવી અને હિસાબ સામે જોયું, "હિસાબ, મને ખબર છે કે તું મારા પર ગુસ્સે ભરાયેલો છે. પણ હું તારો ગુસ્સો સહન કરી શકું છું, તારી લાચારી નહીં. છ મહિના પછી તું જ્યારે ખુદના પગ પર ઊભો હોઈશ ત્યારે હું તારી માફી માંગી લઈશ."

તેમ જાણવા છતાં કે હિસાબ મારા નિર્ણયથી દુ:ખી છે. મેં દિલની જગ્યાએ દિમાગથી કામ લઈને હિસાબને પલાક્ષના હવાલે છોડી દીધો. હિસાબને દુ:ખ પહોંચે તેવી કોઈ વાત ન કરીને હું હિસાબને કૅબિનની અંદર મૂકીને બહાર નીકળી. બહાર નીકળતાં પહેલાં હું ફરીથી પલાક્ષ પાસેથી મંગલસૂત્રના સોગંદ લેવાનું ન ભૂલી!

ક્લિનિકની બહાર ડૉક્ટર શુભ અને વેદ મારી રાહ જોઈ રહ્યા હતા. મને જોઈને ડૉક્ટર શુભે તરત તેમનો હાથ લાંબો કર્યો. હું તેમના હાથનો સહારો લઈને માંડ માંડ બે પગથિયાં ઊતરી શકી.

"તું હિસાબની બિલકુલ ચિંતા ન કર. હું રોજે રોજ અહીંયા આવતો રહીશ." ડૉક્ટર શુભ બોલ્યા. તે છેલ્લા એક કલાકથી મને હિસાબની સુરક્ષાની ખાતરી આપી રહ્યા હતા. જ્યારે વેદે છેલ્લા એક કલાકથી મારા બધા જ નિર્ણયનો વિરોધ કર્યો હતો. ખબર નહીં, છ મહિના પછી કોણ સાચું પડશે?!

"વેદ..." અમે ડૉક્ટર શુભની હૉસ્પિટલની ઍમ્બુલન્સ તરફ ચાલવાનું શરૂ કર્યું.

"હં...?"

"મને હિસાબની કમી મહેસૂસ ન થાય એટલા માટે તું મને મળતો રહેજે."

"હું તને મળતો રહીશ અને તારી ભૂલનો અહેસાસ પણ કરાવતો રહીશ!" બોલીને વેદે તેની વ્હીલ ચેરની ઝડપ વધારી અને મારાથી આગળ નીકળી ગયો.



સવારે હું અને ઘનશ્યામ ડૅડ હિસાબની વાતોમાં એટલા મશગૂલ હતાં કે સૂટ પહેરેલી અને હાથમાં ફાઇલો રાખેલી કોઈ અજાણી વ્યક્તિ ક્યારે અમારી સામે આવીને ઊભી રહી એ અમને જાણ જ ના રહી.

"તમે કોણ?" ઘનશ્યામ ડૅડે સોફા પરથી ઊભા થઈને પૂછ્યું.

તે વ્યક્તિએ તેના હાથમાં રહેલી બધી ફાઇલો સોફા પર મૂકી અને હાશ ખાતા જવાબ આપ્યો, "હું કંપનીનો મૅનેજર."

"કઈ કંપની?" મેં પૂછ્યું, પણ સોફા પર બેઠા બેઠા જ. હું આટલો નાનકડો પ્રશ્ન પૂછવા મારા પગ પર કારણ વગરનું કષ્ટ પાડવા નહોતી માંગતી.

"હિસાબના ડૅડની, આઇ મીન, હિસાબની જ!"

"પણ એ કંપનીમાં તો મારા ડૅડ મૅનેજર હતા." હું તરત બોલી.

"હા, એ સિનિયર મૅનેજર હતા. હું તેમની ટીમમાં હતો."

પૂરતી જાણકારી મળી જતાં ઘનશ્યામ ડૅડે તે વ્યક્તિને બેસવા કહ્યું અને ખુદ કિચનમાં પાણી લેવા જતાં રહ્યા.

"તો તમે મારા ડૅડના હાથ નીચે કામ કરતા હતા?" મેં વાતાવરણની ચૂપકી તોડી.

"હા!" મૅનેજરે ખૂબ ટૂંકો જવાબ આપ્યો.

"મારા ડૅડ તમારી પાસેથી વધુ કામ કરાવતા હતા?" મેં બીજો અર્થવિહીન પ્રશ્ન પૂછ્યો.

"જરા પણ નહીં. ઊલટાનું મારા હિસ્સાનું કામ તે ખુદ કરી લેતા હતા." મૅનેજરના અવાજમાં મારા ડૅડના હાથ નીચે કામ કરવાનો ગર્વ હતો.

"મારા ડૅડ હતા જ એવા. કંપની એમના લીધે તો આટલું બધું કમાતી હતી." મેં મારા ડૅડ પર મૅનેજરે લીધેલા ગર્વ કરતાં સો ગણો વધુ ગર્વ લીધો.

"સાચી વાત છે." તેમણે મારી સાથે સંમતિ દર્શાવી, "પણ તમારા ડૅડ પછી કંપનીની કમર તૂટી ગઈ છે."

"મતલબ?" હું મૅનેજરનો જવાબ સાંભળવા ટટ્ટાર બેઠી.

મૅનેજર કંઈ બોલે તે પહેલા ઘનશ્યામ ડૅડ પાણી લઈને આવ્યા.

મૅનેજરે પાણી પીને જીભથી હોઠ સાફ કરીને કહ્યું, "કંપનીના બધા જ ચાલુ પ્રોજેક્ટ અટકી પડ્યા છે, ફંડ બધું જ વપરાઈ ગયું છે અને કોઈ નવા પ્રોજેક્ટ પણ નથી મળી રહ્યા."

"અને શેરો?" ઘનશ્યામ ડૅડે પૂછ્યું.

"કંપનીના શેરો પણ તળિયે પહોંચી ગયા છે. ટૂંકમાં કંપની બંધ થવાને આરે છે." બોલીને મૅનેજર ઘનશ્યામ ડૅડને ફાઇલો દેખાડવા લાગ્યો. મેં નજર ઊંચી કરીને ફાઇલોમાં જોવાનો પ્રયત્ન કર્યો, પણ મને કંઈ દેખાયું નહીં.

"હે ભગવાન!" ઘનશ્યામ ડૅડે ઊંડો શ્વાસ લીધો અને ઝડપથી લીધેલો શ્વાસ છોડ્યો.

"શું થયું?" ઘનશ્યામ ડૅડના ચિંતિત હાવભાવ જોઈને મને ચિંતા થવા લાગી. વધુમાં મૅનેજર કપાળ પર હાથ રાખીને બેઠો હતો.

"નેના, કંપનીની હાલત બહુ કફોડી છે. મહિને આઠ ટકાના દરે માર્કેટ વેલ્યુ ઘટી રહી છે. ઍમ્પ્લોઇઝ પણ જૉબ છોડીને જઈ રહ્યા છે." બોલીને ઘનશ્યામ ડૅડ પણ મૅનેજરની જેમ કપાળ પર હાથ મૂકીને બેસી ગયા.

"તો કંઈક કરો. તમારું કામ જ કંપનીને ચલાવવાનું છે." મેં મૅનેજરને કહ્યું.

"ફંડ વગર હું શું કરી શકું."

"ફંડ ભેગું કરો."

"કેવી રીતે?"

"મને કેવી રીતે ખબર હોય?!"

"એક રસ્તો છે." ઘનશ્યામ ડૅડ કપાળ પરથી હાથ હટાવીને મારી અને મૅનેજરની વાતની વચ્ચે બોલ્યા.

"કયો રસ્તો?" મેં અને મૅનેજરે સાથે પૂછ્યું.

"હિસાબની માલિકીના થોડાક શેરો વેચીને આપણે ફંડ એકઠું કરી શકીએ અને અટકી ગયેલા પ્રોજેક્ટ ફરીથી શરૂ કરી શકીએ."

"વન્ડરફૂલ આઇડિયા!" ખુશ થઈને મૅનેજરે તાલી પાડી, પણ હું ખુશ નહોતી. હિસાબની પરવાનગી વગર હું કોઈ નિર્ણય ન લઈ શકું.

"ના! આમાં કંપનીને વધુ નુકસાન થશે." હું નકારમાં ડોક હલાવતી હલાવતી બોલી.

"રિસ્ક તો છે, પણ આપણે હિસાબની કંપનીને બચાવવી જોઈએ." ઘનશ્યામ ડૅડે કહ્યું.

"તો પણ હું હિસાબને પૂછ્યા વગર શેરોના કાગળિયાં કોઈને ન આપી શકું."

"હિસાબને પૂછવાની જરૂર જ નથી. હિસાબ સાજો થઈને પાછો આવશે ત્યાં સુધી તો કંપની તેના શેરોની કિંમત કરતાં વધુ કમાઈ ગઈ હશે." બોલીને ઘનશ્યામ ડૅડ સોફા પર ખસતાં ખસતાં મારી નજીક આવ્યા અને આગળ બોલ્યા, "નેના, તું જે વિચારે છે એવું કંઈ નહીં થાય. હું ખુદ મૅનેજર સાથે જઈશ અને બધા જ કામ પર નજર રાખીશ. હિસાબ સાજો થઈને બંગલે પાછો આવશે ત્યારે આપણે તેને તેની કંપની ગિફ્ટમાં આપીશું."

"ઓકે!" આ નિર્ણય મારા જીવનનો ચોથો નિર્ણય હતો જેને લેતી વખતે મારી આંખો મીંચાઈ ગઈ હતી. તેનો સંકેત એ હતો કે મેં ચારેય નિર્ણયો મારી મરજી વિરુદ્ધ લીધા હતા.

હું હિસાબના રૂમમાં ગઈ અને તેનું કબાટ ખોલીને તેમાંથી જરૂરી બધાં જ કાગળિયાં લેતી આવી.

"ડૅડ, તમારા પર મને વિશ્વાસ છે એટલે જ આ બધું તમારા હવાલે કરું છું." હું ઘનશ્યામ ડૅડના હાથમાં ત્રણચાર ફાઇલો મૂકતાં બોલી.

"તું ચિંતા ન કર. તારા ડૅડ જે કંપનીમાં કામ કરતાં હતા એ કંપનીને કંઈ જ નહીં થાય." ઘનશ્યામ ડૅડ મારા માથે હાથ ફેરવીને મૅનેજરની સાથે કંપની પર જવા નીકળી પડ્યા.



• 21 •

છ મહિના પછી...

વેદ અને ઘનશ્યામ ડૅડના સહકારના સાથના લીધે હિસાબ વગરના છ મહિના બહુ ઝડપથી પસાર થઈ ગયા અને હવે તો મારી સાથે નવો સાથી પણ હતો! હા, હું પ્રેગનન્ટ હતી. એ વાતમાં કોઈ શક નહોતો કે એ બાળક પલાક્ષનું જ હતું. પણ હજુ મેં પલાક્ષને પ્રેગનેન્સી વાળી વાત નહોતી જણાવી. પલાક્ષ સાથેનો એ એક દિવસનો ખરાબ અનુભવ ભૂલીને મેં મનમાં એવો પ્લાન ઘડ્યો હતો કે હું જ્યારે હિસાબને મળવા પલાક્ષની ક્લિનિક પર જઈશ ત્યારે જ તેને ખુશખબરી આપીશ. આજે એ જ દિવસ હતો. અઠવાડિયા પહેલાં પલાક્ષે મારા નામનું એક કાર્ડ મોકલી આપ્યું હતું, જેમાં પાર્ટીનું આમંત્રણ હતું.

“નેના, આખરે તારી મહેનત રંગ લાવી.” હું અરીસા સામે બેસીને હિસાબને છ મહિના બાદ મળવા માટે તૈયાર થઈ રહી, ત્યારે આવીને ઘનશ્યામ ડૅડે કહ્યું. આજે મેં આછાપીળા રંગનું વેસ્ટર્ન ફ્રૉક પહેર્યું હતું જેમાં ફ્લાવર ડિઝાઇન હતી.

“મારી સાથે તમે પણ મહેનત કરી જ છે ને!” હું હસીને બોલી.

“ના, મેં તો જરા પણ મહેનત નથી કરી.”

“કેમ આવું બોલો છો?!” હું સ્ટુલ પર બેઠા બેઠા જ મારી પીઠ પાછળ ઊભા રહેલા ઘનશ્યામ ડૅડ તરફ ફરી, “તમે તમારી ફૅમિલી કરતાં હિસાબ સાથે બહુ સમય પસાર કરતાં હતા.”

“એ વાત તો છે.” તેમણે ડોક હલાવી.

“અરે હા!” અચાનક મને કંઈક યાદ આવતાં હું ચમકી ગઈ, “હું કેવી પાગલ છું?!” મેં મારા માથે ટપલી મારી, “આટલાં વર્ષો તમારી સાથે રહ્યા બાદ પણ મેં તમને તમારી ફૅમિલી વિષે નથી પૂછ્યું.”

મારી વાત સાંભળીને ઘનશ્યામ ડૅડના ચહેરા પરથી બધી જ પ્રસન્નતા ભૂંસાઈ ગઈ. તેઓ એવી દયામણી નજરે મારી તરફ જોવા લાગ્યા કે જાણે મેં મરેલી વ્યક્તિને તેની જન્મતારીખ પૂછી લીધી હોય!

“શું થયું ડૅડ?”

“નેના, જો તેં આજ પ્રશ્ન ચાર વર્ષ પહેલાં પૂછ્યો હોત તો બહુ સારું થાત.” ઘનશ્યામ ડૅડ લૂલા અવાજે બોલ્યા.

“કેમ?”

“એ તને આજે પાર્ટીમાં ખબર પડી જશે.”

“અરે વાહ!” હું ખુશ થઈ ગઈ, “આજે પાર્ટીમાં તમારા ફૅમિલી મેમ્બર્સ પણ આવવાના છે?!”

થોડીક વાર ચૂપ રહ્યા બાદ ઘનશ્યામ ડૅડ મને સ્ટૂલ પરથી ઊભા થવા માટે સહારો આપતાં બોલ્યા, “અંધારું થઈ ગયું છે, આપણે હવે નીકળવું જોઈએ.”

“હા!” હાથમાં પર્સ લઈને હું તેમનો હાથ પકડીને ચાલવા લાગી. મને બીજી ઘણી વાર ઘનશ્યામ ડૅડના ફૅમિલી વિષે તેમને પૂછવાનું મન થયું, પણ તેમનું અનકમ્ફર્ટ લેવલ મારી જીભ પર પ્રશ્નો નહોતા લાવવા દેતું.

પ્રેગનેન્સીમાં મારા માટે પલાક્ષની ક્લિનિક સુધી ચાલીને જવું અશક્ય હતું, તેથી ઘનશ્યામ ડૅડે ટૅક્સી કરી દીધી.

પલાક્ષની ક્લિનિકની બહારના શાંત વાતાવરણને જોઈને જરા પણ નહોતું લાગતું કે અહીંયા આજે પાર્ટીનું આયોજન કરેલું છે.

“નેના, કાર્ડમાં પાર્ટીનું સ્થળ લખેલું છે?” ઘનશ્યામ ડૅડે પૂછ્યું.

“ના.” હું યાદ કરીને બોલી.

“અહીંયા તો પાર્ટી જેવું કશું નથી લાગી રહ્યું.” ઘનશ્યામ ડૅડે આજુબાજુ જોઈને કહ્યું.

"એક મિનિટ. હું પૂછીને આવું." બોલીને હું પલાક્ષની ક્લિનિકના અડધા ખૂલેલા દરવાજામાંથી અંદર પ્રવેશી. ક્લિનિકમાં બધા જ બેડ ખાલી હતા અને બે-ત્રણ નર્સો એક બૅગમાં ક્લિનિકના જરૂરી અને કિંમતી સાધનો ભરી રહી હતી.

"પલાક્ષ ક્યાં છે?" હું રિસેપ્શન ટેબલનો ટેકો લઈને ઊભી રહી. આ એ જ ટેબલ હતું જેની ઉપર ડાન્સ કરતાં કરતાં હું નીચે પડી ગઈ હતી અને મારા પગને વધુ ઈજાગ્રસ્ત કરી દીધો હતો.

"એમણે તો ક્યારનું પોતાનું ક્લિનિક બદલી કાઢ્યું." એક નર્સે વિનમ્રતાથી ઉત્તર આપ્યો.

"ઓહ! ક્યાં છે એનું નવું ક્લિનિક?"

"તમારી બાજુમાં ટેબલ પર પલાક્ષનું બીઝનેસ કાર્ડ પડેલું છે. એમાં બધું જ લખેલું છે." નર્સે ટેબલ તરફ તેની એક આંગળી ચીંધીને કહ્યું.

હું પલાક્ષનું કાર્ડ લઈને નર્સોને બાય કહ્યા વગર બહાર નીકળી ગઈ.

"આ રહ્યું પલાક્ષનું નવું એડ્રેસ." ઘનશ્યામ ડૅડના હાથમાં મેં કાર્ડ મૂક્યું.

"ઉતાવળ કર." બોલીને ઘનશ્યામ ડૅડ મને સહારો આપ્યા વગર ઝડપથી ચાલીને મારી આગળ નીકળી ગયા. પણ હું તેમની પાછળ આરામથી ચાલતી ચાલતી મુખ્ય રોડ સુધી પહોંચી. ઝડપથી ચાલીને હું મારા પગ પર તો જોર પાડી શકતી હતી પણ મારા પેટ પર નહીં!

"ઓહ માય ગૉડ!" પલાક્ષનું દસ માળ ઊંચું ક્લિનિક (ખરેખરમાં મલ્ટીસ્પેશિયલિસ્ટ હૉસ્પિટલ) જોઈને મારું મોં ખુલ્લું ને ખુલ્લું રહી ગયું, "આ તો મારા ડૅડ જ્યાં કામ કરતાં હતાં એ કંપની છે... મતલબ હિસાબની કંપની છે... પલાક્ષ પાસે કેવી રીતે?!"

ઘનશ્યામ ડૅડનો કોઈ અવાજ ન સંભળાતા મેં મારી ડાબી તરફ જોયું, જ્યાં તેઓ ઊભા હતા. પણ હાલ તે ક્યાંય દેખાઈ નહોતા રહ્યા. મારા મનમાં એક સાથે એટલા બધા પ્રશ્નો પેદા થઈ ગયા હતા કે ઘનશ્યામ ડૅડને શોધવામાં મને જરા પણ રસ નહોતો.

હું મેઇન લૉબીમાં પહોંચી અને ત્યાં હાજર યુનિફૉર્મ પહેરેલી એક છોકરીને મેં પૂછ્યું, "આ હિસાબની કંપની હતી ને?.... આઇમીન... હજુ છે ને?"

"પાર્ટી ટૅરેસ પર છે." બોલીને તે તેના કામમાં ડૂબી ગઈ.

મારું દિમાગ ચકરાવવા લાગ્યું હતું. કોઈ મને સાચો જવાબ જ નહોતું આપી રહ્યું. હવે મને ભાન થયું કે વેદને સાથે ન લાવીને મેં કેટલી મોટી ભૂલ કરી છે.

હું લિફ્ટ સુધી પહોંચી, પણ એનું સ્ટેટ્સ બીઝી આવતાં મારે ના છુટકે પગથિયાં ચઢવા પડ્યાં. હું દસેક પગથિયાં ચઢતી, પછી પગથિયા પર જ આરામ કરવા બેસી જતી. આજુબાજુમાંથી પસાર થતી કોઈ વ્યક્તિ મને મદદ કરવા હાથ નહોતું લંબાવી રહ્યું. હું પાંચમા ફ્લૉર પર પહોંચી ત્યાં સુધી મારા પગની સાથે સાથે મારા પેટમાં પણ દુખાવો શરૂ થઈ ગયો હતો. તેમ છતાં મેં હિંમત ન હારી અને 'હિસાબ, આજે હું તને મળીને જ પાછી જઈશ.' બોલતી બોલતી પગથિયા ચઢતી રહી. છેલ્લું પગથિયું પાર કરીને મેં ટૅરેસ પર 'ઑફિસીયલી' પગ મૂક્યો. મારી સામે ટૅરેસ કમ એક ગાર્ડન વધુ હતું. ઘાસથી ભોયતળિયાને મુલાયમ બનાવવામાં આવ્યું હતું અને ઘાસ પર નાની નાની રંગબેરંગી લાઇટો પાથરીને ઘાસને ઝગમગાવવામાં આવ્યું હતું. ઘાસ પર ઘણાં રાઉન્ડ શેપ ટેબલ મૂકેલાં હતાં અને દરેક ટેબલની આજુબાજુ સફેદ કવર ચઢાવેલી ચાર ખુરશીઓ ગોઠવેલી હતી. ટૅરેસની પાળી પર મૂકેલાં ફૂલોના છોડના કૂંડા વાતવરણને તાજગી આપી રહ્યા હતા અને સૉફ્ટ મ્યુઝિક ત્યાં હાજર દરેક લોકોના ધબકારા વધારી રહ્યું હતું. પલાક્ષે કોઈ પાર્ટીનું આયોજન નહોતું કર્યું, પણ સાચા અર્થમાં તેણે પાર્ટીને 'ક્રાફ્ટ' કરી હતી!

મને મારા પગ પર ઊભાં રહેવાં કોઈ વસ્તુ કે વ્યક્તિનો સહારો લેવો જરૂરી હતો, પણ મારી આજુબાજુ કોઈ જાણીતી વ્યક્તિ નહોતી. તેથી મેં ટેબલથી જ કામ ચલાવવાનું નક્કી કર્યું. ટેબલ સાથે હું મારા આખા શરીરનો ભાર ટેકવીને ટૅરેસ પર હાજર લોકોમાંથી પલાક્ષ અને હિસાબને શોધી રહી

હતી. મેં આખા ટૅરેસ પર એક વાર નજર નાખી જોઈ, પણ હિસાબ કે પલાક્ષ બંનેમાંથી મને કોઈ ન દેખાયું. છેવટે દૂર ટૅરેસની કિનારી પાસે બે વ્યક્તિ ઊંધી ફરીને ઊભી હતી. તે પલાક્ષ અને હિસાબ જ હોવા જોઈએ, એમ ધારીને હું તેમની તરફ ચાલવા લાગી.

"પલાક્ષ?" મને નહોતી ખબર કે મેં જે વ્યક્તિના ખભા પર હાથ મૂક્યો છે એ પલાક્ષ જ છે કે બીજું કોઈ.

"યસ..." તે અજાણી વ્યક્તિ જેમ જેમ મારી તરફ ફરતી ગઈ તેમ તેમ મારી ધારણા સાચી પડતી ગઈ. તે પલાક્ષ જ હતો. તેણે સૂટ પહેરેલો હતો અને હાથમાં જ્યૂસનો ગ્લાસ પકડેલો હતો.

"નેના!" પલાક્ષ સાચવીને જ્યૂસનો ગ્લાસ પકડેલા હાથને મારી પીઠ પાછળ લઈ ગયો અને મને ભેટી પડ્યો. જેટલી ઝડપથી તે મને ભેટ્યો હતો, એટલી જ ઝડપથી તે મારાથી છૂટો પણ પડી ગયો. કદાચ મારું ફૂલેલું પેટ મારી અને પલાક્ષની વચ્ચે આવી રહ્યું હતું.

"આર યુ સિરિયસ?!" ખુશીના મારે પલાક્ષે તેના હોઠ પર હાથ મૂકી દીધા.

"હા, પલાક્ષ! હું છ મહિનાથી તને આ ખુશખબરી આપવા માટે રાહ જોઈ રહી હતી." હું બોલી. ત્યારે નક્કી પલાક્ષે મારી આંખોમાં એક નવી જિંદગીની આશા જોઈ હશે!

"હું બહુ ખુશ છું."

"તો હવે મને પણ ખુશ કર." બોલ્યા બાદ હું અટકી. પછી મેં આંખો ઝીણી કરીને પૂછ્યું, "હિસાબ?"

"હિસાબ? એમ ને?!" પલાક્ષ જોરજોરથી હસવા લાગ્યો, "મારી બાજુમાં તો છે."

મેં પલાક્ષની બાજુમાં ઊભી રહેલી બીજી વ્યક્તિ તરફ જોયું. તેની પીઠ હજુ મારી તરફ હતી. મેં તેના ખભા પર મારો કંપન કરી રહેલો હાથ મૂક્યો અને હું સાવ ભાંગેલા અવાજે ફક્ત 'હિસાબ...' બોલી શકી.

"હં...?" હિસાબ મારી તરફ ફર્યો. જે ક્ષણે મેં તેને તેના ખુદના પગ પર ઊભો રહેલો જોયો એ ક્ષણમાં મેં મારી આખી જિંદગી જીવી લીધી. તેના ચહેરા પર એ જ હાસ્ય હતું જે હાસ્યથી તે મારું રેગિંગ કરતી વખતે મને વધુ ડરાવી દેતો હતો. એના અવાજમાં પણ એ જ કઠોરતા હતી જેને સાંભળીને કૉલેજના પ્રિન્સિપાલથી લઈને મિસ્ટર મનોહર સુધી બધા જ ડરતાં હતાં. તે સંપૂર્ણપણે ચાર વર્ષ પહેલાંનો હિસાબ હતો.

"હિસાબ..." હું ફરીફરીથી એનું નામ દોહરાવી રહી હતી. મને એ પણ ખ્યાલ ન રહ્યો કે હું છેલ્લા કેટલાક સમયથી કોઈનો સહારો લીધા વગર ઊભી છું!

"હા, હું હિસાબ! પણ તમે કોણ?" હિસાબ ફિક્કું હસીને બોલ્યો.

"સૉરી!?.... હું કોણ?!" મારી પાંપણો કોઈ તરફડી રહેલા પંખીની પાંખોની જેમ ફફડવા લાગી.

"હું એ જ પૂછું છું, તમે કોણ?" હિસાબનું હાસ્ય થોડુંક નેચરલ થયું.

"હિસાબ, મજાક ન કર." હું નર્વસ થઈ ગઈ, મારા અવાજમાં પણ ગભરાટ હતો, મારે તને ઓળખાણ ન આપવી પડે.

"ઓહ! વેઇટ!" હિસાબે તેની એક આંગળી હવામાં ઊંચી કરીને આંખ બંધ કરી. થોડીક સેકન્ડો બાદ આંખ ખોલીને તેણે ઉમેર્યું, "તું એ જ ને, જેના ડૅડના લીધે મેં મારાં મૉમ-ડૅડને ગુમાવ્યાં."

"મેં તારી સેવા કરીને ડૅડની ભૂલ સુધારી લીધી છે." હું બોલી.

"નેના!" હિસાબ મારી નજીક આવ્યો અને તેણે મારા બંને ખભા પકડ્યા, "હું તને તારા ચાર વર્ષના રૂપિયા ચૂકવી દઈશ. પણ મને મારાં મૉમ-ડૅડ કોણ પાછાં લાવી આપશે?!"

"મારાં એ ચાર વર્ષ પૈસાથી ચૂકવાઈ જાય એટલા સસ્તાં નથી. તને પણ ખબર છે, મેં તારો કેવી રીતે ખ્યાલ રાખ્યો છે." હું રડમસ અવાજે બોલી. ભલે હિસાબને મારા સમર્પણનો ખ્યાલ નહોતો, પણ હું તો મારું સમર્પણ સારી રીતે જાણતી હતી.

"તું મને છોડીને પલાક્ષ સાથે જતી રહી હતી. ભૂલી ગઈ?" મને ધક્કો મારીને હિસાબે મારા ખભા પરથી તેના હાથ પાછા લઈ લીધા.

"પણ હું એક જ દિવસમાં પાછી આવતી રહી હતી."

"એક દિવસનો સવાલ જ નથી. સવાલ એ છે કે જો તને મારી ચિંતા હતી જ તો પછી તું મને છોડીને ખુદની જિંદગી સુધારવા શું કામ જાત?" હિસાબના અવાજમાં મારા માટે હજુ એ જ નફરત અને ઘૃણા હતી, જે નફરત અને ઘૃણા ચાર વર્ષ પહેલાં કૉલેજ ટાઇમમાં હતી.

"હિસાબ, તારા દિમાગમાં જરૂર કોઈએ મારા વિરુદ્ધ વાતો ભરી છે. જે રીતે તું વ્હીલ ચેર પર બેઠો બેઠો મને જોતો હતો, એ રીત આટલી આસાનીથી તારામાંથી વિદાય ન લે."

"મારી સાથે વાત ન કર. તેં તો મારી કંપની પણ ડુબાડી દીધી." બોલીને હિસાબ મારી સામેથી જતો રહ્યો. ઉતાવળમાં મારી સામેથી ખસતી વખતે તે મારી સાથે અથડાયો હતો અને હું લગભગ પડવા જેવી થઈ ગઈ હતી, પણ પલાક્ષે મને ઝીલી લીધી.

"હિસાબ કેમ આવું કરે છે?" હું હિસાબને મારાથી દૂર જતાં જોઈ રહી હતી. તે ટૅરેસના બીજા ખૂણે જઈને એકલો ઊભો રહી ગયો.

પોતાની પત્નીનો સાથ આપવાને બદલે પલાક્ષ જોરજોરથી હસવા લાગ્યો, "તું બહુ ભોળી છે નેના. તારી સાથે છેલ્લાં કેટલાંક વર્ષોમાં શું થયું એની તને ખબર જ નથી."

"મારે જાણવું છે." ટૅરેસની પાળીનો ટેકો લેતાં મેં કહ્યું.

"તને બહુ દુઃખ થશે."

"થઈ જ રહ્યું છે!"

"જેવી તારી ઇચ્છા." પલાક્ષ તેના બંને હાથ ટૅરેસની પાળી પર ટેકવીને શહેર તરફ મોં રાખીને ઊભો રહ્યો, "તારા જીવનની સૌથી પહેલી ભૂલ, *મને પ્રેમ કરવો.* બીજી ભૂલ, *ફૅમિલી ટ્રિપમાં જવું.* ત્રીજી ભૂલ, *ઍક્સિડન્ટ તારા ડૅડના લીધે થયો છે એમ માની લેવું.* ચોથી ભૂલ, *ડૉક્ટર શુભ પર વિશ્વાસ મૂકવો.* પાંચમી સૌથી મોટી ભૂલ, *મારો હાથ છોડીને હિસાબની વ્હીલ ચેર પકડવી.* છઠ્ઠી ભૂલ, *મિસ્ટર ઘનશ્યામ પર આંધળો વિશ્વાસ મૂકવો.* સાતમી ભૂલ, *મારી સાથે લગ્ન કરવા,* આઠમી ભૂલ, *હિસાબને મારા હવાલે ઇલાજ માટે છોડીને જવો,* નવમી ભૂલ, *મૅનેજરને હિસાબના ભાગના શેરોનાં કાગળિયાં આપવા* અને દસમી ભૂલ *આજે પાર્ટીમાં આવવું !*"

અત્યાર સુધી મારા પગમાં દર્દ હતું, પણ પલાક્ષની વાત સાંભળીને દિમાગમાં પણ દર્દ થવા લાગ્યું.

"આમાંથી ઘણી ભૂલો મેં બીજા લોકોનાં કહેવાથી કરી છે અને બાકીની ભૂલો, જે તારા પ્રમાણે ભૂલ છે, પણ હું નથી વિચારતી કે એ મારી ભૂલો છે." કટોકટીના સમયે પણ હું મારો બચાવ કરવામાં વ્યસ્ત હતી, જે એ વાતની નિશાની હતી કે મારું દિમાગ અત્યારે તેની વિચારશક્તિની હદ બહારનું વિચારી રહ્યું છે.

"હું તને સમજાવું." પલાક્ષે તેના ગળાને વોર્મ અપ કરવા જ્યૂસનો ઘૂંટ લીધો, "મેં જ્યારે તને પહેલી વાર કૉલેજમાં જોઈ હતી, ત્યારથી હું તને પ્રેમ કરવા લાગ્યો હતો. તું પણ મને થોડાક જ સમયમાં પ્રેમ કરવા લાગી હતી. પણ નેના, ત્યારે હું મારી લઘુતાગ્રંથિ સામે લડતો હતો. હું ગરીબ હતો, શરમાતો હતો, લોકો મારી મજાક ઉડાવતાં હતાં. બહુ લડત આપ્યા બાદ, આખરે મેં ખુદની લઘુતાગ્રંથિ સામે જીત મેળવી અને તને પ્રેમ કરતો હોવાની વાત સ્વીકારી."

"હા, મેં તારો એ મૅસેજ વાંચ્યો હતો. ત્યારે હું મારા ડૅડ સાથે કારમાં હતી, અને હું તને મૅસેજનો જવાબ આપી શકું તે પહેલા જ ઍક્સિડન્ટ થઈ ગયો હતો."

"ત્યારે તેં જવાબ ન આપ્યો એ મારા માટે કંઈ મોટી વાત નહોતી. હું તો હજુ પણ જાણું છું કે તું મને જ પ્રેમ કરે છે. મને દુઃખ ત્યારે પહોંચ્યું જ્યારે હું તારી ખબર પૂછવા હૉસ્પિટલ પહોંચ્યો અને મને ડૉક્ટર શુભે જણાવ્યું કે હિસાબ પાછળ તેં તારી આખી જિંદગી ખર્ચી નાખવાનું નક્કી કર્યું છે."

પલાક્ષનો અવાજ ધીમે ધીમે પાતળો થઈ રહ્યો હતો. ભલે તે ગમે તેટલો પથ્થર દિલ માણસ હતો, પણ મારી અને પલાક્ષની પ્રેમ કહાની પથ્થરને પળમાં ઓગાળી નાખે એવી વેદનાપૂર્ણ હતી. વધુમાં, પાર્ટીમાં વાગી રહેલા સોફ્ટ સોન્ગ્સ પણ અમને ભાવુક બનાવી રહ્યા હતા.

"ઍક્સિડન્ટ મારા ડૅડના લીધે થયો હતો."

"એવું નથી નેના!" પલાક્ષે પોતાનો એક હાથ ટૅરેસની પાળી પર પછાડ્યો, "તારા ડૅડને શરાબ પીવા હિસાબના ડૅડે જ મજબૂર કર્યા હતા. આ વાત તને પણ ખબર છે અને મને પણ."

હું ચૂપ થઈ ગઈ. આખરે ઍક્સિડન્ટ પાછળ જવાબદાર કોણ હતું, એ મારા જીવનનો સૌથી મોટો વણઉકેલ્યો પ્રશ્ન સાબિત થયો છે.

"તારા એ નિર્ણય બાદ હું સાવ એકલો પડી ગયો હતો. પણ કદાચ એકલતામાં કાઢેલો એ સમય જ મને આજે આ પોઝિશન અપાવી શક્યો છે."

"કેવી રીતે?" મેં પૂછ્યું. હું એ વિચારીને અંદરખાને ખુશ થઈ કે હવે પલાક્ષ તેની સફળતા પાછળનો રાઝ મારી સામે ખોલશે!

"ત્યારે મેં જાણ્યું કે આટલી વિશાળ દુનિયામાં મારી શું હેસિયત છે? મારે મારી ગરીબીમાંથી બહાર આવવું હતું, તેથી મેં તારો અને હિસાબનો ઉપયોગ કરવાનો શરૂ કર્યો. હું તને એ પણ કહી દઉં કે, તું જેને ઘનશ્યામ ડૅડ કહે છે એ મારા જ ડૅડ છે." છેલ્લું વાક્ય પલાક્ષ એ ઢંગથી બોલ્યો જાણે કોઈ પોલીસ ઇન્સ્પેક્ટર ગુનેગારને તેના ગુનાનું ભાન કરાવી રહ્યો હોય!

"ક્વાઇટ ઇમ્પોસિબલ. આ શક્ય જ નથી..." હું બોલતી રહી.

"નેના, આજે હું તારી સામે કશું પણ ખોટું નથી બોલી રહ્યો અને બોલવાનો પણ નથી." પલાક્ષ મારી નજીક આવીને મને ભેટી પડ્યો, "મને માફ કરી દેજે. મેં તારો બહુ ખરાબ ઉપયોગ કર્યો અને તારી સાથે બહુ ખરાબ વર્તન કર્યું." પલાક્ષ હવામાં ઊડી રહેલા મારા વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં બોલ્યો.

"કેમ બધાએ મને દગો આપ્યો?!" મારી આંખમાં આંસુ ધસી આવ્યાં. પણ હજુ તે આંખની બહાર નહોતાં પડ્યાં.

"પહેલાં બધું જ સાંભળી લે." પલાક્ષે મને તેના શરીરથી દૂર કરી, પણ તેને મારા પગની હાલત વિષે ખબર હતી તેથી તેણે મારો હાથ પકડી રાખ્યો, "પછી મન ભરીને રડી લેજે."

"બોલ આગળ." હું ફ્લૉર પરના ઘાસ તરફ જોઈને બોલી.

"મારા ડૅડ અને હું, હિસાબના બંગલે નોકરનું કામ કરતાં હતાં, ત્યારે હિસાબ અને તેના ડૅડ અમારું બહુ અપમાન કરતાં. મારા ડૅડ તો તે અપમાન સહી લેતા પણ મારાથી મારા ડૅડનું અપમાન સહન નહોતું થતું. એક વાર ઍક્સિડન્ટ થયો એટલે મને હિસાબને બરાબર કરવાનો મોકો મળી ગયો. મેં ઘણી બધી ચાલાકી વાપરી અને આજે હિસાબની દસ માળની કંપનીને મેં મારા નામે કરી દીધી."

આગળનું પલાક્ષ કંઈ બોલ્યો નહીં તો પણ હું સમજી ગઈ. ઘનશ્યામ ડૅડ મને મનાવી દેતા અને હું ન લેવાના નિર્ણયો લઈ લેતી. કંપનીના શેરોના કાગળિયાં મેં ઘનશ્યામ ડૅડને આપ્યા હતા અને તેમણે મારી જાણ બહાર પોતાના દીકરા પલાક્ષને. ઘનશ્યામ ડૅડ મારી સાથે રહેલા હતા, કેમ કે તેમણે પલાક્ષ જેમ કહે એમ કરવું હતું! બહુ ઊંડાણપૂર્વક રમાયેલી રમત હતી એ!

"પણ તારી દુશ્મની તો હિસાબ સાથે હતી, તેં મને લગ્ન કરીને હેરાન શું કામ કરી?" મેં પૂછ્યું.

"તેં પણ મને બહુ દુ:ખ પહોંચાડ્યું છે, નેના! એનો એ નાનકડો બદલો હતો. પણ તારા પેટમાં રહેલા મારા બાળકમાં સોગંધ ખાઈને કહું છું કે જે રાતે તું મને છોડીને જતી રહી, એ રાતે હું બહુ રડ્યો હતો." બોલીને પલાક્ષે જ્યૂસનો ગ્લાસ પાળી પર મૂકીને તેના બંને કાન પકડ્યા અને મારી માફી માંગી. મેં તરત તેને માફ કરી દીધો. હું આજે મારા જીવનમાં એકેય એવી વાત બાકી રાખવા નહોતી માંગતી કે જે વાતથી ભવિષ્યમાં મને દુ:ખ પહોંચાડે. હું આજે હવાની માફક ભારવિહીન બની જવા માંગતી હતી.

"બીજી પણ એક વાત સાંભળ. તને કાયમ એવું થતું હતું કે હિસાબ આટલા બધા ઇલાજ પછી પણ કેમ સાજો નથી થઈ રહ્યો, તો હું તને કહું. હિસાબને સાચો ઇલાજ મળી જ નહોતો રહ્યો."

"મતલબ?" મેં પૂછ્યું. એ જાણવા છતાં કે પલાક્ષનો જવાબ મને વધુ એક ઝટકો આપશે.

"ડૉક્ટર શુભ પણ મારી સાથે જ હતા. મેં તેમને ત્યાં સુધી હિસાબનો સાચો ઇલાજ નહીં કરવાનું કહ્યું હતું જ્યાં સુધી હું એક ક્લિનિક ન ખોલી દઉં. તું જ્યારે હિસાબને મારા ક્લિનિક પર છોડી ગઈ, એ દિવસથી જ તેનો સાચા અર્થમાં ઇલાજ શરૂ થયો હતો. મને તો હિસાબને સાજો કરવાની કંઈ ઇચ્છા નહોતી, પણ મેં ફક્ત તારી આંખોમાં ખુશી જોવા હિસાબને સાજો કર્યો છે. તેમ છતાં, મેં આજે જોઈ લીધું કે હિસાબ જેવા માણસો ક્યારેય ન બદલાય. મને આ રહસ્ય પણ ખોલી જ દેવા દે, મેં ડૉક્ટર બનીને ક્લિનિક એટલા માટે જ ખોલી હતી કે હું હિસાબના ઇલાજના બહાને તેના શેરોના પેપર્સ પર તેની સાઇન લઈ શકું." પલાક્ષ જ્યૂસ પીવા અટક્યો, "નેના, તું વધારે ન વિચાર. આ બહુ મોટું ષડ્યંત્ર હતું. તું ખાલી ખોટી આમાં ફસાઈ ગઈ."

"વાહ! પલાક્ષ, માનવું પડે. તું કેવો હતો અને કેવો થઈ ગયો." હું લહેકો કરીને બોલી.

"જો તેં મને ન છોડ્યો હોત તો હજુ પણ હું એવો જ રહેત."

"સાચી વાત છે. હિસાબ કરતાં તને મારી વધુ જરૂર હતી." મેં નિસાસો નાંખ્યો. મેં મારી જિંદગીને બહુ હળવાશથી લીધી હતી. સમજ્યા વગર નિર્ણયો લીધા હતા, લોકો પર આંધળા વિશ્વાસ મૂક્યા હતા, ખુદ કરતાં બીજાની વધુ સંભાળ લીધી હતી. મેં તો સપનેય નહોતું વિચાર્યું કે મારાં મૉમ-ડૅડના મોત પછી લોકો મારો આ હદે ફાયદો ઉઠાવશે.

"તારી જરૂર મને હજુ પણ છે, પણ હું તને લાયક નથી." બોલીને પલાક્ષે મારા ગળામાંથી મંગલસૂત્ર ઉતાર્યું અને પ્રેમથી મારા પેટ પર હાથ ફેરવ્યો, "આનું નામ સ્નોવી રાખજે!"

"મને આઝાદ કરવા માટે થૅન્ક્યુ! તું મને ક્યારેય યાદ નહીં આવે, પણ તારો શરમાયેલો એ ચહેરો મને હંમેશ યાદ આવશે." હું બહુ મહેનત કરીને ચહેરા પર સ્માઇલ લાવી શકી.

"અને હા." પલાક્ષે તેના સૂટના ખિસ્સામાં હાથ નાખ્યો, "આ તારો મોબાઇલ. મેં પાંચ વર્ષથી સાચવી રાખ્યો છે. હવે તું ઝડપથી કોઈ બીજા માટે સેન્ડ બટન દબાવી દેજે."

પલાક્ષ મારા હાથમાં મોબાઇલ મૂકીને ટૅરેસ પરથી નીચે ઊતરી ગયો. હું એકલી ઊભી ઊભી પલાક્ષ જે રહસ્યો ખોલી ગયો એનો સારાંશ કાઢવામાં લાગી ગઈ. હું માનું છું કે પલાક્ષ ડબલ સ્વભાવ વાળો માણસ છે, પણ તેના બંને સ્વભાવ સારા હતા. તેણે બધું જ પોતાના ડૅડ માટે કર્યું હતું. બધી વાતમાં ભૂલ મારી જ રહી હતી, પણ મને લગભગ મારી કોઈજ ભૂલ પર અફસોસ નહોતો. મારી એ ભૂલોના લીધે તો પલાક્ષ તેનું જીવનસ્તર સુધારી શક્યો અને દસ માળ ઊંચી એક હૉસ્પિટલનું તેનું સપનું પૂરું કરી શક્યો. પણ હું ખુદને મારી એ એક ભૂલ માટે ક્યારેય માફ નહીં કરી શકું, મેં શું કામ હિસાબ પાછળ મારી આખી જુવાની વેડફી નાખી!?

પલાક્ષે જ્યૂસનો અડધો કપ ટૅરેસની પાળી પર છોડ્યો હતો, હું તે કપમાં રહેલો જ્યૂસ પીને ડાન્સ કરવામાં મગ્ન લોકોની ભીડને ચીરીને પગથિયાં તરફ ચાલવા લાગી. પણ મારા અને પગથિયા વચ્ચે ઘનશ્યામ ડૅડ અને ડૉક્ટર શુભ હાથમાં ફૂલોનો ગુલદસ્તો અને ચહેરા પર માફીના ભાવ લઈને ઊભા હતા.

"દીકરી, હું તને પહેલેથી જ કહેતો હતો કે હિસાબ તારી કદર નહીં કરે, પણ તું તો એની સંભાળ લેવા માટે પાગલ બની ગઈ હતી." ઘનશ્યામ ડૅડ બોલ્યા. આજે પણ તેઓ મને મારા ડૅડ જેવા જ લાગતા હતા.

"હા, સૉરી!" મેં તેમનાથી નજર ચોરી લીધી.

"હું પણ તને ઘનશ્યામ જેવું જ કહેતો હતો." ડૉક્ટર શુભ બોલ્યા.

"તમને પણ સૉરી!" બોલીને હું બંનેના હાથમાંથી ગુલદસ્તા લઈને ચાલવા લાગી.

હું પગથિયા સુધી પહોંચી, પણ ડૉક્ટર શુભની બૂમ સાંભળતાં હું અટકી ગઈ.

"નેના, તને તારા હસબન્ડ પર ગર્વ થાય એવી વાત સાંભળ. એ એટલા મોટા દિલનો છે કે એણે હિસાબને દસમાંથી ત્રણ માળ આપ્યા અને મને બે માળ આપ્યા."

"દસ માળની બિલ્ડિંગ બનાવતાં બનાવતાં એની પાસે એટલી પણ જગ્યા ન વધી જ્યાં તેં મને રાખી શકે." ઘાસ પર પડેલા મારા આંસુના ટીપાનો અવાજ ફક્ત મને સંભળાયો. આ ટીપું ચાર વર્ષથી મારી આંખમાં સળવળી રહ્યું હતું, આખરે તે પણ આઝાદ થઈ ગયું!

પગથિયાં ઊતરતી વખતે હું ચોધાર આંસુએ રડી રહી હતી. મેં કોઈક સમયે મારાં મૉમ-ડૅડને વચન આપ્યું હતું કે હિસાબ જ્યાં સુધી સાજો નહીં થઈ જાય ત્યાં સુધી હું નહીં રડું. મને કહેતાં ગર્વ થાય છે કે, મેં મારાં મૉમ-ડૅડને આપેલું વચન આજ સુધી પાળ્યું!

મેં રડતાં રડતાં લગભગ બધાં જ પગથિયાં પાર કર્યાં. પણ સૌથી છેલ્લું, એક નાનકડું પગથિયું પાર કરતાં હું સહેજ બેધ્યાન બની અને હું એ પગથિયું ચૂકી ગઈ. મારો પગ વળી ગયો અને હું ચીસ પાડીને ફ્લૉર પર પટકાઈ પડી. મેં મારા બંને હાથ વડે પેટને બચાવી લીધું પણ તેમ કરવાથી મારા ચહેરાને કંઈ રક્ષણ ન મળ્યું અને તેનો સીધો જ સંપર્ક ફ્લૉર સાથે થયો. મેં ખૂલી બંધ થઈ રહેલી મારી આંખે આજુબાજુ જોયું, પણ ફ્લૉર પર સૂતાં સૂતાં મને કોઈના પગ નહોતા દેખાઈ રહ્યા. બે-ત્રણ મિનિટ સુધી એવી જ રીતે પડી રહ્યા બાદ મેં મારા પગનું હલનચલન કરવાનો પ્રયત્ન કર્યો, પણ તે ન હલી શક્યા. ખરેખર તો મને મારા પગ મહેસૂસ જ નહોતા થઈ રહ્યા. મેં હેલ્પ હેલ્પની બૂમો પાડવાની શરૂ કરી દીધી.

ઘણાં સમય પછી મને ઇલેક્ટ્રિક વ્હીલ ચેરનો જાણીતો 'વ્હુમ વ્હુમ' અવાજ સંભળાયો. ગણતરીના સમયમાં વ્હીલ ચેરના પાયા મારા ચહેરાની બિલકુલ નજીક હતા, પાયાની પાછળ બૂટ પહેરેલા બે પગ પણ હતા. મેં મારી આંખ ઊંચી કરીને વ્હીલ ચેરની પાછળ ઊભેલી વ્યક્તિનો ચહેરો જોયો. તે હિસાબ હતો.

"નેના, હવે તારો વારો." હિસાબ રાક્ષસી હાસ્ય હસ્યો.

"મારી આ હાલત પાછળ.... હું જ દોષી... છું." મારો અવાજ ભાંગી રહ્યો હતો, "હું તારી પાછળ એટલી બધી વ્યસ્ત થઈ ગઈ હતી કે મેં મારા શરીર પ્રત્યે ધ્યાન જ ન આપ્યું."

"તો આ લે! તેં મારા માટે જે મહેનત કરી છે એ ચૂકવી દઉં." બોલીને હિસાબે મને તેના મજબૂત હાથે ઊચકી અને એ જ વ્હીલ ચેર પર બેસાડી જે વ્હીલ ચેર પર કોઈક સમયે તે ખુદ બેસતો હતો.

"અરે વાહ! હિસાબ. તને મારી સાથે રહીને કોઈ લાચાર માણસને વ્હીલ ચેર પર બેસાડતાં આવડી ગયું." હું વ્હીલ ચેરના રેકઝીનને સ્પર્શ કરતાં કરતાં બોલી.

હિસાબ તેના સ્વભાવ વિરુદ્ધ મૌન રહ્યો એટલે મને મારી મુખ્ય વાત કહેવાનો મોકો મળ્યો. મેં શ્વાસ બહાર છોડીને કહ્યું, "માન્યું કે તું વ્હીલ ચેર પર બેઠો હતો, પણ તારું દિમાગ અને આંખો તો ચાલી જ રહ્યાં હતાં. તેં એ બધું જ જોયું છે જે મેં તારા માટે ત્યજી દીધું હતું. તારા માટે હું મારી ક્ષમતા કરતાં એક ગ્લાસ વધુ દૂધ પી જતી. હું તારા વાળ લૂછતી એ તને ગમતું હતું, એટલે હું તારા સૂકા વાળને પણ લૂછવાનો ડોળ કરતી, તારી સાથે હસતા ચહેરે મને નાપસંદ એવી ખીચડી ખાતી, એ પણ તું ખાય એટલી જ. તને ઊંચકીને ટૅરેસ પર લઈ જતી, ભલે મારા પગ તારું વજન સહન નહોતા કરી શકતા, તને મારી હથેળી નીચે સૂવડાવતી. પલાક્ષ સાચું કહેતો હતો, હું ઓગણીસ વર્ષની ઉંમરે મા બની ગઈ હતી. કદાચ તારાં મૉમ કરતાં પણ વધુ સારી રીતે હું તને સાચવતી."

હિસાબ ખિસ્સામાં હાથ રાખીને નીચું જોઈને ઊભો રહ્યો.

"પ્લીઝ, હવે કોઈનું રેગિંગ ન કરતો." બોલીને મેં વ્હીલ ચેર પરનું બટન દબાવ્યું અને વ્હીલ ચેર આગળ ચાલવા લાગી. લૉબીના દરવાજા પાસે પહોંચીને મેં વ્હીલ ચેરને રોકી, "હા, હવે ક્યારેક ઇચ્છા થાય તો આવજે મારી સાથે ચેસ રમવા. પાંચ મિનિટથી ઓછા સમયમાં તને હરાવી ના દઉં તો હું

મારી ડાયરી સળગાવી દઈશ!"

હું રોડ પરની ફૂટપાથ પર પહોંચી અને પર્સમાંથી ડાયરી કાઢીને મેં વેદનો મોબાઇલ નંબર શોધ્યો. પલાક્ષે મને પાછા સોંપેલા મોબાઇલ પર મેં વેદનો નંબર જોડ્યો.

"સૉરી! આઇ એમ સ્લીપિંગ!" વેદ તેની આદત અનુસાર મોબાઇલ પર પણ મજાક કરવા લાગ્યો. એમ ન જાણવા છતાં કે બીજા છેડે હું છું!

"વેદ...." હું ડૂસકાં ભરતી ભરતી બોલી.

"નેના?" પહેલી વાર મેં વેદનો ગંભીર અવાજ સાંભળ્યો.

"વેદ... મને લઈ જા. અહીંયા... હિસાબની કંપની પાસેથી... ના...પલાક્ષની હૉસ્પિટલ પાસેથી!" બોલ્યા બાદ વેદનો જવાબ સાંભળ્યા વગર જ મારા હાથમાંથી મોબાઇલ છટકી ગયો અને છેક જમીન પર જઈને પડ્યો. ફોનના સ્પીકરમાંથી 'નેના નેના'નો અવાજ મને સંભળાઈ રહ્યો હતો પણ હું કોઈની મદદ વગર કેવી રીતે વ્હીલ ચેર પરથી ઊભી થઈ શકું?! મારું કિસ્મત હિસાબ જેટલું સારું નહોતું કે કોઈ મને કહી શકે કે, "નેના, હું છું ને. તારી વ્હીલ ચેર હું ચલાવીશ!"

અડધા કલાકમાં વેદ મારી સામે આવી ગયો. હું અને વેદ કંઈ બોલ્યા વગર એકબીજા સામે જોઈ રહ્યાં હતાં. અમારી બંનેની વ્હીલ ચેર એટલી નજીક હતી કે અમારા બંનેના ઢીંચણ એકબીજાને સ્પર્શી રહ્યા હતા.

"વેદ...!" હું મારી ડોક સહેજ ડાબી તરફ ઝુકાવીને, ઝરણા જેવા સુંવાળા અવાજે બોલી, "તને તારા જેવી વ્હીલ ચેર પર બેઠેલી છોકરી જોઈતી હતી ને, હું ચાલીશ?"

વેદ ધીમે ધીમે હસવા લાગ્યો. તેની જેમ જ હું પણ હસવા લાગી. સમયની સાથે અમારું હાસ્ય વધી રહ્યું હતું. અમે થોડાક સમય માટે એકબીજા સામે જોઈને હસીએ તો થોડાક સમય માટે ઉપર આકાશમાં જોઈને. પછી હસતાં હસતાં એક એવો સમય આવ્યો જ્યાંથી અમે રડવાનું શરૂ કર્યું. મારી આંખોમાંથી એવી રીતે આંસુ વહી રહ્યાં હતાં, જાણે કોઈએ બંધના દરવાજા ખોલી દીધા હોય. વેદ પણ તેના ગોગલ્સ પાછળ સંતાડેલા ગ્લેસિયરને પીગળાવી રહ્યો હતો! મેં વેદના ખોળામાં મારું માથું મૂક્યું અને નાના બાળકની જેમ રડવાનું ચાલુ રાખ્યું.

"નેના, રડી લે." વેદ મારા માથે હાથ ફેરવી રહ્યો હતો, "પણ આજ પછી હું તને નહીં રડવા દઉં."

"વેદ, કેમ મારી સાથે આવું થયું? મેં તો કોઈ સ્વાર્થ વગર મારી યુવાની અને મસ્તી વેડફી નાખી હતી." હું વેદના ખોળામાં વધુ ઊંડાણમાં મારું માથું દબાવી રહી હતી.

વેદ ત્યાં સુધી કંઈ ન બોલ્યો જ્યાં સુધી હું રડતી બંધ ન થઈ.

"તેં મને જ્યારે લગ્નની વાત કરી ત્યારે હું કંઈ ખાસ નહોતો બોલ્યો, જેનો મતલબ એ હતો કે હું તને લગ્ન કરતાં રોકી રહ્યો હતો. તેં જ્યારે હિસાબનો ઇલાજ પલાક્ષના હાથ નીચે કરાવવાનો નક્કી કર્યું ત્યારે હું મારા શર્ટના બટન સાથે રમી રહ્યો હતો. જેનો મતલબ, હું તને રોકી રહ્યો હતો. તેં જ્યારે મૅનેજરને શેરોના પેપર્સ આપ્યા ત્યારે હું તારી પાસે નહોતો, નહીંતર હું તને ત્યારે પણ રોકત જ." વેદ એક જ શ્વાસમાં બોલ્યો.

"તને બધી વાત ખબર હતી?" મેં એ ધારણા સાથે પૂછ્યું કે વેદનો જવાબ ના હશે. પણ વેદે હા પાડી, "પલાક્ષે મને પહેલેથી બધું કહી રાખ્યું હતું. એના કહેવાથી તો આલિશા તને મારી પાસે મળવા લઈ આવી હતી."

"હજુ કેટલાં રહસ્યો બાકી છે!?" પાંચેક મિનિટ શાંત રહ્યા બાદ મારું મગજ પાછું ચકરાવવા લાગ્યું.

"બસ આ એક જ રહસ્ય બાકી છે. પલાક્ષે મને પહેલેથી જ તારા ખરાબ સમયમાં તને સાચવવા માટે રિઝર્વ કરેલો હતો. હવે જ મારી ડ્યુટી શરૂ થાય છે." બોલીને વેદે તેની આંખો પરથી ગોગલ્સ હટાવ્યા. તેની ભૂરી આંખો આંસુના બુંદના લીધે વધુ ભૂરી લાગતી હતી.

"વેદ, તું મારા માટે આટલું બધું કેમ કરે છે?"

"આ તારા હાથમાં જે ડાયરી છે ને, એ મને આપને." વેદે વિનંતી કરી.

પહેલી વાર એવું બન્યું કે મેં કંઈ વિરોધ કર્યા વગર મારી ડાયરી કોઈને વાંચવા આપી. પણ ડાયરી વાંચવાને બદલે વેદ તેમાં કંઈ લખવા લાગ્યો.

"તું શું લખે છે?" મેં ડોક ઊંચી કરીને જોવાનો પ્રયત્ન કર્યો, પણ મારા કરતાં વેદની વ્હીલ ચેર ઊંચી હોવાને લીધે મને કંઈ ન વંચાયું.

"આ વાંચ" બોલીને વેદે ડાયરીનું ખુલ્લું પાનું હું સરળતાથી વાંચી શકું એટલી ઉંચાઈ સુધી ઊંચું કર્યું.

મેં સ્ટ્રીટલાઇટની રોશનીમાં આંખો ઝીણી કરીને ડાયરી વાંચવાનો પ્રયાસ કર્યો. તે પાનામાં સૌથી ઉપર આજની તારીખ લખેલી હતી અને તારીખ નીચે *ડિયર સ્નોવી, તારી નેના મને પૂછે છે કે હું તેના માટે આટલું બધું શું કામ કરું છું. હવે તું જ એને સમજાય ને કે હું એને પ્રેમ કરું છું!*

વાંચીને મારી માંડ શાંત પડેલી આંખો ફરીથી વહેવા લાગી.

"વેદ, હું તને પ્રેમ નથી કરતી, પણ તારી ભૂરી આંખોને પ્રેમ કરું છું." બોલીને હું વેદને ભેટી પડી. મને ફરીથી રડતી જોઈને તે પણ ફરીથી રડી પડ્યો. વેદે મને સાથ આપીને મારી એ ધારણા ખોટી પાડી કે એ છોકરી આટલી વિશાળ દુનિયામાં એકલી છે જેનાં મા બાપ નથી!

બે વ્હીલ ચેર પર બેઠેલાં લાચાર લોકો રાતના અંધારામાં ફૂટપાથ પર ભેટીને રડી રહ્યાં હતાં, ઈશ્વરની આનાથી વધુ લાચારી કંઈ હોઈ શકે?!

"વેદ..." આંસુ લૂછીને મેં બૂમ પાડી.

"બોલ, નેના!" વેદ મારા કરતાં વધુ ખુશ હતો.

"તારી ઇચ્છા પૂરી કરું?" મેં ઓર જોરથી બૂમ પાડી.

"કંઈ ઇચ્છા?"

"મારાથી તારી વ્હીલ ચેરને ચલાવવાની, તારી એ નાનકડી ઇચ્છા!"

"એના માટે તો હું હજુ સુધી જીવી રહ્યો છું." રોડ પરથી પસાર થતા લોકોની ફિકર કર્યા વગર વેદ બૂમો પાડતો રહ્યો.

"તો તું તારી વ્હીલ ચેર મારી તરફ ફેરવ."

વેદે મેં જેમ કહ્યું હતું તેમ કર્યું. તેની વ્હીલ ચેર ગોળ ફરતાં, ફિઝિકલી તેની વ્હીલ ચેરનો પાછળનો ભાગ મારી વ્હીલ ચેરના આગળના ભાગ સાથે જોડાઈ ગયો. મેં મારી વ્હીલ ચેરનું પાવરનું બટન પૂરેપૂરું દબાવી દીધું અને મારા વ્હીલ ચેરના જોરે વેદની વ્હીલ ચેર પણ આગળ વધવા લાગી.

"નેના નેના નેના...!"

"વેદ વેદ વેદ...!"

"નેના નેના નેના...!"

અમે ત્યાં સુધી બૂમો પાડવા તૈયાર હતાં જ્યાં સુધી આખી દુનિયા બહેરી ન થઈ જાય!



ઉપસંહાર

સવારે હું એ એડ્રેસ પર પહોંચી ગયો જે એડ્રેસ મને નેનાની ડાયરીમાંથી મળ્યું હતું. હું એવું ધારીને અહીંયા પહોંચ્યો હતો કે કદાચ નેના મને અહીંયા મળી જાય અને હું તેને તેની ડાયરી પાછી આપી દઉં.

મારી સામે એક મોટો હૉલ હતો. જે નેનાએ ગઈ કાલ રાતના શોમાં જણાવેલ વેદની એકેડમી હોવી જોઈએ. તે હૉલના મધ્યમાં કોઈ વ્યક્તિ મારી તરફ પીઠ કરીને વ્હીલ ચેર પર બેઠી હતી અને હૉલમાં હાજર છોકરા-છોકરીઓને ડાન્સ શીખવાડી રહી હતી. મેં જ્યારે નેનાનો લાઇવ શો સાંભળ્યો હતો ત્યારે છેક અંત સુધી મને ખબર નહોતી પડી કે અત્યારે હું જેનો અવાજ સાંભળી રહ્યો છું તે વ્હીલ ચેર પર બેઠી હશે! ભલે નેનાએ વર્ષો સુધી પોતાના આંસુ વહેવા ન દીધા, પણ ગઈ કાલ રાતનો શો સાંભળનાર કોઈ પણ વ્યક્તિના આંસુ વધુ સમય સુધી આંખમાં સચવાયાં નહીં હોય.

"નેના?!" હું વ્હીલ ચેરની પાછળ જઈને ઊભો રહ્યો.

"યસ....?" વ્હીલ ચેર મારી તરફ ફરી અને મારી સામે વ્હીલ ચેર પર બેઠેલી નેનાનો હસતો ચહેરો આવ્યો. હું અત્યારે બહુ આત્મવિશ્વાસથી એ વાત કબૂલી શકતો હતો કે મહાન માણસો ચહેરા પરથી આપણા જેવા જ લાગતાં હોય છે!

મને ચૂપ ઊભો રહેલો જોઈને નેનાએ ફરીથી પૂછ્યું.

"હં...?!...... હું..... ધ્રુવ! તમારા કાલ રાતના શોનો લિસનર." મેં મારાથી શક્ય હતા એટલા શબ્દોમાં મારી ઓળખાણ આપી.

"ઓહ!" નેનાના ચહેરા પરની બધું જ હાસ્ય ભૂંસાઈ ગયું, "એટલે જ હું વેદને ના પાડતી હતી કે મારે કોઈ શો બો નથી કરવો. મને ખબર હતી, લોકો છેક અહીંયા સુધી પહોંચી જશે."

"એવું નથી..." હું હજુ મારો બચાવ કરવા ગયો કે નેનાએ તેની વ્હીલ ચેર ગોળ ફેરવીને મારાથી મોં ફેરવી દીધું.

"વેઇટ...વેઇટ...." હું નેનાની સામે જઈને ઊભો, "મારી પાસે તમારી ડાયરી છે."

"વોટ?!"

"હા, ગઈ કાલે ગાર્ડનમાંથી મળી હતી." હું બૅગમાંથી ડાયરી કાઢીને નેનાને તેની ડાયરી સોંપતાં બોલ્યો.

"થૅન્ક ગૉડ!" નેનાએ તેની ડાયરીને રીતસરની બાથ ભરી. કોઈને તેની ડાયરી સાથે આટલી હદે પ્રેમ હોય, એ વાત હું નેનાનો શો સાંભળીને હમણાં હમણાં જ સ્વીકારતો થયો હતો.

ડાયરીને વહાલ કર્યા બાદ નેનાએ મારી તરફ જોયું, "તેં આ ડાયરી વાંચી?"

"હું તમારો સ્પેશિયલ લિસનર છું. મેં તમને સાંભળ્યા છે અને વાંચ્યા પણ છે." હું ખભા ઊંચા કરીને બોલ્યો. મને એ વાતનો ગર્વ હતો કે હું દુનિયામાં એવી ત્રીજી વ્યક્તિ છું જેણે નેનાની ડાયરી વાંચી છે.

"તને નથી લાગતું કે ડાયરી વાંચીને તેં ભૂલ કરી છે?" નેનાએ સાવ ઠંડા અવાજે પૂછ્યું.

"હા, એ મારી ભૂલ હતી. પણ મારી એ નાનકડી ભૂલ સામે તમારી અગિયાર ભૂલો કંઈ નથી."

"મેં દસ જ ભૂલ કરી છે."

"અગિયારમી ભૂલ, ડાયરી ગાર્ડનમાં છોડી જવી!"

"ઓહ!" નેના હસી પડી. તે કદાચ વિચારતી હશે કે તેણે હજુ ભૂલો કરવાનું બંધ નથી કર્યું!

"તમને તમારી દસ ભૂલોની સજા મળી તો મને પણ મારી એક ભૂલની સજા મળવી જોઈએ." મેં મજાક કરી.

"ઊલટાનું મારે તને ઇનામ આપવું જોઈએ. મારી ડાયરી કોઈ ઑક્શન હાઉસમાં વેચવાને બદલે તેં મને પાછી આપી."

"ઓકે! તો મારા એક પ્રશ્નનો જવાબ આપો. એ જવાબ એટલે મારું ઇનામ!"

"પૂછ."

"ઍક્સિડન્ટ પાછળ જવાબદાર કોણ હતું?" મેં ચહેરા પરના કોઈ હાવભાવ બદલ્યા વગર પૂછ્યું. ખરેખર તો મને એ ખબર નહોતી કે કોઈને અંદરથી હલાવી નાખનાર પ્રશ્ન પૂછતી વખતે ચહેરાને કેવા પ્રકારના હાવભાવથી સજાવવો.

થોડીક વાર શાંત રહ્યા બાદ નેના બોલી, "મારા ડૅડ તો જવાબદાર નહોતા."

"મારે બસ આજ સાંભળવું હતું." બોલીને હું એકૅડમીના મોટા દરવાજા તરફ ચાલવા લાગ્યો. મને એ વાતનો પસ્તાવો હતો કે રાતનો શો સાંભળીને મારા બધા પ્રશ્નોના જવાબ મને મળી ગયા હોવાને લીધે હું નેનાને એ જ પ્રશ્નો પૂછીને તેની સાથેની વાતચીતને વધુ નહોતો લંબાવી શકતો.

હું એકૅડમીના ગેટને પાર કરું તે પહેલાં મને 'મૉમ મૉમ' બૂમો સંભળાઈ. કોઈ નાના બાળકની બૂમો સાંભળીને મારા પગ તરત થંભી ગયા અને હું પાછળ ફર્યો. એક ત્રણેક વર્ષની છોકરી નેના તરફ દોડીને આવી રહી હતી અને નેના વ્હીલ ચેર પર બેઠાં બેઠાં બંને હાથ ફેલાવીને તેની દીકરીને 'સ્નોવી સ્નોવી' નામ સાથે આવકારી રહી હતી. હા, નેનાએ તેની દીકરીનું નામ તેના ડોગીના નામ પરથી રાખ્યું હતું.

સ્નોવી તેનાં મૉમના ખોળામાં બેઠી હતી ત્યારે જ એક વ્હીલ ચેર દૂર કૅબિનમાંથી નેના તરફ આવવા લાગી. એ વાતમાં મને જરા પણ શંકા નહોતી કે તે બીજી વ્હીલ ચેર પર બેઠેલો માણસ વેદ છે. તેના ચહેરા પર એ જ નિખાલસ હાસ્ય હતું જેવું હાસ્ય નેનાએ તેના શોમાં વર્ણવ્યું હતું. પણ તેણે આંખો પર કોઈ ગોગલ્સ નહોતા પહેર્યા. એક પળ માટે મને આશ્ચર્ય થયું પણ બીજી જ પળે મને વિચાર આવ્યો, નેના જેના જીવનમાં હોય તેનાં ગ્લેસિયર ક્યારેય ન પીગળે! વેદ જ્યારે નેનાની વ્હીલ ચેરની વધુ નજીક પહોંચ્યો ત્યારે તેણે નેનાના ખોળામાં બેઠેલી સ્નોવીને હાઈફાઈ આપી. બીજી જ ક્ષણે સ્નોવી કૂદીને વેદના ખોળામાં પહોંચી ગઈ. તેથી નેના રિસાઈ ગઈ અને તેણે તેની વ્હીલ ચેર ફેરવી દીધી.

"ધ્રુવ.... તું હજુ અહીંયા ઊભો છે?"

"ઓહ... આઇ એમ સૉરી... યુ કન્ટીન્યૂ...... યુ ફ્રૅંક ફૅમિલી!" બોલીને હું એ આશા સાથે એકૅડમીની બહાર નીકળ્યો કે નેના કોઈ બારમી ભૂલ ન કરે!

●●